ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ-1215/178/છ, તા.24-11-2016થી--મંજૂર

# ઈતિહાસ

## ધોરણ 12

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો, વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર- 382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈપણ ભાગ કોઈપણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
ડૉ. કે. સી. બારોટ

**લેખન-સંપાદન**
ડૉ. એમ. જે. પરમાર (કન્વીનર)
ડૉ. જી. ટી. સરવૈયા
ડૉ. જનક ગઢવી
ડૉ. નયના ત્રિવેદી
ડૉ. નરેન્દ્ર પરમાર

**સમીક્ષા**
ડૉ. મકરન્દ મહેતા
ડૉ. ઈશ્વરલાલ ઓઝા
ડૉ. એસ. બી. સોલંકી
શ્રી મુકેશભાઈ ના. જોષી
શ્રી રાજેશભાઈ એમ. પટેલ
શ્રી અરુણભાઈ બી. ગાંવિત

**ભાષાશુદ્ધિ**
ડૉ. જશભાઈ પટેલ

**ચિત્રાંકન**
શ્રી ગ્રાફિક્સ

**સંયોજન**
ડૉ. રાઘવજી માધડ
(વિષય સંયોજક : ગુજરાતી)

**નિર્માણ-સંયોજન**
ડૉ. કમલેશ પરમાર
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એચ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 12, ઇતિહાસ** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરતાં પહેલાં એની હસ્તપ્રતની આ સ્તરે શિક્ષણકાર્ય કરાવતાં શિક્ષકો અને તજજ્ઞો દ્વારા સર્વાંગી સમીક્ષા કરવામાં આવી છે. શિક્ષકો તથા તજજ્ઞોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**એચ.એન. ચાવડા**
નિયામક
તા. 17- 1 -2017

**ડૉ. નીતિન પેથાણી**
કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

પ્રથમ આવૃત્તિ : 2017
**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી, એચ.એન. ચાવડા, નિયામક
**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | પૂર્વભૂમિકા અને અર્વાચીન ભારતના ઈતિહાસની આધારસામગ્રી | 1 |
| 2. | 18મી સદીના ભારતનો ઉત્તરાર્ધ અને સત્તાપ્રાપ્તિ માટે સંઘર્ષ | 7 |
| 3. | ભારતમાં યુરોપિયનોનું આગમન | 12 |
| 4. | ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું વહીવટી માળખું | 19 |
| 5. | 1857 નો સંગ્રામ | 24 |
| 6. | કંપની શાસનની આર્થિક અસરો | 35 |
| 7. | સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળો | 42 |
| 8. | રાષ્ટ્રીય આંદોલનો (1857-1919) | 52 |
| 9. | સ્વરાજ માટેનો સંઘર્ષ (ઈ. સ. 1919-1947) | 69 |
| 10. | પ્રગતિનો પંથ અને સુદૃઢ રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયા | 80 |
| 11. | આધુનિક યુગનો આરંભ | 93 |
| 12. | 19મી સદીના અંતે વિશ્વની સ્થિતિથી પ્રથમ વિશ્વયુદ્ધના અંત સુધી | 101 |
| 13. | ઈ.સ. 1919થી 1939 વચ્ચેનું વિશ્વ | 111 |
| 14. | દ્વિતીય વિશ્વયુદ્ધ (1939-1945) | 120 |
| 15. | દ્વિતીય વિશ્વયુદ્ધ પછીનું વિશ્વ | 126 |
| 16. | સમકાલીન વિશ્વમાં રાજનીતિ, અર્થકારણ અને સમાજ | 135 |
| 17. | વિજ્ઞાન અને ટેક્નોલૉજીને લીધે સમાજ અને સંસ્કૃતિમાં આવેલાં પરિવર્તનો | 142 |


•

# 1 પૂર્વભૂમિકા અને અર્વાચીન ભારતના ઈતિહાસની આધારસામગ્રી

ઐતિહાસિક સાધન સામગ્રી (દસ્તાવેજ વગેરે) વિના આપણે ઈતિહાસ જાણી શકતા નથી. તેથી તો કહેવાયું છે કે ''દસ્તાવેજ નહિ, તો ઈતિહાસ નહિ.'' આ ઐતિહાસિક સામગ્રી વિભિન્ન પ્રકારની હોય છે. તે અલેખિત અર્થાત્ પુરાતત્ત્વીય અને લેખિત એટલે કે સાહિત્યિક હોઈ શકે. એ ઉપરાંત (તેમજ) અન્ય અભિલેખિત સામગ્રી, કે જે લેખિત બાબતો સાથે સંકળાયેલ હોય તેનો પણ અત્રે સમાવેશ કરી શકાય.

ઈતિહાસકાર આવી વિભિન્ન સામગ્રીનું અધ્યયન કરી તેમાંથી સત્ય તારવી આપણી સમક્ષ મૂકે છે. ઈતિહાસલેખન માટે ઈતિહાસકાર ઘણાં બધાં સામાજિક વિજ્ઞાનો જેમ કે સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ભૂગોળ અને માનસશાસ્ત્રનો પણ આધાર લે છે. એ જ રીતે તે કેટલાંક પ્રાકૃતિક વિજ્ઞાનો જેમ કે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવશાસ્ત્ર, પુરાતત્ત્વશાસ્ત્ર, નૃવંશશાસ્ત્રનો સહયોગ પણ પ્રાપ્ત કરે છે. આ પૈકીના પુરાતત્વશાસ્ત્ર અને ભૂગોળના સહયોગપૂર્ણ વિકાસથી ઈતિહાસલેખન ઘણું સમૃદ્ધ બન્યું છે. ઈતિહાસમાં સમય અને સ્થાનનું અનેરું મહત્ત્વ હોવાથી ભૂગોળને ઈતિહાસની આંખ તરીકે ઓળખવામાં આવે છે. નેપોલિયનની પ્રસિદ્ધ ઉક્તિ છે કે ''તમે મને કોઈપણ રાષ્ટ્રની ભૂગોળ વિશે જણાવો, હું તમને તે રાષ્ટ્રનો ઈતિહાસ જણાવીશ.'' આવાં વિવિધ વિજ્ઞાનોની સાથે-સાથે ઈતિહાસકારો મૌખિક પરંપરાઓના અધ્યયન દ્વારા પણ ઈતિહાસ જાણવાનું જણાવે છે. માટે જ કહેવાયું છે કે ''ઈતિહાસ માનવજીવનની પ્રયોગશાળા છે.''

ભારતના સંપૂર્ણ ઈતિહાસમાં આધુનિક ભારતનો ઈતિહાસ અને એમાંય સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન દેશની વિદેશી શાસનમાંથી મુક્તિ અર્થે થયેલી અનેક ચળવળો ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. પ્રજાની સંવેદના, પીડા અને બલિદાનોની સાથે એ મહાન મુક્તિસંગ્રામ જોડાયેલો હોવાથી અત્રે લગભગ 200 વર્ષની અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવાની મથામણના આપણે સૌ, આ પુસ્તકમાં સમાવિષ્ટ પ્રકરણોના માધ્યમથી સાક્ષી થવાના છીએ.

અર્વાચીન ભારતનો ઈતિહાસ જાણવા માટેની ઐતિહાસિક સામગ્રી મોટા પ્રમાણમાં મળી આવી છે. ભારતમાં રાષ્ટ્રીય અભિલેખાગાર (દિલ્લી) અને રાજ્ય કક્ષાએ (ગાંધીનગર) આવેલા અભિલેખાગારમાં આ માહિતીનો સંગ્રહ કરવામાં આવ્યો છે. તેમાંથી આધુનિક ભારતની રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક સ્થિતિ પર પ્રકાશ પાથરતા દસ્તાવેજો, ગ્રંથો અને પુસ્તકોનો સમાવેશ થાય છે. 18મી, 19મી અને 20મી સદીના પૂર્વાર્ધનો લગભગ 200 વર્ષનો સમયગાળો ઈતિહાસ લેખનની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. આ સંદર્ભે ભારતમાં આવેલી વિદેશી કંપનીઓ અને તેમની સાથે સંકળાયેલી માહિતીઓને આ આધારસામગ્રીમાંથી આપણે અલગ તારવી શકીએ એ માટે જરૂરી કેટલીક માહિતી, ક્રમબદ્ધ રીતે નીચે પ્રમાણે જોઈ શકાય.

**પોર્ટુગીઝ સાધનસામગ્રી :**

પોર્ટુગીઝ નાવિક વાસ્કો-દ-ગામા ભારતમાં આવ્યો (ઈ.સ. 1498) ત્યારથી (લઈને 1963 સુધીની) પોર્ટુગીઝ ઈતિહાસ સાથે સંકળાયેલ સાધનસામગ્રીનો અત્રે સમાવેશ થાય છે. આ સમયને લગતા મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો ભારતમાં પોર્ટુગીઝોનું મુખ્ય મથક બનેલા ગોવામાંથી મળ્યા છે. સાથે સાથે તત્કાલીન પોર્ટુગીઝ શાસનતંત્ર દ્વારા ભારતીય પોર્ટુગીઝ કંપનીનો પત્રવ્યવહાર અને દસ્તાવેજોનો સમૂહ પોર્ટુગલના પાટનગર લીસબન ખાતે સંગ્રહિત કરવામાં આવ્યો છે. ભારતના આધુનિક ઈતિહાસકારોએ આ દસ્તાવેજોનું અધ્યયન કરી પોર્ટુગીઝ કંપનીનો ઈતિહાસ પણ તૈયાર કર્યો છે. ગોવા અને લીસબનના દસ્તાવેજો પર આધારિત એક

મહત્ત્વપૂર્ણ ગ્રંથ એફ. સી. ડનવર્સે 'રિપોર્ટ ઑન ધી પોર્ટુગીઝ રેકૉર્ડ્ઝ' (1892) પ્રસિદ્ધ કર્યો. સુરેન્દ્રનાથ સેન જેવા ભારતીય ઇતિહાસકારે ગોવાના દસ્તાવેજોનું અધ્યયન કરી વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો છે. પોર્ટુગીઝ ગવર્નર અને પ્રવાસીઓની નોંધોમાંથી પણ તત્કાલીન ભારતનો ઇતિહાસ આપણને સાંપડે છે. વાસ્કો-દ-ગામા, આલ્બુકર્ક, ડોમેંગો-પાયેઝ, ડુઅર્ટો બાર્બોસા તેમજ પાદરી મોન્સરેટે તત્કાલીન ભારત વિષે મહત્ત્વપૂર્ણ નોંધો આપી છે. તત્કાલીન ભારતીય ભાષાઓમાંથી પણ પોર્ટુગીઝો વિશે ઘણી વિગતો પ્રાપ્ત થાય છે. મુગલ શાસકો, બીજાપુર, ગોલકોંડા, વિજયનગર જેવાં ભારતીય રાજ્યો સાથે પોર્ટુગીઝોના સંબંધો પર ખાસી માહિતી પ્રાપ્ત થાય છે. ડૉ. જી. એમ. મોરાયસે 'હિસ્ટ્રી ઑફ ક્રિશ્ચિયાનિટી ઇન ઇન્ડિયા' જેવા મહત્ત્વપૂર્ણ ગ્રંથમાં પોર્ટુગીઝોની ભારતમાં થયેલી પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો છે. ભારતીય વિદ્યાભવન ગ્રંથશ્રેણીના આધુનિક ભારત વિશેના ગ્રંથોમાં પણ ડૉ. આર. સી. મજમુદાર જેવા સમર્થ ઇતિહાસકાર અને અન્ય ઇતિહાસકારોએ ભારતમાં પોર્ટુગલ રાજ્ય શાસનનો અહેવાલ અને ઇતિહાસ આલેખ્યો છે. 'મુંબઈ ગેઝેટિયર' અને 'કેમ્બ્રિજ ઇન્ડિયન હિસ્ટ્રી' ગ્રંથ શ્રેણીમાં પણ ભારતમાં પોર્ટુગીઝોની રાજકીય અને આર્થિક પ્રવૃત્તિઓની વિપુલ માહિતીઓ મળે છે. પોર્ટુગીઝ કંપની ભારતમાં 'એસ્ટાડોડા ઇન્ડિયા' તરીકે ઓળખાતી હતી. તેના ભારતીય શાસનકર્તાઓ સાથે થયેલા પત્રવ્યવહારોમાંથી પણ મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક સામગ્રી પ્રાપ્ત થાય છે.

**ડચ સાધનસામગ્રી :**

V.O.C. વેરિનિસ્સી ઉસ્ટ ઇન્ડિઝ કેમ્પેયના - Vereenigde Oost-Indische Compagnie તરીકે ઓળખાતી ડચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના ભારત સાથેના સંબંધની ઐતિહાસિક માહિતી તેના મુખ્ય મથક બટાવિયામાંથી મોટા પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. એમસ્ટર્ડમના કેન્દ્રીય અભિલેખાગારમાંથી પણ ભારત સાથેના ડચ પ્રજાના રાજકીય અને વ્યાપારિક સંબંધોની માહિતી મળે છે. વળી કોચીન, ચીનસુરા, કોલમ્બો, હેગ અને રીગા જેવાં ભારતીય અને વિદેશી કેન્દ્રોનાં દફતરોમાંથી પણ ડચ ઈસ્ટ ઇન્ડિયા કંપની વિશે ઐતિહાસિક સામગ્રી પ્રાપ્ત થાય છે. શ્રીલંકાના કોલમ્બોથી ડચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના 8000 કરતાં વધારે દસ્તાવેજો મળી આવ્યા છે. કૃષિયર, ગેલેટિ, બર્ગ અને ગૃટ જેવા ઇતિહાસકારોએ આ કંપની સાથે સંકળાયેલા લગભગ 15 જેટલા આધુનિક ગ્રંથો સંપાદિત કર્યા છે.

**ફ્રેન્ચ સાધનસામગ્રી :**

ફ્રેન્ચ ઈસ્ટ ઇન્ડિયા કંપની સાથે સંકળાયેલા મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો ફ્રાન્સના પૅરિસમાં આવેલ કેન્દ્રીય અભિલેખાગારમાં જળવાયા છે. ભારતમાં તેમની મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિઓ ચેન્નઇ, મૈસુર અને હૈદરાબાદ સાથે સંકળાયેલી હતી. તેના સરકારી અભિલેખાગારોમાં આ કંપનીની પ્રવૃત્તિઓનો ઇતિહાસ સાંપડે છે. 17મી અને 18મી સદીઓમાં ભારતમાં આવેલા બર્નિયર, ટેવરર્નિયર અને થેવેનો જેવા ફ્રેન્ચ પ્રવાસીઓની પ્રવાસનોંધોમાંથી પણ આ સમયનો ઇતિહાસ અને ખાસ તો ભારતની આર્થિક પરિસ્થિતિનો ચિતાર મળી આવે છે. ઇન્ડિયા ઑફિસ લાઇબ્રેરી લંડન અને દિલ્હીના રાષ્ટ્રીય અભિલેખાગારમાં આ કંપનીને લગતા દસ્તાવેજો સંગ્રહિત છે. આધુનિક ગ્રંથોના જી. બી. મેલેસનના પુસ્તક હિસ્ટ્રી ઑફ ધી ફ્રેન્ચ ઇન ઇન્ડિયા મહત્ત્વપૂર્ણ છે. આ સિવાય ડૉડવેલનું મદ્રાસ આજ્ઞાપત્રોનું કેલેન્ડર તથા ડુપ્લે ઍન્ડ ક્લાઇવ ગ્રંથો અગત્યના છે. હિલ અને ફોરેસ્ટ જેવા લેખકોએ પણ મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું છે.

લોરેન્સનો ગ્રંથ 'એન્ગલો ફ્રેન્ચ વૉર' મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક સામગ્રી આપે છે. આનંદરંગ પિલ્લાઈની નોંધો અને એંગ્લો ફ્રેંચવૉરને બાર ગ્રંથોમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે. વિલકિન્સને લખેલ 'દક્ષિણ ભારતના ઇતિહાસની રૂપરેખા' પણ ઐતિહાસિક સામગ્રી ધરાવતો ગ્રંથ હોવાથી પર્યાપ્ત માહિતી પૂરી પાડે છે.

**બ્રિટિશકાલીન સાધનસામગ્રી :**

ભારતમાં બ્રિટનની ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું (1757 થી 1857) શાસન રહ્યું છે. ત્યારબાદ (1858 થી 1947) બ્રિટિશતાજનું શાસન રહ્યું. ભારત પર લગભગ 200 વર્ષ જેટલા લાંબા સમય સુધી બ્રિટિશરોએ શાસન ચલાવ્યું હોવાથી બ્રિટિશકાલીન ઇતિહાસ જાણવા મોટા પ્રમાણમાં ઐતિહાસિક દસ્તાવેજો પ્રાપ્ત થયા છે. લંડનમાં ઇન્ડિયા ઑફિસ પુસ્તકાલયમાં ભારતને જાણવા માટે લગભગ 50,000 જેટલા ગ્રંથો બ્રિટિશકાલીન આવેલા છે. એટલું જ નહિ, દિલ્હી સ્થિત ભારતના રાષ્ટ્રીય અભિલેખાગારમાં પણ બ્રિટિશકાલીન ભારત સાથે સંકળાયેલા અનેક દસ્તાવેજો મળી આવે છે. ભારતના મોટા ભાગના વિસ્તારોમાંથી 1857 સુધીમાં બ્રિટિશશાસન સ્થપાઈ જતાં વિભિન્ન ભારતીય પ્રદેશોમાં આવેલા અભિલેખાગાર અને પુસ્તકાલયોમાં ઘણાબધા ગ્રંથો સંગ્રહિત થયા છે. આધુનિક ભારતીય તેમજ તત્કાલીન અંગ્રેજ ઇતિહાસકારોએ પણ બ્રિટિશકાલીન ભારત પર મહત્ત્વપૂર્ણ ગ્રંથો લખ્યા છે. અંગ્રેજ ઇતિહાસકારો અને લેખકોમાં વી. એ. સ્મિથ, પી. ઇ. રૉબર્ટ્સ, થોમ્બસન ઍન્ડ ગૅરેટ, સર વિલિયમ જૉન્સ, કર્નલ ટોડ, એલેકઝેન્ડર ફાર્બર્સ, વાઇસરૉય કર્ઝન, કર્નલ વૉકર તથા જે. ડબલ્યુ. વૉટસનનો સમાવેશ થાય છે. થોમ્બસન ઍન્ડ ગૅરેટે 'કેમ્બ્રિજ હિસ્ટ્રી ઑફ ઇન્ડિયા' નામના ગ્રંથમાં બ્રિટિશકાલીન ભારતનું આલેખન કર્યું છે.

ભારતમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના શાસનકર્તાઓ ઉપર પણ ઘણાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. ક્લાઇવ અને વૉરન હેસ્ટિંગ્ઝ જેવા શરૂઆતના ગવર્નર જનરલના જીવન અને કવન વિશે સારાં એવાં પુસ્તકો લખાયાં છે. એ જ રીતે, કોર્નવોલિસ, વેલેસ્લી, વિલિયમ બૅંટિંગ, ઑકલેંડ, એલ. એન. બરો, ડેલહાઉસી, લિટન, રિપન, કર્ઝન અને માઉન્ટ બેટન વિશેનાં જીવન અને કવન વિશે પણ પુસ્તકો લખાયાં છે. આ પુસ્તકોમાં ગવર્નર જનરલ કે. વાઇસરૉયની ભારતનીતિની વિગતે ચર્ચા કરવામાં આવી છે જેમાં તેમના વિભિન્ન સુધારા અને સામ્રાજ્યનીતિનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રે બ્રેડેન પોલવેલનું 'લૅન્ડ સિસ્ટમ ઑફ બ્રિટિશ ઇન્ડિયા' મહત્ત્વપૂર્ણ ગ્રંથ ગણાય છે.

**ઈ.સ. 1857ના મહાવિદ્રોહને લગતી સાધનસામગ્રી :**

ભારતમાં 1857ના મહાવિદ્રોહ વિશે ખાસ કરીને સ્વતંત્રતા બાદ મોટા પ્રમાણમાં ઐતિહાસિક સાહિત્ય રચાયું છે. આ મહાવિદ્રોહ સાથે સંકળાયેલા દસ્તાવેજો ભારતીય પુરાતત્ત્વ ખાતા તેમજ લંડનની કૉમનવેલ્થ કચેરીના ગ્રંથાલયમાં સંગ્રહિત છે. આ મહાવિદ્રોહ વિશે સૌપ્રથમ (1859) સર સૈયદ અહેમદે લખાણ કર્યું હતું. ત્યારબાદ વીર સાવરકરે 1857ના મહાવિદ્રોહને 'ભારતનો પ્રથમ સ્વતંત્રતાસંગ્રામ' આલેખતું પુસ્તક લખ્યું. સુરેન્દ્રનાથ સેને સૌથી મહત્ત્વપૂર્ણ કહી શકાય તેવો 'અઢારસો સત્તાવન' નામનો ઐતિહાસિક ગ્રંથ લખ્યો. સ્વાતંત્ર્યોત્તર ભારતમાં આ મહાવિદ્રોહ વિશે ખૂબ મોટા પાયે સંશોધનો થયાં છે જેમાં આર. સી. મજમુદાર જેવા સમર્થ ઇતિહાસકારે 'ધ સિપોય મ્યુટીની ઑફ ઇન્ડિયા - 1857' લખ્યું. એસ. બી. ચૌધરી, બિપિનચંદ્ર, સુમિત સરકાર જેવા ભારતીય ઇતિહાસકારોએ આ મહાવિદ્રોહ વિશે મહત્ત્વપૂર્ણ ગ્રંથો લખ્યા છે.

1857ના મહાવિદ્રોહ વિશે મહાન સામ્યવાદી ચિંતક કાર્લમાર્કસ અને ઇંગ્લૅન્ડના વડાપ્રધાન ડિઝરાયલીએ લખેલું લખાણ સૌથી મહત્ત્વપૂર્ણ છે.

આ મહાવિદ્રોહ વિશે અંગ્રેજ ઇતિહાસકારોએ પણ ખાસું કામ કર્યું છે. જે. ડબલ્યુ. કેચીએ અને કર્નલ જી. બી. મોલેસને 'હિસ્ટ્રી ઑફ ધ સિપોય વૉર' લખ્યું છે. જહૉન કે અને સિગ્યેરે પણ આ મહાવિદ્રોહ વિશે મહત્ત્વપૂર્ણ ગ્રંથ લખ્યા છે. ગુજરાતમાં 1857ના મહાવિદ્રોહ સંદર્ભે ડૉ. આર. કે. ધારૈયાએ અગત્યનો સંશોધનગ્રંથ પ્રસ્તુત કર્યો છે.

## બ્રિટિશતાજના શાસનકાળને લગતી ઐતિહાસિક સાધનસામગ્રી :

ભારતમાં 1857ના મહાવિદ્રોહ પછી તાજના શાસનનો પ્રારંભ થયો ત્યારથી લઈને સ્વતંત્રતા સુધીના સમગયગાળામાં અંગ્રેજોની વિભિન્ન નીતિનું બયાન કરતાં અનેક પુસ્તકો લખાયાં છે. તેમાં વી. એ. સ્મિથનું 'ઑક્સફર્ડ હિસ્ટ્રી ઑફ ઇન્ડિયા', પી. ઇ. રૉબર્ટ્સનું 'હિસ્ટ્રી ઑફ બ્રિટિશ ઇન્ડિયા' અને થોમસન ઍન્ડ ગૅરેટનું 'રાઇસ ઍન્ડ ફુલફિલમેન્ટ બ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા' અગત્યના ગ્રંથો ગણાવી શકાય. ભારતના બંધારણીય ઇતિહાસને ઉજાગર કરતા ગ્રંથોમાં એ. સી. બેનર્જીકૃત 'ઇન્ડિયન કૉન્સ્ટિટ્યુશનલ ડૉક્યુમેન્ટ્સ', એ. બી. કીથનું 'ભારતનો બંધારણીય ઇતિહાસ' અગત્યના ગ્રંથો છે.

## સ્વતંત્રતાસંગ્રામ દરમિયાનની સાધનસામગ્રી :

ભારતીય સ્વતંત્રતાસંગ્રામ અને આ સંગ્રામના મહાન નેતાઓ ઉપર પ્રચુર માત્રામાં પુસ્તકો, ગ્રંથો, દસ્તાવેજો, વર્તમાનપત્રો જેવા સ્વરૂપે સાધનસામગ્રી મળે છે. દાદાભાઈ નવરોજીના પુસ્તક 'પોવર્ટી ઍન્ડ અનબ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા' તેમજ રોમેશચંદ્ર દત્તના 'ઇકોનોમિક હિસ્ટ્રી ઑફ ઇન્ડિયા'થી તેની શરૂઆત થાય છે. પટ્ટાભી સીતારામૈયાના ગ્રંથ હિસ્ટ્રી ઑફ ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસ તેમજ ડૉ. તારાચંદના 'ફ્રીડમ મુવમેન્ટ ઑફ ઇન્ડિયા'ના ગ્રંથો આ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ છે. આધુનિક ભારતીય ઇતિહાસકારોએ સ્વતંત્રતાસંગ્રામ વિશે (1950 પછી) વિભિન્ન દૃષ્ટિકોણથી ભારતીય સ્વતંત્રતાનો ઇતિહાસ રાષ્ટ્ર સમક્ષ મૂક્યો છે.

આવા મહત્ત્વપૂર્ણ ગ્રંથોમાં ભારતીય વિદ્યાભવન ગ્રંથશ્રેણીનો સમાવેશ થાય છે. આર. સી. મજમુદારના વડપણ હેઠળ સમગ્ર ભારતનો ઇતિહાસ લગભગ બાર જેટલા ભાગોમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે. સુમીત સરકાર, બિપિનચંદ્ર, રજની પામદત્ત, પંડિત સુંદરલાલ, અમલેન્દુ ગુહા જેવા મોટા ગજાના ઇતિહાસકારોએ સ્વતંત્રતાસંગ્રામ ઉપર મહત્ત્વપૂર્ણ ગ્રંથો લખ્યા છે. તો રાજા રામમોહનરાયથી લઈને મહાત્મા ગાંધી સુધીના મહાન ભારતીયો વિશે પણ મહત્ત્વપૂર્ણ પુસ્તકો લખાયાં છે. નગેન્દ્રનાથ ગુપ્તાનું પુસ્તક 'સેવન લાઇવ્સ' આ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ ગણી શકાય. મહાત્મા ગાંધીના જીવન અને કવન વિશે કદાચ સૌથી વધારે લખાયું છે. મહાત્મા ગાંધીના પત્રવ્યવહારો અને તેમના વિચારો અંગે લગભગ સો ગ્રંથોમાં નવજીવન પ્રકાશને 'ગાંધીજીનો અક્ષરદેહ' નામે પ્રકાશન કર્યું છે. ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' પણ એટલો જ મહત્ત્વપૂર્ણ ગ્રંથ ગણાવી શકાય. મહાદેવભાઈ દેસાઈએ ગાંધીજીની જીવનચર્યાને ચાલીસ જેટલા ભાગોમાં 'મહાદેવભાઈ ડાયરી' શીર્ષક તળે આવરી લીધી છે. ગાંધીજીના જીવન અને કવન પર રોમારોલાં, નારાયણ દેસાઈ, મનુ ગાંધી, જવાહરલાલ નેહરુ, સરદાર પટેલ અને ડૉ. આંબેડકરે પણ મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક ગ્રંથો લખ્યા છે. લેપિન્સ અને કોલિયરે 'અડધી રાત્રે આઝાદી' જેવો મહત્ત્વપૂર્ણ ગ્રંથ લખ્યો છે. તો રામચંદ્ર ગુહાએ 'ઇન્ડિયા આફ્ટર ગાંધી' અને બિપિનચંદ્રએ 'સ્વતંત્રતા કે બાદ કા ભારત' જેવા અગ્રિમ ગ્રંથો લખ્યા છે.

## પ્રાદેશિક ઐતિહાસિક સાધનસામગ્રી :

ભારતમાં વિભિન્ન પ્રદેશોમાં થયેલી સ્વતંત્રતાસંગ્રામની ચળવળોનો ઇતિહાસ પણ મોટા પ્રમાણમાં લખાયો છે. ગુજરાતમાં આવા ગ્રંથોના ભો. જે. વિદ્યાભવન દ્વારા દસ ગ્રંથોની ગ્રંથશ્રેણી દ્વારા કેટલાક ભાગોમાં બ્રિટિશકાલીન ઇતિહાસ લખાયો છે. મગનલાલ વખતચંદે 'ગુજરાત દેશનો ઇતિહાસ' અને 'અમદાવાદનો ઇતિહાસ' લખ્યો છે. એલેક્ઝેન્ડર ફાર્બસે 'રાસમાળા'માં ગુજરાતનો ઇતિહાસ આલેખ્યો છે. તો કર્નલ ટોડે 'ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા'માં રાજસ્થાન અને ગુજરાતના પ્રવાસવર્ણનની નોંધો કરી છે. જૅમ્સ મેકમર્ડો, કર્નલ વૉકર જેવા અંગ્રેજોએ પણ કચ્છ અને કાઠિયાવાડ પર વિશિષ્ટ ગ્રંથ લખ્યા છે. જદુનાથ સરકાર અને જી. એસ.

સરદેસાઈ નામના મહાન ઇતિહાસકારોએ પણ આધુનિક કાળ વિશે ઠીક-ઠીક લખાણ કર્યું છે. ગાયકવાડી શાસન અને કચ્છ તથા કાઠિયાવાડનાં દેશી રાજ્યો સાથે સંકળાયેલા અનેક ખતપત્રો પણ આ સમયનો ઇતિહાસ પૂરો પાડવામાં મદદરૂપ થાય છે.

**વર્તમાનપત્રો અને સામયિકો :**

બ્રિટિશકાલીન ભારતમાં રાષ્ટ્રવાદના પ્રચાર-પ્રસાર અર્થે અને સામાજિક અને ધાર્મિક સુધારણા ક્ષેત્રે અનેક સામયિકો અને વર્તમાનપત્રો પ્રચલિત થયાં હતાં. ભારતમાં (1780) જૅમ્સ એ. હીકીએ 'બેંગોલ ગેઝેટ' લઈને પત્રકારત્વની શરૂઆત કરી. રાજા રામમોહનરાયે ભારતીય નવજાગૃતિ અને પત્રકારત્વના પિતા હતા. તેમણે સંવાદ-કૌમુદી જેવાં પત્રોનું સંચાલન કર્યું હતું. સ્વતંત્રતાસંગ્રામ સાથે સંકળાયેલાં વિશિષ્ટ વર્તમાનપત્રો અને સામયિકોમાં દાદાભાઈ નવરોજીના 'રાસ્તગોફતાર', મુંબઈના 'મુંબઈ સમાચાર', કેશવચંદ્ર સેનના 'સુરતી સમાચાર', લોકમાન્ય તિલકના 'મરાઠા' અને 'કેસરી', ઍની બેસન્ટના 'ન્યૂ ઇન્ડિયા' અને 'કોમનવિલ', બારીન્દ્ર અને અરવિંદ ઘોષના 'યુગાન્તર' અને 'સંધ્યા', ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના 'સોમપ્રકાશ', સ્વામી વિવેકાનંદના 'પ્રબુદ્ધ ભારત', મોતીલાલ ઘોષના 'અમૃત બાઝાર પત્રિકા', મહાત્મા ગાંધીના 'યંગ ઇન્ડિયા' અને 'હરિજન', ભારતેન્દુ હરિશચંદ્રની 'પત્રિકા હરિશચંદ્ર' (મૅગેઝિન), મોતીલાલ નેહરુનું 'ઇન્ડિપેન્ડન્ટ્સ', મૌલાના આઝાદનું 'અલ-હિલાલ' તેમજ હિંદુસ્તાન ગદર પાર્ટીનું 'ગદર' સૌથી મહત્ત્વપૂર્ણ ગણાવી શકાય.

**સિક્કા :**

બ્રિટિશરોએ ભારતમાં પોતાની સિક્કા પદ્ધતિ અમલી (ઈ.સ. 1834) બનાવી. તે પૂર્વે મુગલ બાદશાહોના સિક્કા જેમાં દામ અને રૂપિયાનો સમાવેશ થાય છે તે પ્રચલિત હતા. કંપની શાસનકાળ દરમિયાન સોનાના ગીની પ્રકારના અને ચાંદી તથા ત્રાંબાના સિક્કા અમલમાં હતા. તાજના શાસનની શરૂઆત (ઈ.સ. 1818) થતાં, રાણી વિક્ટોરિયાની છબીવાળા અને વિક્ટોરિયા ક્વીન લખેલા સિક્કા પ્રચલિત થયા. એડવર્ડ સાતના સિક્કા બોડિયા રાજાના સિક્કા કહેવાતા. જ્યારે રાજા જ્યૉર્જ પંચમના સિક્કા તાજ અને શાહી પોશાકવાળા પ્રચલિત બન્યા હતા. ભારતમાં બ્રિટિશ પ્રાંતોમાં બ્રિટિશ સિક્કાનું ચલણ હતું. જ્યારે હિંદનાં દેશી રજવાડાંના રાજાઓ પોતાની રીતે સિક્કા બહાર પાડી શકતા. સૌરાષ્ટ્ર, કચ્છ અને વડોદરાના રાજાઓ તથા અન્ય ભારતીય રાજાઓ દેવનાગરી લિપિમાં સિક્કા ચલાવતા.



**રાણી વિક્ટોરિયાની છબીવાળા અને વિક્ટોરિયા ક્વીન લખેલ સિક્કા**

ભારતમાં આવેલી વિભિન્ન યુરોપીય સત્તાઓના આગમનથી ક્રમશઃ ભારતમાં પરિવર્તન થતું રહ્યું. છેવટે બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ (1757) પોતાના શાસનનો પ્રારંભ કર્યો. બ્રિટિશ સત્તા લગભગ 200 વર્ષ સુધી ભારત પર ચાલતી રહી. બ્રિટિશ સત્તાની વિભિન્ન નીતિઓ વિશે અંગ્રેજીમાં ઐતિહાસિક સામગ્રી પ્રાપ્ત થાય છે, તો સ્વતંત્રતાસંગ્રામ વિશે પણ મોટી માત્રામાં ભારતીય તથા વિદેશી ભાષામાં ઐતિહાસિક સાધનસામગ્રી મળી આવે છે. લગભગ સો વર્ષ લાંબા ચાલેલા સ્વાતંત્ર્યસંગ્રામ અને તેના અગ્રગણ્ય નેતાઓ વિશે પણ મોટી માત્રામાં લખાણ થયેલું છે. આ બધી બાબતોને ધ્યાનમાં લઈ આધુનિક ઇતિહાસકારોએ આધુનિક ભારતનો ઇતિહાસ લખી સ્વતંત્રતાસંગ્રામના ઇતિહાસ પર પ્રકાશ પાથર્યો છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) ''ઐતિહાસિક સાધનસામગ્રી વગર આપણે ઈતિહાસ જાણી શકતા નથી.'' વિધાન સમજાવો.

(2) ભારતમાં પોર્ટુગીઝ ઈતિહાસને લગતી સાધનસામગ્રી પર નોંધ લખો.

(3) ભારતનો બ્રિટિશકાલીન ઈતિહાસ જાણવા માટે કઈ સાધનસામગ્રી પ્રાપ્ત થાય છે ?

(4) ઈ.સ. 1857ના મહાવિદ્રોહ જાણવા માટે કઈ સાધનસામગ્રી પ્રાપ્ત થાય છે ?

(5) આધુનિક ભારતનો ઈતિહાસ જાણવા માટે આધુનિક ઈતિહાસકારોનું ઐતિહાસિક પ્રદાન ચર્ચો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) પોર્ટુગીઝ કંપનીએ પોતાની કોઠીઓની સ્થાપના ક્યાં ક્યાં કરી હતી ? તેની માહિતી ક્યાંથી મળે છે ?

(2) ઈતિહાસની આધારસામગ્રી તરીકે વર્તમાનપત્રો વિશે માહિતી આપો.

(3) બ્રિટિશ સિક્કાઓમાંથી પ્રાપ્ત થતો ઈતિહાસ સમજાવો.

(4) ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગાર વિશે ટૂંકમાં માહિતી આપો.

(5) ફ્રેન્ચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના માહિતીસ્રોત વિશે ચર્ચા કરો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) રાષ્ટ્રીય અભિલેખાગાર ક્યાં આવેલું છે ?

(અ) મુંબઈ (બ) કોલકાતા (ક) દિલ્હી (ડ) ચેન્નાઈ

(2) સુરેન્દ્રનાથ સેને મહાવિદ્રોહ અંગે કયું પુસ્તક લખ્યું ?

(અ) 'અઢારસો સત્તાવન' (બ) 'મહાવિદ્રોહ' (ક) 'મહાસંગ્રામ' (ડ) 'વિપ્લવ'

(3) ભારતીય વિદ્યાભવન ગ્રંથશ્રેણીના સંપાદક કોણ હતા ?

(અ) એસ. એન. સેન (બ) જવાહરલાલ નેહરુ (ક) આર. સી. મજમુદાર (ડ) જદુનાથ સરકાર

(4) ઈ.સ. 1857ના મહાવિદ્રોહ પર સંશોધન કરનાર ગુજરાતી ઈતિહાસકાર કોણ હતા ?

(અ) મગનલાલ વખતચંદ (બ) રમણલાલ ધારૈયા (ક) દેવેન્દ્ર ભટ્ટ (ડ) મકરન્દ મહેતા

(5) 'ગાંધીજીનો અક્ષરદેહ' પ્રકાશિત કરનાર પ્રકાશક જણાવો.

(અ) દિલ્હી યુનિવર્સિટી (બ) રાજ્ય અભિલેખાગાર

(ક) નવજીવન પ્રકાશન (ડ) ગુજરાત યુનિવર્સિટી

•

# 2 18મી સદીના ભારતનો ઉત્તરાર્ધ અને સત્તાપ્રાપ્તિ માટે સંઘર્ષ

18 મી સદીનું ભારત ભારતના ઇતિહાસમાં અનેક મહાન પરિવર્તનો લાવનારું બની રહ્યું. મુઘલ સામ્રાજ્યના છેલ્લા શક્તિશાળી બાદશાહ ઔરંગઝેબના મૃત્યુ બાદ આટલા વિશાળ સામ્રાજ્યને સંભાળી શકે તેવા વારસદારના અભાવથી મુઘલ શાસન પતન તરફ ધકેલાયું. મુઘલ શાસનના પતનને પરિણામે ભારતમાં અનેક નાનાં-મોટાં સામ્રાજ્યો ઊભાં થયાં અને તે બધાં પોતાની શક્તિ વધારવા માંહોમાંહેની લડાઈમાં વ્યસ્ત થયાં. મરાઠા, મૈસૂર, હૈદરાબાદ અને બંગાળ જેવાં રાજ્યો આમાં મોખરે હતાં. તેઓ વચ્ચે એકતાનો અભાવ હતો. આવે સમયે વિશ્વભરમાં મહત્ત્વપૂર્ણ રાજકીય મહાસત્તાનું સ્થાન મેળવનાર બ્રિટને ભારતમાં સર્જાયેલા આ રાજકીય શૂન્યાવકાશનો લાભ લેવાનું નક્કી કર્યું. શક્તિશાળી સેના અને કૂટનીતિજ્ઞ અધિકારીઓ ધરાવનાર 'બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા' કંપનીએ મહત્તમ આર્થિક શોષણ કરવા રાજકીય સત્તા સ્થાપવાનું નક્કી કર્યું. પરિણામે એક વિદેશી સત્તા ભારતના રાજકીય તખ્તા પર પ્રતિસ્પર્ધીના રૂપમાં પ્રવેશી. ભારત માટે આ કપરો કાળ હતો ભારતીયો એક તરફ અંદરો-અંદર લડાઈઓમાં વ્યસ્ત હતા. એવે સમયે બ્રિટન તેનો લાભ લઈ ભારતમાં શાસન સ્થાપવા આતુર હતું. વેરવિખેર અને નિર્બળ ભારતીયોને તેઓ સરળતાથી અંકુશમાં લઈ શકે તેમ હતા. એટલે જ, મહાત્મા ગાંધીએ નોંધ્યું છે કે, ''ઈંગ્લૅન્ડે ભારત જીત્યું નથી પરંતુ ભારતીયોએ જ સોનાની થાળીમાં (તાસકમાં) ભારત ઈંગ્લૅન્ડને ભેટમાં આપ્યું હતું.'' એ સાચું જ છે.

ભારતનું મુઘલ સામ્રાજ્ય તત્કાલીન વિશ્વનાં સૌથી મોટાં સામ્રાજ્યો પૈકીનું એક હતું પરંતુ 18મી સદીના પૂર્વાર્ધમાં ખાસ કરીને ઔરંગઝેબના મૃત્યુ બાદ તે પતનોન્મુખ થયું. નાદિરશાહ જેવા શક્તિશાળી ઈરાની આક્રમણે (ઈ.સ. 1739) મુઘલ સામ્રાજ્યના પતનને ઝડપી બનાવ્યું. ઔરંગઝેબના મૃત્યુ પછી તેના ત્રણેય પુત્રો વચ્ચે વારસાવિગ્રહ ફાટી નીકળ્યો. છેવટે બહાદુરશાહ ગાદી પર આવ્યો. તે એક વિદ્વાન અને યોગ્ય રાજવી હતો. એટલું જ નહીં પણ ઔરંગઝેબથી વિરુદ્ધ તેણે હિન્દુઓ સાથે સમાનતાપૂર્ણ વ્યવહાર કર્યો. રાજપૂતો સાથે પણ તેણે સારા સંબંધો બાંધ્યા હતા. જોકે, રાજા જયસિંહ અને અજીતસિંહ સાથે તેમજ મરાઠા સરદારો સાથે તેની અવ્યવસ્થિત નીતિને કારણે તેમની સાથેના સંબંધો બગડ્યા. તારાબાઈ અને સાહુ વચ્ચે વારસાવિગ્રહના પ્રશ્ને તેણે યોગ્ય કાર્યવાહી ન કરતાં મરાઠાઓ પણ તેની વિરુદ્ધ ગયા.

મુઘલ બાદશાહ બહાદુરશાહે શીખ ગુરુ ગોવિંદસિંહ સાથે પણ સુમેળભર્યા સંબંધો બાંધ્યા. ગોવિંદસિંહના મૃત્યુ બાદ બંદાબહાદુરે શીખોનું નેતૃત્વ લઈ બહાદુરશાહ વિરુદ્ધ વિદ્રોહ કર્યો. એટલું જ નહિ પણ સતલજ અને યમુના નદી વચ્ચેનો સમગ્ર પ્રદેશ પણ તેમણે કબજે કર્યો. બહાદુરશાહે બુંદેલા સરદાર છત્રશાલ સાથે મિત્રતા જાળવી રાખી. જોકે, બહાદુરશાહની શાસનવ્યવસ્થા કથળી રહી હતી. તેનું મૃત્યુ (ઈ.સ. 1712) થતાં ફરીથી મુઘલ સામ્રાજ્ય અંધાધૂંધીમાં ફસાયું. પછીથી થયેલ ઉત્તરાધિકારના યુદ્ધમાં જહાંદરશાહની જીત થઈ. તેનો વજીર જુલ્ફીકાર મહત્ત્વાકાંક્ષી હતો. જોકે તેના સમયમાં રાજપૂતો સાથે પુનર્સંબંધો બંધાયા. જુલ્ફીકાર વિરુદ્ધ પણ ષડયંત્ર રચી ફર્ખુશીયર ગાદી મેળવવામાં સફળ (ઈ.સ. 1713) થયો. સૈયદબંધુઓએ તેને મદદ કરી. ફર્ખુશીયર પણ સક્ષમ ન હતો. તેના સમયમાં મુઘલ સામ્રાજ્ય નિર્બળ બન્યું. ઈ.સ. 1719 થી ઈ.સ. 1748 સુધીના લાંબા સમય સુધી ફર્ખુશીયર બાદ મોહમ્મદશાહે શાસન કર્યું. તે પણ નિર્બળ હોવાને કારણે ખાસ કરીને મરાઠા સરદારો, અવધ, બંગાળ અને પંજાબ પર પોતાનું આધિપત્ય જાળવી શક્યો નહીં. તેના સમયમાં નાદિરશાહના આક્રમણે વધારે કફોડી સ્થિતિ ઊભી કરી. હવે (ઈ.સ. 1759) શાહઆલમ દ્વિતીય ગાદી પર આવ્યો. તે હિંમતવાળો અને યોગ્ય શાસક હતો પરંતુ મુઘલ સામ્રાજ્યનો ઉદ્ધાર કરવો તેના માટે સંભવ ન હતો. અંગ્રેજોએ (ઈ.સ. 1757 અને 1764) બંગાળ પર મહત્ત્વપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો હતો અને તે ક્રમશઃ દિલ્લી તરફ આગળ વધી રહ્યા હતા. અંતે (ઈ.સ. 1803) અંગ્રેજોએ દિલ્લી કબજે કર્યું. મુઘલ શાસનના આવા નિર્બળ ઉત્તરાધિકારીઓને કારણે ભારત બ્રિટિશસત્તાનું ભોગ બન્યું.

### હૈદરાબાદ અને કર્ણાટક

હૈદરાબાદ રાજ્યની સ્થાપના (ઈ.સ. 1724) આશફજહાંએ કરી. તે પાછળથી નિઝામ-ઉલ-મુલ્ક તરીકે ઓળખાયો.

ઔરંગઝેબના મૃત્યુ બાદ તેણે દક્ષિણમાં જઈ ક્રમશઃ હૈદરાબાદ રાજ્યનો પાયો નાંખ્યો. અંદરખાને મુઘલ સામ્રાજ્યથી સ્વતંત્ર રહેવાનું નક્કી કર્યું. મુઘલ સામ્રાજ્યના નમૂના અનુસાર દખ્ખણમાં પણ તેણે વ્યવસ્થિત વહીવટી પદ્ધતિનો પ્રારંભ કર્યો. તેના દીવાન પુરણચંદે દખ્ખણમાં મહેસૂલી વ્યવસ્થા સ્થાપવામાં તેને મદદ કરી. તેનું મૃત્યુ થતાં તેના રાજ્યમાં અંધાધૂંધી ફેલાઈ. કર્ણાટકના નવાબ શાહઆદતમુલ્લાખાંએ પોતાના ભત્રીજા દોસ્તઅલીને પોતાનો ઉત્તરાધિકારી નીમ્યો. ત્યારબાદ (ઈ.સ. 1740) બંને રાજ્યો વચ્ચે વારંવાર સંઘર્ષ થવાથી બંને નિર્બળ બન્યાં અને યુરોપિયન કંપનીઓએ ભારતીય રાજકારણમાં હસ્તક્ષેપ કરવાની શરૂઆત કરી.

**બંગાળ**

મુઘલ સામ્રાજ્ય નિર્બળ થતાં (ઈ.સ. 1717) મુરશીદકુલીખાંએ બંગાળમાં સૂબેદારને બદલે સ્વતંત્રપણે શાસક બનવાનું નક્કી કર્યું. તેના સમયમાં બંગાળી જમીનદારોએ કરેલ વિગ્રહોને તેણે દબાવી દીધા. તેના મૃત્યુ બાદ તેનો જમાઈ શુઝાઉદ્દીન શાસન પર આવ્યો, જેણે (1739 સુધી) બંગાળ પર શાસન કર્યું. ત્યારબાદ તેનો પુત્ર સરફરાઝખાં ગાદી પર આવ્યો, પરંતુ એક જ વર્ષ બાદ તેને હટાવી અલીવર્દીખાં બંગાળનો નવાબ બન્યો.

બંગાળમાં આ ત્રણેય નવાબોના સમયગાળા દરમ્યાન શાંતિ અને વ્યવસ્થા સ્થાપાયેલાં રહ્યાં. તેમણે વેપાર અને વાણિજ્યનો વિકાસ કર્યો. તેણે નવી જ જમીન મહેસૂલ પદ્ધતિ ઊભી કરી મહત્ત્વપૂર્ણ કાર્યો કર્યાં. આ ત્રણેય નવાબોએ હિંદુઓ અને મુસલમાનો બંનેને સમાન તક આપી. તેમણે વેપાર વાણિજ્યનો (ખાસ કરીને વિદેશ વ્યાપારનો) વિકાસ કરવા નદીમાર્ગોની સુરક્ષા કરી હતી. તેમણે અંગ્રેજો અને ફ્રેંચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને કલકત્તા અને ચંદ્રનગરમાં કારખાનાઓની કિલ્લેબંધી કરવાની મનાઈ ફરમાવી. બંગાળના નવાબોએ શક્તિશાળી લશ્કર રાખવાનું બુદ્ધિમત્તાપૂર્ણ કાર્ય કર્યું ન હતું, પરિણામે તેના ઉત્તરાધિકારી સિરાજ-ઉદ્-દૌલાના સમયમાં પ્લાસીના યુદ્ધમાં (1757) ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ નવાબના લશ્કરને હરાવી ભારત પર પોતાનું શાસન સ્થાપી દીધું.

**અવધ**

અવધના સૂબેદાર તરીકે નિમાયેલ (ઈ.સ. 1722) શહાદતખાં જે બુરહાન-ઉલ-મુલ્ક તરીકે ઓળખાતો હતો. તેણે અવધના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી. તે બુદ્ધિશાળી અને શક્તિશાળી હતો. તેણે નવી જ જમીન મહેસૂલ પદ્ધતિનો પ્રારંભ કર્યો હતો. તેણે હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે સમાનતાપૂર્ણ વ્યવહાર કર્યો હતો. તેનું મૃત્યુ થતાં સફદરજંગે અલ્હાબાદ અને અવધનો વહીવટ પોતાના હાથમાં લીધો. બંગેસ નવાબો સામે (1750-51) તેનું મહત્ત્વપૂર્ણ યુદ્ધ થયું. સફદરજંગે શહાદતખાંની જેમ જ વ્યવસ્થિત નીતિ અપનાવી. તેણે લખનૌ અને અવધનો વિકાસ કર્યો. એટલું જ નહિ સાહિત્ય અને કલાનો તથા હસ્તશિલ્પનો તેના સમયમાં ખાસ્સો વિકાસ થયો. નૈતિક રીતે પણ તે ચોખ્ખો હતો. બકસરના યુદ્ધ (ઈ.સ. 1764)માં અવધ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના હાથે હાર પામ્યું.

**મૈસુર**



ટીપુ સુલતાન

દક્ષિણ ભારતમાં વિજયનગર સામ્રાજ્યના અંત બાદ હૈદરાબાદની પાસે આવેલું મૈસુર હૈદરઅલીના નેતૃત્વમાં સૌથી શક્તિશાળી રાજ્ય બન્યું હતું. તેણે મૈસુરના રાજા કૃષ્ણરાજ વદીયારને નામમાત્રનો રાજા બનાવી વાસ્તવિક સત્તા પોતાના હાથમાં લઈ લીધી. કુશાગ્ર બુદ્ધિ અને પ્રતિભાવંત હૈદરઅલીએ મૈસુરનો મહત્ત્વપૂર્ણ વિકાસ કર્યો. ફ્રેંચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની મદદથી તેણે ડિન્ડીગુલ ખાતે આધુનિક શસ્ત્રાગારની સ્થાપના (ઈ.સ. 1755) કરી. મૈસુરના વાસ્તવિક શાસક (ઈ.સ. 1761) બની એણે કન્નડ અને મલબાર સુધીનો વિસ્તાર પોતાના રાજ્યમાં ભેળવી દીધો. તેણે મુઘલ શાસનપ્રણાલી જેવી જ વ્યવસ્થા ઊભી કરી. મૈસુર સતત નિઝામ, મરાઠા અને અંગ્રેજો સામે સંઘર્ષમાં રહેતું. તેણે (1779) અંગ્રેજોને હરાવી દીધા હતા પરંતુ બીજા ઍંગ્લો-મૈસુર યુદ્ધ (1782)માં તે મૃત્યુ

પામ્યો અને તેની જગાએ ટીપુ સુલતાન ગાદી પર આવ્યો. ચતુર્થ ઍંગ્લો-મૈસુર યુદ્ધમાં મૃત્યુ (ઈ.સ. 1799) પામતાં સુધી ટીપુ સુલતાન મૈસુરમાં શાસન કરવાવાળો શક્તિશાળી સુલતાન હતો. ફ્રાંસની રાજ્યક્રાંતિથી ખૂબ જ પ્રોત્સાહિત થઈ, સમયની સાથે પોતાના રાજ્યમાં વ્યાપક પરિવર્તનો કરનાર તે એક શક્તિશાળી સુલતાન હતો. નવીન કેલેન્ડર, નવા જ સિક્કાઓ અને નવી પ્રણાલીથી તોલમાપ શરૂ કરનાર તેમજ આધુનિક પુસ્તકાલય તથા ધર્મ, ઇતિહાસ, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાં રસરુચિ લેનાર કદાચ 18મી સદીનો તે એકમાત્ર સુલતાન હતો. શ્રીરંગપટ્ટમમાં સ્વતંત્રતા વૃક્ષ સ્થાપીને તે ‘જેકોબીન ક્લબ’નો સભ્ય બન્યો હતો. લશ્કરી વ્યવસ્થામાં પણ આધુનિકીકરણ લાવી તેણે ઉચ્ચ કોટીનું લશ્કર તૈયાર કર્યું હતું. યુરોપિયન શૈલી પ્રકારે બંદૂકો અને આધુનિક હથિયારોથી તેણે લશ્કરનું નવીનીકરણ કર્યું. એટલું જ નહીં પણ તેણે નૌકાસેના ઊભી કરી (1776) જહાજો પણ બનાવ્યાં હતાં. તે પોતે પણ પ્રતિભાવંત સેનાપતિ હતો. તે કહેતો ‘‘ઘેટાંની જેમ લાંબી જિંદગી જીવવા કરતાં સિંહની જેમ એક દિવસ જીવવું યોગ્ય છે.’’ ચતુર્થ ઍંગ્લો-મૈસુર યુદ્ધમાં અંગ્રેજોએ તેને હરાવ્યો અને તે અહીં લડતાં-લડતાં વીરગતિને પામ્યો. ટીપુ સુલતાન 18મી સદીના રાજનીતિજ્ઞોમાં સૌથી શ્રેષ્ઠ હતો. અંગ્રેજોના રૂપમાં ઊભા થનાર ખતરાની જાણ તેને હતી અને એટલે જ અંગ્રેજો તેમને પોતાનો સૌથી ખતરનાક દુશ્મન સમજતા હતા.

### દિલ્લીની આસપાસના પ્રદેશો

મુઘલ સામ્રાજ્યના પતન બાદ દિલ્લી આસપાસનાં રાજપૂત રાજ્યોએ પોતાનાં રાજ્યોને સ્વતંત્ર કરવાનો પ્રયત્ન કર્યો. સૌથી મહત્ત્વપૂર્ણ રાજપૂત શાસકમાં આમેરનો સવાઈ જયસિંહ હતો. તે કુશળ રાજનીતિજ્ઞ, સુધારક, કાયદાવિદ્ અને ખાસ તો વિજ્ઞાન અને ખગોળનો વિદ્વાન હતો. ભારતમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ક્ષેત્રે શૂન્યાવકાશ વ્યાપી રહ્યો હતો ત્યારે તેણે જયપુરમાં વિજ્ઞાન અને કલાનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર ઊભું કર્યું. તેણે દિલ્લી, જયપુર, ઉજ્જૈન અને મથુરામાં આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો સમાવેશ કરતી વેધશાળાઓ બનાવી. તેના સમયમાં ગણિતનાં તત્ત્વો અને ત્રિકોણમિતીત્તરક્ષેત્રે ખાસ્સું કામ થયેલું. તેમણે રાજપૂતોમાં વ્યાપક એવાં કેટલાંક દૂષણો વિરુદ્ધ સમાજસુધારો કર્યો હતો, જેમાં બાળકીને દૂધપીતી કરવાની ચાલનો સમાવેશ થાય છે.

### બંગેસ પઠાણો અને રોહિલ્લાઓ

અલીગઢ અને કાનપુર વચ્ચેના પ્રદેશોમાં મોહમ્મદખાં બંગેસે (ફરૂકાબાદ આસપાસ) એક નાનું પરંતુ શક્તિશાળી રાજ્ય સ્થાપ્યું. હિમાલયના દક્ષિણ ભાગમાં અને ગંગા નદીના ઉત્તરમાં કુમાઉ સુધી ફેલાયેલા રાજ્યની રાજધાની બરેલીના આંવલા અને ત્યારબાદ રામપુરમાં બનાવી. તે અયોધ્યા, દિલ્લી અને જાટ પ્રજા સાથે સતત સંઘર્ષમાં રહેતો.

### રાજપૂતાના

મુઘલ સામ્રાજ્યના પતન બાદ રાજપૂતાના ક્ષેત્રના રાજપૂત રાજાઓની પરિસ્થિતિમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનો આવ્યાં. ખાસ કરીને જયપુર અને ઉદેપુર તથા જોધપુર રાજ્યો પોતાના વિકાસનું સાતત્ય જાળવી રહ્યાં, પરંતુ અંગ્રેજોના સમયમાં તેમના રાજકીય જીવનમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનો આવ્યાં.


મહારાજા રણજિતસિંહ

### શીખસત્તા

17મી સદીની શરૂઆતના શીખગુરુ હરગોંવિદે શીખોને લડાયક બનાવવાનો પ્રયત્ન શરૂ કર્યો જે 10મા ગુરુ ગોવિંદસિંહના સમયમાં અત્યંત શક્તિશાળી બની ચૂક્યા હતા. ગોવિંદસિંહના શીખસૈન્યે ઔરંગઝેબ વિરુદ્ધ ઘણાં યુદ્ધો કર્યાં. ત્યારબાદ બંદાબહાદુરે ગોવિંદસિંહનું કાર્ય ચાલુ રાખ્યું. પંજાબના કેટલાક વિસ્તારોમાં ક્રમશઃ તેમનું શાસન શક્તિશાળી બનતું ગયું. ભારત પર ઈરાની આક્રમણો થવાને પરિણામે શીખસત્તાનો વિકાસ થયો. 18મી સદીના અંતમાં શીખોની સુકરચક્યા

જાતિમાંથી આવેલા રણજિતસિંહે શીખસામ્રાજ્યનો વિકાસ કર્યો. તેમણે લાહોર અને અમૃતસર જીતીને સતલુજ નદીના પશ્ચિમ વિસ્તાર પર પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું. એટલું જ નહીં, તેમણે મુલતાન, કાશ્મીર, પેશાવર જીતી લઈને શીખરાજ્યનો વિસ્તાર કર્યો. તેમણે યુરોપિયન ઢબે શક્તિશાળી લશ્કર ઊભું કર્યું હતું. યુરોપિયનો તેમના લશ્કરમાં અધિકારી તરીકે કાર્યો કરતા. ધાર્મિક રીતે પણ તે સહિષ્ણુ હતો. અંગ્રેજોએ તેમની સાથે સારા સંબંધો સ્થાપિત કર્યા પરંતુ તેમના મૃત્યુ બાદ (1839) ગવર્નર જનરલ ડેલહાઉસીએ શીખરાજ્યનો બ્રિટિશ સામ્રાજ્યમાં વિલય કરી દીધો.

**મરાઠાસત્તા**



છત્રપતિ શિવાજી

મુઘલ સામ્રાજ્યને સૌથી વધારે શક્તિશાળી મુકાબલો આપનાર મરાઠા હતા. એક સામાન્ય યોદ્ધાના પુત્ર તરીકે જન્મેલા (ઈ.સ. 1627) શિવાજીએ સ્વબળે મહાન મુઘલસત્તા તેમજ દક્ષિણમાં બ્રહ્મની રાજ્યો સાથે ભારે સંઘર્ષ કરી મરાઠાસત્તાનો પાયો નાંખ્યો. આગળ જતાં છત્રપતિ બની ચૂકેલા શિવાજીએ મરાઠી રાજ અને મરાઠા સામ્રાજ્યવાદનો ભારે વિકાસ કર્યો. તેણે (1680 સુધીમાં) મરાઠી સત્તાને સૌથી શક્તિશાળી સત્તા બનાવી મુઘલ સામ્રાજ્યની બરાબરી કરતી કરી દીધી.

શિવાજીના પૌત્ર શાહુને ઔરંગઝેબે કેદ કર્યો (1689). જોકે ઔરંગઝેબના મૃત્યુ બાદ તેને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો. આ ઘટના બાદ શાહુ અને કોલ્હાપુરમાં રહેતાં તેમનાં કાકી તારાબાઈ વચ્ચે વારસાવિગ્રહ શરૂ થયો. તારાબાઈએ પોતાના પુત્ર શિવાજી દ્વિતીયના નામે (ઈ.સ. 1700 સુધી) મુઘલ સત્તા વિરુદ્ધ સંઘર્ષ કર્યો. શાહુ અને કોલ્હાપુર વચ્ચેના ઝઘડાને પરિણામે મરાઠી સરકારમાં પેશ્વાપ્રથા નામની એક નવી જ વ્યવસ્થાનો જન્મ થયો અને પેશ્વા હવે મરાઠી સત્તાના કેન્દ્રમાં આવ્યા.

પ્રથમ પેશ્વા બાલાજી વિશ્વનાથ એક બ્રાહ્મણ હતા. જેમણે શાહુનો પક્ષ લઈ તેમના દુશ્મનોને દૂર કરી મરાઠા શક્તિનો વિસ્તાર કર્યો ; એટલું જ નહિ પેશ્વાએ શાહુની સત્તા પણ પોતાના હાથમાં લઈ લીધી. તેમણે મુઘલોને પણ અંકુશમાં રાખ્યા. તેમનું મૃત્યુ થતાં તેમના પુત્ર બાજીરાવ પ્રથમ પેશ્વા બન્યા. તે અત્યંત પ્રતિભાવંત સેનાપતિ હતા. શિવાજી પછીના ગેરીલાયુદ્ધના સૌથી શક્તિશાળી પ્રતીક તરીકે તેમને યાદ કરવામાં આવે છે. મુઘલ સત્તા વિરુદ્ધ તેમને ખાસી સફળતા મળી. તેમના સમયમાં મરાઠા મહારાષ્ટ્રથી લઈને માળવા, ગુજરાત અને બુંદેલખંડ પર અધિકાર ધરાવતા થયા. તેમણે જંજીરા જીત્યું અને પોર્ટુગીઝોને પણ પોતાના અંકુશમાં લીધા. મરાઠી સામ્રાજ્યવાદનો ખૂબ મોટો વિસ્તાર કરનાર બાજીરાવ મૃત્યુ પામ્યા (1740). તેમના બાદ તેમના પુત્ર બાલાજી બાજીરાવ જે નાનાસાહેબ તરીકે પ્રખ્યાત થયા. તેમણે શાસન સંભાળ્યું અને પોતાના પિતાનાં અધૂરાં સ્વપ્ન પૂર્ણ કરવા પ્રયત્ન કર્યો. એહમદશાહ અબ્દાલી અને મરાઠા વચ્ચે પાણીપતનું ત્રીજું યુદ્ધ (1761ની 14મી જાન્યુઆરી) થયું, આ યુદ્ધમાં સદાશીવ રાવે મહત્ત્વનો ભાગ ભજવ્યો. જેમાં 28,000 સૈનિકો મરાઠાપક્ષે મૃત્યુ પામ્યા. આ ઘટનાના આઘાતથી જૂન-1761માં પેશ્વાનું મૃત્યુ થયું. જોકે મરાઠા હાર્યા પરંતુ ભૂંસાયા નહિ. માધવરાવના નેતૃત્વમાં મરાઠાશક્તિનો પુનઃ ઉદય થયો. માધવરાવે મરાઠા સત્તાને



બાલાજી બાજીરાવ

દિલ્હી સુધી વિસ્તારી. સવાઈ માધવરાવ મૃત્યુ પામ્યો (1795), ત્યાં સુધીમાં અંગ્રેજોએ શક્તિશાળી રીત અપનાવી મરાઠાશક્તિને પડકારી ત્રણ યુદ્ધો કર્યાં. તેમાંના ત્રીજા મરાઠા વિગ્રહમાં મરાઠાઓ હાર્યા અને પેશ્વાપ્રથાનો અંત આવ્યો.

**આસામ અને ઉત્તરપૂર્વ રાજ્યો**

18મી સદીના આરંભે ભારતનાં ઉત્તરપૂર્વીય ક્ષેત્રોમાં સુપ્રસિદ્ધ જનજાતિનાં રાજ્યો આવેલાં હતાં. મુઘલોને હાર આપનાર શક્તિશાળી આસામી નેતા બડફૂકન હતા. તેમણે આસામને એક શક્તિશાળી રાજ્ય બનાવ્યું. અહોમના શાસક રૂદ્રસિંહાને પૂર્વ ભારતના છત્રપતિ શિવાજી કહેવામાં આવે છે. કોર્નવોલિસે આસામ અને પૂર્વ ભારત તરફ ધ્યાન કેન્દ્રિત કરી સામ્રાજ્યવાદી નીતિ અપનાવી. અંગ્રેજોએ બર્મા જીતી (1826) આ પ્રદેશો પર પોતાનો કાબૂ વધાર્યો. ત્યારબાદ (1885 સુધીમાં) મોટાભાગના પૂર્વીય વિસ્તારો અંગ્રેજોના તાબા હેઠળ આવી ચૂક્યા હતા.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) 18 મી સદીના ઉત્તરાર્ધમાં ભારતમાં મુઘલ સામ્રાજ્યના અંત બાદ તેની રાજકીય સ્થિતિનું વર્ણન કરો.

(2) બંગાળમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની પ્રવૃત્તિઓની ચર્ચા કરો.

(3) પંજાબમાં અંગ્રેજ-શીખ સંબંધો સ્પષ્ટ કરો.

(4) અંગ્રેજ-મરાઠા સંબંધોનું વિશ્લેષણ કરો.

(5) કર્ણાટક વિગ્રહોની સમજૂતી આપો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) ટીપુ સુલતાનની આંતરિક નીતિ વિશે જણાવો.

(2) ફ્રેંચ ઈસ્ટ ઇન્ડિયા કંપની વિશે વિગતો આપો.

(3) પ્લાસી અને બકસરના યુદ્ધ વિશે માહિતી આપો.

(4) મરાઠા અને અંગ્રેજો વચ્ચેનાં યુદ્ધોનો ખ્યાલ આપો.

(5) પાણિપતના ત્રીજા યુદ્ધ વિશે જણાવો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) પ્લાસીનું યુદ્ધ ક્યારે થયું ?

(અ) ઈ.સ. 1756 (બ) ઈ.સ. 1757 (ક) ઈ.સ. 1758 (ડ) ઈ.સ. 1760

(2) શીખ રાજ્યનું વિલીનીકરણ કોણે કર્યું ?

(અ) ડેલહાઉસી (બ) કર્ઝન (ક) ક્લાઇવ (ડ) વેલેસ્લી

(3) નાદિરશાહનું ભારત પર આક્રમણ ક્યારે થયું ?

(અ) ઈ.સ. 1730 (બ) ઈ.સ. 1735 (ક) ઈ.સ. 1739 (ડ) ઈ.સ. 1750

(4) હૈદરાબાદ રાજ્યનો સ્થાપક કોણ હતો ?

(અ) સઆદત ખાં (બ) ટીપુ સુલતાન (ક) આસફ ખાં (ડ) નિઝામ-ઉલ-મુલ્ક

(5) મરાઠી સત્તામાં સર્વપ્રથમ પેશ્વા કોણ હતા ?

(અ) શાહુ (બ) બાલાજી બાજીરાવ (ક) બાજીરાવ પ્રથમ (ડ) બાલાજી વિશ્વનાથ

•

# 3 ભારતમાં યુરોપિયનોનું આગમન

તમને ક્યારેય એવો વિચાર થાય છે કે અનેક યુરોપિયન રાષ્ટ્રોની પ્રજા ભારતમાં શા માટે આવી હતી ? જવાબમાં કહી શકાય કે, વાસ્તવમાં ભારતની સમૃદ્ધિથી આકર્ષાઈને છેક પ્રાચીનકાળથી યુરોપિયનોની માફક અનેક પ્રજા ભારતમાં પ્રવેશતી રહી છે.

ઈ.સ. ની 13મી સદીથી 16 મી સદી સુધીમાં યુરોપમાં નવજાગૃતિ, ધર્મસુધારણા તથા ભૌગોલિક શોધખોળોને પરિણામે અનેક પરિવર્તનો આવી રહ્યાં હતાં. યુરોપ સામંતશાહી આચાર અને વિચારનો ત્યાગ કરીને આધુનિક બની રહ્યું હતું. એમાંય ઈંગ્લૅન્ડ તેમાં વિશિષ્ટ સ્થાન ધરાવતું હતું, કારણ કે તેણે તો લોકશાહીને આવકારી અને વિકસાવી હતી. તેણે બુદ્ધિગમ્ય શાસનથી પ્રગતિશીલ સમાજવ્યવસ્થા પણ વિકસાવી હતી. ટૂંકમાં, 18 મી સદીમાં યુરોપમાં અનેક મહાન વિદ્વાનોએ પ્રબુદ્ધ યુગનું સર્જન કરી માનવતાવાદ, સમાનતા અને સ્વતંત્રતાનો સંદેશો આપ્યો હતો. બીજી બાજુ આપણે આગળના પ્રકરણમાં જોયું તેમ ભારત હજુ પણ સામંતશાહી મૂલ્યો અને સંકુચિતતાને વળગી રહ્યું હતું.

ભારત મુઘલયુગમાં પણ વિશ્વ અર્થવ્યવસ્થામાં મોખરાનું સ્થાન ભોગવતું હતું. વિશાળ નદીઓનાં ફળદ્રુપ મેદાનોએ કૃષિમાં અમાપ વિકાસ કર્યો હતો. કૃષિના વિકાસ થકી અનેક હસ્તઉદ્યોગો ધમધમી રહ્યા હતા. ભારતના સુતરાઉ કાપડ, ગળી, મરી-મસાલા, ઈમારતી લાકડું તેમજ રેશમી વસ્ત્રોની યુરોપભરમાં બહુ મોટી માંગ હતી. પરિણામે આ વેપારનો લાભ લેવા તેઓ ભારતમાં આવ્યા હતા એમ કહી શકાય.

ભારતનો યુરોપ અને અન્ય વિશ્વ સાથે પ્રાચીન કાળથી વેપારીક સંબંધ રહ્યો છે. ગ્રીક અને રોમના સામ્રાજ્યકાળથી તેમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો હતો. મધ્યયુગમાં આરબોએ ભારત અને યુરોપ વચ્ચેના વેપાર પર એકાધિકાર સ્થાપ્યો હતો. તેમ છતાં ગુજરાતી અને દક્ષિણ ભારતીય વેપારીઓ યુરોપ, આફ્રિકા અને પૂર્વીય એશિયાઈ દેશોના વેપારીઓ સાથે સંપર્કમાં હતા. અત્યંત લાભદાયક વેપારનો લાભ લેવા માટે સતત સંઘર્ષ પણ ચાલતો રહેતો.

તુર્કોએ કૉન્સ્ટેન્ટિનોપલ પર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો (ઈ.સ. 1453). પરિણામે પૂર્વ અને પશ્ચિમના વેપારીક માર્ગો પર તુર્કોનું નિયંત્રણ સ્થપાયું. એટલું જ નહીં બાકીના યુરોપ અને એશિયાના વેપાર પર વેનીસ અને જીનીવાના વેપારીઓનો દબદબો હતો. તેઓ પશ્ચિમી યુરોપના સ્પેન અને પોર્ટુગલ જેવાં રાષ્ટ્રોને વેપારમાં ઘૂસવા દેવા માંગતા ન હતા. પરિણામે પશ્ચિમ યુરોપનાં રાષ્ટ્રો ભારત અને ઈન્ડોએશિયાના મસાલાનાં કેન્દ્રો સુધી પહોંચવાના સમુદ્રમાર્ગો શોધવા તરફ વળ્યાં. મસાલાના દ્વીપ તરીકે ઓળખાતા ઈન્ડોએશિયાની આસપાસના પ્રદેશો તે સમયે ઈસ્ટ ઈન્ડિઝ તરીકે ઓળખાતા હતા. 15મી સદીમાં સમુદ્ર જહાજના નિર્માણમાં અને સંચારમાં ખાસ્સી પ્રગતિ થઈ હતી એટલું જ નહીં નવજાગૃતિ અને વૈજ્ઞાનિક માનસને બદલે યુરોપીય પ્રજા સાહસિક બની ભૌગોલિક શોધખોળો તરફ પણ વળી.

પોર્ટુગલ અને સ્પેન આ ક્ષેત્રે પહેલ કરનારાં રાષ્ટ્રો હતાં. તેના નાગરિકોએ તેમની સરકારની સહાયથી ભૌગોલિક શોધખોળોનો એક યુગ આરંભ કર્યો. સ્પેનનો કોલંબસ અમેરિકાની શોધ (ઈ.સ. 1492) કરી વિખ્યાત બન્યો. તો પોર્ટુગીઝ વાસ્કો-ડી-ગામા યુરોપથી ભારત સુધીનો અત્યંત સુરક્ષિત અને નવો માર્ગ શોધી (ઈ.સ. 1498) શક્યો. તેણે આ સામુદ્રિક ભૂશિરને 'કૅપ ઑફ ગુડ હૉપ' નું નામ આપ્યું. વિશ્વઈતિહાસમાં સમુદ્રમાર્ગોની આ શોધ દ્વારા તેણે નવા અધ્યાયની શરૂઆત કરી.



વાસ્કો-ડી-ગામા

16મી સદીમાં યુરોપના વેપારીઓ અને સૈનિકોએ એશિયાનાં રાષ્ટ્રમાં પ્રવેશવાના પ્રયત્નો તેજ બનાવ્યા. અત્યંત લાભકારી વેપાર તેના માટેનું મુખ્ય કારણ હતું.

### પોર્ટુગીઝો

ભારતમાં પોર્ટુગીઝોનું આગમન આગળ જણાવ્યા મુજબ કાલિકટ રાજ્યમાં સામુદ્રિક (ઝામોરીન) નામના શાસકના સમયમાં થયું. ત્યારબાદ તેમણે કોચીન, ગોવા, દીવ અને દમણમાં પોતાનાં વેપારીક કેન્દ્રો શરૂ કર્યાં. વેપારની સાથે સમુદ્રમાં રાજ કરવા તેમણે નૌકાશક્તિનો પ્રયોગ પણ કર્યો. જમીન ઉપર ભારત અને એશિયાનાં રાષ્ટ્રો અધિક શક્તિશાળી હતાં તેમ છતાં મુઠ્ઠીભર પોર્ટુગીઝ સૈનિકો સમુદ્રમાં પોતાનું વર્ચસ્વ જાળવી શક્યા. કારણ કે, તેમની નૌકાસેના ભારત અને એશિયાનાં અન્ય રાષ્ટ્રો કરતાં વધારે મજબૂત હતી.


પોર્ટુગીઝોએ ગોવા પર કબજો જમાવ્યો. સમુદ્રી ચાંચિયાગીરી અને લૂંટફાટનો આશરો લઈ ભારતીય સમુદ્રમાં તેમણે મોખરાનું સ્થાન હાંસલ કર્યું. પોર્ટુગીઝ સરકારે હિંદમાં તેના પ્રથમ ગવર્નર તરીકે આલ્મેડાની નિમણૂક કરી (ઈ.સ. 1507). ત્યારબાદ આલ્ફાન્ઝો અલ્બુકર્કને ગવર્નર નીમવામાં આવ્યો. ગોવા જીતીને તેણે તેને પોર્ટુગીઝ રાજ્યની રાજધાની બનાવી, (ઈ.સ. 1510) ત્યારબાદ લગભગ 100 વર્ષ સુધી ભારતીય જળસીમા ઉપર તેમનું જ રાજ ચાલતું રહ્યું.

### ડચ

16મી સદીના ઉત્તરાર્ધમાં હોલૅન્ડે પણ વિશ્વવેપારમાં ઝંપલાવ્યું. ભારતમાં પોર્ટુગલ વેપાર-વાણિજ્યને તોડવા માટે તેણે કાર્ય કર્યું. હોલૅન્ડની નાની નાની વેપારી કંપનીઓને જોડીને (ઈ.સ. 1602)માં એક નવી ‘ડચ ઈસ્ટ ઇન્ડિયા’ કંપનીની સ્થાપના થઈ. ડચો મોટે ભાગે ઈન્ડોનેશિયાનાં જાવા, સુમાત્રા જેવાં મસાલાનાં સમૃદ્ધ કેન્દ્રો પર એકાધિકાર પ્રાપ્ત કરવા માંગતા હતા. તેમણે આ ક્ષેત્રોમાંથી પોર્ટુગીઝને હાંકી કાઢ્યા. એટલું જ નહીં પણ ભારતના ગુજરાતમાં સુરત, ભરૂચ, ખંભાત અને અમદાવાદ તથા કેરળના કોચીન, મદ્રાસના નાગપટ્ટમ, આંધ્રના મસુલીપટ્ટમ, બંગાળના ચીનસુરા, બિહારના પટણા અને ઉત્તરપ્રદેશના આગ્રા ખાતે વેપારી કોઠીઓની સ્થાપના કરી. આ ડચોએ (ઈ.સ. 1658) પોર્ટુગીઝો પાસેથી શ્રીલંકા જીતી લઈને પોર્ટુગીઝ સત્તાને મોટો ફટકો માર્યો.

### બ્રિટિશ

પોર્ટુગીઝ અને ડચ વેપારીઓની જેમ બ્રિટિશ વેપારીઓ ભારતના વેપારનું મહત્ત્વ સમજતા હતા. આ બંને પ્રજાની સફળતાથી અને ભારત સાથેના વેપારમાં થતા અઢળક નફાથી પ્રેરાઈને બ્રિટિશરો પણ ભારતીય વેપારમાં આવવા તલપાપડ બન્યા. બ્રિટનના કેટલાક વેપારીઓએ મર્ચન્ટ એડવેન્ચર્સ (સાહસિકોની વ્યાપારી મંડળી) નામનું પૂર્વ સાથે વેપાર કરવાનું સંગઠન બનાવ્યું. જેને આગળ જતાં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપની તરીકે ઓળખવામાં આવે છે. બ્રિટનનાં મહારાણી એલિઝાબેથે એક રૉયલ ચાર્ટર ઍક્ટ (31 ડિસેમ્બર 1600) દ્વારા આ કંપનીને ભારત સહિતના પૂર્વીય વિશ્વ સાથે વેપાર કરવાનો એકાધિકાર આપ્યો.


સુરત

આ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ગુજરાતના સુરતમાં કોઠી નાંખવા નિશ્ચય કર્યો. કૅપ્ટન હોકિન્સ આ વેપારી કોઠીની પરવાનગી લેવા માટે તત્કાલીન મુઘલ સમ્રાટ જહાંગીરને વિનંતી કરતો રહ્યો તેથી જહાંગીરે એક શાહી ફરમાન દ્વારા અંગ્રેજ કંપનીને આવી કોઠીઓ સ્થાપવા આજ્ઞા (ઈ.સ. 1612-13) આપી. બ્રિટિશ કંપનીએ પોતાના દૂત થોમસ રો ને મુઘલ

શહેનશાહ સમક્ષ મોકલ્યો (ઈ.સ. 1615). રો ના પ્રયત્નોથી બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને મુઘલ સામ્રાજ્યના તમામ વિસ્તારોમાં વેપાર કરવાનો અને કોઠીઓ સ્થાપવાનો અધિકાર પ્રાપ્ત થયો. બ્રિટનના સમ્રાટ ચાર્લ્સ બીજાનાં લગ્ન પોર્ટુગીઝ રાજકુમારી સાથે થયાં. પોર્ટુગીઝોએ બ્રિટિશ રાજવીને મુંબઈ ટાપુ દહેજમાં આપ્યો. આ ટાપુ કંપનીએ સ્વહસ્તક કર્યો. ગોવા, દીવ અને દમણ સિવાયના વિસ્તારોમાંથી આવી રીતે પોર્ટુગીઝો ફેંકાઈ ગયા. અંગ્રેજો અને ડચ કંપનીઓ વચ્ચે પણ ઈન્ડોનેશિયાના મસાલાના વેપાર મામલે સતત સંઘર્ષ શરૂ થયો. (ઈ.સ. 1654 થી ઈ.સ. 1667) એંગ્લો-ડચ વૉર તરીકે ઓળખાતાં આ મહત્ત્વપૂર્ણ યુદ્ધો બાદ અંગ્રેજો અને ડચો વચ્ચે એક સંધિ થઈ. તે મુજબ અંગ્રેજોએ ઈન્ડોનેશિયામાં વેપારી કાર્યવાહી બંધ કરવાનું અને ડચોએ ભારતમાં અંગ્રેજી કોઠીઓ આવેલી હોઈ તે જગ્યાએ વેપાર ન કરવાનું ઠરાવ્યું. આ રીતે અંગ્રેજો ભારતમાં સૌથી શક્તિશાળી યુરોપીય સત્તા બની ગયા.

### ફ્રેંચ

'ફ્રેંચ ઈસ્ટ ઇન્ડિયા કંપની' ની સ્થાપના પૅરિસ-ફ્રાન્સ (ઈ.સ. 1664) ખાતે થઈ. ભારતમાં પૂર્વીય તટ પર કોલકાતા પાસે આવેલા ચંદ્રનગર, પુંડુચેરી અને માહે પર પોતાનો અધિકાર જમાવ્યો. મોરેશિયસ અને ઈસ્ટ ઇન્ડિયાના કેટલાક ટાપુઓ ઉપર પણ તેનો અધિકાર હતો.

### ભારતમાં ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ વચ્ચે સત્તાસંઘર્ષ

ફ્રાન્સ અને ઇંગ્લૅન્ડ વચ્ચે યુદ્ધ (ઈ.સ. 1742) થતાં ભારતમાં પણ બ્રિટિશ અને ફ્રેંચ ઈસ્ટ ઇન્ડિયા કંપની વચ્ચે વિગ્રહો શરૂ થયા. ભારતમાં રહેલો ફ્રાન્સનો ગવર્નર જનરલ ડુપ્લે ખૂબ શક્તિશાળી હતો. તેણે ભારતમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા ભારતના સ્થાનિક રાજાઓ અને નવાબો સાથે મળીને કેટલીક યોજનાઓ બનાવી. હૈદરાબાદમાં પણ ફ્રેંચ ઈસ્ટ ઇન્ડિયા કંપની સફળ રહી. ક્રમશઃ રાજમુંદ્રિ, મુસ્તફાનગર અને ઐલોર તથા ચિકાકોલ જેવાં ક્ષેત્રો પર તેમનો અધિકાર સ્થપાયો. પરિણામે અંગ્રેજો સાવધ બન્યા. ભારતની આંતરિક અને રાજકીય બાબતને લઈને બંને વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું (ઈ.સ. 1750). ક્લાઇવના નેતૃત્વ નીચે બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ તિરૂચિરાપલ્લીમાં ફ્રેન્ચોને હરાવ્યા. છેવટે (ઈ.સ. 1754) બંને વચ્ચે થયેલી એક સંધિ પ્રમાણે ડુપ્લેને ભારતથી પાછો બોલાવવામાં આવ્યો. ફરી એક વખત કર્ણાટક યુદ્ધ (ઈ.સ. 1756) થયું, અંતે અંગ્રેજોએ (ઈ.સ. 1760 સુધીમાં) ફ્રેંચોને ભારતીય રાજનીતિમાંથી હટાવવા કરેલી, પૅરિસની સંધિ (ઈ.સ. 1763) પ્રમાણે ફ્રેંચોએ તમામ કોઠીઓ અંગ્રેજોને સોંપી દીધી અને હવે તે કોઈપણ પ્રકારનું આવું રાજકીય કાર્ય નહીં કરે તેવું સ્વીકાર્યું.

### ભારતમાં બ્રિટિશ સત્તાની પકડ

આપણે આગળ જોયું તેમ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં વિભિન્ન ક્ષેત્રોમાં કોઠીઓ સ્થાપી. વેપારી પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. દક્ષિણમાં તેમણે પોતાની સ્થિતિ મજબૂત બનાવી. મુસલીપટ્ટનમ્ તેમણે કોઠી સ્થાપી અને પગ-પેસારો શરૂ કર્યો. અહીંયાં સ્થાનિક રાજાની પરવાનગી લઈ વર્તમાન ચેન્નાઈ ખાતે એક કિલ્લો પણ બનાવ્યો જે ફૉર્ટ સેન્ટ જ્યૉર્જ (ઈ.સ. 1639) તરીકે ઓળખાયો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ બ્રિટિશ સરકાર પાસેથી મુંબઈ ટાપુ લઈને તેની કિલ્લેબંધી કરી (ઈ.સ. 1668) અને હવે પોતાનું મુખ્ય મથક સુરતથી ખસેડીને મુંબઈ લઈ આવ્યા.

તેમને ઓરિસ્સા (ઈ.સ. 1633) અને બંગાળ (ઈ.સ. 1651) વેપાર કરવાના પરવાના મળ્યા. પરિણામે પટણા, બાલાશોર અને ઢાકામાં કોઠીઓની સ્થાપના થઈ. ભારતની ડામાડોળ રાજકીય પરિસ્થિતિ જોઈને બંગાળમાં તેમણે સત્તા પ્રાપ્ત કરવાનો મનસૂબો ઘડ્યો. અંગ્રેજોએ હુગલી પર આક્રમણ કરી મુઘલ સમ્રાટ


વિરુદ્ધ યુદ્ધ આદર્યું. ઔરંગઝેબે અંગ્રેજોની આ હરકતને કચડી નાંખી એટલું જ નહીં પણ સુરત, મસુલીપટ્ટમ અને વિશાખાપટ્ટનમની કોઠીઓ ઉપર પણ મુઘલ સત્તાએ પોતાનો અધિકાર સ્થાપી દીધો. પરિણામે અંગ્રેજો મુઘલ સત્તાના ઘૂંટણે પડ્યા. ચાપલૂસી અને વિનમ્રતાનો અંચળો ઓઢી પુનઃ વેપારી પ્રવૃત્તિઓ શરૂ કરી. મુઘલોએ તેમને માફી આપીને જાણે કે પોતાના જ પગ પર કુહાડો માર્યો. કંપનીએ સુતનતી, કાલિઘાટ અને ગોવિંદપુર જેવાં ગામોની જમીનદારી (ઈ.સ. 1698) પ્રાપ્ત કરી. તેની આસપાસ કિલ્લો બનાવ્યો જે ફૉર્ટ વિલિયમ તરીકે ઓળખાતો, તે આજે કોલકાતા તરીકે ઓળખાય છે. આ સંદર્ભે મુઘલ બાદશાહ ફર્રુખશિયરે તેમને વિશેષ અધિકારો આપતું ફરમાન બહાર પાડ્યું, જે (ઈ.સ. 1651માં) ગુજરાત અને દક્ષિણ ભારતને પણ લાગુ પડ્યું. આ સમય દરમ્યાન ઈસ્ટ ઇન્ડિયા કંપનીને વેપારમાંથી ખૂબ નફો મળ્યો. (ઈ.સ. 1708માં કંપનીની નિકાસ 5 લાખ પાઉન્ડની હતી તે ઈ.સ. 1740 સુધીમાં 17,95,000 પાઉન્ડ સુધી પહોંચી.)

મુઘલ સામ્રાજ્ય અત્યંત નિર્બળ બનતાં બ્રિટિશ કંપનીને ભારતમાં પગપેસારો કરવાની તક મળી. કંપની પોર્ટુગીઝ અને ડચ પ્રતિસ્પર્ધીઓને પણ આ સમય સુધીમાં હરાવી ચૂકી હતી. હવે એકમાત્ર ફ્રેંચ કંપની સિવાય તેની સામે પડવાવાળું કોઈ ન હતું. આ દરમિયાન (ઈ.સ. 1744 થી ઈ.સ. 1763) ફ્રાન્સ અને ઇંગ્લૅન્ડ વચ્ચે ભયાનક યુદ્ધો થયાં. જેનું પરિણામ કર્ણાટક વિગ્રહમાં આવ્યું. આ કર્ણાટક વિગ્રહોમાં છેવટે (ઈ.સ. 1763) અંગ્રેજોનો વિજય થયો અને ભારત પર તેમની પકડ વધારે મજબૂત થઈ.

### બંગાળમાં બ્રિટિશ સત્તાની પકડ



સિરાઝ-ઉદ્-દૌલા

ભારતમાં અંગ્રેજોની રાજકીય સત્તાનો આરંભ (ઈ.સ. 1757) પ્લાસીના યુદ્ધથી થયો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સેનાએ તત્કાલીન નવાબ સિરાઝ-ઉદ્-દૌલાને હરાવ્યો. બંગાળ ભારતનો મહત્ત્વપૂર્ણ અને વિકસિત પ્રાંત હતો. અંગ્રેજોને અહીંયાં વેપાર કરવાનો અધિકાર (ઈ.સ. 1717થી) પ્રાપ્ત થયો હતો. અંગ્રેજો અને નવાબો વચ્ચે યુદ્ધનું કારણ આ ફરમાન જ હતું. બંગાળના મુર્શીદકુલી ખાં અને અલીવર્દી ખાં સુધીના નવાબોએ કંપનીની કાર્યપદ્ધતિનો વિરોધ કર્યો હતો. નવાબ સિરાઝ-ઉદ્-દૌલા (અલીવર્દીખાંનો દત્તકપુત્ર) એ અંગ્રેજોને પોતાની શરતો પર વેપાર કરવાનું જણાવ્યું. પરંતુ હવે પરિસ્થિતિ જુદી હતી. અંગ્રેજો નવાબને તાબે ન થયા. છેવટે નવાબ ક્રોધે ભરાયો. અંગ્રેજોએ ફૉર્ટ વિલિયમની કિલ્લેબંધી કરતાં રોષે ભરાયેલા નવાબે કાસીમ બજારની ફૅક્ટરીનો કબજો કરી (20 જૂન 1756) કોલકાતા પર અધિકાર પ્રાપ્ત કરી લીધો. તેથી સિરાઝ-ઉદ-દૌલાને બદનામ કરવા કાળકોટડીનો કિસ્સો ઉપજાવી કાઢીને અંગ્રેજોએ સમુદ્રકિનારે આવેલ ફુલ્ટા ખાતે શરણાગતિ સ્વીકારી. સાથે સાથે તેમણે મદ્રાસના અધિકારીને જાણ કરી સહાયતા માંગી. આ ઉપરાંત નવાબના દરબારના અગ્રણી લોકો સાથે મળીને નવાબ વિરુદ્ધ ષડ્યંત્ર રચ્યું. નવાબના અત્યંત વિશ્વાસુ સેનાપતિ મીરજાફર તથા મોટા ગજાના વેપારીઓ માણેકચંદ, અમીચંદ, જગત શેઠ અને ખાદીમખાંને ખરીદી લઈ નવાબ વિરુદ્ધ ષડ્યંત્ર રચાયું. મદ્રાસથી એડમિટર વૉટ્સન અને કર્નલ ક્લાઈવ નૌકાસૈન્ય લઈને આવી પહોંચ્યા. તેમણે નવાબને હરાવી કલકત્તા જીતી લઈ નવાબને સંધિ (ઈ.સ. 1757) કરવા મજબૂર બનાવ્યા.



ફૉર્ટ વિલિયમ (કોલકાતા)

તેમણે મીરજાફરને બંગાળની ગાદી પર બેસાડવાનું વચન આપ્યું. મુર્સીદાબાદથી 20 માઈલ દૂર પ્લાસીના મેદાનમાં થયેલું આ પ્રસિદ્ધ યુદ્ધ (23 જૂન 1757) ભારતમાં અંગ્રેજ સત્તાની સ્થાપના સાથે સંકળાયેલું છે. મીરજાફર અને રાયદુર્લભ જેવા ગદ્દારોને કારણે નવાબ હાર્યો. છેવટે તેની હત્યા કરવામાં આવી. નવીનચંદ્ર સેનના મત અનુસાર, ''હવે (આ પ્રસંગથી) ભારત કાયમી દુઃખની કાળરાત્રિમાં સપડાયું.'' અંગ્રેજોએ મીરજાફરને નવાબ બનાવ્યો અને પોતાની માંગણીઓ મનાવી. પ્લાસીના યુદ્ધનું ઐતિહાસિક મહત્ત્વ ખૂબ જ છે, કારણ કે તેણે બંગાળ અને તેના પછી સમગ્ર ભારત પર અંગ્રેજોનો અધિકાર લાદી દીધો. એટલું જ નહીં પણ હવે એક અંગ્રેજી વેપારી કંપનીએ ભારતના સામ્રાજ્યની સત્તા માટે દાવેદારી કરવા લાગી. બંગાળમાંથી મોટી માત્રામાં મહેસૂલ મળવાને કારણે તેમની આર્થિક સ્થિતિ સુધરી. ફ્રેંચોને પણ તેઓ હરાવી ચૂક્યા. બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં મુક્ત વેપાર કરી શક્યા. બંગાળની પ્રજાને લૂંટી પુષ્કળ ધન-દોલત બ્રિટન ભેગાં કર્યાં.



રૉબર્ટ ક્લાઈવ

મીરજાફરે છેવટે (ઈ.સ. 1760) પોતાના જમાઈ મીરકાસીમને ગાદી આપી દીધી. તે એક યોગ્ય અને શક્તિશાળી શાસક હતો. તેણે આધુનિક સેનાની સ્થાપના કરવાનો અને ભ્રષ્ટાચાર દૂર કરવાનો પ્રયત્ન કર્યો ; એટલું જ નહીં પણ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને અંકુશમાં લેવાનો પ્રયત્ન કર્યો. અંગ્રેજોની બદમાશી વધતી જતી હતી. અંગ્રેજોએ મોટા પ્રમાણમાં સત્તાનો દુરુપયોગ કરી ધન પ્રાપ્ત કર્યું. મીરકાસીમ તેનાથી ખૂબ ક્રોધિત હતો. છેવટે બંને વચ્ચે યુદ્ધ અનિવાર્ય બન્યું. એક મહત્ત્વપૂર્ણ લડાઈ (ઈ.સ. 1763)માં મીરકાસીમ હાર્યો અને તે અવધ ભાગી ગયો. અવધના તત્કાલીન નવાબ સુજા-ઉદ્-દૌલા અને મુઘલ બાદશાહ શાહઆલમ બીજા સાથે તેણે એક સંધિ કરી. છેવટે ત્રણેયની સંયુક્ત સેનાએ અંગ્રેજો વિરુદ્ધ યુદ્ધ કરવાનું નક્કી કર્યું. ભારતના ઇતિહાસમાં સૌથી મહત્ત્વપૂર્ણ કહી શકાય તેવું બક્સરનું યુદ્ધ (22 ઑક્ટોબર 1764) થયું; જેમાં આ ત્રણેય સત્તાઓને હરાવીને અંગ્રેજો સાચા અર્થમાં ભારતના સૌથી શક્તિશાળી સાબિત થયા. આ યુદ્ધ અંગ્રેજોના પક્ષે નિર્ણાયક પૂરવાર થયું, કારણ કે તે અંગ્રેજી સેનાની શ્રેષ્ઠતાનું દ્યોતક હતું. આ યુદ્ધને પરિણામે અંગ્રેજો બંગાળ, બિહાર અને ઓરિસ્સાના વાસ્તવિક શાસક બન્યા. ક્લાઈવ બંગાળનો ગવર્નર બન્યો. ત્યારબાદ (ઈ.સ. 1763) અંગ્રેજોએ મીરજાફરને ફરીથી નવાબ બનાવ્યો. પછી નિઝામુદ દૌલાને નવાબ બનાવ્યો. અંતે (ઈ.સ. 1765) નવાબે પોતાની સેના ભંગ કરવાની સંધિ કરી અને આમ અંગ્રેજો બંગાળના વાસ્તવિક શાસક બની ગયા.

### બંગાળમાં દ્વિમુખી વહીવટી તંત્ર

બ્રિટિશ કંપની બંગાળમાં વાસ્તવિક શાસક (ઈ.સ. 1765) બની ચૂકી હતી. તેના હાથમાં રાજકીય અને સૈનિક નિયંત્રણ આવી ચૂક્યું હતું. નવાબ હવે કંપની પર આધારિત હતો. કંપનીએ દીવાની અધિકાર પ્રાપ્ત કરી મહેસૂલ ઉઘરાવવું શરૂ કર્યું. તેણે ઉપસૂબેદારની નિમણૂક કરવાનો અધિકાર મેળવી ન્યાય, પોલીસ બંને ઉપર નિયંત્રણ સ્થાપ્યું. ઇતિહાસકારો બંગાળની આ વ્યવસ્થાને દ્વિમુખી વહીવટી તંત્ર તરીકે ઓળખાવે છે. કારણ કે, સત્તાનું નિયંત્રણ કંપની પાસે હતું પરંતુ પ્રશાસનની જવાબદારી નવાબ પાસે હતી. બંગાળી પ્રજા માટે આ કઠિન પરિસ્થિતિ હતી. કારણ કે કંપની કે નવાબ કોઈ તેમનું હિત કરે તેમ ન હતું. કંપનીના અધિકારીઓ બંગાળી પ્રજા પર અત્યાચાર કરતા. આ દ્વિમુખી શાસન પદ્ધતિએ બંગાળનું ભયંકર શોષણ કર્યું. તેથી બંગાળ ગરીબી અને બેહાલીનો ભોગ બન્યું અને બંગાળમાં દુષ્કાળોની પરંપરા સર્જાઈ.

### હેસ્ટિંગ્સ (ઈ.સ. 1813-ઈ.સ. 1822)ના સમયમાં બ્રિટિશ કંપનીની સર્વોપરિતાની સ્થાપના

વોરન હેસ્ટિંગ્સ, કોર્નવોલીસ અને વેલેસ્લીના સમયમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ મરાઠા મૈસુરના ટીપુ અને મુઘલ શાસકોને હરાવીને પોતાના વર્ચસ્વનો વિસ્તાર કર્યો હતો. ટીપુની સત્તા (ઈ.સ. 1799માં) સમાપ્ત કરવામાં આવી. દિલ્હી પણ કબજે કરવામાં આવ્યું. મરાઠાઓને પણ હાર સ્વીકારવી પડી. હવે ભારતમાં મરાઠા સિવાય કોઈ સંસ્થા અંગ્રેજોની સામે ટકી શકે તેમ નહોતી. મરાઠાઓએ હેસ્ટિંગ્સના સમય (ઈ.સ. 1817) માં પોતાની ખોવાયેલી પ્રતિષ્ઠા મેળવવા પ્રયત્ન કર્યો. આ સમયે મરાઠાઓ ચાર ભાગમાં વહેંચાઈ ચૂક્યા હતા. તેમણે સંયુક્ત મોરચો બનાવી બ્રિટિશરો વિરુદ્ધ યુદ્ધ આદર્યું. પૂનાના પેશ્વાએ, નાગપુરમાં અપ્પાસાહેબે અને માધવરાવ હોલ્કરે અંગ્રેજો વિરુદ્ધ યુદ્ધ શરૂ કર્યું. હેસ્ટિંગ્સએ પોતાની સંપૂર્ણ તાકાત લગાવી પેશ્વા, ભોંસલે અને હોલ્કરની સેનાઓને હરાવી દીધી. પેશ્વાને ગાદી પરથી ઉતારી કાનપુર પાસે આવેલ બિઠુરની જાગીરમાં મોકલી દીધા અને મુંબઈ પ્રેસિડેન્સીની રચના કરી. હોલ્કર અને ભોંસલેએ પણ શરણાગતિ સ્વીકારી સંધિ કરી. આ રીતે (ઈ.સ. 1818 સુધીમાં) પંજાબ અને સિંધને બાદ કરતાં મોટાભાગનું ભારત અંગ્રેજોના નિયંત્રણમાં આવી ચૂક્યું અને તેમની સર્વોપરિતાની સ્થાપના થઈ. માટે અંગ્રેજ ઇતિહાસકાર પી. ઈ. રૉબર્ટ્સ અહીંથી જ ભારતમાં આધુનિક યુગનો પ્રારંભ થયો હોવાનું નોંધે છે.

### સિંધ પર વિજય

અંગ્રેજોએ ભારત જીતવાનું પોતાનું કાર્ય (ઈ.સ. 1818 થી ઈ.સ. 1857 સુધીમાં) સુપેરે કર્યું જેમાં સિંધનો વિજય મહત્ત્વપૂર્ણ છે. રશિયાના ભયને કારણે તેમણે સિંધનો વિજય કરવાનું નક્કી કર્યું. અફઘાનિસ્તાન અને સિંધના રસ્તે રશિયા ભારતમાં પોતાનું વર્ચસ્વ ન વધારે તે માટે આમ કરવું તેમને માટે અનિવાર્ય હતું. સિંધુ નદી વેપાર માટે પણ બહુ ઉપયોગી હતી. એક સંધિ (ઈ.સ. 1832) દ્વારા સિંધના અમીરોએ સિંધના વેપારી માર્ગો બ્રિટિશરો માટે ખોલી દીધા હતા. ત્યારબાદ (ઈ.સ. 1839) એક બીજી સંધિ પણ થઈ પરંતુ છેવટે ચાર્લ્સ નેપીયરે સિંધ પર આક્રમણ કરી સિંધને બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દીધું (ઈ.સ. 1843).

### ડેલહાઉસી અને ખાલસા નીતિ

ભારતના ગવર્નર જનરલ તરીકે આવેલા (ઈ.સ. 1848) ડેલહાઉસીએ શરૂઆતથી જ સમગ્ર ભારત ઉપર અંગ્રેજી શાસન લાદવા પ્રયાસ કર્યો. તેણે કહ્યું હતું કે ''ભારતના દેશી રાજ્યોનો અંત બહુ ઓછા સમયમાં આવવાનો છે.'' સામ્રાજ્યવાદી ડેલહાઉસીએ ભારત જીતવા માટે એક વિચિત્ર સિદ્ધાંત - 'ખાલસા નીતિ' દ્વારા ભારતનાં રાજ્યો હડપ કરવાનું શરૂ કર્યું. આ સિદ્ધાંત પ્રમાણે કોઈપણ રાજ્યનો શાસક ઉત્તરાધિકારી વગર મૃત્યુ પામે તો તેનું રાજ્ય અંગ્રેજી સામ્રાજ્યમાં ભેળવી દેવાનું હતું. આ સિદ્ધાંત પ્રમાણે તેણે સતારા (1848), નાગપુર (1854), ઝાંસી (1854) જેવાં રાજ્યોને બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દીધાં. તેણે ભારતના ભૂતપૂર્વ રાજાઓને માન્યતા આપવાનો અને પેન્શન આપવાનો ઇન્કાર કર્યો. આ સિદ્ધાંત પ્રમાણે કર્ણાટક, સુરત અને તાન્જોરના રાજાની ઉપાધિઓ છીનવી લીધી. ભૂતપૂર્વ પેશ્વા બાજીરાવ દ્વિતીયના પુત્ર નાનાસાહેબને પેન્શન આપવાની મનાઈ ફરમાવી. અવધને ગેરવ્યવસ્થાના બહાને (ઈ.સ. 1856) બ્રિટિશ સામ્રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યું અને એ રીતે ભારતના મોટાભાગના વિસ્તારોમાં અંગ્રેજી રાજની સ્થાપના પૂર્ણ કરવામાં આવી.

## સ્વાધ્યાય

**1. આપેલ પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) ભારતમાં અંગ્રેજ-ફ્રેંચ સંઘર્ષનું વર્ણન કરી તેનાં પરિણામો જણાવો.

(2) ભારતમાં આવેલી જુદી જુદી યુરોપીય કંપનીઓના આગમનનું કારણ સ્પષ્ટ કરો.

(3) પ્લાસીનું યુદ્ધ ભારતના ઈતિહાસમાં શું સ્થાન ધરાવે છે તે સ્પષ્ટ કરો.

(4) બકસરના યુદ્ધનાં કારણો અને પરિણામોની ચર્ચા કરો.

(5) ડેલહાઉસીની ખાલસા નીતિ સમજાવો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) 'દ્વિમુખી શાસન પદ્ધતિ' એટલે શું ?

(2) અંગ્રેજ-મરાઠા વિગ્રહોની ટૂંક માહિતી આપો.

(3) બંગાળના નવાબો વિશે નોંધ તૈયાર કરો.

(4) ભારતમાં યુરોપીય કંપનીઓની વસાહતોનું વર્ણન કરો.

(5) સિંધ વિજયનાં કારણો અને પરિણામો સ્પષ્ટ કરો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) કયા મુઘલ સમ્રાટના સમયમાં અંગ્રેજોએ વેપારી કોઠી સ્થાપવાનો અધિકાર પ્રાપ્ત કર્યો હતો ?

(અ) અકબર (બ) જહાંગીર (ક) શાહજહાં (ડ) ઔરંગઝેબ

(2) મુંબઈ ટાપુ અંગ્રેજોને કોની પાસેથી મળ્યો હતો ?

(અ) મરાઠા (બ) મુઘલ (ક) ફ્રાન્સ (ડ) પોર્ટુગલ

(3) ફ્રેંચ ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના ક્યારે થઈ હતી ?

(અ) 1661 (બ) 1662 (ક) 1663 (ડ) 1664

(4) બકસરના યુદ્ધ સમયે બંગાળનો નવાબ કોણ હતો ?

(અ) મીરજાફર (બ) સિરાઝ-ઉદ્-દૌલા (ક) આસફ ખાં (ડ) મીરકાસીમ

(5) બ્રિટિશ ભારતમાં સિંધનો વિલય ક્યારે કરવામાં આવ્યો ?

(અ) 1820 (બ) 1832 (ક) 1842 (ડ) 1843

•

# 4 ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું વહીવટી માળખું

ભારતમાં (ઈ.સ. 1757) સામ્રાજ્યની સ્થાપના કર્યા બાદ તેના પર વહીવટ ચલાવવા અને નિયંત્રણ મૂકવા ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ વહીવટી માળખાની સ્થાપના કરી. તે પછીનાં સો વર્ષ દરમિયાન કંપનીની વહીવટી નીતિ અવારનવાર બદલાતી રહી હતી. જોકે તેનું મુખ્ય લક્ષ્ય સમગ્ર ભારત પર અધિકાર પ્રાપ્ત કરવો અને કંપનીના નફામાં વધારો કરી ભારતનું આર્થિક શોષણ કરવાનું હતું. આ લક્ષ્ય પૂર્ણ કરવા તેણે પોતાની વિશિષ્ટ વહીવટી નીતિ ઊભી કરી.

**સરકારનું માળખું**

બકસર યુદ્ધ (ઈ.સ. 1764) પછી ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ બંગાળ પર પૂર્ણ નિયંત્રણ પ્રાપ્ત કર્યું. જોકે વહીવટી માળખાની શરૂઆતમાં તેણે કોઈ પરિવર્તન કર્યું ન હતું. કંપનીનો વ્યાપાર વિકસે અને ઇંગ્લૅન્ડમાં મોટા પ્રમાણમાં વ્યાપાર મોકલી શકાય તેવી શાસન વ્યવસ્થાનો પ્રારંભ કર્યો. ત્યારબાદ (ઈ.સ. 1765 થી 1772) બંગાળમાં દ્વિમુખી શાસન પદ્ધતિનો તેમણે પ્રારંભ કર્યો. હવેથી ભારતીય કર્મચારીઓ બ્રિટિશ અધિકારીઓના નિયંત્રણમાં કાર્ય કરી શકતા. તેમની પાસે જવાબદારી હતી, અધિકાર નહીં. જ્યારે કંપનીના અધિકારીઓ પાસે અધિકાર હતા, કોઈ જવાબદારી નહીં. આ દરમિયાન બંગાળનું મોટા પ્રમાણમાં શોષણ થયું. જોકે (1772થી) કંપનીએ દ્વિમુખી શાસન વ્યવસ્થાને તિલાંજલિ આપી અને સમગ્ર બંગાળનું શાસનતંત્ર પોતાના હાથમાં લઈ પોતાના અધિકારીઓ દ્વારા ચલાવવાનું શરૂ કર્યું.

ઈસ્ટ ઈન્ડિયા કંપની એક વેપારી કંપની હતી. તેનું માળખું વેપાર કરવા માટે જ બનાવવામાં આવ્યું હતું. તેનો સર્વોચ્ચ વડો ઇંગ્લૅન્ડમાં રહીને ભારત પર નિયંત્રણ ધરાવતો હતો. જોકે બ્રિટિશ સરકારે આ વિચિત્ર પરિસ્થિતિ પર પોતાનું નિયંત્રણ લાદવા અલગ પ્રકારનું વહીવટી માળખું ઊભું કર્યું. રેગ્યુલેટિંગ ઍક્ટ (નિયામક ધારો ઈ.સ. 1773) દ્વારા બ્રિટિશ સાંસદે વહીવટી માળખામાં પરિવર્તનની શરૂઆત કરી. કંપનીના બોર્ડ ઑફ ડાયરેક્ટર (નિયામક મંડળ) પર બ્રિટિશ સંસદનું નિયંત્રણ મૂકવામાં આવ્યું. પિટ્સ ઇન્ડિયા ઍક્ટ (હિંદ ધારો) (ઈ.સ. 1784) દ્વારા આ નિયંત્રણ વધુ કડક બનાવવામાં આવ્યું. આ કાયદા દ્વારા છ કમિશનરોને ભારતીય બાબતો માટે નિમણૂક આપવામાં આવી, જેને બોર્ડ ઑફ કંટ્રોલ કહેવામાં આવતાં તેમાં ઇંગ્લૅન્ડના બે કેબિનેટ મંત્રીઓનો સમાવેશ થતો. ભારત પર શાસન કરવા માટે ગવર્નર જનરલ અને ત્રણ સભ્યોની બનેલી એક કાઉન્સિલના હાથમાં ભારતનું શાસન સોંપવામાં આવ્યું. પીટના ધારા પછી (1857 સુધી) કંપનીએ કાયદાઓ દ્વારા અનેક પરિવર્તનો કર્યાં. ગવર્નર જનરલને વિશિષ્ટ સત્તાઓ આપવામાં આવી. ચાર્ટર ઍક્ટ (ઈ.સ. 1813) અનુસાર ભારત સાથેના વ્યાપાર પર ચાલતો કંપનીનો એકાધિકાર સમાપ્ત કરવામાં આવ્યો. અંતે (ઈ.સ. 1833) નવા ચાર્ટર ઍક્ટ દ્વારા કંપનીને સંપૂર્ણપણે બ્રિટિશ સંસદના નિયંત્રણમાં મૂકી દેવામાં આવી.

આ રીતે સંસદીય કાયદાઓ દ્વારા કંપની અને તેના વહીવટીતંત્રને બ્રિટિશ સરકારના નિયંત્રણમાં લાવવામાં આવ્યું પરંતુ તે છ હજાર માઈલ દૂર બેસીને ભારતનું રાજ્ય ચલાવી શકાશે નહીં તેવી ખાતરી થતાં, ગવર્નર જનરલની પરિષદને સર્વોચ્ચ અધિકાર ઉપરાંત કેટલીક વિશિષ્ટ સત્તાઓ આપવામાં આવી. (જે મુજબ તે પોતાની પરિષદની સલાહને પણ અવગણી શકે.) હવે, ભારતનો સૌથી પ્રભાવશાળી અને વાસ્તવિક શાસક ગવર્નર જનરલ બન્યો. તે બ્રિટિશ સરકારના નિયંત્રણ અને માર્ગદર્શન નીચે શાસન ચલાવવાનો હતો. અંગ્રેજી વહીવટીતંત્રનો મુખ્ય ઉદ્દેશ બ્રિટિશ અર્થવ્યવસ્થાનો મહત્તમ લાભ મેળવવાનો અને એ માટે ભારતનું શોષણ

કરવાનો હતો. તેણે ભારતનું શોષણ કરીને જ શાસનનો અને યુદ્ધોનો ખર્ચ પૂર્ણ કરવાનો હતો. અર્થાત્ બ્રિટિશ વહીવટીતંત્રનું સ્વરૂપ મહત્તમ રીતે ભારતનું આર્થિક શોષણ કરી ભારતના ભોગે ઇંગ્લૅન્ડનું ભલું કરવાનું હતું.

## સનદી સેવાઓ (સિવિલ સર્વિસિઝ)

ભારતમાં સનદી સેવાઓ શરૂ કરવાનો શ્રેય ગવર્નર જનરલ કોર્નવોલિસને ફાળે જાય છે. કોર્નવોલિસ વહીવટીતંત્રને શુદ્ધ બનાવવા માટે કંપનીના કર્મચારીઓને વ્યાપાર કરવામાંથી મુક્તિ આપી અને માત્ર વહીવટી કાર્યો કરવા માટે જ બાધ્ય કર્યા. તેણે ભ્રષ્ટાચાર વિરુદ્ધ કડક નિયંત્રણો લાદ્યાં. કંપનીના કર્મચારીઓને પગારવધારો આપ્યો. તેણે કલેકટરનું વેતન વધારીને દર મહિને 1500 રૂપિયા જેટલું કર્યું. સાથે સાથે સનદી સેવાનું એક વિશિષ્ટ માળખું ઊભું કર્યું. સનદી સેવાઓ સાથે સંકળાયેલા અધિકારીને તેમની કામગીરી અને વરિષ્ઠ થતાં (સિનિયોરિટી) તે પ્રમાણે પ્રમોશન આપવાની પદ્ધતિ અપનાવી.


**ફૉર્ટ વિલિયમ કૉલેજ**

ગવર્નર જનરલ વેલેસ્લીએ (ઈ.સ. 1800) ભારતીય સનદી સેવામાં આવનાર યુવાન અધિકારી માટે કોલકતામાં ફૉર્ટ વિલિયમ કૉલેજની સ્થાપના કરી જે આ અધિકારીઓને તાલીમ આપવા માટે હતી. બ્રિટિશ સત્તાએ ઇંગ્લૅન્ડમાં હેલીબરી ખાતે ઈસ્ટ ઇન્ડિયન કૉલેજ શરૂ (ઈ.સ. 1806) કરી. આ રીતે કંપની સરકારે સનદી અધિકારીઓની તાલીમનું કાર્ય પોતાના હાથમાં લીધું.

પૂર્વે નાગરિક સેવાઓમાં મોટાભાગની નિમણૂક ઈસ્ટ ઇન્ડિયા કંપનીના નિયામક મંડળ દ્વારા થતી. હવે (ઈ.સ. 1853) ચાર્ટર ઍક્ટ દ્વારા સનદી સેવાનો એક વિશિષ્ટ કાયદો પસાર કરવામાં આવ્યો જેમાં એવું નક્કી કરવામાં આવ્યું કે સનદી સેવામાં પ્રવેશ મેળવવા માટે પ્રત્યેક વ્યક્તિએ સ્પર્ધાત્મક પરીક્ષા આપીને પાસ થવું પડશે.

અંગ્રેજો દ્વારા નિર્મિત સનદી સેવાની એક ખાસ વિશેષતા હતી, ''ભારતવાસીઓને નિયંત્રણપૂર્વક પોતાનાથી દૂર રાખવા.'' એ મુજબ (ઈ.સ. 1793 સુધી) નાગરિક સેવાઓ, સેના, પોલીસ, ન્યાયતંત્ર જેવા મહત્ત્વપૂર્ણ તમામ ઉચ્ચ હોદ્દાઓ પર અંગ્રેજ અધિકારીઓની જ નિમણૂક કરવામાં આવતી. તેમને મતે આ માટે અંગ્રેજો જ લાયક હતા. તે જ આ કાર્ય કરી શકશે. તેઓ ભારતીયોને નૈતિક જવાબદારીના અભાવવાળા, પતિત અને નિમ્નકોટિના માનતા. ગવર્નર જનરલ કોર્નવોલિસ અંગતપણે માનતો કે, ''તમામ હિન્દુસ્તાનીઓ ભ્રષ્ટ છે.'' માટે ઉચ્ચ સેવા અને ઉચ્ચ વેતન એમ બંને બાબતોથી ભારતીયોને વંચિત રાખવામાં આવતા. નાના હોદ્દાઓ અને ઓછા પગારવાળી નોકરીઓ પર જ ભારતીયોને નિમવામાં આવતા.

ભારતીય સનદી સેવા દુનિયાની સૌથી પ્રચલિત થઈ ચૂકી હતી. જોકે તેણે ભારતીય હિતોને બદલે બ્રિટિશ હિતો માટે કામ કર્યું. બ્રિટિશ શાસનનું પોષણ કરવાનું કામ તેણે કર્યું.

## લશ્કર

ભારતમાં બ્રિટિશ શાસનનો બીજો અગત્યનો સ્તંભ બ્રિટિશ લશ્કર હતું. એક તરફ તેણે ભારત જીતવાનું કાર્ય કર્યું તો બીજી બાજુ અન્ય વિદેશી કંપનીઓથી કે તાકાતોથી ભારતમાં બ્રિટિશ શાસનનું રક્ષણ કર્યું; એટલું જ નહિ આંતરિક વિદ્રોહને દબાવી દીધા અને એશિયા આફ્રિકામાં બ્રિટિશ સામ્રાજ્યનો વિકાસ કર્યો.

કંપનીની સેના ભારતીય સૈનિકોની બનેલી હતી. ઉત્તરપ્રદેશ અને બિહારના ઘણા બધા લોકો કંપનીની સેનામાં સૈનિક તરીકે જોડાતા. 1857ના વિપ્લવ સુધી કંપનીના લશ્કરમાં કુલ 311400 સૈનિક હતા જેમાંથી 265900 તો ભારતીય સૈનિકો જ હતા. જોકે ઉચ્ચ અધિકારી તરીકે અંગ્રેજની જ પસંદગી થતી. ત્યાં સુધી લશ્કરમાં માસિક વેતન મેળવનાર માત્ર ત્રણ જ ભારતીયો હતા. તે સૂબેદાર કક્ષાનો હોદ્દો ધરાવતા હતા. મુઠ્ઠીભર અંગ્રેજોનું બનેલું લશ્કર ભારત પર નિયંત્રણ રાખી રહ્યું હતું. તેમાં ભારતીયોની સંખ્યા ખૂબ જ વધારે હતી, જે આશ્ચર્યજનક બાબત અને શોષણખોર અર્થવ્યવસ્થાનું પ્રતીક હતું. અંગ્રેજ લશ્કરમાં ભારતીય સૈનિકને નિયમિત પગાર મળતો તેથી પોતાનું ગુજરાન ચલાવવા ભારતીય સૈનિક બ્રિટિશ સામ્રાજ્યવાદ માટે કાર્ય કરતા.

**પોલીસ**

બ્રિટિશ સામ્રાજ્યવાદમાં મહત્ત્વનું તંત્ર જો કોઈ હોય તો તે પોલીસતંત્ર હતું. ભારતમાં પોલીસતંત્ર શરૂ કરવાનો ફાળો ગવર્નર જનરલ કોર્નવોલિસને જાય છે. તેણે જમીનદારો અને જાગીરદારોનું પોલીસ કાર્યથી અલગ કરી કાયદો અને વ્યવસ્થા નિયમિત કરવા પોલીસ વિભાગની સ્થાપના કરી. પરંપરાગત ભારતીય વ્યવસ્થાનું આધુનિકીકરણ કર્યું. તેણે પોલીસ સ્ટેશનની શરૂઆત કરાવી તેના પર એક ફોજદારની નિમણૂક કરી. આગળ જતાં જિલ્લા કક્ષાએ પોલીસ અધિકારી તરીકે જિલ્લા પોલીસ અધીક્ષક (DSP) ની નિમણૂક કરી. જે જિલ્લાનો સર્વોચ્ચ પોલીસ અધિકારી હતો. પોલીસતંત્રમાં ઉચ્ચ હોદ્દાઓ પર માત્ર અંગ્રેજોની નિમણૂક કરવામાં આવતી. ગામડાંમાં ચોકીદારની નિમણૂક થતી. ભારતીય સ્વતંત્રતા- સંગ્રામને કચડી નાખવામાં અંગ્રેજોએ આ પોલીસતંત્રનો મહત્તમ ઉપયોગ કર્યો હતો. આ દૃષ્ટિએ આ પોલીસતંત્ર જનતાના રક્ષક થવાને બદલે અંગ્રેજ હિતો માટે જ કામ કરતું હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

**ન્યાયતંત્રનું સંગઠન**

અંગ્રેજોએ દીવાની અને ફોજદારી જેવી શ્રેણીઓ દ્વારા ન્યાયવ્યવસ્થા શરૂ કરી. તેની શરૂઆત વૉરન હેસ્ટિંગ્ઝે રેગ્યુલેટિંગ ઍક્ટ(1773)માં કરી. કોર્નવોલિસે (1793) ન્યાયતંત્રની વ્યવસ્થામાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનો કર્યાં. તેણે દરેક જિલ્લામાં જિલ્લા ન્યાયાધીશના વડપણ હેઠળ દીવાની અદાલતની સ્થાપના કરી. આ દ્વારા તેણે કલેક્ટર અને ન્યાયાધીશને તેમનાં કાર્યો અને હોદ્દાઓમાં જુદા પાડ્યા. આ સિવાય તેણે 4 જેટલી પ્રાંતીય અદાલત શરૂ કરી. જિલ્લા અદાલતો ઉપર સદર દીવાની અદાલતોની સ્થાપના કરી. જિલ્લા ન્યાયાલયની નીચે રજિસ્ટ્રારની અદાલતોની સ્થાપના કરી. તેની નીચે તાલુકા કક્ષાએ નાની અદાલતો સ્થપાઈ. આ ન્યાયાલયોના ન્યાયાધીશ તરીકે મુનસફ અને અમીન તરીકે ઓળખાતા ભારતીય ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવતી. ફોજદારી કેસો માટે કોર્નવોલિસે બંગાળ પ્રેસિડન્સીને 4 વિભાગોમાં વહેંચ્યું હતું જે ક્ષેત્રીય ન્યાયાલયો કહેવાતાં. તેમાં નિમ્ન સ્તરે ભારતીય ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવતી. તેણે મુસ્લિમ કાયદાઓમાં બદલાવ લાવીને અંગ્રેજી કાયદા લાગુ કર્યા. વિલિયમ બૅન્ટિકે પણ ન્યાયતંત્રમાં ખાસ્સાં પરિવર્તનો કર્યાં. તેણે ભારતીયોને ન્યાયતંત્રમાં ઉચ્ચ હોદ્દાઓ પર મૂકવાની શરૂઆત કરી. તેણે પ્રાંતીય અને ક્ષેત્રીય ન્યાયાલયો બંધ કરી તેમનાં કાર્યો જિલ્લા ન્યાયાધીશોને સોંપ્યાં. કોલકત્તા, મદ્રાસ (ચેન્નઇ) અને મુંબઈમાં હાઈકોર્ટની સ્થાપના કરવામાં આવી. સુપ્રીમ કોર્ટની સ્થાપના પણ (ઈ.સ. 1773) થઈ ચૂકી હતી. તેણે તત્કાલીન અધિનિયમને વ્યવસ્થિત કરીને કાયદાની નવી પ્રણાલિકા સ્થાપિત કરી. ભારતીય ન્યાયવ્યવસ્થા પરંપરા અને પ્રચલિત રિવાજો પર આધારિત હતી. તે હિંદુ અને મુસ્લિમ માટે અલગ-અલગ હતી તેને બદલે હવે અંગ્રેજોએ એક સમાન ન્યાયવ્યવસ્થાની શરૂઆત કરી. કાયદાઓને સંહિતાબદ્ધ કરવામાં આવ્યા. તેમની સ્પષ્ટ વ્યાખ્યા કરી તેમને

આધુનિક સ્વરૂપ આપવામાં આવ્યું. નવા (ઈ.સ. 1833ના) ચાર્ટડ ઍક્ટ પ્રમાણે કાયદા સમક્ષ સૌને સમાન ગણવામાં આવ્યા.

બ્રિટિશ સરકારે મેકોલેના વડપણ નીચે ભારતીય કાયદાઓને સંહિતાબદ્ધ કરવા એક LAW COMMISSION (વિધી કાયદા આયોગ)ની નિમણૂક (ઈ.સ. 1833) કરી. તેમણે પશ્ચિમના દેશો જેવી પદ્ધતિ ભારતમાં દાખલ કરી. ભારતીય દંડસંહિતા અને દીવાની પ્રક્રિયા સાથે સંકળાયેલા કાયદાઓનું નિરૂપણ કર્યું. હવેથી સમગ્ર ભારતના એક જ પ્રકારના કાયદા લાગુ પાડવાના હતા અને એ જ રીતે ભારતમાં કાયદા સમક્ષ સૌ સમાનનો અધિકાર સ્થાપિત કરવામાં આવ્યો.

### કાયદાનું શાસન અને કાયદા સમક્ષ સૌની સમાનતા

અંગ્રેજોએ RULE OF LAW (કાયદાનું શાસન) ની આધુનિક વિચારધારા પ્રસ્થાપિત કરી. એનો અર્થ એ હતો કે, અંગ્રેજી શાસન સૈદ્ધાંતિક રીતે કાયદા અનુસાર ચલાવવામાં આવશે; શાસકની વ્યક્તિગત ઇચ્છા અનુસાર નહીં. કાયદાથી જનતાના અધિકારો અને જવાબદારીઓ સ્પષ્ટ કરવામાં આવ્યાં. પરંપરાગત ભારતીય શાસનવ્યવસ્થામાં શાસકની ઇચ્છા એ જ કાયદો હતો. જ્યારે બ્રિટિશ શાસને કાયદાના આધાર પર પ્રશાસનનું સ્વરૂપ ચલાવ્યું હતું. અંગ્રેજ શાસન દરમિયાન ભારતીય ન્યાયપ્રણાલી કાયદા સમક્ષ સૌની સમાનતાના સિદ્ધાંત પર આધારિત હતી. તે દૃષ્ટિએ કાયદાની દૃષ્ટિએ માનવમાત્ર સમાન છે. જાતિ-ધર્મ કે વર્ગના આધારે કાયદાની દૃષ્ટિએ કોઈ ભેદભાવ ન હતો. પરંપરાગત ભારતીય ન્યાયવ્યવસ્થામાં જાતિ આધારિત ન્યાય આપવામાં આવ્યો. ઉચ્ચ વર્ણ કરતાં નિમ્ન વર્ણને એક જ અપરાધ માટે વધારે સજા કરવામાં આવતી; એટલું જ નહીં જમીનદારો અને સામંતો વિરુદ્ધ ન્યાયાલયમાં કેસ ચલાવવામાં આવતા નહીં. જ્યારે બ્રિટિશ શાસને સામાન્ય લોકો માટે પણ ન્યાયાલયના દરવાજા ખોલી નાખ્યા હતા.

### તેની ગુણવત્તા અને તેની ક્ષતિઓ

બ્રિટિશ વહીવટીતંત્ર આધુનિક વહીવટીતંત્ર, પોલીસતંત્ર, લશ્કરીતંત્ર અને ન્યાયતંત્રની સ્થાપના કરી જે ગુણવત્તાના આધાર પર રચાયેલી હતી અને આધુનિક સ્વરૂપની હતી, પરંતુ આપણે એ યાદ રાખવું જોઈએ કે, ભારતમાં બ્રિટિશ શાસનનો એકમાત્ર ઉદ્દેશ્ય બ્રિટિશ સામ્રાજ્યને ભારતમાં મજબૂત બનાવવાનો હતો. તેથી આધુનિક સંસ્થાઓની સ્થાપના તો થઈ પરંતુ ભારતીયોને તેનો લાભ મળી શક્યો નહીં. જેમ કે, સનદી, સેના, લશ્કર, પોલીસ અને ન્યાયતંત્રમાં ભારતીયોને ઉચ્ચ હોદ્દા આપવામાં આવતા નહીં. અંગ્રેજોના કાયદા ત્રુટિપૂર્ણ હતા કારણકે એક વિદેશી શાસને ભારત પર નિરંકુશ રીતે તે લાદી લીધા હતા. યુરોપિયનો માટે અલગ ન્યાયાલય અને અલગ કાયદાઓ હતા. તેમના ક્રૂર વ્યવહાર સામે ભારતીયો કશું જ કરી શકતા નહીં. વ્યવહારમાં કાયદાની અસમાનતા સ્પષ્ટ દેખાય છે. ન્યાય ઘણો જ મોંઘો હતો, વર્ષો સુધી કેસો ચાલતા હતા. અજ્ઞાની અને નિરક્ષર ભારતીયો જટિલ ન્યાય વ્યવસ્થાથી બહાર હતા. ધનાઢ્ય લોકો માટે જ જાણે કે કાયદો અને ન્યાયાલયો હતાં. પોલીસ અને ન્યાયાલયમાં વ્યાપક ભ્રષ્ટાચાર હતો. જમીનદારો સામાન્ય ખેડૂતો પર અત્યાચાર કરતા.

### અવિશ્વાસનાં તત્ત્વો

બ્રિટિશ શાસનની નીતિઓને કારણે ભારતમાં એક અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું. ભારતીયોએ બ્રિટિશ સામ્રાજ્યવાદના આ શોષણખોર પ્રતીકનો વિરોધ કર્યો. દાદાભાઈ નવરોજીથી લઈને ગાંધીજી સુધીના મહાન ચિંતકોએ અંગ્રેજોની પ્રશાસનીક, આર્થિક અને ન્યાયવ્યવસ્થાની ભરપૂર ટીકા કરી. મહાત્મા ગાંધીએ કહેલું કે ''ભારતની પ્રજા માટે વિદેશી શાસન અને વિદેશી કાયદો એ બંને અસ્વીકાર્ય છે, કારણ કે, તેનો હેતુ ભારતની જનતાની સુખાકારીને બદલે બ્રિટિશ સ્વાર્થની પૂર્તિ કરવાનો હતો.'' ટૂંકમાં, બ્રિટિશરો દ્વારા રચવામાં આવેલા આ વહીવટીતંત્ર અને ખાસ કરીને કાયદા તેમજ ન્યાયતંત્રને ક્ષેત્રે અવિશ્વાસનાં તત્ત્વો સવિશેષ હતાં.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) અંગ્રેજ સરકારનું ન્યાયતંત્રીય માળખું સમજાવો.

(2) અંગ્રેજ સત્તાનું મહેસૂલીતંત્ર સ્પષ્ટ કરો.

(3) અંગ્રેજ સત્તાની સનદી સેવાઓની માહિતી આપો.

(4) અંગ્રેજ સરકારના પોલીસતંત્રની રૂપરેખા આપો.

(5) ઈસ્ટ ઇન્ડિયા કંપનીના વહીવટીતંત્રની ખાસિયતો જણાવો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) દ્વિમુખી શાસન પદ્ધતિ વિશે નોંધ લખો.

(2) કોર્નવૉલિસનું વહીવટીતંત્રના નિર્માણમાં પ્રદાન સ્પષ્ટ કરો.

(3) રેગ્યુલેટિંગ (ઈ.સ. 1773) ઍક્ટ વિશે માહિતી આપો.

(4) અંગ્રેજી વહીવટીતંત્રનું સ્વરૂપ જણાવો.

(5) વિલિયમ બૅન્ટિંકના ન્યાયવિષયક સુધારા જણાવો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) રેગ્યુલેટિંગ ઍક્ટ ક્યારે અમલમાં આવ્યો ?

(અ) ઈ.સ. 1770 (બ) ઈ.સ. 1771 (ક) ઈ.સ. 1772 (ડ) ઈ.સ. 1773

(2) ફૉર્ટ વિલિયમ કૉલેજ ક્યાં આવેલ હતી ?

(અ) કોલકાતા (બ) મુંબઈ (ક) ચેન્નાઈ (ડ) અમદાવાદ

(3) કયા ચાર્ટર ઍક્ટથી કંપનીનો વેપારિક એકાધિકાર નાબૂદ થયો ?

(અ) ઈ.સ. 1773 (બ) ઈ.સ. 1793 (ક) ઈ.સ. 1813 (ડ) ઈ.સ. 1833

(4) બ્રિટિશ હિંદમાં સુપ્રીમ કોર્ટની સ્થાપના ક્યારે થઈ ?

(અ) ઈ.સ. 1750 (બ) ઈ.સ. 1773 (ક) ઈ.સ. 1785 (ડ) ઈ.સ. 1800

(5) કયો ગવર્નર જનરલ ભારતમાં પોલીસતંત્ર શરૂ કરનાર ગણાય છે ?

(અ) ક્લાઇવ (બ) હેસ્ટિંગ્સ (ક) કોર્નવોલિસ (ડ) ડેલહાઉસી

•

# 5 1857નો સંગ્રામ

ઈ.સ. 1857નો સંગ્રામ એ ભારતીય પ્રજા દ્વારા અંગ્રેજી શોષણખોર રાજ્યને અપાયેલો મહાન પડકાર છે. ઈ.સ. 1757 થી લગભગ 100 વર્ષના અંગ્રેજી શાસનને તેણે હચમચાવી મૂક્યું. ભારતની પ્રજાના માનસમાં આજે પણ આ મહાકથાની અસર સાફ જોવા મળે છે. વિદેશી શાસનને ભારતભૂમિ પરથી ઉખેડી નાંખનાર ભારતનો આ પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ હતો તેમ વીર સાવરકરે સાચું જ કહ્યું છે. તમામ ભારતીયો તે રાજા હોય કે, જાગીરદાર, કારગીર હોય કે ખેડૂત, સૈનિક હોય કે અન્ય, હિંદુ હોય કે મુસ્લિમ સૌએ તેમાં પોતાની ક્ષમતા મુજબનું યોગદાન આપ્યું. યુરોપનાં બે સૌથી મોટાં રાષ્ટ્રોની પ્રજા જેટલી પ્રજાએ અને તેના વિસ્તાર જેટલા મોટા વિસ્તારમાં ભારતીય પ્રજાએ સર્જેલી આ અનોખી કારગાથા છે. તેના શહીદોના રક્તથી જાણે કે આઝાદીના જંગનું રણશિંગુ ફૂંકાયું. આખો દેશ એક સાથે વિદેશી શાસન, આર્થિક શોષણ, સામાજિક ભેદભાવ, લશ્કરી ભેદભાવ જેવાં કારણો વિરુદ્ધ ઊભો થયો એટલું જ નહીં પરંતુ તેના માટે જવાબદાર અંગ્રેજી શાસનને હટાવી દેવા કટિબદ્ધ થયો. તેણે પ્રથમ વખત જ એક વિદેશી શાસનને મૂળમાંથી હચમચાવી નાંખ્યું પરિણામે હિંદનું સ્વાતંત્ર્ય પ્રાપ્તિ તરફનું પ્રયાણ શક્ય બન્યું.

1857નો સંગ્રામ ભારતીય ઇતિહાસની એક ગૌરવપ્રદ ગાથા છે. કોઈપણ ક્રાંતિ, વિપ્લવ કે બળવો અમુક જ કારણોને લીધે ઉદ્ભવે છે તેવો ખ્યાલ અપૂર્ણ કહી શકાય. તેની પ્રક્રિયા વર્ષોથી ચાલતી હોય છે. કેટલાક ઇતિહાસકારોએ 1857ના સંગ્રામનું મુખ્ય કારણ સૈનિક અસંતોષ તથા ચરબીવાળી કારતૂસોના વાપરવા અંગેની આજ્ઞા બતાવેલ છે. પરંતુ રાજકીય દમન, વહીવટી ગેરવ્યવસ્થા, લશ્કરી અસંતોષ, પરાધીનતાનું દુઃખ, આર્થિક શોષણ, સામાજિક ભેદભાવ, રંગભેદની નીતિ, રાષ્ટ્રીય સંસ્કૃતિ તથા ધર્મ પ્રત્યે ઉપેક્ષા કે તેને ઉચ્છેદવાના પ્રયાસો, ધાર્મિક અસહિષ્ણુતા, શાસિતોને શાસનમાં યોગ્ય હિસ્સો આપવાનો ઇન્કાર વગેરે કારણો પૈકી કોઈ એક કારણ નહિ પરંતુ અનેક કારણોથી આ સંગ્રામ ઉદ્ભવ્યો. અમેરિકા, ફ્રાન્સ, ઇટાલી, રશિયા, આયર્લેન્ડ તથા આફ્રિકા અને એશિયાના ઘણા ખરા દેશોના સ્વાતંત્ર્યસંગ્રામો આવાં જ કારણોથી ઉદ્ભવ્યા હતા.

ઈસ્ટ ઇન્ડિયા કંપનીના છેલ્લા ગવર્નર જનરલ તરીકે કેનિંગ ભારતમાં આવ્યો (1856), ત્યારે તેણે શંકા વ્યક્ત કરેલ કે, ''હું ઇચ્છું છું કે ભારતમાં મારો સમયગાળો શાંતિપૂર્ણ હોય. હું એ નથી ભૂલી શકતો કે, ભારતનું આકાશ અત્યારે શાંત છે, પરંતુ ક્યારેક (અસંતોષનું) નાનું વાદળું, ભલે તે એક હાથના માપનું કેમ ન હોય ! પરંતુ તે નિરંતર વિસ્તૃત થઈ, ફાટીને આપણને બધાને ભરખી શકે છે.'' કેનિંગની ઉક્ત શંકા સાચી ઠરી. 1857ના સંગ્રામની ઝાળ ભારતભરમાં ફેલાઈ. આ સંગ્રામની શરૂઆત સૈનિક વિદ્રોહના રૂપમાં થઈ પરંતુ ભારતની મોટાભાગની જનતા, ખેડૂતો, મજૂરો, કારીગરો, જનજાતિના લોકો, સૈનિકો અને રજવાડાઓએ પોતપોતાની રીતે તેમાં આહુતિ આપી.

### શાસન સામેના અસંતોષનાં કારણો

### રાજકીય કારણો

1857 સુધીમાં ભારતની બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ યુદ્ધનીતિ, ચાણક્ય નીતિ તથા 'ભાગલા પાડો' ની નીતિનો આશરો લઈને ભારતમાં પોતાનાં રાજ્યોનો સારો એવો વિસ્તાર કર્યો. વેલેસ્લીની સહાયકારી યોજનાએ ભારતનાં ઘણાંખરાં રાજ્યોને કંપનીને આધીન બનાવી દીધાં. હૈદરાબાદ (નિઝામ) અને અવધ (નવાબ)નાં રાજ્યો ઉપર બ્રિટિશ અંકુશ સ્થાપ્યો. તાંજોર, સુરત અને કર્ણાટકનાં રાજ્યોનો વહીવટ હાથમાં લઈ લીધો. મરાઠી સત્તાનાં કેન્દ્રો પૂના, ઈન્દોર, ગ્વાલિયર, નાગપુરને હચમચાવી મૂક્યાં. હેસ્ટિંગ્સે વેલેસ્લીનું વિસ્તારવાનું કાર્ય આગળ ધપાવ્યું.

ડેલહાઉસીએ યુદ્ધો કરીને, ગેરવહીવટના બહાના હેઠળ, દેવા પેટે નાબૂદ કરીને અને દત્તકપુત્ર લેવાનો અધિકાર નામંજૂર કરીને ઉગ્ર રીતે અને આક્રમક શૈલીએ હિંદનાં અસંખ્ય દેશી રાજ્યોને ખાલસા કરી બ્રિટિશ સામ્રાજ્યમાં જોડી દીધાં. જેમાં સતારા, જૈતપુર અને સંભલપુર, બઘાટ, ઉદેપુર, ઝાંસી, નાગપુર, અવધ વગેરેનો સમાવેશ થાય છે. પેશ્વા

બાજીરાવ બીજાના દત્તકપુત્ર નાનાસાહેબનું પેન્શન (વર્ષાસન) અને ઝાંસીની રાણી લક્ષ્મીબાઈને તેમના રાજ્યથી વિમુખ કરવામાં આવ્યાં.

આ ઉપરાંત ડેલહાઉસીએ 'ઈનામ કમિશન' નીમી ઘણા જમીનદારોની જમીનો જપ્ત કરી હતી. આમ ડેલહાઉસીની ખાલસાનીતિએ રાજાઓ, જમીનદારો તથા લોકોના અસંતોષને પરાકાષ્ઠાએ પહોંચાડ્યો. આથી લોકોમાં એવી લાગણી દૃઢ થઈ કે રાજા-મહારાજાઓની જો આવી દશા હોય તો સામાન્ય જનતાનું શું થશે ?

**વહીવટી ખામીઓ**

કંપનીના શાસનમાં હિંદીઓને એવું ખાસ આપવામાં આવેલ નહિ કે જેથી તેઓમાં કંપની પ્રત્યે વિશ્વાસ અને સંતોષની ભાવના ઉદ્ભવે. અંગ્રેજોએ તમામ ઊંચા હોદ્દાઓ પર હિંદીઓને સ્થાને અંગ્રેજોને નિયુક્ત કર્યા હતા. 1833ના ધારાની એક કલમ અનુસાર લાયકાતના ધોરણે હિંદીઓને બઢતી આપવાની નીતિનો પણ અમલ થયો ન હતો. આથી શિક્ષિત હિંદીઓમાં નિરાશા વ્યાપી. અંગ્રેજોએ સ્થાપેલી વહીવટી વ્યવસ્થા લોકાભિમુખ ન હતી, તે તેની સૌથી મોટી ખામી હતી. અંગ્રેજોની કડક મહેસૂલી નીતિ, સામાન્ય તથા ગરીબ વર્ગ પર નંખાયેલા ભારે કરવેરા, ખર્ચાળ ન્યાય પદ્ધતિ, શિથિલ અને લાંચરુશવતખોર વહીવટ વગેરેએ પણ લોકોના અસંતોષમાં વધારો કર્યો. પોલીસતંત્ર પણ મોટે ભાગે બિનકાર્યક્ષમ અને નિષ્ક્રિય હતું. આથી ભાગ્યે જ સાચો અપરાધી પકડાતો હતો. સરકાર જનકલ્યાણ કાર્ય માટે પોતાની જવાબદારી સ્વીકારતી ન હતી. આમ લોકોની પરેશાની વધતાં 1857ના સંગ્રામની ભૂમિકા સર્જાઈ.

**આર્થિક શોષણ**

કંપનીની આર્થિક નીતિએ ભારતના વિદેશી વેપારનો નાશ કર્યો. ઈંગ્લૅન્ડની ઔદ્યોગિક ક્રાંતિની અસર ભારતના વ્યાપાર પર પડી. હવે ભારત ફક્ત કાચો માલ અને અનાજની નિકાસ કરનારો દેશ બન્યો. બંગાળમાં કંપનીની સત્તાની સ્થાપના થઈ ત્યારથી જ ગ્રામોદ્યોગો, હસ્તકલા-કારીગરીના ઉદ્યોગો અને વિદેશ વેપાર મૃતઃપ્રાય થઈ ગયા હતા. અંગ્રેજોએ ભારતને કાચો માલ પ્રાપ્ત કરવાનું સંસ્થાન તથા તૈયાર માલ વેચવાનું બજાર બનાવી દીધું હતું. તેથી ભારતની અઢળક ધન-સંપત્તિ બહુધા ઈંગ્લૅન્ડમાં ઘસડાઈ ગઈ હતી. હિંદનો ખેડૂત તથા કારીગરવર્ગ ભાંગી પડ્યો હતો. વળી, ઈંગ્લૅન્ડથી ભારત આવતા કાપડ અને માલ ઉપર સરકાર નજીવી જકાત લેતી, જ્યારે ભારતથી ઈંગ્લૅન્ડ જતા કાપડ અને માલ ઉપર ભારે જકાત લેતી. આથી ઈંગ્લૅન્ડનો માલ ભારતમાં સસ્તો પડવા લાગ્યો, જ્યારે ભારતમાં ઉત્પન્ન થતો માલ ભારતમાં જ મોંઘો પડવા લાગ્યો. પરિણામે ભારતના ઉદ્યોગ-ધંધાઓ પડી ભાંગ્યા. વેપાર અને ઉદ્યોગનાં કેન્દ્રો સમાન ઢાકા, મુર્શિદાબાદ, સુરત, મદુરાઈ વગેરે શહેરો બરબાદ થઈ ગયાં.

ખેતી, ઉદ્યોગ અને વેપારના નાશ સાથે સાથે હિંદીઓને પોતાના દેશમાં જ મહત્ત્વપૂર્ણ તથા નોકરીમાં ઊંચા પદથી વંચિત રાખવામાં આવ્યા. ભારતીય રજવાડાના નાશથી રાજદરબાર પણ બંધ થયો. નાગરિક અને સૈનિક નોકરીઓમાં પણ હિંદીઓને યોગ્ય પદસ્થાન આપવામાં આવતું નહિ, ન્યાયતંત્રમાં તેઓ સામાન્ય પદ જ પ્રાપ્ત કરી શકતા, આથી બેરોજગારી અને ગરીબીનું આગમન થયું.

વળી, ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સમયમાં 1801 થી 1855 સુધીમાં ભારતમાં અવારનવાર દુષ્કાળો પડ્યા જેણે હિન્દીઓનું સામાજિક અને આર્થિક જીવન બદલી નાંખ્યું. દુષ્કાળપીડિતોને મદદ કરવા કંપનીએ કોઈ પ્રયત્ન કર્યો નહિ.

**સામાજિક અને ધાર્મિક કારણો**

વિલિયમ બૅન્ટિંકના શાસનકાળ પછી હિંદમાં ઝડપથી પાશ્ચાત્ય સુધારાના વાયરાઓ ફૂંકાવા લાગ્યા, આથી સદીઓ- જૂના સમાજવ્યવસ્થાના માળખામાં ભંગાણ પડવા લાગ્યું. કંપની શાસકોએ દાખલ કરેલા સમાજસુધારાને ભારતનો રૂઢિચુસ્ત સમાજ ભય અને શંકાની નજરે જોતો હતો. અંગ્રેજ શાસકોના સતીપ્રથા, બાળહત્યા તથા બાળલગ્ન પર પ્રતિબંધ મૂકતા કાયદાઓ તથા વિધવાવિવાહને કાયદેસર ગણતા કાયદાઓને ભારતના રૂઢિચુસ્ત સમાજે તેમની ધાર્મિક અને સામાજિક વ્યવસ્થામાં હસ્તક્ષેપના પગલા તરીકે ગણાવ્યા.

આ ઉપરાંત અંગ્રેજ સરકારના કેટલાક કાયદાઓ તો જાણે સનાતન ચાલી આવતી સમાજવ્યવસ્થા પર વ્યવસ્થિત પ્રહાર કરવા માટે તથા હિન્દુ-મુસ્લિમોને ખ્રિસ્તી ધર્મમાં વટલાવવા માટે જ કરવામાં આવ્યા હોય તેવું લાગતું હતું. ખ્રિસ્તી ધર્મપ્રસારકો અને પાદરીઓએ ભારતીયોના ધર્મપરિવર્તન માટે મહત્ત્વપૂર્ણ પ્રયત્નો કર્યા. હિંદુ-મુસલમાનો વિરુદ્ધ પ્રચાર કર્યો. ખ્રિસ્તી ધર્મપ્રસારકો અને પાદરીઓને સરકારી રક્ષણ મળતું હતું. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અધ્યક્ષ આર.ડી. મેંગલ્જે 1857માં બ્રિટિશ પાર્લામેન્ટમાં કહ્યું, ''પરમાત્માએ હિન્દુસ્તાનનું વિશાળ સામ્રાજ્ય ઇંગ્લૅન્ડને એ માટે આપેલ છે કે, હિન્દુસ્તાનમાં એક છેડેથી બીજા છેડા સુધી ઈસા મસીહનો વિજયધ્વજ ફરકતો રહે. આપણા પૈકી દરેકે પોતાની પૂરી તાકાત આ કાર્યમાં લગાવવી જોઈએ, જેથી સમગ્ર ભારતમાં ખ્રિસ્તી ધર્મના પ્રચાર-પ્રસાર માટે કોઈપણ પ્રકારની થોડી પણ ઢીલ ન આવે.''

ધર્મપરિવર્તન માટે હવે પોલીસનો સહયોગ લેવામાં આવતો, સેનામાં સરકારી ખર્ચે પાદરી રાખીને ખ્રિસ્તી ધર્મનો પ્રચાર અને ધર્મપરિવર્તન થતાં. સૈનિક છાવણીઓમાં ખ્રિસ્તી બનાવવાનું સાહિત્ય વિતરણ થવા લાગ્યું. Religious Disabilities Act (1850)ના કાયદાઓ ખ્રિસ્તી થઈ ગયેલા હિંદુ કે મુસ્લિમને પૈતૃક મિલકતમાં હિસ્સો મેળવવા માટે હકદાર ઠેરવ્યો. એ પૂર્વે પરંપરાગત નિયમ પ્રમાણે ધર્માન્તર કરેલ વ્યક્તિને વારસાહક મળતો નહિ, જેથી હિંદુ તથા મુસ્લિમોની સરકારની ધાર્મિક નીતિ પ્રત્યે શંકા વધારે દૃઢ થઈ. આગ્રામાં એવું ફરમાન બહાર પાડવામાં આવ્યું હતું કે દરેક હિંદીએ અંગ્રેજને સલામ ભરવી. જો તેમ ન કરવામાં આવે તો, તેમ કરવામાં તે નિષ્ફળ જાય તો તે દંડ કે સજાને પાત્ર ગણાતો. અંગ્રેજો અવારનવાર હિંદીઓ સાથે તુમાખીભર્યું વર્તન કરતા અને તેમનો તિરસ્કાર પણ કરતા. ખ્રિસ્તી પાદરીઓએ ભારતમાં અંગ્રેજી શિક્ષણ આપતી ઘણી શાળાઓ સ્થાપી અને તેમાં ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ ફરજિયાત બનાવી (1833 થી 1859) ખુલ્લી રીતે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કર્યો. માત્ર શાળાઓમાં જ નહિ, પરંતુ જેલ, લશ્કરી મથકો, સરકારી કચેરીઓ વગેરેમાં પણ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવામાં આવતો. ધાર્મિક ભાવનાને ગંભીર ઠેસ ત્યારે પહોંચી, જ્યારે કંપની સરકારે મંદિરો અને મસ્જિદોની મિલકત પર કર નાખ્યો. આ પહેલાં ભારતીય શાસકો દ્વારા ધાર્મિક સંસ્થાઓને કરમુક્તિનો લાભ આપવામાં આવ્યો હતો. અનેક હિંદુ અને મુસ્લિમ કુટુંબનો જીવનનિર્વાહ મંદિર-મસ્જિદની જમીનની આવક પર નિર્ભર હતો. આ બધાની સંયુક્ત અસર હિંદુસ્તાનના અજ્ઞાન, અબુધ છતાં પ્રાણ કરતાં પણ ધર્મને વહાલો ગણતા જનસમુદાય પર પડી, જેણે તેમના દિલમાં અંગ્રેજો પ્રત્યે રોષ અને નફરતની લાગણી જન્માવી.

### લશ્કરી કારણો

ઈતિહાસનો આ એક કોયડો રહ્યો છે કે ભારતના સૈનિકો, ખાસ કરીને બંગાળના સૈનિકો (Bengal Army), અંગ્રેજો પ્રત્યે વફાદારીમાં સૌથી આગળ રહ્યા હતા તેઓ જ અંગ્રેજો સામેના સંગ્રામમાં પણ આગળ રહ્યા હતા. લોક-માનસમાં અંગ્રેજો પ્રત્યે રોષ અને અસંતોષ ભરેલો હતો તેને પ્રગટ કરવાનું કાર્ય લશ્કરે કર્યું. હિંદીઓએ કઠોર લશ્કરી સેવાઓ બજાવવી પડતી; છતાં હિંદી સૈનિકોના પગાર, ભથ્થાં, સગવડ વગેરે અંગ્રેજ સૈનિકોના પગાર, ભથ્થાં વગેરેના પ્રમાણમાં ઘણાં ઓછાં હતાં. વિશેષ સેવા બજાવવા બદલ કે યુદ્ધ દરમિયાન ભારતીય સૈનિકોને જે દૈનિક ભથ્થું અપાતું તેના કરતાં અંગ્રેજ સૈનિકોને અપાતું દૈનિક ભથ્થું ત્રણથી ચાર ગણું વધારે હતું જે પાછળથી દેશમાં જ સેવા બજાવવાની હોય તો બંધ કરી દેવામાં આવ્યું. વળી, 25 થી 30 વર્ષની વફાદારીપૂર્વકની સેવા બદલ ભારતીય સૈનિક વધારેમાં વધારે સૂબેદારની કક્ષાએ પહોંચી શકતો જેનો માસિક પગાર રૂપિયા 60 થી 70 હતો. જ્યારે અંગ્રેજ સૈનિક લશ્કરના કોઈપણ ઉચ્ચ હોદ્દા સુધી બઢતી મેળવી શકતો. વિશેષમાં અંગ્રેજ અધિકારીઓનું હિંદી સૈનિકો પ્રત્યેનું વર્તન ઘણું તુમાખીભર્યું અને તોછડું હતું. અવધને અંગ્રેજ રાજ્યમાં ભેળવી દીધું (1856). બંગાળના સૈનિકોમાં મોટાભાગના અવધના સૈનિકો હતા. આથી તેઓમાં અસંતોષની લાગણી ફેલાઈ હતી. લશ્કરની બૅરેકમાં સમૂહભોજન (mess) પ્રથા તેમના છૂતાછૂત અને વટાળના નિયમોનો ભંગ કરતી હતી. ભારતીય સૈનિકોએ તિલક કરવા, દાઢી રાખવા અને ખાસ પ્રકારની પાઘડી બાંધવા પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. ગવર્નર જનરલ કેનિંગે બંગાળના લશ્કર માટે સામાન્ય સેના ભર્તી અધિનિયમ

(General Enlistment Act-1856) દાખલ કર્યો. જે અનુસાર નવા ભરતી થનારે પોતે હિંદમાં કે હિંદ બહાર ગમે ત્યાં લડવા જવા ખુશી છે તે પ્રકારની બાંયધરી આપવી પડતી હતી. એ વખતે લોકમાન્યતા મુજબ સમુદ્ર પાર કરવાથી તેમનો ધર્મ નષ્ટ થયેલો ગણાતો.

કેટલાંક યુદ્ધોમાં અંગ્રેજ સેનાની ભારે હાર થઈ હતી. ઉદાહરણરૂપે, પ્રથમ અફઘાન વિગ્રહ (1838-1842)માં અંગ્રેજોની ભૂંડી હાર થઈ. પંજાબ સંઘર્ષ (1848-1849)માં પણ અંગ્રેજોએ ભારે નુકસાન વેઠવું પડ્યું. આથી હિંદી સૈનિકોમાં અતૂટ આત્મવિશ્વાસ પેદા થયો કે અંગ્રેજો અજેય નથી. આમ ઊભા થયેલા લશ્કરી અસંતોષે અને માન્યતાએ હિંદી સૈનિકોને સંગ્રામ પ્રતિ પ્રેર્યા.

**અન્ય કારણો**

પ્લાસીના યુદ્ધને (જૂન, 1757) સો વર્ષ પૂરાં થતાં હતાં. એવી આગાહી કરવામાં આવી હતી કે, ભારતમાં કંપનીનું રાજ્ય સો વર્ષ સુધી ટકવાનું છે અને મુદત પૂરી થતાં તે નાશ પામશે. 1857ના મે માસમાં સો વર્ષ પૂરાં થતાં હતાં. આ માન્યતાએ 1857ના સંગ્રામકારીઓને પ્રેરણા આપી. આ સમયગાળા દરમિયાન ઇટાલી, ગ્રીસ, બેલ્જિયમ વગેરે દેશોમાં સ્વાધીનતા માટેની લડતો થઈ. એમાંથી પણ હિંદીઓને પ્રેરણા મળી. સંગ્રામના સેનાનીઓએ (1857ના 31 મે-ના દિવસે) ભારતમાં સંગ્રામનો વાવટો ફરકાવવા માટે નક્કી કરવામાં આવ્યો.

## 1857ના સંગ્રામનું તાત્કાલિક કારણ

## ચરબીવાળી કારતૂસો

ચરબીવાળી કારતૂસોયુક્ત રાઈફલ વાપરવાની આજ્ઞાએ સંગ્રામ પ્રગટાવવા તણખો મૂકવાનું કાર્ય કર્યું. હિંદી સૈનિકોને જૂની લોખંડની બંદૂક બ્રાઉન બેઝ (Brown Bess) ને બદલે નવી એન્ફિલ્ડ રાયફલ (New Enfield Rifle) આપવામાં આવી.



**બ્રાઉન બેઝ (Brown Bess) રાયફલ**



**નવી-એન્ફિલ્ડ (Enfield) રાયફલ**

આ નવી રાઈફલમાં કારતૂસના ઉપરના ભાગ-કૅપ-ને દાંત વડે તોડવાની હતી. આ અરસામાં (જાન્યુઆરી, 1857) બંગાળ સેનામાં કારતૂસો બનાવવામાં ગાય અને ડુક્કરની ચરબીનો ઉપયોગ થતો હોવાની અફવા ફેલાઈ. હિંદુ તથા મુસ્લિમ માટે અનુક્રમે આ બંને પ્રાણીઓના માંસનો સ્પર્શ વર્જ્ય ગણાતો. તેને બદલે તે મોઢામાં મૂકવાનો પ્રસંગ આવતાં તેઓ અકળાઈ ઊઠ્યા. અંગ્રેજોએ હિંદીઓને ધર્મભ્રષ્ટ કરવા માટે ઇરાદાપૂર્વક આમ કર્યું હતું તેવી દૃઢ માન્યતા બંધાઈ. આ કારતૂસોમાં ગાય તથા ડુક્કર (સૂવર)ની ચરબીનો ઉપયોગ થતો હતો તે બિના સાચી હતી, તે અંગે પાશ્ચાત્ય ઇતિહાસ વિવેચક સર જોન કે લખે છે, ''આ ચીકણો મસાલો બનાવવામાં ગાય-ડુક્કરની ચરબીનો ઉપયોગ કરવામાં આવતો હતો તેમાં બિલકુલ સંદેહ નથી.'' સિપાઈઓએ તે કારતૂસો વાપરવાનો ઇન્કાર કરતાં વિદ્રોહની શરૂઆત થઈ.

## 1857 સંગ્રામની શરૂઆત અને વિકાસ

કેટલાક વિદ્વાનોના મતાનુસાર 1857નો સંગ્રામ વિચારેલ અને આયોજિત યોજના હતી. તેનું નેતૃત્વ અલગ અલગ પ્રદેશોમાં અલગ અલગ નેતાઓએ કર્યું હતું. તેમાં ધાર્મિક નેતાઓ, પૂર્વ રાજાઓ, ખેડૂતો, કારીગરો, સૈનિકો અને સામાન્ય લોકોએ ભાગ લીધો હતો. પ્રચારના માધ્યમ માટે ચોપાનિયાં, લાલકમળ અને ફૂલનો ઉપયોગ થતો હતો. પ્રચાર માટે તીર્થસ્થળો, મેળાઓ અને ઉત્સવોનો ઉપયોગ કરવામાં આવતો હતો. સંગ્રામની એક તારીખ (31 મે 1857) સમગ્ર હિંદ માટે નિયત કરવામાં આવી, પરંતુ તે નિર્ધારિત સમય પહેલાં શરૂ થયો.

પહેલો બનાવ બંગાળની બરાકપુર છાવણીમાં બન્યો. ત્યાં સિપાઈઓની 19મી પલટને ચરબીવાળી કારતૂસો વાપરવાનો ઇન્કાર કર્યો. તેથી (29મી માર્ચ, 1857 ને રવિવાર) 19મી પલટનને અંગ્રેજ અફસરોએ વિખેરાઈ જવાનો હુકમ આપ્યો કે તુરત જ 34મી પલટનનો સિપાઈ મંગળ પાંડે ભરી બંદૂકે આગળ ધસી આવ્યો. તેથી મંગળ પાંડેની ધરપકડ કરવા સાર્જન્ટ મેજર હ્યુસને હુકમ કર્યો. એટલે મંગળ પાંડેએ ગોળી છોડી અને હ્યુસન ત્યાં જ ઢળી પડ્યો. એટલે લેફ્ટનન્ટ બઘ નામનો એક બીજો અમલદાર ઘોડી પર બેસીને આગળ ધસ્યો. મંગળ પાંડેએ તે તરફ ગોળી છોડીને ઘોડો અને સવારને જમીનદોસ્ત કર્યા. તેથી મંગળ પાંડેની ધરપકડ કરી 8મી એપ્રિલ, 1857ના રોજ તેને ફાંસી આપવામાં આવી. આમ તે 1857ના સંગ્રામનો પ્રથમ શહીદ બન્યો. મંગળ પાંડેને ફાંસી આપ્યા બાદ 19 અને 34 નંબરની દેશી પલટનો પાસેથી હથિયારો પડાવી લઈને તેમને વિખેરી નાખવામાં આવી.


બહાદુરશાહ બીજો

સંગ્રામની ખરી શરૂઆત મેરઠમાં (10મી મે, 1857) થઈ. મેરઠમાં 90 સિપાઈઓની એક ટુકડીને ચરબીવાળી નવી કારતૂસો વાપરવા માટે આપવામાં આવી અને તેમને દાંત વડે કારતૂસની કૅપને તોડવાનું કહેવામાં આવ્યું. 90માંથી 85 સિપાઈઓએ નવી કારતૂસોને સ્પર્શ કરવાનો ઇન્કાર કર્યો. તેથી તેમને કોર્ટમાર્શલથી 10 વરસની કેદની સજા કરવામાં આવી. તેમનો પોશાક ઉતારી લેવામાં આવ્યો અને કવાયતના મેદાન ઉપર જ તેમના હાથપગમાં બેડીઓ જડવામાં આવી અને તેમને જેલમાં પૂરવામાં આવ્યા. આથી મેરઠના અન્ય સિપાઈઓએ ઉશ્કેરાઈને બળવો કર્યો. તેમણે પોતાના 85 ભાઈઓને મુક્ત કર્યા. આની સાથે બીજા અપરાધી કેદીઓને પણ છોડી મૂકવામાં આવ્યા. તેઓએ અંગ્રેજ અફસરોની હત્યા કરી. ત્યાંથી બળવાખોર સિપાઈઓ દિલ્હી તરફ કૂચ કરી ગયા. તેઓએ દિલ્હી જીતી લીધું અને મુઘલ બાદશાહ બહાદુરશાહ બીજાને ભારતનો શહેનશાહ જાહેર કર્યો.


બેગમ ઝિન્નત મહલ

આમ દિલ્હી સંગ્રામનું મુખ્ય કેન્દ્ર બન્યું. હિંદની પ્રાચીન રાજધાની દિલ્હી કંપનીના હાથમાંથી સંપૂર્ણપણે મુક્ત થઈ (મે 1857) અને સમ્રાટ બહાદુરશાહ ફરીથી ભારતના સાચા સમ્રાટ તરીકે ગણાવા લાગ્યો. બહાદુરશાહનો ઝંડો જ એ વખતે વિપ્લવકારીઓનો ઝંડો હતો.


સંગ્રામનાં અન્ય મુખ્ય કેન્દ્રોમાં ઉત્તર ભારતમાં કાનપુર, લખનૌ, ઝાંસી, પટણા, જગદીશપુર અને બરેલી હતાં. કાનપુરમાં સંગ્રામનું સંચાલન નાનાસાહેબ પેશ્વા કરી રહ્યા હતા. જ્યારે લખનૌમાં પૂર્વનવાબની બેગમ હઝરત મહેલે સંગ્રામકારીઓને કુનેહપૂર્વક ઉત્તેજન આપ્યું. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ તથા તેમની મહિલાઓની બનેલી લશ્કરી ટુકડીએ આશરે પંદર દિવસ સુધી હ્યુરોઝના નેતૃત્વ નીચેની મોટી અંગ્રેજ સેનાને વીરતાભરી લડત આપી. તેમણે કાલ્પી, ગ્વાલિયર અને અન્ય સ્થળોએ અંગ્રેજોને શૌર્યભરી લડતો આપી. બિહારમાં જગદીશપુરના જાગીરદાર કુંવરસિંહે 82 વર્ષની ઉંમરે સંગ્રામનું સફળતાપૂર્વક સંચાલન કરી, વીજળિક આક્રમણથી અંગ્રેજ સેનાને હંફાવી હતી. બરેલીમાં બહાદુરખાન મુખ્ય નેતા હતો.


ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ

ઉત્તર ભારતમાં બનારસ, અલ્હાબાદ, ફૈઝાબાદ, આગ્રા વગેરે પણ 1857ના સંગ્રામનાં કેન્દ્રો હતાં. રાજસ્થાનમાં નીમરા, નસીરાબાદ, આબુ વગેરે સંગ્રામનાં મુખ્ય કેન્દ્રો હતાં. મધ્યપ્રદેશમાં ગ્વાલિયર, ઝાંસી, ઈન્દોર, મ્હાવ, મંદસોર અને ધાર સંગ્રામના મુખ્ય કેન્દ્રો હતાં. ગુજરાતમાં અમદાવાદ, ગોધરા, પાટણ, ખેરાળુ, ખેડા, દ્વારકા, ઓખા, વિજાપુર, સાબરકાંઠા વગેરેએ સંગ્રામમાં સક્રિય હિસ્સો આપ્યો હતો. મહારાષ્ટ્રમાં સતારા,




**ભારતમાં 1857ના સંગ્રામનાં મુખ્ય સ્થળો**




**ગુજરાતમાં 1857ના સંગ્રામનાં મુખ્ય કેન્દ્રો**

કોલ્હાપુર, બેલગામ, જોરાપુર, સાવંતવાડી અને નારગુંડ સંગ્રામનાં મુખ્ય મથકો હતાં. અત્રે ખાસ નોંધવું જોઈએ કે, 1857ના વિદ્રોહ ટાણે ગુજરાતમાં ગરબડદાસ મુખી, જોધા માણેક અને મુળુ માણેક તથા મગન ભૂખણ (વૈષ્ણવ) જેવા મહત્ત્વના નેતાઓ ઉપરાંત સાબરકાંઠાના પાંડરવાડા ગામના આદિવાસીઓએ પણ અંગ્રેજો સાથે સશસ્ત્ર લડત ચલાવી જે ગુજરાતના સંલગ્ન નકશાથી સ્પષ્ટ થાય છે.

ટૂંકમાં, આ સંગ્રામમાં મોટાભાગના વિસ્તારના લોકોએ વિવિધ ભાષા બોલનાર, વિવિધ ધાર્મિક અને જાતીય સંપ્રદાયના લોકોએ અને વિવિધ વર્ગોએ ભાગ લીધો હતો.

## સંગ્રામની નિષ્ફળતાનાં કારણો

ઈ.સ. 1857નો સંગ્રામ અંગ્રેજોને હાંકી કાઢવામાં નિષ્ફળ ગયો. આ નિષ્ફળતા માટે અનેક કારણો જવાબદાર ગણી શકાય.

## કેન્દ્રીય નેતાગીરીનો અભાવ

સંગ્રામની નિષ્ફળતાનું મહત્ત્વનું કારણ કેન્દ્રવર્તી સંગઠન તથા સર્વોપરી સેનાનીપદનો અભાવ હતું. સંગ્રામકારીઓની શિસ્ત ઘણી જ નિર્બળ હતી. સિપાઈઓ પોતાની મુનસફી પ્રમાણે વર્તતા. દિલ્હી, કાનપુર, અલ્હાબાદ, ઝાંસી વગેરે સ્થળોએ નેતાઓના આદેશની અવગણના કરીને વિજયી સિપાઈઓ ઘણી અઘટિત રીતે વર્ત્યા. આની પ્રજામાનસ પર વિપરીત અસર પડી અને અવ્યવસ્થા ઊભી થઈ જેણે પણ સંગ્રામની નિષ્ફળતામાં ભાગ ભજવ્યો. કેટલાક રાજાઓ અને જાગીરદારોએ દિલપૂર્વક તાત્યાટોપે તથા લક્ષ્મીબાઈની સૂચનાઓનો અમલ કર્યો નહિ. લક્ષ્મીબાઈ કુશળ હોવા છતાં મહિલા હોવાના કારણે તેમનાં સૂચનોનો અમલ થયો નહિ. તાત્યાને સેનાની તરીકે સ્વીકારવામાં આવ્યો નહિ.

### સંગ્રામ અમુક પ્રદેશ પૂરતો જ મર્યાદિત હતો

સંગ્રામ વ્યાપક હોવા છતાં હિંદના અમુક પ્રદેશ પૂરતો તે મર્યાદિત હતો. પંજાબ, રાજસ્થાન, કાશ્મીર, સિંધ, પૂર્વ બંગાળ, નેપાળ, આસામ અને દક્ષિણ ભારતના પ્રદેશો લગભગ સંગ્રામથી અલિપ્ત જ રહ્યા.

### રાજા રજવાડાંનો અંગ્રેજોને સાથ

મોટાભાગના રાજાઓ સંગ્રામથી અલિપ્ત જ રહ્યા હતા. હૈદરાબાદના નિઝામ, કાશ્મીરના રાજા ગુલાબસિંહ, પતિયાળા, નાભા અને ઝિંદના શીખ શાસક, ઈંદોરના હોલકર, ગ્વાલિયરના સિંધિયા, વડોદરાના ગાયકવાડ, ભોપાલના નવાબ, ટીકાગઢ અને ટેહરીના રાજાઓએ સંગ્રામને દાબી દેવા અંગ્રેજોને સાથ આપ્યો.

એ જ રીતે સંગ્રામને નિષ્ફળ બનાવવામાં તથા અંગ્રેજ સરકારને વિજય અપાવવામાં શીખો તથા ગુરખાઓએ નોંધપાત્ર ફાળો આપ્યો. તેઓ અંગ્રેજોને પક્ષે લડ્યા.

### વિદ્રોહકારીઓની નબળાઈઓ

અંગ્રેજોની તુલનામાં વિદ્રોહકારીઓમાં વ્યવસ્થિત યોજનાનો અભાવ હતો. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને તાત્યા ટોપેને બાદ કરતાં વિદ્રોહકારીઓ પાસે સફળ નેતાગીરી ન હતી. જ્યારે સામે પક્ષે લોરેન્સભાઈઓ, હેવલોક, નીલ, નિકોલ્સન, એડવર્ડ, હ્યુ રોઝ, કેમ્પબેલ વગેરે જેવા અનુભવી અને શક્તિશાળી સેનાપતિઓ હતા, જેમણે પણ સંગ્રામને નિષ્ફળ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

ગુણવત્તાની દૃષ્ટિએ અંગ્રેજોના અશ્વદળ, તોપદળ તથા પાયદળ વિપ્લવકારીઓનાં આવાં દળો કરતાં ઘણાં ચઢિયાતાં હતાં. તેમની દરિયાઈ તાકાત પણ પ્રશંસાપાત્ર હતી. જ્યારે સામે પક્ષે વિપ્લવકારો પાસે તેનો તદ્દન અભાવ હતો. બ્રિટિશ નૌકાદળ ઇંગ્લૅન્ડ, ઈરાન વગેરે સ્થળોથી નવું સૈન્ય તથા શસ્ત્રસામગ્રી ઠાલવવામાં ઉપયોગી થઈ પડ્યું હતું.

અંગ્રેજો પાસે રેલવે તથા તારવ્યવહાર હતાં જે તેમને સૈન્યો તથા પુરવઠાની હેરફેરમાં અને સંદેશાની આપ-લેમાં અત્યંત ઉપયોગી થઈ પડ્યાં હતાં. ટૂંકમાં, આપમેળે ઊભી થયેલી અવ્યવસ્થા સામે વ્યવસ્થાનો વિજય હતો.

### શિક્ષિતોની અલિપ્તતા

મોટાભાગના શિક્ષિતો તેમજ બુદ્ધિજીવીઓ સંગ્રામમાં જોડાયા ન હતા. આથી સંગ્રામ પુરાણી પદ્ધતિથી મુક્ત થઈ ઊંચું સ્તર પ્રાપ્ત કરી શક્યો નહિ. તેમને અંગ્રેજો નવા યુગના પ્રતીક લાગ્યા, તેથી તેઓ તટસ્થ રહ્યા.

### સમાન ધ્યેય તથા રાષ્ટ્રીયતાનો અભાવ

સંગ્રામકારીઓમાં સમાન ધ્યેય અને રાષ્ટ્રીય ભાવનાનો અભાવ હતો જેને પણ સંગ્રામની નિષ્ફળતાનું કારણ ગણી શકાય. સંગ્રામકારો મુઘલ રાજ્યની પુનઃ સ્થાપના કરવા માગતા હતા જેની સામે શીખો તેમજ શિક્ષિત વર્ગને અણગમો હતો. તેઓ મધ્યયુગી આપખુદશાહીની પુનઃ સ્થાપના કરવા માગતા ન હતા.

### સંગ્રામની વહેલી શરૂઆત

નિશ્ચિત તારીખ કરતાં સંગ્રામની શરૂઆત વહેલી થઈ એથી પણ સંગ્રામના ધ્યેયને ભારે નુકસાન પહોંચાડ્યું. સંગ્રામ માટે 31મી મે 1857 તારીખ નક્કી થઈ હતી પરંતુ મંગળ પાંડેને હાથે તેનો આકસ્મિક પ્રારંભ 29મી માર્ચ, 1857 ને રવિવારના રોજ થયો. આમ, લગભગ બે મહિના પહેલાં સંગ્રામકારીઓની યોજના ખુલ્લી પડી ગઈ. તેથી અંગ્રેજો સાવચેત બની ગયા. માલ્સન નોંધે છે કે નિશ્ચિત તારીખે એક જ સમયે ભારતભરમાં સંગ્રામ થયો હોત તો કદાચ હિંદમાંથી અંગ્રેજ રાજ્ય અસ્ત થયું હોત.

### 1857ના સંગ્રામનું સ્વરૂપ અને ભિન્ન ભિન્ન અભિપ્રાયો

1857ના સંગ્રામના સ્વરૂપ વિશે સમકાલીન તથા અનુકાલીન લેખકોમાં ભિન્ન ભિન્ન મત પ્રવર્તે છે. સંગ્રામના

સ્વરૂપ અંગે વિદ્વાનોમાં પરસ્પર વિરોધી મત પ્રવર્તે છે. ચાર્લ્સ રેક્સે પોતાના પુસ્તક, 'નોટ્સ ઑન ધી રિવોલ્ટ ઇન ધી નૉર્થ' વેસ્ટર્ન પ્રાવિન્સ ઑફ ઇન્ડિયા', જે પુસ્તક 1858માં પ્રકાશિત થયેલ, તેમાં તેણે આ સંગ્રામને એક સૈનિક વિદ્રોહ કહ્યો છે અને આ વિદ્રોહે કેટલાક વિસ્તારમાં જન-વિદ્રોહનું સ્વરૂપ ધારણ કરેલ તેમ જણાવ્યું. આ વિચારધારાનું સમર્થન કિશોરીચંદ્ર મિત્ર, શંભુ ચંદ્ર મુખોપાધ્યાય, હરીશચંદ્ર મુખર્જી અને સર સૈયદ અહમદખાંએ કરેલ. તેઓએ આ સંગ્રામને એક સૈનિક વિદ્રોહ કહ્યો.

સર જહૉન લૉરેન્સ, માર્શવેન, સર જહૉન સીલી વગેરે આને માત્ર 'સિપાઈઓનો બળવો' માનતા હતા, જ્યારે ઇંગ્લૅન્ડના રાજપુરુષ ડિઝરાયલી અને ન્યાયાધીશ મેકાર્થીએ આ સંગ્રામનો કંપની સરકાર સામેના રાજકીય અને ધાર્મિક બળવા તરીકે ઉલ્લેખ કર્યો હતો. ડૉ. આર. સી. મજુમદારના મત મુજબ તે 'સિપાઈઓનો બળવો' હતો જેમાં પછીથી લોકોએ સાથ આપ્યો. સર્વપ્રથમ વિનાયક દામોદર સાવરકરે આ વિદ્રોહને ભારતનો સર્વપ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ ગણાવ્યો. પટ્ટાભિ સીતારામૈયાએ પણ 1857ના મહાન આંદોલનને ભારતનો પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામ કહ્યો. અશોક મહેતાએ પોતાના પુસ્તક 'ધી ગ્રેટ રિબેલિયન'માં એ સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો કે એ એક રાષ્ટ્રીય વિપ્લવ હતો. મોટાભાગના રાષ્ટ્રીય ઇતિહાસકારો, વિચારકો તથા રાજનીતિજ્ઞોએ 1857ના વિપ્લવને 'રાષ્ટ્રીય સ્વાતંત્ર્યસંગ્રામ' તરીકે ઓળખાવ્યો છે. ડૉ. એસ. એન. સેને પોતાના પુસ્તક '1857'માં નોંધ્યું છે કે, ''જે વિપ્લવનો ધાર્મિક યુદ્ધ તરીકે પ્રારંભ થયો, તેનો સ્વાતંત્ર્યસંગ્રામ તરીકે અંત આવ્યો.'' ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદે યોગ્ય જ કહ્યું છે કે ''વિપ્લવનો વ્યાપ અને તેનું સંગઠન જોતાં તેને માત્ર સિપાઈઓનો બળવો કહી શકાય નહિ, પરંતુ તે વિદેશી સત્તા સામેનો લોકોનો પડકાર હતો.'' પંડિત જવાહરલાલ નેહરુએ પણ વિપ્લવનું વિદેશી સત્તા સામેના લોકોના બંડ તરીકે વિવરણ કરેલું છે. ડૉ. રાધાકૃષ્ણનના મત મુજબ 1857ના વિપ્લવ અને તેના નેતાઓમાં અમુક ઊણપો હોવા છતાંયે, તેના આગેવાનોએ બતાવેલી વીરતા અને બલિદાન ભાવિ રાષ્ટ્રીય આંદોલનોને માટે પ્રેરણારૂપ હતાં. ભારતની પ્રજાને જ્યારે વિદેશીઓ દ્વારા પોતાના પર સત્તા સ્થાપી ચૂક્યાનો અહેસાસ થયો (1857) ત્યારે તેમણે અંગ્રેજો સામે શસ્ત્રો ઉપાડ્યાં. એટલે હિંદીઓનો આ પ્રયાસ છળકપટથી છીનવી લેવાયેલી સત્તા પાછી મેળવવાનો પ્રયાસ કહેવાય, બળવો કે વિપ્લવ કહી શકાય નહીં.

### માત્ર સિપાઈઓનો બળવો નહિ

કેટલાક લેખકોએ આ સંગ્રામને 'સિપાઈઓનો બળવો' કહ્યો છે. પરંતુ તેને માત્ર સિપાઈઓનો વિપ્લવ કહેવો યોગ્ય ગણાશે નહિ. જોકે, સંગ્રામનાં બધાં જ કેન્દ્રોમાં બળવો સિપાઈઓ દ્વારા જ શરૂ થયો હતો અને સિપાઈઓએ તેમાં મુખ્ય ભાગ ભજવ્યો હતો. મુઘલ બાદશાહ બહાદુરશાહ ઝફર, નાનાસાહેબ, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, હઝરત મહલ, ઝિન્નત મહલ વગેરે સંગ્રામના આગેવાનોને તો તેમાં પાછળથી જોડાવાની ફરજ પડી હતી. આમ છતાં સામાન્ય જનતાએ પણ તેમાં સારો એવો ભાગ ભજવ્યો હતો. ખાસ કરીને લખનૌ, બરેલી, જગદીશપુર, પાટણ, ગોધરા વગેરેના બનાવોમાં લોકોનો હિસ્સો નોંધપાત્ર હતો. વળી, સંગ્રામના નેતાઓ લશ્કરી સેનાનીઓને બદલે રાજા-મહારાજા કે લોકનેતાઓ હતા. આ સંગ્રામમાં હિંદુ-મુસ્લિમ એકતા અપૂર્વ હતી. આ ઉપરથી ફલિત થાય છે કે સંગ્રામને માત્ર 'સિપાઈઓનો બળવો' કહેવો યથાર્થ નથી.

### મહાન ઉત્થાન

આ સંગ્રામને 'સિપાઈઓના બળવા' કરતાં કંઈક વિશેષ અને સ્વાધીનતા કરતાં કંઈક નિમ્ન ઘટના તરીકે ઘટાવી શકાય. હિંદમાં અંગ્રેજ સત્તાને સિપાઈઓ તથા લોકો તરફથી મળેલો આ પહેલો મોટો પડકાર હતો. આ લોકપડકારની શરૂઆત લશ્કરના સિપાઈઓએ કરી હતી. એ વખતે કદાચ તેમના મનમાં રાષ્ટ્રપ્રેમ વિશેનો ખ્યાલ સ્પષ્ટપણે ન પણ સંભવી શકે પરંતુ પોતાને જ અંગ્રેજો જેવા વિદેશીઓ દ્વારા સહેવાં પડતાં અપમાનો, અંગ્રેજ માલિકોનું તુમાખીભર્યું વર્તન, જોહુકમી, અત્યાચાર અને તેમના અમાનવીય વ્યવહારોએ તેમને ગુલામીનો અહેસાસ કરાવ્યો. જેથી તેઓએ

પોતાના વિદેશી માલિકોની તલવાર તે માલિકો સામે જ ઉગામી હશે. એ દૃષ્ટિએ તે 'બ્રિટિશ સામ્રાજ્યવાદ'ને ભારતનો પ્રથમ પડકાર ગણાવી શકાય જેણે ભાવિ સ્વાતંત્ર્યસંગ્રામને પ્રેરણા આપી.

### 1857 સંગ્રામનાં પરિણામો

1857ના સંગ્રામના સ્વરૂપ વિશે ઇતિહાસકારોમાં મતભેદો પ્રવર્તે છે પરંતુ સંગ્રામે જનતાની ભાવિ પ્રવૃત્તિ ઉપર દીર્ઘ અસર કરી છે તે વિશે બેમત નથી.

**કંપની શાસનનો અંત :** 1857ના સંગ્રામના કારણે ભારતમાંથી કંપની શાસનનો અંત આવ્યો અને બ્રિટિશ તાજે ભારતનું શાસન સીધી રીતે સંભાળી લીધું. તેને પરિણામે અંગ્રેજોને ભારત પ્રત્યેની પોતાની રાજકીય, વહીવટી, લશ્કરી, આર્થિક, સામાજિક અને ધાર્મિક નીતિમાં ભારે ફેરફાર કરવાની ફરજ પડી. નવેમ્બર, 1858માં પ્રસિદ્ધ કરવામાં આવેલા મહારાણી વિક્ટોરિયાના ઢંઢેરામાં આ ફેરફારની ઝાંખી કરાવવામાં આવી.

**વહીવટી પરિવર્તન** :1857ના સંગ્રામના ફળસ્વરૂપ સરકારની વહીવટી નીતિ બદલાઈ. ઈ.સ. 1861ના હિંદી ધારાસભાનો કાયદો પસાર કરવામાં આવ્યો જે અન્વયે નવી ધારાસભામાં હિંદીઓને પ્રથમ વખત સ્થાન મળ્યું. આમ ધીમે ધીમે સરકાર આપખુદને બદલે હવે તે બંધારણીય બની.

**દેશી રાજ્યો પ્રત્યેની નીતિમાં બદલાવ :** આ સંગ્રામને પરિણામે અંગ્રેજોએ દેશી રાજ્યોને ખાલસા કરવાની નીતિનો ત્યાગ કર્યો અને દેશી રાજાઓને તેમનો માનમરતબો તથા વારસાહક અને દત્તકપુત્ર લેવાના અધિકાર જેવા તેમના હકો જાળવી રાખવાની બાંહેધરી આપી. આના પરિણામે દેશી રાજ્યો અંગ્રેજોને વફાદાર બન્યાં.

**નોકરીઓમાં સમાનતા :** 1857ના સંગ્રામ બાદ અંગ્રેજ સરકારે હિંદીઓને ઊંચા હોદ્દા પર લાયકાતના ધોરણે નિયુક્ત કરવાની પ્રથા શરૂ કરી.

**લશ્કરમાં પુનર્રચના :** 1857ના સંગ્રામ પછી તરત જ લશ્કરની પુનર્રચના કરવામાં તથા તેમાં બ્રિટિશ સિપાઈઓનું પ્રમાણ વધારી દેશી સિપાઈઓનું પ્રમાણ ઘટાડવામાં આવ્યું. શીખ, ગુરખા, પઠાણ, રાજપૂત વગેરેની લશ્કરી રેજિમેન્ટ બનાવવામાં આવી. હિંદી સિપાઈઓ પાસેથી દારૂગોળો લઈ લેવામાં આવ્યો અને દરેક ટુકડીને તેમના વતનથી દૂરના સ્થળે કામગીરી સોંપવામાં આવી.

**આર્થિક નીતિમાં પરિવર્તન :** સંગ્રામથી સરકારની આર્થિક નીતિમાં પરિવર્તન આવ્યું. કેટલાક ભારતીય ઉદ્યોગો જેવા કે, લોખંડ, કાપડ વગેરેને પ્રોત્સાહન આપવામાં આવ્યું. જોકે સરકારની આર્થિક નીતિ હિંદ અને હિંદીઓને ભોગે ઇંગ્લૅન્ડને અને અંગ્રેજોને ફાયદો કરાવવાની હતી તોપણ લોખંડ, કાપડ વગેરેના ઉદ્યોગોને ઉત્તેજન આપવામાં આવ્યું. કારીગર અને આમજનતાનું આર્થિક શોષણ વધ્યું. રેલવે, રસ્તાઓ તથા સંદેશાવ્યવહાર વગેરેનો વિકાસ કરવામાં આવ્યો.

**સામાજિક નીતિ :** 1857ના સંગ્રામ બાદ અંગ્રેજ સરકારે હિંદમાં 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ અપનાવી. સતત કોમવાદને ઉત્તેજન આપવાની નીતિ અમલમાં મૂકી. સામાજિક ક્ષેત્રે પણ સરકારે પ્રગતિશીલ નીતિને બદલે રૂઢિચુસ્ત નીતિ ધારણ કરી. આમાં રૂઢિગત તત્ત્વોનો સાથ મેળવી સરકાર પ્રગતિશીલ બળોને રોકવા માગતી હતી.

**ધાર્મિક નીતિ :** બ્રિટિશ સરકારે સંગ્રામ બાદ પોતાની ધાર્મિક નીતિમાં પણ મોટા ફેરફાર કર્યા. તેણે ધાર્મિક ક્ષેત્રે તટસ્થનીતિ અપનાવી અને ખ્રિસ્તી પાદરીઓ તથા તેમની સંસ્થાઓને અધિકૃત રીતે અપાતું ઉત્તેજન બંધ કર્યું. હિંદી સિપાઈઓ અને લોકોની ધાર્મિક લાગણી ન દુભાય તેની તકેદારી રાખવામાં આવી, જેથી ધર્મગુરુઓ અને રૂઢિચુસ્ત વર્ગનો તેમને ટેકો મળી રહે.

1857ના સંગ્રામની નિષ્ફળતાથી ભારતનો વિલીન થતો મધ્યયુગ સમાપ્ત થયો અને નૂતન યુગનાં પગરણ મંડાયાં. બ્રિટિશ સરકારના સીધા શાસન હેઠળ નૂતન રાષ્ટ્રવાદના ઉદ્ભવ અને વિકાસને વેગ મળ્યો. તેને પરિણામે ભારતમાં ગાંધીયુગની શરૂઆત થઈ અને ભારતે બ્રિટિશ શાસનની ધૂંસરી ફેંકી દઈ (1947) આઝાદી પ્રાપ્ત કરી.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) 1857ના સંગ્રામનાં રાજકીય કારણો સ્પષ્ટ કરો.

(2) 1857ના સંગ્રામનાં લશ્કરી કારણોની છણાવટ કરો.

(3) 1857ના સંગ્રામની શરૂઆત અને વિકાસ સમજાવો.

(4) 1857ના સંગ્રામની નિષ્ફળતાનાં કારણો ચર્ચો.

(5) 1857ના સંગ્રામના સ્વરૂપ વિશેના ભિન્ન ભિન્ન અભિપ્રાયો જણાવો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અંતિમ ગવર્નર જનરલ કેનિંગે શી શંકા વ્યક્ત કરી હતી ?

(2) ડેલહાઉસીએ રાજાઓનો કયો અધિકાર નામંજૂર કર્યો ?

(3) નવી એન્ફિલ્ડ રાઈફલની કારતૂસમાં કેવી ચરબીનો ઉપયોગ થતો હતો ?

(4) અંગ્રેજોએ હિંદને કેવું બજાર બનાવી દીધું ?

(5) 1857ના સંગ્રામનો પ્રથમ શહીદ કોણ બન્યો ?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) પેશ્વા બાજીરાવ બીજાનો દત્તકપુત્ર કોણ હતો ?

(અ) તાત્યાટોપે (બ) નાનાસાહેબ (ક) અમૃતરાવ (ડ) માધવરાવ

(2) રાણી લક્ષ્મીબાઈ કયા રાજ્યની રાણી હતાં ?

(અ) ઈંદોર (બ) નાગપુર (ક) સતારા (ડ) ઝાંસી

(3) અંગ્રેજોએ તમામ ઊંચા હોદ્દા પર કોને નિયુક્ત કરેલ ?

(અ) મુસ્લિમ (બ) અંગ્રેજ (ક) હિંદુ (ડ) નેપાલી

(4) ખ્રિસ્તી ધર્મના પ્રસાર-પ્રચાર માટે કોનો સહયોગ લેવામાં આવતો હતો ?

(અ) ગવર્નર (બ) પોલીસ (ક) રાજા (ડ) સૈનિક

(5) ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરનારને મિલકતમાં કયા કાયદાથી હક આપવામાં આવ્યો ?

(અ) 1850ના Religious Disabilities Act (બ) ખાલસાનીતિ

(ક) 1909નો કાયદો (ડ) 1833નો ધારો

•

# 6 કંપની શાસનની આર્થિક અસરો

અંગ્રેજોની આર્થિક નીતિની ચર્ચા કરતાં પૂર્વે આપણે એ જાણવું જોઈએ કે તેમણે ભારતમાં શા માટે નવી જ આર્થિક નીતિને જન્મ આપ્યો ? અંગ્રેજોને તેનાથી શું ફાયદો થવાનો હતો ? તેમણે ઈંગ્લૅન્ડનો વિકાસ સાધવા ભારતને શા માટે પાયમાલ બનાવ્યું ? આવા પ્રશ્નો ઊભા થાય તે સહજ છે. આ સંદર્ભે જોઈએ તો પ્લાસીના યુદ્ધ (ઈ.સ. 1757)થી અંગ્રેજોએ ભારતમાં વિજયની શરૂઆત કરી, તે પૂર્વે ઈંગ્લૅન્ડ વિવિધ તબક્કાઓમાંથી પસાર થયું હતું. માટે ભારતમાં અંગ્રેજોની આર્થિક નીતિને આપણે વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં તપાસવી જોઈએ.

વાસ્તવમાં ઈંગ્લેન્ડ સહિત યુરોપમાં નવજાગૃતિકાળ અને ધર્મ સુધારણાને પરિણામે પ્રગતિશીલ સમાજનો જન્મ થયો. તેના પરિણામ સ્વરૂપે સર્વત્ર લોકશાહીનો વિકાસ થયો. આ દરમિયાન ઈંગ્લૅન્ડમાં રાજાશાહી ક્રમશઃ નબળી પડી. ઈંગ્લૅન્ડની પ્રજાએ રક્તવિહીન ક્રાંતિ (ઈ.સ.) દ્વારા લોકશાહીના માર્ગે પ્રજાવિકાસનો રસ્તો પ્રારંભ કર્યો. ઈંગ્લૅન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિનો જન્મ થતાં ઉત્પાદનની પદ્ધતિમાં આમૂલ પરિવર્તન આવ્યાં. માનવનું સ્થાન યંત્રે લીધું હોવાથી ઈંગ્લૅન્ડને વિપુલ પ્રમાણમાં કાચા માલની જરૂરિયાત ઊભી થઈ. આ કાચો માલ (કપાસ, ગળી, રેશમ વિગેરે) મળે ક્યાંથી ? માટે તેણે રાજકીય શૂન્યાવકાશને પરિણામને નિર્બળ થઈ ચૂકેલા ભારતને જીતવાનો તેમજ ભારતને કાચા માલ માટેનું સંસ્થાન બનાવવાનો નિર્ધાર કર્યો. આમ, ભારતનો વિજય એ ઈંગ્લૅન્ડની આર્થિક માંગો કરવાનો હતો. વળી, ઈંગ્લૅન્ડમાં મશીનોમાંથી મબલખ પ્રમાણમાં ઉત્પાદિત થયેલ ચીજો વેચવી ક્યાં ? એટલે ભારત પર આધિપત્ય સ્થાપવા માટેનું બીજું કારણ વિશાળ બજારને પોતાને હસ્તગત કરવાનું પણ હતું. આમ, ઈંગ્લૅન્ડની આર્થિક સમૃદ્ધિ માટે ભારતનું શોષણ કરવાની ઈંગ્લૅન્ડની નેમ હોવાથી તે મુજબની આર્થિક નીતિ ઘડવામાં આવી.

ભારતમાં કંપની શાસનનાં પ્રથમ સો વર્ષો (1757-1857)નો ઈતિહાસ તપાસીએ તો તેમાં સૌથી મહત્ત્વની બાબત એ હતી કે, એ ગાળા દરમિયાન ભારતના વિકસિત હુન્નર-ઉદ્યોગો અને સમૃદ્ધ વેપાર-વાણિજ્યનું પતન થયું. ભારત એક ગરીબ, કંગાળ અને પાયમાલ દેશ બન્યો. બ્રિટિશ શાસનની અન્યાયી વ્યવસ્થા તથા ભારતના ભોગે ઈંગ્લૅન્ડને સમૃદ્ધ બનાવવાની સંસ્થાનવાદી અને સામ્રાજ્યવાદી શોષણનીતિનો ઈતિહાસ બરાબર સમજવો હોય તો, બંગાળથી તેની શરૂઆત કરવી જોઈએ, કારણ કે અંગ્રેજોનું શાસન સૌપ્રથમ ત્યાં સ્થપાયું હતું.

**પરંપરાગત અર્થવ્યવસ્થામાં ભંગાણ**

ભારત બંગાળ પ્રાંતની સમૃદ્ધિનો મુખ્ય આધાર તેની ખેતીજન્ય પેદાશો, હુન્નર-ઉદ્યોગોની ઉત્પાદનપ્રવૃત્તિ તથા તેના સમૃદ્ધ વેપાર પર નિર્ભર હતો. વેપારને માટે આવેલી યુરોપિયન પ્રજા પણ અહીં નોંધપાત્ર વેપાર કરતી હતી. એ વખતે વેપારનું પાસું બંગાળના લાભમાં હતું અને મોટા જથ્થામાં અહીં સોનું આવતું. ભારતની આર્થિક સ્થિતિનું વર્ણન કરતાં યાત્રિક બર્નિયરે (ઈ.સ. 1700) લખ્યું છે કે, ''બંગાળમાં ધન આવવાના સો દરવાજા છે, પણ બહાર જવા માટે એકપણ નથી.'' એ વખતે વેપારનું પાસું બંગાળના લાભમાં હતું અને મોટા જથ્થામાં અહીં સોનું આવતું, તે વખતે બંગાળની નિકાસ તેની આયાત કરતાં ત્રણ ગણી વધારે હતી. એ સમયે (ઈ.સ. 1708થી ઈ.સ. 1756ની વચ્ચે) બંગાળ મુખ્યત્વે સુતરાઉ કાપડ, કાચું રેશમ, ખાંડ, શણ, અફીણ વગેરેની નિકાસ કરતું. મુલાયમ સુતરાઉ કાપડ અને ખાસ કરીને ઢાકાના મલમલની માંગ વિશ્વનાં બજારોમાં રહેતી. યુરોપની કંપનીઓ મોટા જથ્થામાં જમીન અને દરિયાઈ માર્ગે બસરા, મોછા અને જેધા તરફ માલની નિકાસ કરતી.

પ્લાસીના યુદ્ધે (ઈ.સ. 1757) અને ત્યારપછીના 'બકસરના યુદ્ધ' (ઈ.સ. 1764)એ મળીને અંગ્રેજોને

બંગાળના માલિકો બનાવ્યા. ક્લાઇવે મુઘલ સમ્રાટ પાસેથી બંગાળ, બિહાર અને ઓરિસ્સામાંથી જમીન મહેસૂલ ઉઘરાવવાની 'દીવાની સત્તા' મેળવી (1765). તેનાથી 'દ્વિમુખી શાસન પદ્ધતિ' શરૂ થઈ, જેણે અરાજકતા અને અંધાધૂંધીને જન્મ આપ્યો. ખેતી અને ખેડૂતો પાયમાલ થયા. તેની માઠી અસર વેપાર-વાણિજ્ય પર પણ થઈ. તેનાથી ઉદ્યોગો અને વેપાર વાણિજ્યના પતનની શરૂઆત થઈ. આનાથી વધુ ભયંકર કૃત્ય તો અંગ્રેજોએ એ કર્યું કે ઇંગ્લૅન્ડના હિત ખાતર સત્તાનો દુરુપયોગ કરીને, બંગાળના હુન્નર-ઉદ્યોગો અને વેપાર-વાણિજ્ય ભાંગી નાખ્યાં અને બંગાળ કંગાળ બન્યું.

અંગ્રેજોનું આર્થિક કેન્દ્ર હંમેશાં ઇંગ્લૅન્ડ રહેલું. તેઓએ હિંદીઓની ચિંતા જરાયે કરી નહિ, પોતાની આર્થિક નીતિ જબરજસ્તીથી હિંદીઓ પર ઠોકી બેસાડી. તેઓનો મુખ્ય ઉદ્દેશ હંમેશાં અંગ્રેજોનું હિત રહ્યું. તેઓની શોષણનીતિએ ભારતની આર્થિક વ્યવસ્થાને પાંગળી બનાવી દીધી. તત્કાલીન મદ્રાસ પ્રાંતના આર્થિક બાબતોના નિષ્ણાત અધિકારી જૉન સુલિવન (John Sullivan) એ ભારતમાં અંગ્રેજોની આર્થિક નીતિ અને તેના પ્રભાવ દર્શાવતાં લખ્યું છે કે, '' આપણી પ્રણાલિકા સ્પંજ (વાદળી)ના રૂપમાં કામ કરે છે, જે ગંગાકિનારાથી દરેક સારી વસ્તુઓ લઈ લે છે અને ટેમ્સ નદીના કિનારે નિચોવી દે છે.''

**હસ્તકલા-કારીગરીના ઉદ્યોગોનો વિનાશ**

અતિ પ્રાચીન સમયથી ભારત દેશ હુન્નર-ઉદ્યોગો અને વેપાર-વાણિજ્યની દૃષ્ટિએ વિશ્વમાં આગળ પડતું અને ગૌરવશાળી સ્થાન ભોગવતો હતો. કેલવર્ટને કહ્યું છે કે, ''તીવ્ર બુદ્ધિશક્તિ, સૂક્ષ્મ જાણકારી અને સર્જનાત્મક પ્રતિભાને કારણે ભારતીય ઉદ્યોગ પશ્ચિમી દેશોની સરખામણીમાં અગ્રસ્થાન ધરાવતો હતો. પશ્ચિમી દેશો પાસે ભારે વજન વહન કરવા માટે વહાણો નહોતાં ત્યારે ભારત પાસે ભારે વજન લઈ જનાર જહાજો હતાં.''

હસ્તકલા-કારીગરીના ઉદ્યોગોમાં ભારતનો વસ્ત્ર-ઉદ્યોગ સૌથી મુખ્ય હતો. સુતરાઉ, રેશમી અને ઊનના કાપડ વણાટનો મુખ્ય ઉદ્યોગ ભારતમાં ચાલતો. તેમાં ભારતે નિપુણતા પ્રાપ્ત કરી હતી. ભારતનું કાપડ ઇંગ્લૅન્ડ તેમજ યુરોપનાં અન્ય રાજ્યોમાં તથા ચીન, જાપાન, દક્ષિણ એશિયાના ટાપુઓ બ્રહ્મદેશ, અરબસ્તાન, ઈરાન અને આફ્રિકાના કેટલાક દેશોમાં જતું. બંગાળ ઉપરાંત લખનૌ, અમદાવાદ, નાગપુર અને મદુરાઈ સુતરાઉ કાપડનાં મોટાં કેન્દ્રો હતાં. ઢાકાની મલમલ, લાહોરના ગાલીચા, કાશ્મીરની શાલ, બનારસનું જરીકામ જાણીતું હતું. ઝવેરાતનું કામ, સોના-ચાંદીના દાગીના બનાવવા તથા આરસ, ચંદન, હાથીદાંત અને કાચ ઉપર કલાત્મક નકશીકામ કરવાના ઉદ્યોગો પણ મોટા પાયા પર ચાલતા.

ઇતિહાસવિદ આર. સી. દત્તે જણાવ્યું છે કે, ''ભારતમાં વણાટ એ સામાન્ય વ્યક્તિઓનો રાષ્ટ્રીય ઉદ્યોગ હતો. અને કાંતણકામમાં લાખો મહિલાઓ જોડાયેલી હતી. બંગાળના શાહાબાદ જિલ્લામાં જ એક લાખથી વધારે વણકરો હતા. બંગાળમાંથી 95 ટકા સુતરાઉ કાપડ વિદેશ મોકલવામાં આવતું હતું. ઢાકાની મલમલ ઉપરાંત કૃષ્ણનગર, ચંદેરી, અરની, બનારસ વસ્ત્રોદ્યોગનાં કેન્દ્રો હતાં. અમદાવાદની ધોતી તથા દુપટ્ટા, લખનૌની ચિકન, બૉર્ડર માટે નાગપુરનું રેશમ જાણીતું હતું. રેશમ ઉદ્યોગમાં મુર્શિદાબાદ, માલદા અને બંગાળનાં અનેક ગામો જાણીતાં હતાં. ઊનના કાપડ માટે કાશ્મીર, પંજાબ અને પશ્ચિમ રાજસ્થાન જાણીતાં હતાં.

કાપડ ઉદ્યોગ ઉપરાંત ભારતનો વહાણ બાંધવાનો ઉદ્યોગ ઇંગ્લૅન્ડના એ જ ઉદ્યોગથી ચઢિયાતો હતો. ધાતુ ઉદ્યોગમાં તાંબું, પિત્તળ અને કાંસાનાં વાસણો બનાવવાનો ઉદ્યોગ ભારતમાં ચાલતો હતો. મુરાદાબાદ અને બનારસ આ માટેનાં પ્રસિદ્ધ સ્થળો હતાં. ધાતુકામ માટે નાસિક, પૂના, હૈદરાબાદ, વિશાખાપટ્ટનમ્ અને તાંજોર જાણીતાં હતાં. કચ્છ, સિંધ અને પંજાબ હથિયારો બનાવવાનાં કેન્દ્રો હતાં. કાચ ઉદ્યોગ માટે કોલ્હાપુર, સતારા, ગોરખપુર, આગરા, ચિત્તોડ અને બાલઘાટ જાણીતાં હતાં. સોના, ચાંદી, હીરા-ઝવેરાત, નકશીકામ માટે અનેક સ્થળો હતાં. આ બધી હસ્તકલા-કારીગરી ભારતની આર્થિક ઉન્નતિ, રુચિ અને કલાત્મક સૌંદર્ય પ્રગટ કરતી હતી.

અંગ્રેજોની પાસે સત્તા આવતાં જ તેમણે બંગાળના તેમજ સમગ્ર ભારતના હુન્નર-ઉદ્યોગોનો નાશ કર્યો. અંગ્રેજ સરકારે ઇંગ્લૅન્ડના ઉદ્યોગોને વિકસાવવા અને ટકાવવા માટે હિંદના હુન્નર-ઉદ્યોગોને કચડી નાખવાના પ્રયત્નો શરૂ કર્યા. આ માટે અનેક અયોગ્ય રીતરસમો પણ અપનાવી. તેમણે વણકરો અને કારીગરો ઉપર જુલમ અને અત્યાચાર કર્યો. ભારતના ખૂણેખૂણે ઇંગ્લૅન્ડની મિલોમાં બનેલું સસ્તું કાપડ પહોંચાડવામાં આવ્યું. આમ, સેંકડો વર્ષ સુધી જેણે યુરોપ અને દુનિયાને સુતરાઉ કાપડ પૂરું પાડ્યું હતું તે ભારત કેવળ બ્રિટિશ માલનું ગ્રાહક બની ગયું. ભારતમાં બનેલો માલ વિદેશોમાં જતો અને ત્યાંનું સોનું ભારત આવતું હતું પરંતુ હવે તેની દિશા ઊલટી થઈ ગઈ. હવે વિદેશી માલ ભારતમાં આવવા લાગ્યો અને સોનું બહાર જવા લાગ્યું.

ભારતના હુન્નર-ઉદ્યોગો ભાંગી પડતાં જે કારીગરો બેકાર બન્યા તેમણે ગામડામાં જમીન અને ખેતીમાં આશરો લેવાનું વિચાર્યું. અહીં પણ તેમને ખાસ અવકાશ રહ્યો નહિ. તેમાંના કેટલાક ખેડૂત બન્યા જ્યારે મોટાભાગના ખેતમજૂરો જ બની રહ્યા. ખેતી ઉપરનો ભાર અસહ્ય બન્યો. ગામડાંની પુરાણી આર્થિક વ્યવસ્થા પણ પડી ભાંગી.

### બ્રિટિશ મહેસૂલી નીતિ અને તેની અસરો

ભારતના વિવિધ ભૂ-ભાગ ઉપર કબજો જમાવ્યા પછી કંપનીને મહેસૂલની ઉઘરાણી માટે સ્થાનિક સ્થિતિ અનુસાર ઘણા માર્ગો અખત્યાર કર્યા. દેશના વિભિન્ન ભાગોમાં ત્રણ પ્રકારની વ્યવસ્થા લાગુ કરવામાં આવી.

### કાયમી જમાબંધી

કોર્નવોલિસની મહેસૂલી વ્યવસ્થા, કાયમી જમાબંધી પદ્ધતિ હતી. 1793માં બંગાળ, બિહાર અને ઓરિસ્સા (ઓડિશા) માટે કાયમી જમાબંધી પદ્ધતિ દાખલ કરવામાં આવી. એની મુખ્ય વિશેષતા આ પ્રમાણેની હતી :

● પોતાના હસ્તકની જમીનનો માલિકી-હક જમીનદારને મળ્યો અને જમીન-મહેસૂલ ઉઘરાવવાના હક સરકારના એજન્ટ તરીકે કાર્ય કરવાનો હતો.

● જે જમીન-મહેસૂલ જમીનદાર એકઠું કરતો તેના 11માંથી 10 ભાગ સરકારને આપવા પડતા અને એક ભાગ તે પોતાના મહેનતાણા તરીકે રાખી શકતો.

● જમીનદાર મારફતે સરકારને આપવાનું મહેસૂલ કાયમી અને નિશ્ચિત હતું. આથી જમીનદારને પોતાના ક્ષેત્રમાં આવતી બધી જમીનનો માલિક જાહેર કરવામાં આવ્યો.

આ પદ્ધતિથી જમીનદારોને શરૂઆતમાં થોડું સહન કરવું પડ્યું. દુષ્કાળ કે ઓછા વરસાદના સમયમાં પણ મહેસૂલી રકમ નક્કી કર્યા મુજબ આપવી પડે અને જે જમીનદાર મહેસૂલ ન ભરી શકે તેમની જમીન હરાજી કરીને પણ કંપનીએ પૈસા વસૂલ કર્યા. પરંતુ શરૂઆતનાં પંદર વર્ષનો ગાળો જે જમીનદારો પસાર કરી ગયા તેઓ પાછળથી ખૂબ જ સદ્ધર બની ગયા. તેમણે જમીનો ખરીદવા માંડી. આ જમીનદારોને જમીનના વિકાસમાં કે ખેડૂતોના કલ્યાણમાં જરા સરખી રુચિ ન હતી. પરિણામે આ પ્રદેશમાં ખેડૂતોના ઘણા બળવા થયા. બંગાળ એક સમયે પૂર્વનો અન્નભંડાર કહેવાતો હતો, તે તદ્દન ઉજ્જડ થઈ ગયો. ત્યાં ભૂખમરો, રોગ અને મૃત્યુનું પ્રમાણ વધ્યું.

**રૈયતવારી પદ્ધતિ :** થોમસ મનરો જેવા સુધારકોએ ક્રમે ક્રમે 'રૈયતવારી' પદ્ધતિ દાખલ કરી. મુંબઈ પ્રાંતમાં આ પ્રથા દાખલ કરવાનો યશ ગવર્નર એલ્ફિન્સ્ટનને ફાળે જાય છે. ઓગણીસમી સદીના પ્રારંભમાં મુંબઈ, આસામ અને મદ્રાસ પ્રાંતોમાં કેટલાક વિસ્તારોમાં લાગુ કરાયેલી રૈયતવારી પદ્ધતિ અનુસાર જમીન ખેડનાર (રૈયત)ને એ જમીનનો માલિક બનાવવામાં આવ્યો અને શરત એટલી કે તેણે જમીન-મહેસૂલ ચૂકવવું. અહીં અંગ્રેજોએ ગિરાસદારો અને ખેડૂતોને પણ માન્યતા આપી જેઓ સીધા રાજ્યને મહેસૂલ ચૂકવતા હતા. આ

ગિરાસદારો નાના જમીનદારો બની ગયા. આ પ્રથાથી જમીનનો જે માલિકીહક મળતો હતો તેથી ખાસ લાભ થતો ન હતો, જેનાં ત્રણ કારણો હતાં :

- જમીનનું અકલ્પનીય મહેસૂલ
- જમીન-મહેસૂલમાં સરકાર ઇચ્છે ત્યારે અને સમયે વધારો કરવાનો હક ધરાવતી હતી.
- કોઈપણ સ્થિતિમાં અર્થાત્ તેની ઊપજ આંશિક કે પૂર્ણપણે નાશ પામે તોપણ રૈયતને જમીન મહેસૂલ તો આપવું પડતું હતું. ગોચર અને પડતર જમીન, જે ગ્રામીણ સમુદાયો હસ્તક હતી, તેની ઉપર રાજ્યનો અધિકાર પ્રસ્થાપિત થયો. જમીનનું મહેસૂલ પણ ખૂબ વધ્યું.

**મહાલવારી પદ્ધતિ :** જમીનદારી પ્રથાનું સુધારેલું સ્વરૂપ એટલે મહાલવારી પદ્ધતિ. આ વ્યવસ્થાનો અમલ ગંગાઘાટ વિસ્તારોમાં ઉત્તરપશ્ચિમ પ્રાંતોમાં, પંજાબમાં અને મધ્યભારતના કેટલાક પ્રદેશોમાં થયો હતો. આ પદ્ધતિ અનુસાર જમીન-મહેસૂલ ખેડૂત અથવા ખેતર નહિ પરંતુ ગામ અથવા મહાલ (જાગીરનો એક ભાગ) અનુસાર મહેસૂલ નક્કી થતું હતું. ગામ માટે અલગ અલગ વ્યવસ્થા હતી. જમીનદારો અથવા જમીનદાર હોવાનો દાવો કરતાં કુટુંબોના વડા સાથે આ વ્યવસ્થા કરવામાં આવતી હતી. અંગ્રેજોએ પરંપરાથી ચાલી આવતી જમીનવ્યવસ્થા અંગે મૂળભૂત ફેરફારો હાથ ધર્યા અને પરિણામે ભારતીય ગામોની સ્થિરતા, સ્વાયત્તતા અને સાતત્ય છિન્ન-ભિન્ન પરિસ્થિતિમાં પહોંચ્યાં.

ઉપરોક્ત ત્રણેય પદ્ધતિઓ, (કાયમી જમાબંધી, રૈયતવારી અને મહાલવારી પદ્ધતિઓ)નો હેતુ જમીન-મહેસૂલ, જમીન-કરમાં વધારો કરી આવક વધારવાનો હતો. જમીન-મહેસૂલથી રાજ્યની આવકમાં હંમેશાં વૃદ્ધિ થતી (1858-59). જમીન-મહેસૂલથી સરકારને પોતાની કુલ આવકના 50 ટકા રકમ જમીન-કરમાંથી મળતી હતી. જમીન-મહેસૂલ મેળવવાની રીતો દુઃખદાયી હતી. સમયે સમયે જમીન-મહેસૂલ ન ભરનાર ખેડૂતોને જુદા જુદા પ્રકારની યાતના આપવામાં આવતી. ન્યાયપદ્ધતિ પણ ભ્રષ્ટ હતી તેથી ખેડૂતોને ન્યાય મળવાની આશા ઠગારી રહેતી.

**કૃષિ ક્ષેત્રે સ્થગિતતા**

ભારત એક કૃષિપ્રધાન દેશ છે. ભારતીયોનું સુખ, દુઃખ, વર્તમાન અને ભવિષ્યનો આધાર ખેતી પર છે. જો ખેત ઉત્પાદન સારું રહ્યું તો ખેડૂતો ખુશખુશાલ - ચારે તરફ સમૃદ્ધિનાં દર્શન થાય, પરંતુ આના અભાવમાં, નબળા વરસમાં દુષ્કાળ અને ભૂખમરાનાં દશ્યો જોવા મળે છે.

છેક 18મી સદી સુધી, કૃષિ અને ગૃહઉદ્યોગમાં એક પ્રકારનો તાલમેલ હતો. ભારત જ્યાં ખેતીવાડીમાં આગળ હતો ત્યાં હુન્નર-ઉદ્યોગમાં પણ વિશ્વમાં આગળપડતું અને ગૌરવશાળી સ્થાન ભોગવતો હતો. અંગ્રેજોએ જ્યારે ભારતના હુન્નર-ઉદ્યોગો ભાંગી નાંખ્યા ત્યારે કારીગરો બેકાર બન્યા, બેકાર કારીગરોએ ગામડામાં જમીન અને ખેતીમાં આશરો લેવાનું વિચાર્યું. અહીં પણ તેમને ખાસ અવકાશ રહ્યો નહિ. તેમાંના કેટલાક ખેડૂતો બન્યા અને મોટાભાગના ખેતમજૂરો. ખેડૂતો અંગ્રેજોએ દાખલ કરેલ જમીન-મહેસૂલી વ્યવસ્થાથી પણ અસર પામ્યા. વસ્તીવધારાએ પણ જમીન પર દબાણ વધાર્યું.

ભારતની રાષ્ટ્રીય આવક, વિદેશ વેપાર, ઔદ્યોગિક વિસ્તાર વગેરે ક્ષેત્રો ભારતીય કૃષિ પર આધારિત હતાં. 1875માં કુલ રાષ્ટ્રીય આવકના 55 ટકાથી 65 ટકા આવક કૃષિની માનવામાં આવે છે. 1901માં નિકાસ કરવામાં આવેલી વસ્તુઓમાંથી 75 કૃષિ સંબંધી હતી. આ વસ્તુઓમાં સુતરાઉ કાપડ, શણ, ચા, ખાંડ કૃષિ સંબંધી હતી. આમ, કૃષિ નિકાસ પર જ ભારતની આર્થિક સમૃદ્ધિ હતી.

અંગ્રેજી શાસકોએ વધુ ધન મેળવવા અને મહેસૂલી આવક વધારવા ભારતીય હિતોની, અહીંના ખેડૂતોની

જરાયે પરવા કરી નહિ. તેઓની સરકારની ખેતી, વેપાર તથા ઉદ્યોગવિષયક નીતિએ ખેડૂતો, જમીનદારો, કારીગરો તથા વેપારીઓની પાયમાલી સર્જી. ઇનામ કમિશને કરેલી ભલામણ અનુસાર દાન કે અન્ય કારણોસર ભેટ અપાયેલી ઘણી-ખરી જમીન સરકારે જપ્ત કરી. આથી ઘણા જમીનદારો બેકાર બન્યા. તેમના ખેડૂતોની દુર્દશા થઈ કારણ કે સરકારે જમીન-મહેસૂલ વધારતાં તેમના પરનો કરબોજ વધ્યો. કોર્નવોલિસે દાખલ કરેલી કાયમી જમાબંધીએ તથા થોમસ મનરોએ અમલમાં મૂકેલી રૈયતવારી પદ્ધતિએ જૂના જમીનદારને તથા ખેડૂતવર્ગને પાયમાલ કરી નાખ્યા. ઘણી વખત ઘરના દાગીના વેચીને પણ ખેડૂતો મહેસૂલ ભરી શકતા નહિ. પરિણામે તેમની જમીન વેચી નાખવામાં આવતી. ખેડૂતોની ઘણીખરી જમીન દેવામાં ડૂબી જતી. કેટલાક ખેડૂતો શાહુકારોની વ્યાજપ્રથાના ભોગ બની પાયમાલ થયા. લાંચ-રુશ્વતે પણ ખેડૂતોને પરેશાન કર્યા. ન્યાય મેળવવાનું ખેડૂતો માટે દુષ્કર બન્યું. જ્યારે પાક સારો થતો ત્યારે ખેડૂતોએ પાછળના દેવા પેટે વધુ ચૂકવી દેવું પડતું હતું. પણ જો મોસમ ખરાબ રહે તો દેવું બમણું થઈ જતું હતું. ખેડૂતો કપાસ અને શણ જેવા રોકડિયા પાકો તરફ વળ્યા આથી અનાજ-ઉત્પાદનમાં ઘટાડો થયો. અનાજની અછત હલ કરવા સરકારે પગલાં ભર્યાં નહિ.

બ્રિટનની આર્થિક નીતિના પરિણામે ભારતીય કૃષિ ઉદ્યોગનું વ્યાપારીકરણ થયું. ચા, કૉફી, ગળી અને શણની ખેતી માટે બ્રિટિશ મૂડીપતિઓએ ભારતમાં બગીચા ઉદ્યોગો વિકસાવ્યા. હવે બજારમાં વેચવા માટે ખાસ પાક તૈયાર થવા લાગ્યો. અનાજના બદલે રૂ, શણ, મગફળી, શેરડી, તમાકુ, તેલીબિયાં, ગળી જેવા જે ઔદ્યોગિક પાક વધુ કમાણી કરાવી આપે તેને ઉત્તેજન અપાયું. ભારતની બ્રિટિશ સરકારે આવા પાકના વ્યાપારીકરણની અને તેની વિશિષ્ટ જાણકારી માટે ઉત્તેજન આપ્યું.

આમ, ઐતિહાસિક, રાજકીય, આર્થિક અને સામાજિક પરિબળોને પરિણામે ભારતીય ખેતીવાડીનું આધુનિકીકરણ કરવાનો માર્ગ અવરોધાયો. ભારતીય ખેતપેદાશોમાં એક પ્રકારની સ્થગિતતા આવી જતાં અને વધતી જતી વસ્તીના કારણે ખાદ્યસામગ્રીની વારંવાર સર્જાતી અછત અને દુષ્કાળ જેવી કુદરતી આપત્તિના કારણે ગરીબાઈ વધતી ગઈ. જગતતાત ચિંતાયુક્ત બન્યો.

### આધુનિક ઉદ્યોગોનો વિકાસ

ભારતમાં મોટાપાયે જે ઉદ્યોગો શરૂ થયેલા તેમાં મુખ્યત્વે શણ, સુતરાઉ કાપડ, લોખંડ અને પોલાદ, કાગળ તથા ચામડાં કમાવવાના ઉદ્યોગોનો સમાવેશ થાય છે. જોકે 19મી સદીના અંત સુધીમાં તેમનો વિકાસ અત્યંત ધીમી ગતિએ થયેલો, કારણ કે ઇંગ્લૅન્ડની સરકાર તેમના વિકાસની આડે આવતી હતી. ઇંગ્લૅન્ડની સરકાર પોતાના ઘરઆંગણાના ઉદ્યોગોના રક્ષણમાં પડી હતી. આમ છતાં, શરૂઆત સારી હતી અને ભવિષ્યમાં તેના વિકાસની ઊજળી તકો જણાઈ આવતી હતી. અહીં પણ ભારતે પુનઃ કાપડ ઉદ્યોગમાં જ ઝડપી પ્રગતિ કરવા માંડી હતી. કોલકાતામાં પહેલી મિલ ચાલુ થઈ (ઈ.સ. 1818) છતાં સુતરાઉ કાપડનો ઉદ્યોગ મુંબઈમાં કેન્દ્રિત થયો. ત્યાં પહેલી મિલ સ્થપાઈ (ઈ.સ. 1854માં) હતી. અમદાવાદમાં પહેલી કાપડ મિલ રણછોડલાલ છોટાલાલે (ઈ.સ.1861) શરૂ કરી. ત્યારબાદ આ ઉદ્યોગનો ઝડપી વિકાસ થયો અને કપાસ જેવો કાચો માલ ઉગાડનાર પ્રદેશોમાં તેનો વિકાસ થયો. આથી હવે મુંબઈ અને અમદાવાદ પછી નાગપુર, સોલાપુર, મદ્રાસ (ચેન્નાઇ) અને અન્ય સ્થળોએ કાપડની મિલો સ્થપાવા લાગી. જોતજોતામાં અમદાવાદ તેની કાપડની મિલોને લીધે ભારતનું 'માન્ચેસ્ટર' બન્યું અને અહીં આશરે 108 મિલો ચાલુ થઈ. ''સ્વદેશી આંદોલન'' (ઈ.સ. 1905) શરૂ થતાં, ભારતના ઉદ્યોગોને ખાસ કરીને કાપડ ઉદ્યોગને નોંધપાત્ર ફાયદો થયો હતો. તેનાથી ભારતમાં અનેક જગ્યાએ કાપડની મિલો સ્થપાઈ હતી. જોકે ભારતના આ ઉદ્યોગોને સરકારની ભારે કનડગત થઈ હતી. 18મી સદીમાં અંગ્રેજોએ 'સંરક્ષિત ઉદ્યોગનીતિ'નો અમલ કર્યો અને 19મી સદીમાં 'મુક્ત વ્યાપારની નીતિ'નો અમલ કર્યો. પરંતુ આ બંને એકબીજાની વિરુદ્ધની નીતિઓ હોવા છતાં બંનેનો અમલ એવી સિફતથી થયો કે ઇંગ્લૅન્ડના ઉદ્યોગોને ફાયદો થાય અને ભારતના ઉદ્યોગોને નુકસાન.

ભારતનું ઔદ્યોગિકીકરણ રોકવા માટે વિદેશોમાંથી આયાત કરવામાં આવતી યંત્રસામગ્રી પર નાખવામાં આવેલી જકાત રદ કરવામાં આવી (ઈ.સ. 1860). આ પછી ભારતમાં સૌપ્રથમ બંગાળમાં બ્રિટિશરોની મૂડી દ્વારા શણનો ઉદ્યોગ શરૂ કરવામાં આવ્યો હતો. ઈ.સ. 1911માં જમશેદજી તાતાએ જમશેદપુર (સાકચી)માં લોખંડનું સૌપ્રથમ કારખાનું સ્થાપ્યું અને પાયાના ઉદ્યોગની શરૂઆત કરી. વડોદરામાં 'ઍલેમ્બિક કેમિકલ વર્કસ'ની સ્થાપના (ઈ.સ. 1907) થઈ. આ ઉપરાંત કાગળ ઉદ્યોગ, તમાકુ, રેશમ, ચામડાં વગેરેના ઉદ્યોગો શરૂ થયા હતા.

મહાત્મા ગાંધીજીના આગમન પછી તેમણે ભારતની ગરીબી અને બેકારી દૂર કરવા ગ્રામોદ્યોગ, હાથકાંતણ, હાથવણાટ, કુટીર-ઉદ્યોગ અને હુન્નર-ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું. જોકે તેમણે સમગ્ર રીતે યંત્રનો કદીયે વિરોધ કર્યો ન હતો. તેમનો વિરોધ યંત્રોની ઘેલછા તરફ હતો.

ઉદ્યોગોના વિકાસમાં વૈજ્ઞાનિક સંશોધનો મહત્ત્વનો ભાગ ભજવે છે. જમશેદજી તાતાએ બૅંગ્લોર (બૅંગાલુરુ)માં 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ' નામની એક વૈજ્ઞાનિક સંશોધન કરનારી સંસ્થાની પણ સ્થાપના કરી. જમશેદજી તાતાએ ભારતમાં વિમાનો બનાવવાનો ઉદ્યોગ શરૂ કરવાનો પ્રયત્ન (ઈ.સ. 1940) કર્યો, પરંતુ બ્રિટિશ સરકારે તેને પરવાનગી ન આપી. આમ છતાં 20મી સદીના પૂર્વાર્ધમાં ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ભારતમાં ઉદ્યોગોનો નોંધપાત્ર વિકાસ થયો. રસાયણ ઉદ્યોગ, જહાજ બાંધવાનો ઉદ્યોગ વગેરે ઉદ્યોગો નાના પાયા પર શરૂ થયા હતા. સરકારે ઉદ્યોગો પર વધારાનો કર પણ નાખ્યો છતાં તેમણે અઢળક નફો કર્યો. મૂડીનું રોકાણ વધવા માંડ્યું અને હવે ઉદ્યોગોના વિકાસનું પૂર રોકવાનું સરકાર માટે મુશ્કેલ બન્યું. ભારતને આઝાદી (15મી ઑગસ્ટ, 1947) મળતાં ઉદ્યોગોના વિકાસ માટે સરકારે પંચવર્ષીય યોજનાઓ ઘડી. આથી ભારત પુનઃ ખેતીપ્રધાન રાષ્ટ્રની સાથે ઉદ્યોગપ્રધાન રાષ્ટ્ર પણ બન્યું.

**ગરીબી અને દુષ્કાળો**

ભારતની પ્રજાનું આર્થિક શોષણ કરવા અપનાવેલી કંપની સરકારની નીતિઓએ દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં દેશની પ્રજાની હાડમારીમાં અનેક રીતે વધારો કર્યો.



**દુષ્કાળનું ચિત્ર**

વાઇસરૉય કેનિંગના સમયમાં આગ્રા, રાજપૂતાના તથા પંજાબમાં દુષ્કાળ પડ્યો (ઈ.સ. 1861), પરંતુ તેમાં લોકોને રાહત આપવાનાં કોઈ ખાસ પગલાં ભરવામાં આવ્યાં ન હતાં. વાઇસરૉય સર જૉન્સ લૉરેન્સના સમયમાં (ઈ.સ. 1866) ઓરિસ્સામાં ભયંકર દુષ્કાળ પડ્યો, જેમાં લગભગ 20 લાખ માણસો ભૂખમરાથી મૃત્યુ પામ્યાં. બે વરસ પછી (ઈ.સ. 1867-69) રાજપૂતાના તથા બુંદેલખંડમાં જ્યારે દુષ્કાળ પડ્યો ત્યારે ભૂખમરાને કારણે જાનહાનિ ન થાય તેની તેણે તકેદારી રાખી. તેવી જ રીતે વાઈસરૉય નોર્થબુકે (બંગાળ-બિહારમાં દુષ્કાળ પડ્યો ઈ.સ. 1873-74 ત્યારે) બર્મામાંથી મોટા પાયે ચોખા મંગાવી રાખીને તકેદારી દાખવી. વાઇસરૉય લિટનની કારકિર્દીની શરૂઆત જ દુષ્કાળથી થઈ. ઈ.સ. 1876-78નાં બે વર્ષ દરમિયાન મદ્રાસ (ચેન્નાઇ), મુંબઈ, હૈદરાબાદ, મૈસુર, પંજાબ અને મધ્યહિંદના કોઈ ને કોઈ ભાગમાં દુષ્કાળ પડ્યો. વાઇસરૉય એલ્ગિન બીજાના સમયમાં (ઈ.સ. 1896-97) ભયંકર દુષ્કાળ પડ્યો. આ દુષ્કાળથી ત્રણ કરોડ ચાલીસ લાખ લોકો અસરગ્રસ્ત થયા. લગભગ સાડા સાત લાખ લોકો મૃત્યુ પામ્યા. પરંતુ સરકારે દુષ્કાળપીડિત લોકો માટે કોઈ વિશેષ ઉપાયો કર્યા નહિ. એ જ રીતે વાઇસરૉય કર્ઝનના સમય (ઈ.સ. 1899-1900)માં પણ ભારે દુષ્કાળ પડ્યો. લાખો લોકો મૃત્યુ પામ્યા. કરોડોની સંપત્તિ નાશ પામી. તેમ છતાં કર્ઝને તે માટે કોઈ ખાસ કાળજી લીધી નહિ.

વાસ્તવમાં વાઈસરૉય લિટનના સમયમાં સરકારે દુષ્કાળનીતિ ઘડીને પુષ્કળ ખર્ચ કર્યો. તેમ છતાં બધાં મળી લગભગ 50 લાખ માણસો મૃત્યુ પામ્યાં, 20 લાખ એકર જમીન બિનખેડાણ રહી અને અઢી કરોડ રૂપિયાનું મહેસૂલ જતું કરવું પડ્યું. પરંતુ આ ભયંકર નુકસાનને પરિણામે જ સરકારની કાયમી દુષ્કાળનીતિનો પાયો નંખાયો. સર રિચાર્ડ સ્ટ્રેચીના પ્રમુખપણા નીચે એક દુષ્કાળ સમિતિ નીમવામાં આવી. આ સમિતિએ દુષ્કાળગ્રસ્ત વિસ્તારોને કઈ રીતે મદદ કરવી તેના નિયમો વિશે કેટલીક ભલામણો કરી. આમાં સશક્ત માણસોને કામ આપવું, માત્ર અશક્તોને જ મદદ કરવી, ઉપરાંત બિયારણ ખરીદવા લોન આપવી, મહેસૂલ માફ કરવું તેવી ભલામણોનો સમાવેશ થતો હતો. વળી સરકારે દર વર્ષે પોતાના બજેટમાં દોઢ કરોડ રૂપિયા દુષ્કાળ માટે અલગ રાખવા જેમાંથી દુષ્કાળ વખતે રેલવે, નહેરો વગેરે બાંધકામનાં કાર્યો હાથ ધરી શકાય તથા દુષ્કાળરાહત માટે બને ત્યાં સુધી પ્રાંતીય સરકારોએ ખર્ચ ઉપાડવો અને કેન્દ્ર સરકારે તો માત્ર જરૂર પડે તો જ મદદ કરવી તેમ ઠરાવવામાં આવ્યું. આમ, વાઈસરૉય લિટન દુષ્કાળનીતિના ઘડવૈયા તરીકે જાણીતો થયો. તેણે આંકેલી નીતિ પર ભવિષ્યમાં દુષ્કાળસમયે રાહત આપવામાં આવી.

સર વિલિયમ દિગ્બીના મંતવ્ય અનુસાર 19મી સદીના અંત સુધીમાં ભારતમાં પડેલ દુષ્કાળોમાં અંદાજે 2,85,000 જેટલા લોકો મૃત્યુ પામ્યા હતા. દુષ્કાળની અસરથી ગરીબાઈનું પ્રમાણ વધ્યું હતું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) એક વખતનું સમૃદ્ધ બંગાળ કંગાળ અને ગરીબ કઈ રીતે બન્યું ?

(2) ભારતના હુન્નર-ઉદ્યોગના વિનાશ માટે અંગ્રેજોએ શું કર્યું ?

(3) ભારતમાં કૃષિક્ષેત્રે સ્થગિતતા શાં કારણોથી આવી ?

(4) ભારતમાં કયા પ્રકારના આધુનિક ઉદ્યોગો ક્યાં શરૂ થયા ?

(5) ભારતમાં ઔદ્યોગિકીકરણમાં અંગ્રેજ સરકારે કયા અંતરાયો ઊભા કર્યા હતા ?

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) કયાં યુદ્ધોએ અંગ્રેજોને બંગાળના માલિક બનાવ્યા ?

(2) ક્લાઈવે મુઘલ સમ્રાટ પાસેથી કઈ સત્તા મેળવી ?

(3) અંગ્રેજોનું આર્થિક કેન્દ્ર હંમેશાં કયું રહેતું હતું ?

(4) હસ્તકલા-કારીગરીના ઉદ્યોગોમાં ભારતનો મુખ્ય ઉદ્યોગ કયો હતો ?

(5) ભારતના હુન્નર-ઉદ્યોગના નાશ માટે અંગ્રેજોએ શાં પગલાં ભર્યાં ?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) કંપની શાસનમાં ભારતીયોનો રાષ્ટ્રીય ઉદ્યોગ કયો હતો ?
(અ) સુથારીકામ (બ) વહાણવટા (ક) બગીચા ઉદ્યોગ (ડ) વણાટ ઉદ્યોગ

(2) ભારતનો વહાણ બાંધવાનો ઉદ્યોગ કોના એ જ ઉદ્યોગથી ચઢિયાતો હતો ?
(અ) ચીન (બ) ઇંગ્લૅન્ડ (ક) જાપાન (ડ) બર્મા

(3) ઢાકાનું કયું વસ્ત્ર વિશ્વવિખ્યાત હતું ?
(અ) રેશમ (બ) મલમલ (ક) શાલ (ડ) દુપટ્ટા

(4) નાગપુરનું રેશમ શેના માટે જાણીતું હતું ?
(અ) બોર્ડર (બ) ધોતી (ક) ઝભ્ભા (ડ) દુપટ્ટા

(5) અમદાવાદ કયા પ્રકારના કાપડ માટે જાણીતું હતું ?
(અ) ધોતી (બ) ઝભ્ભા (ક) માદરપાટ (ડ) મલમલ

●

# 7 સામાજિક અને ધાર્મિક સુધારણાની ચળવળો

અગાઉના પ્રકરણમાં આપણે જોઈ ગયા કે રાજકીય અને આર્થિક દૃષ્ટિએ અંગ્રેજી શાસન સામ્રાજ્યવાદી શોષણખોર અને આપખુદ તથા પીડાકારક હતું. પરંતુ આપણને આશ્ચર્ય થાય તેવી બાબત એ છે કે એ જ વખતે આ અંગ્રેજી શાસન સામાજિક અને શૈક્ષણિક બાબતોમાં ઘણું પ્રગતિશીલ હતું. તેઓ તત્કાલીન યુરોપમાં પ્રવર્તતા સામાજિક માનવતાવાદ, બુદ્ધિવાદ અને શિક્ષણ સાથે સંકળાયેલાં નવાં જ મૂલ્યો લઈને ભારત આવ્યા હતા. એટલું જ નહિ પરંતુ આ મૂલ્યોની સાથે -સાથે આધુનિક શૈક્ષણિક સંસ્થાઓ, રેલવે, તાર, ટપાલ, માર્ગ અને વાહનવ્યવહાર, શિક્ષણ અને સંચાર સાથે સંકળાયેલા માધ્યમોનો પણ અહીં તેમણે વિકાસ કર્યો હતો.

આ દૃષ્ટિએ તેઓ બુદ્ધિગમ્ય (Rational), ધર્મ નિરપેક્ષ (Seculor) અને પ્રગતિશીલ (Progressive) બાબતોના સ્થાપક હતા એમ કબૂલવું રહ્યું. 19મી સદીના પ્રારંભે રાજા રામમોહન રૉય જેવા મહાન સામાજિક નેતાઓએ તેમના આ વિચારો-મૂલ્યોને ઝીલ્યા. ફલતઃ ભારતમાં પ્રવર્તતા અને સામાજિક-ધાર્મિક અનિષ્ટોને દૂર કરવાના હેતુ સાથે તેઓ અત્યંત પ્રયત્નશીલ બન્યા હોવાનું જણાય છે.

ભારતમાં અંગ્રેજી શાસનથી જાગૃતિના નવા યુગનો પ્રારંભ થયો. ભારતને અંગ્રેજોની સાથે પ્રથમ લગભગ દોઢસો વર્ષનો વેપારી તરીકેનો તથા ત્યારપછીનાં બીજાં દોઢ સો વર્ષ ઉપરનો શાસનકર્તા તરીકેનો સંબંધ રહ્યો. તેને કારણે ભારતીય સંસ્કૃતિ પાશ્ચાત્ય વિચારધારા અને પાશ્ચાત્ય સંસ્કૃતિના સંપર્કમાં આવી અને તેમાંથી આધુનિક ભારતની નવરચના માટેની ભૂમિકા બંધાઈ. અંગ્રેજોના સંપર્કથી રાજકીય અને આર્થિક ક્ષેત્રોની જેમ સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે પણ નવાં પ્રસ્થાનો થયાં. ધીમે ધીમે ભારતીય સમાજનાં પ્રવર્તમાન દૂષણો અને ક્ષતિઓ પણ બહાર આવવાની શરૂઆત થઈ. પરિણામે 19મી સદીમાં આધુનિક વિચારસરણી ધરાવતા સમાજ-સુધારકો ભારતીય સમાજની ક્ષતિઓ અને અનિષ્ટોને દૂર કરવા કટિબદ્ધ બન્યા. જોકે શરૂઆતમાં કેટલાક નેતાઓએ અતિ ઉત્સાહથી પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રવાહો ઝીલીને સમાજ-સુધારણા અને ધર્મ-સુધારણાની પ્રવૃત્તિઓ ચલાવી જેમાં બંગાળમાં બ્રહ્મોસમાજ અને મહારાષ્ટ્રમાં પ્રાર્થના- સમાજની પ્રવૃત્તિઓ આ નવપ્રસ્થાનની દ્યોતક ગણી શકાય. પરંતુ પાશ્ચાત્ય સંસ્કૃતિના આ આક્રમણના પ્રતિકારસ્વરૂપે કેટલાક પ્રતિભાવંત નેતાઓએ 19મી સદીના ઉત્તરાર્ધમાં ભારતીય સંસ્કૃતિના મૂળભૂત ગૌરવવંતાં મૂલ્યો તરફ સમાજને અભિમુખ કરી સમાજ-સુધારણા અને ધર્મ-સુધારણાની પ્રવૃત્તિઓ આરંભી, જેમાં આર્ય સમાજ અને રામકૃષ્ણ મિશનની પ્રવૃત્તિઓ રાષ્ટ્રીય ભાવનાની દૃષ્ટિએ ખાસ મહત્ત્વની ગણાય. અલબત, આ બધા જ સુધારકો તેમના વિચારો તથા પદ્ધતિઓમાં તફાવત હોવા છતાં, દેશ અને સમાજની સાચા હૃદયથી ઉન્નતિ ચાહતા હતા. 19મી સદીને ભારતીય ઈતિહાસમાં સાંસ્કૃતિક અને બૌદ્ધિક જાગરણની સદી કહેવામાં આવે છે.

### રાજા રામમોહનરાય અને બ્રહ્મોસમાજ


**રાજા રામમોહનરાય**

19મી સદીના પ્રારંભમાં આવેલ ભારતીય નવજાગૃતિના અગ્રદૂત રાજા રામમોહન-રાય (1774-1833) અને તેમણે સ્થાપેલ બ્રહ્મસમાજ સંસ્થા હતી. રાજા રામમોહનરાયનો જન્મ (22 મે, 1774) બંગાળના હુગલી જિલ્લાના રાધાનગર ગામમાં રમાકાંતને ત્યાં બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમણે પ્રારંભિક શિક્ષણ પટણા અને વારાણસીમાં લીધું હતું. તેમણે બંગાળી ઉપરાંત ઉર્દૂ, સંસ્કૃત, ગ્રીક, હિબ્રૂ, લૅટિન, ફારસી, અરબી તથા પાછળથી અંગ્રેજી ભાષા ઉપર પણ પ્રભુત્વ મેળવ્યું હતું. તેમણે જુદા જુદા ધર્મોના ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. રાજા રામમોહનરાયની વિચારસરણીમાં વેદાંત ધર્મ, ઈસ્લામ ધર્મ અને ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતની સંયુક્ત અસર જોવા મળે છે. સામાજિક-ધાર્મિક સુધારણાનાં આંદોલન ચલાવવા તેમણે બ્રહ્મોસમાજની સ્થાપના કરી. તેઓ બ્રહ્મોસમાજના આદ્યપ્રણેતા હતા.

### સમાજસુધારા

રાજા રામમોહનરાયે બંગાળના રૂઢિચુસ્ત સમાજમાં ક્રાંતિકારી સુધારા લાવવા પ્રયત્નો કર્યા. તેમના

સમાજસુધારાના ખ્યાલોમાં મુખ્યત્વે (1) હિંદની પ્રગતિમાં જ્ઞાતિપ્રથા મોટો અવરોધ છે. (2) કુટુંબમાં સ્ત્રીઓને ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત થાય તો જ સમાજમાં તેમનું સન્માન વધે. (3) સતીપ્રથા એ વાસ્તવિક અર્થમાં ખૂન જ છે - વહેલામાં વહેલી તકે તેના પર પ્રતિબંધ મૂકવો જોઈએ. (4) બાળલગ્ન હાનિકારક છે. (5) વિધવાઓને પુનર્લગ્ન કરવાની છૂટ મળવી જોઈએ. (6) બહુપત્નીપ્રથાનો અંત આણવો જોઈએ. (7) પિતાના વારસામાં પુત્રીનો પણ ભાગ હોવો જોઈએ વગેરેનો સમાવેશ થતો હતો. તેમણે સમાજસુધારા માટે અંગ્રેજી શિક્ષણને મહત્ત્વનું ગણાવ્યું. તેમણે કોલકાતામાં હિંદુ કૉલેજની સ્થાપના કરી, તથા અખબારી સ્વાતંત્ર્ય, વાણીસ્વાતંત્ર્ય, સ્ત્રી-અધિકાર, વ્યક્તિસ્વાતંત્ર્ય, કારોબારીથી ન્યાયતંત્રને અલગ રાખવા જેવી બાબતોની બ્રિટિશ સરકારને ભલામણ કરી. તેમની સતીપ્રથાના વિરોધની ઝુંબેશને પરિણામે વિલિયમ બૅન્ટિકે સતીપ્રથા ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો ઘડ્યો (ઈ.સ. 1829).

તેઓ પ્રેસની સ્વતંત્રતાના મહાન હિમાયતી હતા. તેમણે બંગાળીમાં ‘સંવાદ કૌમુદી’ અને ફારસીમાં ‘મિરાત-ઉલ-અખબાર’ નામનાં સમાચારપત્રો શરૂ કર્યાં. પોતાના વિચારો ફેલાવવા માટે તેમણે ‘આત્મીય સભા’ની સ્થાપના (ઈ.સ. 1815) કરી જે પાછળથી ‘બ્રહ્મસભા’માં પરિણમી. ‘બ્રહ્મસભા’ના સભ્યો જુદાં જુદાં દેવદેવીઓમાં માનવાને બદલે માત્ર એક જ ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારતા હતા. તેના સભ્યો નાતજાતના ભેદભાવ રાખ્યા વગર એક જ મકાનમાં એકઠા મળીને પ્રાર્થના કરતા, પાછળથી બ્રહ્મસભા બ્રહ્મોસમાજ નામે ઓળખાઈ.

દિલ્હીના મુઘલ બાદશાહ બહાદુરશાહે તેમને ‘રાજા’ની પદવી આપી. દિલ્હીના બાદશાહે પોતાની જાગીરી હક અંગેના કેસ બાબતે રાજા રામમોહનરાયને ઇંગ્લૅન્ડ મોકલ્યા ત્યારે (ઈ.સ. 1833) બ્રિસ્ટૉલ મુકામે તેમનું અવસાન થયું.

### દેવેન્દ્રનાથ ઠાકુર (ટાગોર) :

રાજા રામમોહન રાયનું ઇંગ્લૅન્ડમાં અવસાન થયા બાદ કવિવર રવીન્દ્રનાથ ટાગોરના પિતા દેવેન્દ્રનાથ ટાગોર ‘બ્રહ્મસભા’માં જોડાતાં તેમાં નવો પ્રાણ પુરાયો. દેવેન્દ્રનાથે સભાના સભ્યો માટે ‘પ્રતિજ્ઞાપત્ર’ દાખલ કરી તેને વ્યવસ્થિત સંસ્થાનો આકાર આપ્યો. તે ઉપરાંત સંસ્થાનું વ્યવસ્થિત બંધારણ ઘડી ‘બ્રહ્મોસમાજ’નું નેતૃત્વ લીધું અને ‘તત્ત્વબોધિની પત્રિકા’ શરૂ કરી. તે દ્વારા સંસ્થાના સિદ્ધાંતોનો પ્રચાર પણ શરૂ કર્યો.


કેશવચંદ્ર સેન બ્રહ્મોસમાજમાં જોડાતાં તેમના ઉત્સાહ, વકતૃત્વશક્તિ અને લોકપ્રિયતાને કારણે બંગાળમાં આ સંસ્થાનો ઘણો પ્રચાર થયો, પરંતુ પાછળથી દેવેન્દ્રનાથ ટાગોર સાથે મતભેદો ઊભા થતાં તેમણે ‘ભારતીય બ્રહ્મોસમાજ’ નામે નવી સંસ્થાની સ્થાપના કરી.

### બ્રહ્મોસમાજની પ્રવૃત્તિઓ

19મી સદીમાં બ્રહ્મોસમાજ અને તેની શાખાઓએ સમાજ-સુધારણા અને ધર્મ-સુધારણાના ક્ષેત્રે ક્રાંતિકારી ભૂમિકા અદા કરી. તેમણે એકેશ્વરવાદનો પ્રચાર કર્યો. મૂર્તિપૂજા, વિધિવિધાનો અને બાહ્યાચારને બદલે હૃદયપૂર્વકની પ્રાર્થના, કીર્તન અને પશ્ચાત્તાપને મહત્ત્વ આપ્યું. ખાસ કરીને સ્ત્રીઓની સામાજિક સ્થિતિ સુધારવા, બાળલગ્ન, સતીપ્રથા, બહુપત્નીપ્રથા અને પડદાપ્રથા નાબૂદ કરવાનો પ્રયત્ન કર્યો. તેઓએ વિધવાવિવાહ તથા સ્ત્રીઓની કેળવણીને ઉત્તેજન આપ્યું. ઉપરાંત જ્ઞાતિવાદને દૂર કરવા આંતરજ્ઞાતીય લગ્નો અને આંતરજ્ઞાતીય ભોજનને ઉત્તેજન આપ્યું. જોકે બ્રહ્મો- સમાજ પાશ્ચાત્ય સંસ્કૃતિ અને પાશ્ચાત્ય વિચારસરણીથી વધુ પ્રભાવિત થયો હતો. તે કારણે સમાજના બહુધા શિક્ષિત લોકો તેમાં જોડાયા હતા. બ્રહ્મોસમાજે ભારતમાં ઉદારમતવાદ અને આધુનિકતાનું વાતાવરણ તૈયાર કર્યું. બ્રહ્મોસમાજની પ્રવૃત્તિઓ બુદ્ધિશાળી મધ્યમવર્ગ પૂરતી મર્યાદિત હતી. વિશેષતઃ તે શહેરી વિસ્તારોમાં ફેલાયેલી હતી. તેની પ્રવૃત્તિઓ ગ્રામીણ વિસ્તારોના નીચલા વર્ગોમાં અસર ઉપજાવી શકી ન હતી તોપણ ધર્મ અને સમાજ-સુધારણામાં બ્રહ્મોસમાજનું પ્રદાન નોંધપાત્ર ગણાય.

### જ્યોતિબા ફુલે

જ્યોતિરાવ ગોવિંદરાવ ફુલે (1827-1890) નો જન્મ માળી પરિવારમાં થયો. એવું કહેવાય છે કે તેમના પૂર્વજો પેશ્વાઓને ફૂલ અને ફૂલમાળાઓ મોકલતા તેથી તેઓ ફુલે કહેવાયા. જ્યોતિરાવ બાળપણથી જ શીલવાન




જ્યોતિબા ફુલે

હતા. તેમણે સ્કોટિશ મિશન શાળામાં શિક્ષણ લીધું. શિક્ષણ દરમિયાન તેમને માનવ અધિકારો અને કર્તવ્યોની જાણકારી પ્રાપ્ત થઈ. તેમને શિવાજી અને જૉર્જ વૉશિંગ્ટનના જીવનમાંથી પ્રેરણા મળી. તેમણે ટૉમસ પેનના પુસ્તક 'રાઈટ્સ ઑફ મૅન'નો અભ્યાસ કર્યો હતો અને વાસુદેવ બળવંત ફડકે પાસેથી નિર્ભયતાના પાઠ ભણ્યા. તેમને અભ્યાસથી એવું લાગ્યું કે બધા ધર્મોમાં કેટલુંક સમાન છે, સામ્ય છે. તેમણે સ્ત્રીઓ તથા દલિતોના પ્રશ્નો હલ કરવા પ્રયત્નો કર્યા. દલિતોને ન્યાય તથા આત્મસન્માન અપાવવા, સ્ત્રીશિક્ષણ માટે પ્રયત્નો કર્યા. પૂણેમાં કન્યાશાળા શરૂ (ઈ.સ. 1851) કરી. દલિતોનાં બાળકો માટે પણ શાળા શરૂ કરી. તેમણે વિધવાઓને પુનર્લગ્ન કરવામાં મદદ કરીને 'સત્યશોધક સમાજ'ની સ્થાપના (ઈ.સ. 1873) કરી. તેનો ઉદ્દેશ સમાજના પછાત અને ઉપેક્ષિત વર્ગને ન્યાય અપાવવાનો હતો. તેમણે વિદ્યાલયો અને અનાથાલયો શરૂ કર્યાં, તેમણે કેટલાક ગ્રંથો પ્રકાશિત કર્યા જેમ કે - 'ધર્મ તૃતીય રત્ન', 'ઈશારા' અને 'શિવાજી કી જીવની' અને 'ગુલામગીરી' નામનું પુસ્તક લખ્યું. આ ગ્રંથો દ્વારા તેમણે બ્રાહ્મણોના આધિપત્ય સામે પડકાર ફેંક્યો. તેમણે હંટર કમિશનને આવેદનપત્ર આપીને જણાવ્યું કે ખ્રિસ્તી મિશનરીઓનો ઉદ્દેશ દેશભક્તિપૂર્ણ નથી અને શિક્ષણ પૂરતો સીમિત પણ નથી.

પોતાનાં સમાજ-સુધારણાનાં કાર્યોથી આ જ્યોતિરાવ દેશભરમાં જાણીતા થયા. તેમને પૂના નગરપાલિકાના સભ્ય બનાવવામાં આવ્યા. તેમની સમાજસેવાની કદરરૂપે મુંબઈના નાગરિકોએ તેમનું અભિવાદન કરી તેમને મહાત્માની પદવી આપી. ત્યારથી જ્યોતિરાવ ભારતમાં 'મહાત્મા જ્યોતિબા ફુલે' તરીકે ઓળખાય છે. ડૉ. આંબેડકર અને મહર્ષિ કર્વે તેમને ગુરુતુલ્ય માનતા. જ્યોતિબાએ સમજાવેલ સાર્વજનિક સત્યધર્મના પાયામાં સમાનતા, ન્યાય, બૌદ્ધિકતા, બંધુતા વગેરે બાબતો હતી. તેમનું મૃત્યુ (28 નવેમ્બર, 1890) થયું હોવા છતાં, તેમની પ્રવૃત્તિઓ આજપર્યંત ચાલુ રહી છે તે એમનાં કાર્યો અને વિચારોની સાર્થકતા દર્શાવે છે.

## સ્વામી દયાનંદ સરસ્વતી અને આર્યસમાજ



સ્વામી દયાનંદ સરસ્વતી

સ્વામી દયાનંદ સરસ્વતી (1824-1883) : આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ ગુજરાતમાં મોરબી નજીક ટંકારા ગામમાં (ઈ.સ. 1824) સનાતની બ્રાહ્મણ કુટુંબમાં થયો. તેમનું બાળપણનું નામ મૂળશંકર હતું. એક વખત શિવરાત્રિના પર્વ પર એક ઉંદરને શિવલિંગ ઉપરથી ખાદ્ય સામગ્રી લઈ જતાં જોઈને તેમને લાગ્યું કે જો ભગવાન પોતાનું રક્ષણ ન કરી શકતો હોય તો તે બીજાનું રક્ષણ કેવી રીતે કરી શકે ? એ પ્રસંગથી તેમના જીવનમાં પરિવર્તન આવ્યું. હવે તે સત્યની શોધ કરવા કૃતનિશ્ચયી બન્યા. મૂર્તિપૂજા અને કર્મકાંડમાં તેમને અવિશ્વાસ ઊભો થયો. તેમણે સત્યની શોધમાં ગૃહત્યાગ કર્યો. 15 વર્ષ સુધી દેશભરમાં પરિભ્રમણ કરી યોગનો અભ્યાસ કર્યો, સ્વામી પૂર્ણાનંદ પાસે સંન્યાસની દીક્ષા લીધી. ત્યારબાદ તેઓ સ્વામી દયાનંદ તરીકે ઓળખાવા લાગ્યા. તેમણે મથુરામાં સ્વામી વિરજાનંદ પાસે શિક્ષણ મેળવ્યું. તેમણે દિલ્હી અને પંજાબમાં દેશાટન કરી મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરી (1875). તેમાં તેમણે ફક્ત દસ નિયમો અને ''વેદો તરફ પાછા ફરો'' જેવાં સૂત્રો આપ્યાં. જોધપુર રાજ્યની મુલાકાત વેળાએ તેમના વિરોધીઓએ ભોજનમાં કાચનો ભૂકો કે ઝેર ભેળવીને ખવડાવતાં તેમનું દેહાવસાન (30 ઑક્ટોબર, 1883-દિવાળી) થયું.

### ઉપદેશ

તેમની પ્રખર વિદ્વત્તા અને ચિંતને તેમને ભારતની બધી જ સમસ્યાઓનો ઉકેલ વેદધર્મમાં શોધવા પ્રેર્યા અને તેમણે 'વેદ તરફ પાછા વળો' નું સૂત્ર આપ્યું. તેમને વેદોમાં ભારતીય ધર્મ અને ભારતીય સંસ્કૃતિનાં દર્શન થયાં.

તેમના ઉપદેશનો સાર આ પ્રમાણે હતો. પરમેશ્વરના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન વેદમાં સમાયેલું છે. તેથી વેદનું અધ્યયન તે જ સાચું અધ્યયન છે. વેદ-અધ્યયન કરવાનો અધિકાર દરેક મનુષ્યનો છે. મનુષ્ય જીવનની દરેક સમસ્યાનો ઉકેલ વેદમાં પડલો છે. વૈદિક સમયમાં માનવસંસ્કૃતિ પૂર્ણાવસ્થાએ પહોંચી હતી અને વર્ણાશ્રમ ધર્મમાં સમાજરચનાનાં બધાં જ શ્રેષ્ઠ તત્ત્વો રહેલાં છે. છતાં ચાર વર્ણનો આધાર જન્મ નહિ પણ ગુણકર્મ હોવો જોઈએ. જેનામાં જે વર્ણના ગુણ હોય તેને તે વર્ણનો અધિકાર મળવો જોઈએ. આર્યના વૈદિક ધર્મના દરવાજા બધા ધર્મના લોકો માટે ખુલ્લા હોવા જોઈએ તેમજ શુદ્ધીકરણથી કોઈપણ વ્યક્તિને આ ધર્મમાં પ્રવેશ મળવો જોઈએ. સ્વામી દયાનંદ સરસ્વતીએ ‘સત્યાર્થપ્રકાશ’ નામના તેમના ગ્રંથમાં આ બધા સિદ્ધાંતોની વિસ્તૃત રજૂઆત કરી છે. સ્વામી દયાનંદે તે સમયના પ્રચલિત ધર્મોમાં પેસી ગયેલા સડાઓ, વહેમો તથા અંધશ્રદ્ધાયુક્ત માન્યતાઓનું સ્પષ્ટ રીતે ખંડન કર્યું. તેમણે વેદોમાંથી આધાર આપીને મૂર્તિપૂજાનો સખત વિરોધ કર્યો. તેમણે બાળવિવાહ તથા જ્ઞાતિપ્રથાનો પણ વિરોધ કર્યો. કન્યાકેળવણી, વિધવાવિવાહ જેવા અત્યંત પ્રગતિશીલ સુધારાની તેમણે તરફેણ કરી.

### આર્યસમાજની પ્રવૃત્તિઓ

સ્વામી દયાનંદ સરસ્વતીએ પોતાના વિચારોનો ફેલાવો કરવા માટે આર્યસમાજની સ્થાપના કરી. આ સંસ્થા દ્વારા હિંદુઓને સંગઠિત કરવા તથા પશ્ચિમની સંસ્કૃતિના પ્રહારો સામે હિંદુ ધર્મનું રક્ષણ કરવા તેમણે પ્રયત્નો કર્યા. તેમણે ધર્માંતર કરાયેલા હિંદુઓને હિંદુ ધર્મમાં ફરી લાવવાની ‘શુદ્ધિ ચળવળ’ શરૂ કરી.

આ ઉપરાંત, આર્યસમાજે બાળલગ્ન વિરોધ, વિધવાવિવાહને ઉત્તેજન, કન્યાકેળવણી, દલિતોદ્ધાર વગેરેની ઝુંબેશ આરંભીને સમાજ-સુધારણાની પ્રવૃત્તિઓ હાથ ધરી. તેમણે દરિદ્રનારાયણની સેવાનો આદર્શ રજૂ કર્યો. જન્મથી કોઈ મનુષ્ય હીન કે અછૂત નથી તેવો સંદેશો આપીને તેમણે માનવની સમાનતાનો આદર્શ પણ લોકો સમક્ષ રજૂ કર્યો. તેઓના પ્રભાવના કારણે તેમના અનુયાયીઓમાં સંયમ, ત્યાગ, લોકસેવા અને ધર્મનિષ્ઠાના ગુણો કેળવાયા હતા.

સ્વામી દયાનંદ સરસ્વતીના અવસાન પછી લાલા હંસરાજ, પંડિત ગુરુદત્ત, સ્વામી શ્રદ્ધાનંદ અને લાલા લજપતરાય જેવા નિષ્ઠાવાન નેતાઓએ આ સંસ્થાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી. લાલા હંસરાજે ઈ.સ. 1889માં લાહોરમાં ‘દયાનંદ ઍંગ્લો-વૈદિક કૉલેજ’ની સ્થાપના કરી. સ્વામી શ્રદ્ધાનંદે ઈ.સ. 1902માં હરદ્વાર પાસે ‘કાંગડી ગુરુકુળ’ સ્થાપ્યું. આર્ય-સમાજે ભારતીય સંસ્કૃતિ અનુસાર કાંગડીના ગુરુકુળ મારફત ઉચ્ચ કેળવણી તથા કન્યાકેળવણીનો ફેલાવો કરવાનું અતિ મહત્ત્વનું કાર્ય કર્યું. આ ઉપરાંત સ્ત્રીઓની તેમજ દલિત વર્ગોની સ્થિતિ સુધારવામાં પણ તેઓએ ઘણું નોંધપાત્ર કાર્ય કર્યું હતું. હિન્દીને રાષ્ટ્રભાષાનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

### રામકૃષ્ણ મિશન અને સ્વામી વિવેકાનંદ


### રામકૃષ્ણ પરમહંસ (1834-1886)

રામકૃષ્ણ પરમહંસ બંગાળના અત્યંત ગરીબ, અભણ, સીધાસાદા સંતપુરુષ હતા. બાળપણથી જ તેમને ઈશ્વર પ્રત્યે અનન્ય શ્રદ્ધા હતી. ઈશ્વરભક્તિમાં તેઓ અનેક વાર ખોવાઈ જતા. સાત વર્ષની ઉંમરે તેમના પિતાનું અવસાન થયું હતું. ત્યારપછી કોલકાતામાં ગંગાના પૂર્વકિનારે દક્ષિણેશ્વરમાં કાલીમાતાનું એક મંદિર બનાવ્યું ત્યારથી તેઓ કાલીમાતાના પરમ ઉપાસક અને ભક્ત હતા. રામકૃષ્ણની મુલાકાત જાણીતા સંતો ભૈરવી તથા તોતાપુરી સાથે થઈ હતી. તેઓ ઈશ્વરને તેના વિવિધ સ્વરૂપે જોવાનો અને ઓળખવાનો સતત પ્રયાસ કરતા. તેઓ ઉચ્ચ કોટિના સંત હતા. અંગ્રેજી કેળવણી પામેલા વર્ગના ઘણા લોકો પર તેમના જીવનની અસર થઈ.

ધાર્મિક ક્ષેત્રે અધ્યાત્મવાદનું પ્રસરણ તેમનું સૌથી પ્રથમ મહત્ત્વનું કાર્ય છે. બીજું મહત્ત્વનું કાર્ય બધા ધર્મોની પાછળ રહેલા પરમતત્ત્વમાં વિશ્વાસ જાગૃત કરવાનું હતું. બધા ધર્મો સમાન છે. કૃષ્ણ, રામ, ઈસુખ્રિસ્ત, અલ્લાહ વગેરે એક જ ઈશ્વરનાં વિવિધ નામો છે એમ તેઓ ભારપૂર્વક લોકોને સમજાવતા. તેમનું ત્રીજું કાર્ય માનવસેવાને લગતું હતું. માનવસેવા દ્વારા કોઈપણ વ્યક્તિ ઈશ્વરને પ્રાપ્ત કરી શકે છે. તેમની માન્યતા પ્રમાણે સેવા કરનાર વ્યક્તિનું સ્થાન વધારે મહત્ત્વનું છે, કારણ કે માનવસેવામાં ઈશ્વરનાં દર્શન થાય છે.

## સ્વામી વિવેકાનંદ (1863-1902)

રામકૃષ્ણ પરમહંસના સરળ તથા પ્રબળ વ્યક્તિત્વને કારણે બંગાળના જે અનેક નવયુવાનો તેમના તરફ આકર્ષાયા હતા તેમાં સૌથી તેજસ્વી હતા કોલકાતા યુનિવર્સિટીના યુવાન ગ્રૅજ્યુએટ નરેન્દ્રનાથ દત્ત જે પાછળથી સ્વામી વિવેકાનંદના નામે પ્રસિદ્ધ થયા. વિવેકાનંદનો જન્મ 12 જાન્યુઆરી, 1863માં કોલકાતામાં વિશ્વનાથ દત્તને ત્યાં ભુવનેશ્વરી દેવીની કૂખે થયો હતો. તેમણે ભારતીય દર્શનની સાથે સ્ટુઅર્ટ મિલ, હરબર્ટ સ્પેંસર, શેલી, હેગેલ અને વર્ડ્સવર્થની રચનાઓનો પણ અભ્યાસ કર્યો હતો. તેમના સમયના ધાર્મિક અને બૌદ્ધિક નેતાઓ સાથે તેમની મુલાકાત થયેલી. નવેમ્બર, 1880માં રામકૃષ્ણ સાથે તેમની પ્રથમ મુલાકાત થઈ અને તરત જ તેઓ રામકૃષ્ણના ભક્ત બની ગયા. રામકૃષ્ણ એક જ એવી વ્યક્તિ હતા કે જેણે વિવેકાનંદના આ પ્રશ્નનો ઉત્તર આપ્યો. પ્રશ્ન હતો, ''શું આપે ઈશ્વરને જોયા છે ?'' ઉત્તર 'હા'માં આપ્યો.




**સ્વામી વિવેકાનંદ**

સ્વામી વિવેકાનંદે (1891) કોઈનો પણ સાથ લીધા વિના કે કહ્યા વિના ભારતની યાત્રા કરી. યાત્રામાં તેમને ભારતની ગરીબી, ભૂખમરો, દયનીય દશાનો પ્રત્યક્ષ અનુભવ થયો. બે વર્ષ સુધી તેઓ ભારતમાં જુદા જુદા ભાગોમાં ફરતા રહ્યા. આથી ભારતના પ્રશ્નોથી તેઓ જાણકાર બન્યા. ત્યારબાદ (1893) શિકાગોમાં ભરાયેલ સર્વધર્મ સંમેલનમાં ભાગ લીધો. વિશ્વધર્મપરિષદના સભ્યોને 'ભાઈઓ અને બહેનો' (Brothers and Sisters) શબ્દો દ્વારા સંબોધન કરીને સૌને મુગ્ધ કર્યા અને ત્યારથી સમગ્ર વિશ્વનું ધ્યાન તેમના તરફ અને જે દેશમાંથી તે આધ્યાત્મિક સંદેશો લાવ્યા હતા તે ભારત તરફ કેન્દ્રિત થયું. વિશ્વના દેશોએ હવે ભારતને કોઈ નવી જ દૃષ્ટિથી જોવાનું શરૂ કર્યું. તેનો યશ સ્વામી વિવેકાનંદને ફાળે જાય છે. તેઓ સાચે જ 'નૂતન ભારતના સંદેશવાહક' હતા. તેમણે વિદ્વત્તા, છટાદાર વકતૃત્વશક્તિ, આધ્યાત્મિક તેજ અને અદ્ભુત વ્યક્તિત્વનો પરિચય કરાવ્યો. આથી વિશ્વધર્મ-પરિષદમાં હાજર રહેલા સભ્યો તથા અમેરિકાના લોકો તેમની ઉપર મુગ્ધ થઈ ગયા. તે પછી સ્વામી વિવેકાનંદે વિવિધ દેશો, ગ્રીસ, તુર્કસ્તાન, મિસર, ચીન તેમજ જાપાનના પ્રવાસ દરમિયાન પાશ્ચાત્ય સંસ્કૃતિ તેમજ પૌર્વાત્ય સંસ્કૃતિનાં અનેક પાસાંઓનો અનુભવ મેળવ્યો અને પાશ્ચાત્ય સંસ્કૃતિનાં કેટલાંક ઉમદા તત્ત્વોનો સ્વીકાર કર્યો તથા તેમનો ભારતીય સંસ્કૃતિનાં ઉમદા તત્ત્વો સાથે મેળ બેસાડીને તેમણે પૂર્વ અને પશ્ચિમનો સમન્વય કરવાનો નોંધપાત્ર પ્રયત્ન કર્યો. આ દેશમાં તેમણે ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કર્યો. સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ પરમહંસની ઉદાર ધર્મભાવના તથા સેવા-ભાવનાનો પ્રચાર કરવા માટે 'રામકૃષ્ણ મિશન' નામની સંસ્થાની સ્થાપના કરી.

### ઉપદેશ

સ્વામી વિવેકાનંદે ભારતના લોકોને તેમના પ્રાચીન આધ્યાત્મિક વારસાને સમજવાનો તથા અપનાવવાનો ઉપદેશ આપ્યો. તેઓ વહેમ, અંધશ્રદ્ધા અને મંત્રતંત્રને દુર્બળતાનું સ્વરૂપ માનતા. તેમણે લોકોને નિર્બળતા અને આળસથી મુક્ત થવા અનુરોધ કર્યો અને પ્રગતિના પંથે આત્મવિશ્વાસ સાથે પ્રયાણ કરવાનો બોધ આપ્યો. તેમણે તે સમયનાં પ્રચલિત સામાજિક દૂષણો તથા ધાર્મિક ક્રિયાકાંડોનો સખત વિરોધ કર્યો. તેમણે સમાજસેવા અને સમાજસુધારાનો ઉપદેશ આપ્યો. તેમણે શિક્ષિત યુવાનોને પોતાના દેશમાં બંધુજનોની અજ્ઞાનતા અને ગરીબાઈ દૂર કરવાનો અનુરોધ કર્યો. આમ તેમનો ધર્મ ભારતીય રાષ્ટ્રીયતાને જગાડનારો ધર્મ બન્યો. તેમણે ભારતની યુવા પેઢીમાં ભારતના ભૂતકાળ પ્રત્યે ગૌરવ અને ભવિષ્ય વિશે શ્રદ્ધા જાગ્રત કરી તથા તેમનામાં સ્વાભિમાનની ભાવના નિરૂપી.

તેઓ સ્પષ્ટ માનતા હતા કે, ''જે ધર્મ કે ઈશ્વર વિધવાનાં આંસુ લૂછી શકે નહિ અથવા નિરાધાર બાળકોના મુખમાં રોટીનો ટુકડો મૂકી શકે નહિ, તે ધર્મ કે ઈશ્વરમાં હું માનતો નથી'' તેઓ કહેતા કે, ''પહેલાં અન્ન પછી ધર્મ'' તેઓ મનુષ્યમાત્રમાં ઈશ્વરનાં દર્શન કરતા હતા. તેમના મત મુજબ 'માનવસેવા એ

જ પ્રભુસેવા છે'' તેઓ યુવાનોને કહેતા કે उत्तिष्ठ, जाग्रत, प्राप्यवरान्निबोधत। ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો. તેમની વાણીમાં ડહાપણનું ઊંડાણ, અનુભવનો નિચોડ અને શબ્દોની તાજગી (Roses in December) જોવા મળે છે.

આ સંદર્ભે રવીન્દ્રનાથ ટાગોરે તેમને ''હિંદની સર્જન પ્રતિભા'' ગણાવતાં લખ્યું છે કે, ''જો કોઈ ભારતને સમજવા ઈચ્છે છે તો તેણે સ્વામી વિવેકાનંદને વાંચવા (સમજવા) જોઈએ.'' સુભાષચંદ્ર બોઝે નોંધ્યું છે કે, ''તેમનામાં બુદ્ધનું હૃદય અને શંકરાચાર્યની બુદ્ધિ હતી તથા તેઓ આધુનિક ભારતના નિર્માતા હતા'' ગાંધીજીએ કહ્યું છે કે, ''સ્વામી વિવેકાનંદ માટે કોઈ પરિચયની જરૂર નથી, તેમના નામમાં જ પ્રેરણા છે'' અમેરિકા પ્રવાસ બાદ સ્વામી વિવેકાનંદ 'તોફાની હિંદુ' ના નામથી પ્રસિદ્ધ થયા. ટૂંકમાં ભારતના નવજાગરણમાં વિવેકાનંદનો સિંહફાળો રહેલો છે.

**રામકૃષ્ણ મિશનની પ્રવૃત્તિઓ :**

સ્વામી વિવેકાનંદે ઈ.સ. 1898માં સ્થાપેલી રામકૃષ્ણ મિશન સંસ્થા એ ધર્મપ્રવર્તક સંસ્થાને બદલે સેવાસંસ્થા કહી શકાય. આ સંસ્થા 'સેવા દ્વારા સુધારણા'ના આદર્શમાં માને છે. કોલકાતા પાસે 'બેલૂર મઠ' તેનું વડું મથક છે. અંગ્રેજીમાં પ્રસિદ્ધ થતું, 'પ્રબુદ્ધ ભારત' અને બંગાળીમાં પ્રસિદ્ધ થતું 'ઉદ્‌બોધન' રામકૃષ્ણ પરમહંસના જીવનસંદેશના પ્રચારનું મહત્ત્વનું કાર્ય કરે છે. ભારત તેમજ વિદેશોમાં રામકૃષ્ણ મિશનની અનેક શાખાઓ આ કાર્ય કરે છે.

રામકૃષ્ણ મિશનની ધર્મસુધારણા કે સમાજસુધારણાની પ્રવૃત્તિઓમાં અન્ય સંસ્થાઓના જેવી ઉગ્રતા જોવા મળતી નથી. રામકૃષ્ણ મિશન તરફથી દેશભરમાં શાળાઓ, દવાખાનાં તથા અનાથાશ્રમો ખોલવામાં આવ્યાં છે. તે ઉપરાંત દુષ્કાળ, રેલ, ભૂકંપ, રોગચાળો વગેરે કુદરતી આપત્તિઓ વખતે મિશનના કાર્યકર્તાઓ લોકોની નિઃસ્વાર્થભાવે સેવા કરે છે, જેઓ પોતાનું જીવન ઈશ્વર ઉપાસના તથા જનસેવામાં સમર્પિત કરી દે છે. બીજા પ્રકારના કાર્યકર્તાઓ સંસારી હોય છે, જેઓ સંસારમાં રહીને મિશનના આદર્શો પ્રમાણે જીવન જીવવાનો તથા જનસેવાનો પ્રયત્ન કરે છે. રામકૃષ્ણ મિશને સિસ્ટર નિવેદિતા, બી. સી. પાલ જેવા જહાલવાદી રાજકીય નેતાઓ સમાજને આપ્યા છે.

**મહર્ષિ અરવિંદ**

મહર્ષિ અરવિંદનો જન્મ (15 ઑગસ્ટ 1872) રોજ થયો હતો. તેમના પિતા ડૉ. કૃષ્ણધન ઘોષ તેમને સંપૂર્ણપણે 'અંગ્રેજ' બનાવવા માંગતા હતા. તેમણે બાળપણથી જ અરવિંદનું નામ અરવિંદ એક્રોઈડ ઘોષ રાખ્યું હતું. પાંચ વર્ષની ઉંમરથી જ યુરોપિયન સંસ્કારો મેળવવા તેમને ઈંગ્લૅન્ડ મોકલ્યા પરંતુ તેઓ પાશ્ચાત્ય સંસ્કારોને બદલે દેશભક્તિના રંગે રંગાયા. માતૃભૂમિની ભક્તિનાં બીજ અરવિંદના અંતરમાં ઈંગ્લૅન્ડની ધરતી પર રોપાઈ ગયાં અને હિંદની ભૂમિ પર તે અંકુરિત થયાં. તેઓ માતૃભૂમિને એક નિર્જીવ પદાર્થ તરીકે નહિ પણ જીવંત માતા તરીકે ગણતા. તેમણે માતૃભૂમિ માટે મંત્ર પ્રચલિત કર્યો 'વંદે માતરમ્'. તેમણે ભારતભૂમિનાં ચરણોમાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું. તેમનું જીવન યુવાનો માટે પ્રેરણાદાયી બની ગયું હતું.

તેમનાં કાર્યો, તેમની વાણી, તેમનું વ્યક્તિત્વ આંતરતેજથી પ્રદીપ્ત બની ગયાં. તેમણે હિંદના આત્માને જાગૃત કરવા માટે 'વંદે માતરમ્' નામનું વર્તમાનપત્ર શરૂ કર્યું. આ વર્તમાનપત્રે હિંદના લોકોની રાષ્ટ્રીય ભાવનાને જગાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. મુઝફ્ફરપુર બૉંબ ઘટનામાં ભાગ લેનારા ક્રાંતિકારીઓના મુખ્ય સૂત્રધાર તરીકેનો આરોપ મૂકી, અંગ્રેજ સરકારે તેમની ધરપકડ કરી. કોલકાતા (અલીપુર) જેલમાં પૂરી દીધા. અહીં તેમને એકાંત કોટડીમાં રાખવામાં આવ્યા, જ્યાં તેમને અનેક આધ્યાત્મિક અનુભૂતિઓ થઈ. પરિણામે તેમનાં આંતરચક્ષુ ખૂલી ગયાં અને તેમને દિવ્યતાનું દર્શન થયું. શ્રી અરવિંદ માટે જેલ જેલ ન રહેતાં યોગાશ્રમ બની ગઈ હતી.

તેઓ જેલમાંથી છૂટ્યા ત્યારે સંપૂર્ણ બદલાઈ ગયા હતા. તેઓ ભગવાનનો સાક્ષાત્કાર પામેલા ભગવાનને સંપૂર્ણ સમર્પિત થઈ ગયેલા દિવ્યપુરુષ બની ગયા હતા. તેઓ પ્રથમ ચંદ્રનગર અને ત્યાંથી (ઈ.સ. 1910) પુડુચેરી (પોંડીચેરી) ગયા. ત્યાં તેઓ એકાંતમાં રહ્યા અને ઉગ્ર તપ-સાધના કરી. માનવજાતિને દિવ્યતા અર્પણ કરવા ફ્રાંસથી આવેલાં શ્રીમાતાજી (મૂળ નામ : મીરા આલ્ફાન્સા) તેમનાં સહાયક બનીને દેહત્યાગ કર્યો (5મી ડિસેમ્બર, 1950) ત્યાં સુધી (40 વર્ષ) પુડુચેરી આશ્રમમાં જ રહ્યા.

### નારાયણ ગુરુ

પછાત જાતિઓ અને પીડિત જાતિઓના ઉત્કર્ષ માટે આજીવન સેવા કરનાર તથા માનવધર્મ અને માનવમાત્રની સમાનતાનો સંદેશ આપનાર નારાયણ ગુરુનો જન્મ કેરલના એમ્પર્ગ ગામમાં (ઈ.સ. 1856) થયો હતો. માતા-પિતાની પવિત્રતા અને આદર્શોના સંસ્કાર નારાયણ ગુરુને વારસામાં મળ્યા. નારાયણ ગુરુએ લોકોને 'એક જ જ્ઞાતિ, એક જ ધર્મ અને એક જ ઈશ્વરમાં માનવાનો' ઉપદેશ આપ્યો. તેમણે લોકોને ઊંચ-નીચના ભેદભાવ, જ્ઞાતિભેદ વગેરે નાબૂદ કરવા અનુરોધ કર્યો.

નારાયણ ગુરુ કિશોરવયથી જ અધ્યાત્મવૃત્તિવાળા હતા. ઘર છોડી, સખત સાધના કરીને સમાજના નીચલા સ્તરના લોકોની સેવાના ક્ષેત્રે તેઓ સક્રિય બન્યા હતા. તેમણે તમામ લોકોને શિક્ષણ લેવા અનુરોધ કર્યો. તેઓ નિરક્ષરતાને વહેમો અને અનિષ્ટોનું મૂળ માનતા. તેમણે અસ્પૃશ્યોને ભણતા કર્યા. તેમણે સમાન હક અપાવી સામાન્ય માનવજીવન જીવતા કર્યા. તેઓ કન્યાકેળવણી માટે ખાસ જાગૃત અને પ્રયત્નશીલ હતા. તેમણે 'શ્રી નારાયણ ધર્મ પરિપાલન યોગમ્' નામની સંસ્થાની સ્થાપના (ઈ.સ. 1903) કરી. તેઓ મુક્તિ માટે શિક્ષણ, એકતા માટે સંગઠન અને ગરીબી નાબૂદી તથા આર્થિક આબાદી અર્થે ઉદ્યોગોના વિકાસને આવશ્યક ગણતા. તેઓ કોમી વિખવાદો અને સાંપ્રદાયિક તત્ત્વોથી દૂર રહેવા લોકોને સમજાવતા. તેમણે આંતરરાષ્ટ્રીય ભાઈચારા માટે પ્રચાર કર્યો અને દેશ-વિદેશમાં અધ્યાત્મવાદી સુધારક તરીકે નામના મેળવી. રવીન્દ્રનાથ ટાગોરે નારાયણ ગુરુને પોતાના યુગના મહાન સંત અને સુધારક તરીકે ગણાવ્યા છે.

### કુન્દકુરિ વીરેસલિંગમ્ (ઈ.સ. 1848-1919)

વીરેસલિંગમ્‌નો જન્મ ઈ.સ. 1848માં આંધ્રપ્રદેશના રાજમુન્દ્રી જિલ્લામાં થયો હતો. તેમના પર ભારતીય અને પાશ્ચાત્ય એમ બંને સંસ્કૃતિઓની ભારે અસર હતી અને તેઓ પોતે પણ બંને સંસ્કૃતિઓ તરફ સદ્‌ભાવના રાખતા હતા. તેઓ એક સારા લેખક હતા અને તેમની કૃતિઓએ તેલુગુ સાહિત્યને સમૃદ્ધ કર્યું હતું.

તેઓ પ્રખર સમાજસુધારક પણ હતા. તેથી સમાજસુધારણા માટે 'રાજમુન્દ્રી સોશિયલ રિફૉર્મ ઍસોસિયેશન'ની સ્થાપના કરી હતી. તેમણે બાળલગ્નો અને જ્ઞાતિવાદનો વિરોધ કર્યો હતો તેમજ વિધવા પુનઃલગ્ન અને સ્ત્રીશિક્ષણ ઉપર ભાર મૂક્યો હતો. તેમણે વિધવાઓનાં પુનર્વસન તથા ભ્રષ્ટાચારના ઉન્મૂલન માટે જોરદાર ઝુંબેશ ચલાવી હતી. તેમણે નિરાધાર લોકો, સ્ત્રીઓ તથા બાળકો માટે વિદ્યાલયો, સહાયતાકેન્દ્રો વગેરે ખોલીને સમાજસુધારણાનું કાર્ય કર્યું. આ માટે રાજમુન્દ્રીમાં તેમણે 'હિતકારિણી સભા'ની પણ સ્થાપના કરી હતી. ત્યારબાદ (ઈ.સ. 1919) દક્ષિણના આવા પ્રખર સમાજસુધારક અને રાષ્ટ્રીય આંદોલન તથા આધુનિક શિક્ષણ પદ્ધતિના પુરસ્કર્તા કુન્દકુરિ વીરેસલિંગમ્‌નું અવસાન થયું.

### થિયૉસૉફિકલ સોસાયટી

આ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. 'થિયૉસૉફી' શબ્દ મૂળ ગ્રીક ભાષામાંથી આવેલો છે. ગ્રીક ભાષામાં 'થિયૉ' એટલે ઈશ્વર અને 'સૉફિયા' એટલે જ્ઞાન. એ બે શબ્દોમાંથી બનેલા થિયૉસૉફી શબ્દનો અર્થ ઈશ્વર સંબંધી જ્ઞાન એવો થાય છે.

આ સંસ્થાની સ્થાપના (ઈ.સ. 1875) અમેરિકામાં ન્યૂયૉર્કમાં મૅડમ બ્લેવૅટ્સ્કી નામનાં રશિયન મહિલા તથા કર્નલ એચ. એસ. આલ્કોટ નામના અમેરિકન લશ્કરી અધિકારીએ કરી હતી. સ્વામી દયાનંદ સરસ્વતીએ ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાનના કાર્યમાં સહાયરૂપ થવા તેમને ભારત આવવા આમંત્રણ આપ્યું. જેનો સ્વીકાર કરી બંનેએ ભારત આવી મદ્રાસ (ચેન્નાઈ) પાસે અડિયાર મુકામે થિયૉસૉફિકલ સોસાયટીની સ્થાપના કરી (1882). આ સંસ્થાના મુખ્ય ત્રણ ઉદ્દેશો નીચે મુજબ હતા.

(1) વિશ્વબંધુત્વની ભાવનામાં વિશ્વાસ

(2) પ્રાચીન ધર્મો, દર્શનો અને વિજ્ઞાનોના તુલનાત્મક અભ્યાસને ઉત્તેજન

(3) પ્રકૃતિના નિયમોનું સંશોધન અને મનુષ્યમાં રહેલી દૈવી શક્તિઓનો વિકાસ

કર્નલ આલ્કોટ અને મૅડમ બ્લેવૅટ્સ્કી જેવા અભ્યાસીઓ વિદેશમાંથી આવીને ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિનાં ગુણ-ગાન કરે તે બનાવ અભૂતપૂર્વ હતો. કારણ કે તેને લીધે ભારતવાસીઓમાં સ્વાભિમાન અને અસ્મિતા જાગૃત થયાં.

### શ્રીમતી ઍની બેસન્ટ

શ્રીમતી ઍની બેસન્ટ નામનાં આયરિશ મહિલાએ ભારતમાં આવીને થિયૉસૉફિકલ સોસાયટીનું કાર્ય ઉપાડી લીધું (ઈ.સ. 1893). તેમની પ્રવૃત્તિઓથી ભારતમાં રાષ્ટ્રીય ચળવળને સારો એવો વેગ મળ્યો. તેઓની માન્યતા હતી કે, ભારતની વર્તમાન સમસ્યાનો ઉકેલ તેના પ્રાચીન આદર્શો અને સંસ્થાઓને પુનર્જીવિત કરવાથી મળી શકશે. ભારતીય સંસ્કૃતિ અને ધર્મનું પુનરુત્થાન ખુદ ભારતના લોકો દ્વારા જ થઈ શકશે અને આનાથી સમસ્ત વિશ્વનું કલ્યાણ થશે. તેમણે ભારતમાં રહીને ભારતના લોકોને તેમનાં ધર્મ અને તત્ત્વજ્ઞાનની મહાનતા વિશે સભાન કર્યા. કોઈપણ જાતના નાતજાતના કે ધર્મના ભેદભાવ વગર વિશ્વબંધુત્વનો આદર્શ સ્થાપવાના તેમના પ્રયાસો પ્રશંસનીય રહ્યા. પોતાના આવા ઉદ્દેશોનો ફેલાવો કરવા માટે તેમણે બનારસમાં 'સેન્ટ્રલ હિંદુ સ્કૂલ'ની સ્થાપના કરી, જે પાછળથી 'બનારસ હિંદુ યુનિવર્સિટી' ના રૂપમાં ફેરવાઈ ગઈ (1916).


**શ્રીમતી એની બેસન્ટ**

શિક્ષણ ઉપરાંત સામાજિક ક્ષેત્રે પણ તેમણે મહત્ત્વનું કાર્ય કર્યું. તેમણે સમાજમાં ફેલાયેલાં અનિષ્ટોને દૂર કરવા પ્રયત્નો કર્યા અને વિધવા-વિવાહને પ્રોત્સાહન આપ્યું. 19મી સદીમાં ભારતમાં જ્યારે હિંદુ, ખ્રિસ્તી, ઈસ્લામ વગેરે વિવિધ ધર્મો અને પંથો વચ્ચે વિવાદ અને કડવાશ વધતાં જતાં હતાં ત્યારે થિયૉસૉફિકલ સોસાયટીએ અને ઍની બેસન્ટે કોમવાદને દૂર કરવા પ્રયત્નો કર્યા. તેમણે ભારતમાં 'સ્કાઉટ' અને 'ગર્લ્સ ગાઇડ'ની પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. આ ઉપરાંત (ઈ.સ. 1916) ચેન્નાઈમાં 'હોમરૂલ લીગ'ની સ્થાપના કરી અને તેની મારફત ભારતની સ્વતંત્રતા માટે સક્રિય ચળવળ ઉપાડી. તેમણે પત્રકારિત્વના સ્વાતંત્ર્ય માટે તનતોડ મહેનત કરી. આમ, ઍની બેસન્ટે ભારતીય સંસ્કૃતિના ગૌરવની પુનઃ સ્થાપના કરીને તેમજ લોકોની રાષ્ટ્રીય ભાવના વિકસાવીને તેમણે ભારતીય સમાજ અને દેશની અમૂલ્ય સેવા કરી. ખાસ કરીને દક્ષિણ ભારતમાં સુધારણાના ક્ષેત્રે થિયૉસૉફિકલ સોસાયટીએ મહત્ત્વનું પ્રદાન કરેલ છે.

### સર સૈયદ એહમદખાન અને અલીગઢ આંદોલન

19મી સદીમાં હિંદુઓની જેમ મુસ્લિમ સમાજમાં પણ સુધારા માટેનાં આંદોલનો થયાં. ઓગણીસમી સદીની શરૂઆતમાં ઉત્તરપ્રદેશમાં રાયબરેલીના સૈયદ અહમદ બરેલવી અને બંગાળના શરીઅતુલ્લા જેવા આગેવાનો હેઠળ મુસલમાનોમાં સામાજિક અને ધાર્મિક જાગૃતિનો આરંભ થયો. શરૂઆતમાં મોટા ભાગના મુસ્લિમોએ પાશ્ચાત્ય કેળવણીથી અલિપ્ત રહેવાનું પસંદ કર્યું હતું. 1857ના સંગ્રામ પછી મુસ્લિમોએ સામાજિક તથા ધાર્મિક સુધારણા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. સૈયદ અહમદ બરેલવીની નેતાગીરી નીચે 'વહાબી આંદોલન' નામે સુધારક આંદોલન શરૂ થયું હતું. આ આંદોલને મુસ્લિમોમાં આધુનિક વિચારોનો પ્રચાર કરી તેમની ઉન્નતિ માટે પ્રયત્નો કર્યા હતા. વહાબી આંદોલન અને ફરીદી આંદોલન પછી મુસ્લિમ ધર્મ અને સમાજમાં સુધારા લાવવા માટે મૌલવી ચિરાગઅલી અને સર સૈયદ એહમદખાન જેવા સુધારકોએ પ્રયાસો કર્યા.


**સર સૈયદ એહમદખાન**

સર સૈયદ એહમદખાનનો જન્મ મુઘલ દરબારના ઉમરાવ કુટુંબમાં થયો હતો. તેઓ ઈ.સ. 1857ના સંગ્રામ વખતે કંપનીસરકારની નોકરીમાં હતા અને તે વખતે કંપનીને વફાદાર રહ્યા હતા. નિવૃત્તિ પછી તેઓ ઇંગ્લૅન્ડ ગયા અને પાશ્ચાત્ય ઉદારમતવાદથી પ્રભાવિત થયા. તેમણે મુસ્લિમને ઉદાસીનતા ખંખેરી પાશ્ચાત્ય કેળવણી પ્રાપ્ત કરવાની હાકલ કરી. તેમણે (ઈ.સ. 1870) 'તહઝિબ-ઉલ્-અખલાક' નામનું સામયિક શરૂ કર્યું. તેમણે અલીગઢમાં મુસ્લિમ મદ્રેસા અને ત્યારબાદ શાળા તથા 'ઍંગ્લો મોહમેડન ઓરિએન્ટ કૉલેજ'ની સ્થાપના કરી, જે પાછળથી વિકાસ

પામીને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં પરિણમી (1820). તે સમયનું અલીગઢ શહેર અને ત્યાંની કૉલેજ-સુધારણાની પ્રવૃત્તિઓનું મુખ્ય કેન્દ્ર બન્યાં. તેથી મુસ્લિમ સમાજની સામાજિક અને ધાર્મિક સુધારણા માટે તેમણે ઉપાડેલું આંદોલન અલીગઢ આંદોલન તરીકે પ્રસિદ્ધ થયું. સર સૈયદ એહમદખાને અંગ્રેજી સાહિત્ય અને વિજ્ઞાનને લગતા ગ્રંથોનો ઉર્દૂમાં અનુવાદ કરવા 'ટ્રાન્સલેશન સોસાયટી ઑફ ઇન્ડિયા' નામની સંસ્થા સ્થાપી. મુસ્લિમ સમાજને આ રીતે ઉર્દૂના માધ્યમ દ્વારા પાશ્ચાત્ય જ્ઞાનથી વાકેફ કર્યા. તેઓ મુસ્લિમ સ્ત્રીઓને કેળવણી આપવામાં તથા પડદાપ્રથાનો ત્યાગ કરવામાં માનતા. તેમના પ્રયત્નોથી મુસ્લિમ સમાજમાં સુધારા કરવા માટે ઠેર ઠેર સુધારક સંસ્થાઓ (અંજુમન) સ્થપાઈ હતી, જેણે સમાજસેવાનું કામ આગળ ધપાવ્યું.

### શીખ સમાજમાં ધાર્મિક સુધારાઓ

19મી સદીના અંત ભાગમાં શીખોમાં પણ શીખ સમાજ-સુધારણાની ચળવળ શરૂ થઈ. જે 'અકાલી ચળવળ' તરીકે જાણીતી થઈ. તેમનો સુધારો તેમના ગુરુદ્વારાઓમાંની સુધારણાથી શરૂ થયો હતો. ગુરુદ્વારાઓની વ્યવસ્થા કરવા માટે 'શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ'ની રચના કરવામાં આવી, જેને સરકારે માન્ય કરી અને ગુરુદ્વારાનો સઘળો વહીવટ આ સમિતિને સોંપવામાં આવ્યો. તે ઉપરાંત અકાલી આંદોલને અમૃતસરમાં ખાલસા (દૈવી) કૉલેજ તથા અન્ય સ્થળોએ શાળાઓ સ્થાપી, તે દ્વારા પાશ્ચાત્ય કેળવણીનો પ્રચાર કર્યો.

### સામાજિક ક્ષેત્રે કાયદાઓ ઘડવાની પ્રક્રિયા અને ભારતીય પ્રતિભાવ

પ્રગતિશીલ ભારતીયો બૌદ્ધિક અને ઉદાર સિદ્ધાંતો ઉપર આધારિત સમાજની પુનર્રચના કરવા પ્રયત્નો કરતા હતા ત્યારે સરકારે પણ આ સમસ્યા પ્રત્યે સાનુકૂળ વલણ અપનાવ્યું. ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં સરકારે કરેલાં સમાજ-સુધારણાનાં કેટલાંક નોંધપાત્ર કાર્યો નીચે મુજબ હતાં :

(1) ગવર્નર જનરલ વિલિયમ બૅન્ટિકે (ઈ.સ. 1829) બંગાળમાં સતીપ્રથાને ગેરકાયદેસર જાહેર કરી. ત્યારપછી મુંબઈ તથા મદ્રાસ પ્રાંતોમાં પણ સતીપ્રથા નાબૂદીના સુધારા થયા. દેશી રાજ્યોમાં પણ આ રિવાજ નાબૂદ કરવામાં આવ્યો.

(2) દીકરીને દૂધપીતી કરી બાળહત્યા કરવાનો રિવાજ અમુક જ્ઞાતિઓમાં હતો. તે રિવાજ વખતોવખત કાયદા દ્વારા બંધ કરવામાં આવ્યો.

(3) ચાર્લ્સવુડના ખરીતામાં જણાવ્યાનુસાર સરકારે સ્ત્રીશિક્ષણ માટે શાળાઓ શરૂ કરી.

(4) ઈ.સ. 1856ના કાયદા અનુસાર હિંદુ વિધવા પુનર્લગ્નને માન્યતા પ્રાપ્ત થઈ.

(5) ઈ.સ. 1872માં લગ્નધારો પસાર કરી 14 વર્ષથી નીચેની કન્યાઓનાં લગ્ન ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો તથા બહુપત્નીપ્રથાને ગુનો ગણવામાં આવ્યો. આ કાયદાથી આંતરજ્ઞાતીય લગ્નો માન્ય રાખવામાં આવ્યાં.

સમય જતાં લોકોમાં રાષ્ટ્રીય ચેતના વિકસિત બની અને તેઓ સ્વાતંત્ર્ય ચળવળ તરફ વળ્યા. 'ઇન્ડિયન નેશનલ સોશિયલ કૉન્ફરન્સ' જેવી સંસ્થાઓએ સ્ત્રીઓ તથા પછાતવર્ગોના લોકોને અસર કરતાં દૂષણો દૂર કરવા ઉપર ધ્યાન આપ્યું. મૉન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા (ઈ.સ. 1919) થવાથી ભારતીયોને વધારે વહીવટી સત્તાઓ મળી તેમ છતાં એકપત્નીત્વ, સ્ત્રીઓને મિલકતમાં અધિકાર આપવા તથા અસ્પૃશ્યોને મંદિરમાં પ્રવેશ આપવા અંગેના કાયદા પસાર કરવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો. જો કે હિંદુ સ્ત્રીઓને મિલકતમાં અધિકાર અને અસ્પૃશ્યોને મંદિરમાં પ્રવેશ આપતા કાયદા (ઈ.સ. 1937) પસાર કરવામાં આવ્યા.

'અસહકાર' અને 'સવિનય કાનૂનભંગ' જેવી ચળવળોમાં તેમજ દારૂની દુકાનોમાં પિકેટિંગ કરવા તથા વિદેશી વસ્તુઓના બહિષ્કારમાં ખાસ ભાગ લીધો. આથી સમાજમાં સ્ત્રીઓના સ્થાનમાં સુધારો થયો. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે બંગાળમાં સ્ત્રીઓની ઉન્નતિ અને કન્યાકેળવણી માટે ઝુંબેશ ઉપાડી. તેમણે બાળલગ્ન, વિધવા પુનર્લગ્ન પર પ્રતિબંધ અને બહુપત્નીત્વની પ્રથા વિરુદ્ધ ઉગ્ર ચળવળ ચલાવી. તેમના પ્રયાસોને લીધે જ અંગ્રેજ સરકારે (ઈ.સ. 1856) વિધવા પુનઃલગ્નનો કાયદો કર્યો. આમ, સ્ત્રીઓની સ્થિતિ અને દરજ્જો સુધારવાના કાર્યમાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે અમૂલ્ય ફાળો આપ્યો.

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટિશ સરકારે સરકારી નોકરીઓમાં સ્ત્રીઓની ભરતી કરીને તેમને સ્વાવલંબી

બનાવવા ઉત્તેજન આપ્યું. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી સમાજમાં સ્ત્રીઓના દરજ્જામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. બંધારણ દ્વારા સ્ત્રીઓને સમાજમાં સ્ત્રી-પુરુષ સમાનતા તથા કન્યાકેળવણી ઉપર ભાર મુકાયો. સ્ત્રીઓનાં વિશિષ્ટ હિતો જાળવવા માટે ખાસ કાયદા ઘડવામાં આવ્યા છે. કન્યાઓ માટે વિશિષ્ટ અભ્યાસક્રમો ઘડવામાં આવ્યા છે અને વિશિષ્ટ સવલતો પણ અપાઈ છે. આને પરિણામે સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે. સ્ત્રીઓએ અનેક વ્યવસાયોમાં પ્રવેશ કર્યો છે. સામાજિક વ્યવહારમાં સ્ત્રીઓની સ્વતંત્રતા અને સમાનતાનું પ્રમાણ વધ્યું છે. આમ, આઝાદી બાદ સ્ત્રીશિક્ષણના વ્યાપ- વિસ્તરણને લીધે તેઓમાં જાગૃતિ, જાહેર જીવનમાં પ્રવેશ, સરકાર તરફ તેઓને પ્રાપ્ત થયેલા વિશિષ્ટ હકો, સ્ત્રીઓના ઉત્કર્ષ માટે ઘડાયેલા કાયદા વગેરેને કારણે સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો ઊંચો આવ્યો છે. તાજેતરમાં સ્ત્રીઓને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મળેલ 33 ટકા અનામત બેઠકોને પરિણામે, ગ્રામપંચાયત, તાલુકા અને જિલ્લા પંચાયતમાં પ્રમુખપદના હોદ્દા સુધી સ્ત્રીઓ પહોંચી છે.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત ઉત્તર આપો :**

(1) રાજા રામમોહનરાયે સમાજ-સુધારણા માટે કઈ કઈ પ્રવૃત્તિઓ કરી હતી ?

(2) બ્રહ્મોસમાજની મુખ્ય પ્રવૃત્તિઓ કઈ કઈ હતી ?

(3) રામકૃષ્ણ મિશનની સમાજસેવાની પ્રવૃત્તિઓની રૂપરેખા આપો.

(4) આર્યસમાજની પ્રવૃત્તિઓની માહિતી આપો.

(5) થિયૉસૉફિકલ સોસાયટીની પ્રવૃત્તિઓમાં શ્રીમતી ઍની બેસન્ટના પ્રદાનનો ખ્યાલ આપો.

**2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) રાજા રામમોહનરાયે કઈ સંસ્થાની સ્થાપના કરી હતી ?

(2) રાજા રામમોહનરાયને 'રાજા' ની પદવી કોણે આપી હતી ?

(3) જ્યોતિરાવ ફુલેનો જન્મ કયા પરિવારમાં થયો હતો ?

(4) આર્યસમાજના સ્થાપક કોણ હતા ?

(5) રામકૃષ્ણ મિશનની સ્થાપના કોણે કરી હતી ?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) રાજા રામમોહનરાયે સમાજસુધારણા માટે કઈ સંસ્થાની સ્થાપના કરી હતી ?
(અ) હિતકારિણી સભા (બ) આર્યસમાજ (ક) પ્રાર્થનાસમાજ (ડ) બ્રહ્મોસમાજ

(2) રામકૃષ્ણ મિશનની સ્થાપના કોણે કરી હતી ?
(અ) સ્વામી રામકૃષ્ણ (બ) સ્વામી વિવેકાનંદ
(ક) સ્વામી દયાનંદ સરસ્વતી (ડ) રાજા રામમોહનરાય

(3) શિરોમણિ ગુરુ પ્રબંધક સમિતિએ કયા સમાજમાં સુધારણાનું કાર્ય કર્યું ?
(અ) શીખ (બ) હિંદુ (ક) મુસ્લિમ (ડ) ખ્રિસ્તી

(4) થિયૉસૉફિકલ સોસાયટીનું કાર્ય હિંદમાં આવીને કોણે ઉપાડી લીધું હતું ?
(અ) મૅડમ બ્લેવેટ્સ્કી (બ) ઍની બેસન્ટ (ક) કર્નલ આલકોટ (ડ) બૅન્ટિક

(5) સતીપ્રથા ઉપર પ્રતિબંધ મૂકતો કાયદો કોણે ઘડ્યો હતો ?
(અ) રૉબર્ટ ક્લાઈવ (બ) ડેલહાઉસી
(ક) વિલિયમ બૅન્ટિક (ડ) વાઇસરૉય કેનિંગ

•

# 8 રાષ્ટ્રીય આંદોલનો (1857-1919)

હિંદી રાષ્ટ્રીય મહાસભા (Indian National Congress) ની સ્થાપના સાથે ભારતીય ઇતિહાસનું એક મહત્ત્વનું અને ગૌરવશાળી પ્રકરણ શરૂ થયું. તેનો અત્રે અભ્યાસ કરીએ તે પહેલાં આપણે 'હિંદી રાષ્ટ્રીય મહાસભા'ના ઉદ્‌ભવ અને વિકાસ માટે કારણભૂત પરિબળો તથા પુરોગામી સંસ્થાઓ તેમજ તેના પ્રારંભિક તબક્કા (1885-1919)ની કામગીરીનો સંક્ષિપ્ત અહેવાલ મેળવીશું.

## હિંદનું વહીવટી તેમજ આર્થિક એકીકરણ

1857ના સ્વાતંત્ર્યસંગ્રામને અંતે કંપનીનું શાસન સમાપ્ત થતાં બ્રિટિશ તાજનું સીધું શાસન સ્થાપિત થયું. તેની કેટલીક તત્કાલીન તથા દૂરગામી અસરો થઈ. બ્રિટિશ સરકારનું સીધું શાસન સ્થપાતાં તેની વહીવટી, રાજકીય, લશ્કરી, આર્થિક, સામાજિક તથા ધાર્મિક નીતિમાં મહત્ત્વના ફેરફારો થયા. શાસક અને શાસિત વચ્ચેના પરસ્પરના અંતર તથા અવિશ્વાસને સંગ્રામનું એક મહત્ત્વનું કારણ ગણવામાં આવ્યું હતું. આ દૂર કરવા માટે હિંદીઓને વહીવટમાં સામેલ કરવાનું જરૂરી હતું. કંપનીસરકારે વર્ગીય તથા શાસકીય ચઢિયાતાપણાના ખ્યાલોને લીધે હિંદીઓને સરકારી હોદ્દાથી વંચિત રાખ્યા હતા તેમજ લાયકાતના ધોરણે હિંદીઓને વહીવટમાં સામેલ કરવાની ચાર્ટર ઍક્ટ 1833ની જોગવાઈનો અમલ પણ થયો ન હતો. આથી સંગ્રામને અંતે નવેમ્બર, 1858માં પ્રસિદ્ધ કરવામાં આવેલ સામ્રાજ્ઞી વિક્ટોરિયાના ઢંઢેરામાં લાયકાતના ધોરણે હિંદીઓને વહીવટમાં સામેલ કરવાની નીતિનું પુનરુચ્ચારણ કરવામાં આવ્યું તથા તેનો આંશિક અમલ પણ થયો. પરંતુ તેનું પ્રમાણ ઓછું હતું. તેમને અપાયેલ જગાઓની પાયરી પણ ઘણી નીચી હતી. આથી ખાસ કરીને શિક્ષિત હિંદીઓનો સરકાર પ્રત્યેનો અસંતોષ વધ્યો. 1861ના ધારા દ્વારા આ અસંતોષને ઓછો કરવાનો પ્રથમ પ્રયાસ કરવામાં આવ્યો.

કંપની સરકારની આર્થિક નીતિએ ભારતને પાયમાલ કર્યું. તેણે નાખેલ ભારે જમીનમહેસૂલ તથા તેણે પોષેલા જમીનદારવર્ગથી ખેડૂતનું ભારે શોષણ થયું હોવાથી ખેતી પડી ભાંગી. હિંદનો ખેડૂત બેહાલ બન્યો. સરકારની કહેવાતી મુક્તવેપારની નીતિથી હિંદના વેપાર-ઉદ્યોગ પણ પડી ભાંગ્યા. ઇંગ્લૅન્ડમાં આયાત થતા ભારતીય માલ પર ભારે જકાત લેવાતી, જ્યારે ઇંગ્લૅન્ડથી ભારત આવતા માલ પર માત્ર પાંચ ટકા જેટલી નજીવી જકાત લેવાતી. પરિણામે ભારતમાં બનતો માલ ભારતમાં જ મોંઘો પડતો, જ્યારે ઇંગ્લૅન્ડમાં ઉત્પન્ન થતો માલ ભારતમાં સસ્તો વેચી શકાતો. આથી ભારતના ઉદ્યોગ-ધંધા નાશ પામ્યા અને તેનો કારીગરવર્ગ બેકાર બન્યો. બ્રિટિશ સરકારે કંપનીસરકારની આ નીતિમાં કંઈ ફેરફાર કર્યો નહિ આનાથી ભારતમાં બેકારી અને ભૂખમરો વધ્યાં. વિલિયમ હન્ટરે (ઈ.સ. 1880) નોંધ્યા પ્રમાણે લાખો હિંદીઓને એક ટંક ભોજનથી ચલાવી લેવું પડતું. ભારતીય મંત્રી સેલીસબરી (ઈ.સ. 1875)એ પણ સ્વીકાર્યું કે બ્રિટિશ શાસને ભારતને આર્થિક રીતે નિચોવીને સફેદ પૂણી જેવું બનાવી દીધું હતું. ઉપરાંત 19મી સદી દરમિયાન અવારનવાર પડેલા દુષ્કાળોએ ભારતના લોકોની વિષમ સ્થિતિમાં વધારો કર્યો હતો. સરકારે લોકોને સમયસર રાહત આપી નહોતી. આ બધાને પરિણામે લોકોમાં અસંતોષ વધ્યો.

## પાશ્ચાત્ય વિચારો તેમજ શિક્ષણનો હિંદ પરનો પ્રભાવ

ભારતમાં અંગ્રેજી કેળવણી દાખલ કરવાનો વિલિયમ બૅન્ટિકનો નિર્ણય (7 માર્ચ, 1835) ઘણો ઐતિહાસિક અને શકવર્તી પરિણામો લાવનારો સાબિત થયો. ઇંગ્લૅન્ડની પાર્લામેન્ટે કંપનીને આદેશ આપ્યો (1813) હતો કે, તેણે દર વર્ષે એક લાખ રૂપિયા ભારતમાં કેળવણી, કલા તથા સંસ્કૃતિને ઉત્તેજન આપવા વાપરવા. પરંતુ (ઈ.સ. 1833 સુધી) કંપનીએ ભારતમાં કેળવણી વિકાસાર્થે એક પાઈ પણ વાપરી ન હતી. તે સમયે ભારતના લોકોને સંસ્કૃત કે ફારસી માધ્યમથી કેળવણી આપવી કે અંગ્રેજી માધ્યમથી આપવી તે પ્રશ્ન હતો. સર ચાર્લ્સ ટ્રેવેલ્યન, રાજા રામમોહનરાય વગેરે અંગ્રેજી કેળવણીના હિમાયતી હતા. વિલિયમ બૅન્ટિક પણ

અંગ્રેજી કેળવણી તથા પાશ્ચાત્ય જ્ઞાન-વિજ્ઞાન ભારતમાં દાખલ કરવાના મતનો હતો. તેણે કેળવણીના પ્રશ્નોનું અવલોકન કરવા માટે એક કેળવણી પંચ નીમ્યું. તેના પ્રમુખપદે ટી. બી. મેકૉલેની નિમણૂક કરી. 1835ના ફેબ્રુઆરીમાં મેકૉલેએ પોતાનો અહેવાલ આપ્યો. તેણે પાશ્ચાત્ય શિક્ષણને ઉત્તેજન આપવાની હિમાયત કરી હતી. વિલિયમ બૅન્ટિકે આ અહેવાલ સ્વીકાર્યો. તે પછી ગવર્નર જનરલ ડેલહાઉસીના સમયે (ઈ.સ. 1848-56) સર ચાર્લ્સ વુડ નામના અધિકારીએ ભારતીય શિક્ષણના મેગ્નાકાર્ટા તરીકે જાણીતા 'શિક્ષણનો ખરીતો' પસાર કરી કેળવણીની દિશામાં ઝડપી ગતિ કરી. વાઈસરૉય રિપને હન્ટર કમિશન મારફતે આ કામને કાયમી સ્વરૂપ આપ્યું. આ બધા પ્રયાસોને લીધે દેશભરમાં પાશ્ચાત્ય શિક્ષણનો વ્યાપ વધ્યો. તેનાથી વખત જતાં ભારતમાં 'બુદ્ધિવાદીઓ'નો એક નાનકડો પરંતુ શક્તિશાળી વર્ગ ઊભો થયો. તેણે યુરોપ અને ઇંગ્લૅન્ડના ઇતિહાસ અને તેમના ખ્યાતનામ લેખકોનો અભ્યાસ કર્યો. બર્ક, મિલ, સ્પેન્સર વગેરેના ઉદારમતવાદી અને સ્વાતંત્ર્યપ્રિય લખાણોએ આ વર્ગમાં રાષ્ટ્રવાદ અને સ્વશાસનની ભાવના પ્રેરી. વળી, ઇંગ્લૅન્ડનો ઇતિહાસ તો ફરજિયાત ભણાવવામાં આવતો. તેમાં મેગ્નાકાર્ટાની પ્રાપ્તિથી માંડીને સંસદીય પદ્ધતિ, ચૂંટણી, રાજકીય પક્ષો, લોકોના મૂળભૂત અધિકારો વગેરે બાબતોએ ભારતના શિક્ષિત સમાજ પર અસર કરી.

### મુદ્રણ અને સાહિત્યક્ષેત્રે પ્રભાવ

રાષ્ટ્રીય ચેતના ફેલાવવામાં વર્તમાનપત્રો અને સાહિત્યએ પણ નોંધપાત્ર ફાળો આપ્યો. મુદ્રણ-ક્ષેત્રે ભારતમાં છેક સોળમા સૈકાથી પોર્ટુગીઝો દ્વારા પ્રારંભ થઈ ચૂક્યો હતો. ત્યારબાદ સત્તરમા સૈકામાં મુંબઈમાં ભીમજી પારેખ નામના ગુજરાતી વણિકે તથા બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ મુદ્રણાલયો સ્થાપ્યાં. ત્યારબાદ અઢારમા સૈકામાં કોલકાતા, મદ્રાસ (ચેન્નાઈ) અને મુંબઈ જેવાં મોટાં શહેરોમાં આવાં મુદ્રણાલયો શરૂ થયાં. જેને લીધે ગ્રંથો, પત્રિકાઓ, સામયિકો અને વર્તમાનપત્રો છપાઈને લોકો સુધી પહોંચવા માંડ્યાં. આવા સમયગાળામાં (ઈ.સ. 1780) બંગાળમાં કોલકાતા મુકામે જૅમ્સ ઑગસ્ટસ હિકી નામના અંગ્રેજે 'બૅંગોલ ગૅઝેટ' નામનું સર્વપ્રથમ સમાચારપત્ર શરૂ કરી વાણીસ્વાતંત્ર્ય, વૈચારિક અભિવ્યક્તિ અને પત્રકારત્વના ક્ષેત્રે ઉચ્ચ માપદંડોની સ્થાપના કરી.

આ અરસામાં હિંદની ભાષાઓમાં પ્રસિદ્ધ થતાં અખબારોની સંખ્યામાં સારો એવો વધારો થયો. ઈ.સ. 1888 સુધીમાં બંગાળમાં લગભગ 62, મુંબઈ ઇલાકામાં આશરે 100 તથા મદ્રાસ પ્રાંતમાં 50 જેટલાં વર્તમાનપત્રો દેશી ભાષાઓમાં પ્રસિદ્ધ થતાં હતાં. આ ઉપરાંત અંગ્રેજી ભાષામાં પણ સારી સંખ્યામાં અખબારો પ્રગટ થતાં હતાં. તેમાં ખાસ કરીને કોલકાતાથી પ્રસિદ્ધ થતાં 'પેટ્રીઅટ', 'ઇન્ડિયન મિરર' અને 'અમૃત બઝાર પત્રિકા' નામનાં અખબારોએ સરકારનાં અન્યાયી કાર્યો, ગળીના ખેતરોમાં કામ કરતા મજૂરો પરના અત્યાચારો વગેરેની આકરી ટીકા કરીને પ્રજામતને જાગૃત કર્યો. લોકમાન્ય ટિળકના માર્ગદર્શન હેઠળ પ્રસિદ્ધ થતાં 'કેસરી' અને 'મરાઠા' સાપ્તાહિકોએ પણ રાષ્ટ્રવાદને ફેલાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. મદ્રાસથી પ્રસિદ્ધ થતા 'હિન્દુ' નામના વર્તમાનપત્રે પણ દક્ષિણમાં રાષ્ટ્રીય ચેતનાના ફેલાવામાં મહત્ત્વનો ફાળો આપ્યો.

આમ, ભારતમાં વર્તમાનપત્રો પ્રચલિત બનતાં લોકજાગૃતિ વધી. દેશભરમાં અંગ્રેજી માધ્યમના શિક્ષણને લીધે અંગ્રેજી ઉપરાંત ગુજરાતી, મરાઠી, બંગાળી, તામિલ, તેલુગુ, મલયાલમ, કન્નડ, પંજાબી, ઉર્દૂ અને હિંદી ભાષામાં ઘણુંબધું સાહિત્ય રચાવા માંડ્યું. આવી સાહિત્યિક રચનાઓમાં રાષ્ટ્રવાદ, પૌરાણિક ગૌરવ અને વૈચારિક જાગરણને લગતા વિચારો પૂરતા પ્રમાણમાં રહેતા. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય (ચેટર્જી) લિખિત 'આનંદમઠ' નામની નવલકથાનું 'વંદે માતરમ્' યુવા ક્રાંતિવીરોનું પ્રિય સૂત્ર બની ગયું. આ ઉપરાંત કવિવર રવીન્દ્રનાથની 'ગીતાંજલિ', દિનબંધુ મિત્રનું નિલર્પણ', રાજા રામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહાદેવ ગોવિંદ રાનડે, ગોપાલ હરિ દેશમુખ, ચિપલૂણકર, લોકમાન્ય ટિળક ગુજરાતમાં ગોવર્ધનરામ ત્રિપાઠી, વીર નર્મદ, કરસનદાસ મૂળજી વગેરેની રાષ્ટ્રવાદી અને સુધારાવાદી સાહિત્યિક ક્રાંતિઓએ દેશભરમાં એક નવી જાગૃતિ અને લોકચેતના સર્જી. આમ, બંને માધ્યમો દ્વારા તત્કાલીન ભારતમાં ભારે પરિવર્તન આવ્યું.

## ભારતના ભવ્ય ભૂતકાળનું પુનઃ સંશોધન

આ સમય દરમિયાન હિંદી સરકારના પુરાતત્ત્વખાતાના વડા એલેક્ઝાન્ડર કનિંગહામ તથા તેના મદદનીશોએ ભારતનાં અનેક પ્રાચીન સ્થળોએ ખોદકામ કરીને ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથા ગાતા અવશેષો શોધી કાઢ્યા. આજ અરસામાં ભગવાનલાલ ઇન્દ્રજી જેવા ભારતીય પુરાતત્ત્વવિદોએ પણ અનેક પુરાણા અવશેષો શોધી કાઢીને ભારતીઓને તેમના દેશની સંસ્કૃતિની ભવ્યતાનો ખ્યાલ આપ્યો. વળી, પાશ્ચાત્ય વિદ્વાનો જેવા કે કર્નલ જૅમ્સ ટોડ, જૅમ્સ પ્રિન્સેપ, સર એલેક્ઝાન્ડર, કિનલોક ફાર્બસ, મેક્સમૂલર વિલ્સન, ફર્ગ્યુસન, બુહલર, ફ્લીટ વગેરે તથા ભારતીય વિદ્વાનો જેવા કે રાજેન્દ્રલાલ મિત્ર, રામકૃષ્ણ ગો. ભાંડારકર, ડૉ. હસમુખ સાંકળિયા, હરિપ્રસાદ શાસ્ત્રી, દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, રાજા રામમોહનરાય, ભગવાનલાલ ઇન્દ્રજી, ડૉ. એસ. આર. રાવ, ડૉ. આર. એન. મહેતા, શ્રી પી. પી. પંડ્યા, આર. એસ. વિષ્ટ વગેરેએ પુરાતત્ત્વશાસ્ત્રીઓ દ્વારા ભારતીય ગૌરવગાથાને પુનઃ જાગૃત કરવા પ્રયાસ કર્યો. અન્ય વિદ્વાનોએ પ્રાચીન શિલાલેખો, સિક્કાઓ, હસ્તપ્રતો વગેરેનો અભ્યાસ કરીને તેમના પર અભ્યાસપૂર્ણ લેખો લખ્યા. અશોકના શિલાલેખો, પાણિની અને પતંજલિની કૃતિઓ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, અશ્વઘોષનાં લખાણો, કાલિદાસનાં પુસ્તકો, મહાન વ્યાકરણશાસ્ત્રીઓ અને ખગોળશાસ્ત્રીઓના ગ્રંથો વગેરે પર અભ્યાસીઓએ નવો પ્રકાશ નાંખીને ભારતીયોની રાષ્ટ્રીય અસ્મિતાને જાગૃત કરી. તેમને લાગ્યું કે ભારતનો સાંસ્કૃતિક વારસો ગ્રીક કે રોમના સાંસ્કૃતિક વારસા કરતાં જરાએ ઊતરતો ન હતો. આમાંથી પણ તેમની રાષ્ટ્રીય ભાવનાને વેગ મળ્યો.

## બ્રિટિશરોનું જાતિગત અભિમાન

બ્રિટિશરોમાં જાતિગત મિથ્યાભિમાન શરૂઆતથી જ જોવા મળે છે. શાસકો અને શાસનપ્રણાલીએ તેને પ્રોત્સાહિત કર્યા. કંપનીસરકારે વર્ગીય તથા શાસકીય ચઢિયાતાપણાના ખ્યાલોએ હિંદીઓને સરકારી હોદ્દાથી વંચિત રાખ્યા હતા તથા અંગ્રેજ નોકરશાહીની હિંદીઓ પ્રત્યેની સૂગને લીધે લાયકાતના ધોરણે હિંદીઓને વહીવટમાં સ્થાન આપ્યું નહિ. એટલું જ નહિ પણ ભારતમાં આવેલા યુરોપિયનોને એક વિશિષ્ટ અધિકાર હતો કે તેમનો મુકદમો માત્ર યુરોપીય ન્યાયાધીશ સમક્ષ જ ચાલી શકે.

1857ના સ્વાતંત્ર્યસંગ્રામ પછી અંગ્રેજોમાં જાતીય ગૌરવ અભિમાન તથા અહંકારની તેમજ ભારતીય પ્રત્યે ઘૃણા, તિરસ્કાર તથા અલગતાની ભાવનામાં વધારો થયો. તેઓને તક મળે ત્યારે ભારતીયોને નીચા દેખાડવાની તક જતી કરતા નહિ. ભારતીયોને તેઓ નિમ્ન સમજતા હતા. ભારતીયોને યુરોપિયન ક્લબ, હોટલ, પાર્ક, સ્નાનગૃહોમાં જવાની મનાઈ હતી. તેઓ ગોરી ચામડીની શ્રેષ્ઠતા (White men's burden) દેખાડવા જાગૃત રહેતા, યુરોપિયનો સિવાય સર્વે એશિયાવાસીઓને પોતાનાથી નિમ્ન સમજતા હતા. તેઓ ભારતીયોને અસભ્ય, અસંસ્કૃત તથા જંગલી ગણતા હતા. ''ગોરાઓનો અધિકાર ભારતીયો ઉપર જન્મજાત રહેલો'' હોવાના સિદ્ધાંતનો પ્રચાર-પસાર કરતા.

આ પ્રકારની અપમાનજનક પરિસ્થિતિનો સામનો ભારતીયોને અવારનવાર કરવો પડતો હતો. શાસક અને શાસિત વચ્ચે મોટી ખાઈ ઉદ્ભવી. અંગ્રેજોએ ભારતીયો સાથે સામાજિક રીતે હળવામળવાનું લગભગ બંધ કરી દીધું હતું. બંને વચ્ચે અરસપરસ દ્વેષ અને ઘૃણા ઉદ્ભવ્યાં. ભારતીયો પણ અંગ્રેજોના અત્યાચારો અને નિર્દોષ હત્યાઓ ભૂલ્યા નહોતા. હિંદીઓના ગૌરવને ઠેસ પહોંચી અને તેથી તેમની રાષ્ટ્રભાવના જાગી ઊઠી !

## હિન્દી રાષ્ટ્રીય મહાસભાની પુરોગામી સંસ્થાઓ

હિન્દી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થવા છતાં રાજકીય ક્ષેત્રોમાં આ પહેલાં પણ કેટલીક સ્થાનિક અને પ્રદેશ-સ્તરની રાજકીય સંસ્થાઓ આ દિશામાં કામ કરતી હતી. પાશ્ચાત્ય કેળવણીના પ્રચાર-પ્રસારને લીધે હિન્દમાં રાષ્ટ્રવાદી, બંધારણવાદી અને લોકશાહીવાદી વિચારોનો સારો એવો ફેલાવો થવા પામ્યો હતો. પરિણામે 19મા સૈકાના પ્રારંભકાળથી જ રાજકીય-રાષ્ટ્રીય તેમજ સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપનાર સંસ્થાઓનો ઉદય થયો હતો. આ સંસ્થાઓએ 'હિન્દી રાષ્ટ્રીય મહાસભા' જેવાં સંગઠનો માટે પૂર્વભૂમિકા બાંધી અને યોગ્ય વાતાવરણ સર્જ્યું હતું. ઇંગ્લૅન્ડની સંસદે પસાર કરેલ (1820) ધારાનુસાર કોઈપણ ભારતીય ન્યાયાધીશ યુરોપિયન

તેમજ ખ્રિસ્તી તહોમતદાર સામેનો કેસ ચલાવી શકે નહિ કે ન્યાયપંચ(જ્યૂરી)ના સભ્ય પણ રહી શકે નહિ. આ અન્યાયી અને અપમાનજનક ધારાનો રાજા રામમોહનરાયે વિરોધ કર્યો. આ ધારાને રદ કરવા તેમણે અરજી કરી. હિન્દીઓની હજારો સહી કરાવી ઇંગ્લૅન્ડ પાર્લામેન્ટમાં રજૂઆત કરી પણ તેનું કોઈ હકારાત્મક પરિણામ આવ્યું નહિ, આ અન્યાયી ધારો ચાલુ રહ્યો. પરંતુ સરકારી જોહુકમીભરી નીતિનો વ્યવસ્થિત રીતે વિરોધ કરવા માટે જાગૃત હિંદીઓની કોઈ રાજકીય સંસ્થા હોવી જોઈએ એવો ખ્યાલ લોકોમાં દઢ થયો.

### બંગભાષા પ્રકાશિકા સભા (1836)

બંગાળનું અને ભારતનું આ પ્રથમ રાજકીય સંગઠન હતું. તેની સ્થાપના (1836) સરકારની નીતિઓ અંગે હિંદની પ્રજા સંદર્ભે વહીવટની સમીક્ષા કરવા માટે થઈ હતી. બે વર્ષની કામગીરી બાદ એના સભ્યોને પોતાની ઊણપો જણાતાં સરકારી તંત્રો નિકટવર્તી સંબંધ ધરાવતાં અને તેમની સમક્ષ રજૂઆત કરવા સક્ષમ એવા જમીનદાર વર્ગને આ કામ સોંપાયું.

### જમીનદાર સંઘ (1838)

બંગાળ, બિહાર અને ઓરિસ્સાના જમીનદારોએ દ્વારકાનાથ ઠાકુર 'કવિવર રવીન્દ્રનાથ ઠાકુરના પિતામહ' ની પ્રેરણાથી કોલકાતા મુકામે 'જમીનદાર સંઘ'ની સ્થાપના (1838) કરવામાં આવી. આ સંસ્થાના સંયુક્ત મંત્રી 'ઇંગ્લિશમૅન' અખબારના તંત્રી ડબલ્યુ. સી. હેરીન હતા. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ જમીનદારો અને હિંદીઓના પ્રશ્નોની રજૂઆત અને નિરાકરણ લાવવાનો હતો. આ માટે સંઘે બ્રિટનમાં તથા ત્યાંની સંસદ (પાર્લામેન્ટ)માં મિ. થોમ્પસન નામના એક સાંસદની હિંદનાં હિતોને લગતી રજૂઆત કરનાર પ્રવક્તા (પગારદાર પ્રતિનિધિ) તરીકે નિયુક્તિ કરી. આ પ્રકારનો એ સર્વપ્રથમ રાજકીય પ્રયાસ હતો.

### બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન (1851)

બ્રિટન ખાતે 'બ્રિટિશ ઇન્ડિયન સોસાયટી' નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી. હિન્દીઓને સરકાર દ્વારા થતા અન્યાયોની રજૂઆત આ સંસ્થા દ્વારા કરવામાં આવતી હતી. એ જ રીતે, કોલકાતા મુકામે 'બંગાળ બ્રિટિશ ઇન્ડિયન સોસાયટી' નામની એક સંસ્થા સ્થપાઈ (ઈ.સ. 1844). જોકે આ સંસ્થામાં ઉચ્ચ વર્ગના તથા જમીનદાર વર્ગના લોકોનું પ્રતિનિધિત્વ હતું. આથી આમજનતાને તેની પ્રવૃત્તિઓ વિશે વિશેષ માહિતી ન હતી. આ બંને સંસ્થાઓની પ્રવૃત્તિ એકસરખી હોવાથી તેનું જોડાણ કરીને 'બ્રિટિશ ઇન્ડિયન ઍસોસિયેશન' નામની નવી સંસ્થા ઉદ્ભવી (ઈ.સ. 1851). આ સંસ્થાનું સ્વરૂપ રાષ્ટ્રીય સ્તરનું હતું. દ્વારકાનાથ ઠાકુરના પુત્ર અને રવીન્દ્રનાથ ઠાકુરના પિતા દેવેન્દ્રનાથ ઠાકુરે તેની સ્થાપના કરી. તેમણે આ સંસ્થાની શાખાઓ મદ્રાસ, મુંબઈ વગેરે સ્થળોએ ખોલી હતી. તેમના પ્રયત્નોથી ઈ.સ. 1861ના ધારામાં હિન્દીઓને સૌપ્રથમ વખત ધારાગૃહમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

### અન્ય સંસ્થાઓની સ્થાપના અને કામગીરી

કોલકાતા-બંગાળની ઉપર્યુક્ત સંસ્થાઓને ધોરણે મુંબઈ ખાતે બૉમ્બે ઍસોસિયેશન (ઈ.સ. 1852), મદ્રાસ ખાતે 'મદ્રાસ નૅટિવ સભા' (ઈ.સ. 1855) અને પૂના મુકામે 'પૂના ઍસોસિયેશન' (ઈ.સ. 1867) તથા 'સાર્વજનિક સભા' (ઈ.સ. 1870) જેવી કેટલીક અન્ય સંસ્થાઓની સ્થાપના થઈ. જેમાં અનુક્રમે જગન્નાથ શંકર શેઠ, દાદાભાઈ નવરોજી, ડૉ. ભાઉદાજી તથા જી. એમ. ચેટ્ટી અને મહાદેવ ગોવિંદ રાનડે તેમજ ગોપાલકૃષ્ણ ગોખલે જેવા નેતાઓએ અગત્યની કામગીરી બજાવી. ત્યારબાદ ફિરોજશાહ મહેતા, કે.ટી. તેલંગ અને બદરુદ્દીન તૈયબજીના પ્રયત્નોથી મુંબઈ મુકામે 'બૉમ્બે પ્રેસિડેન્સી ઍસોસિયેશન' (ઈ.સ. 1885) અને 'મદ્રાસ નૅટિવ ઍસોસિયેશન'ને સ્થાને 'મહાજન સભા' (ઈ.સ. 1884)ની શરૂઆત થઈ. કોલકાતામાં 'ઇન્ડિનય લીગ'ની સ્થાપના થઈ (ઈ.સ. 1875). તેના મુખ્ય નેતાઓ 'અમૃત બાઝાર પત્રિકા' મુખ્ય સંપાદક શિશિરકુમાર ઘોષ, શંભુચંદ્ર મુખરજી, કાલીમોહનદાસ અને જોગેશચંદ્ર દત્ત હતા. તેનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં રાષ્ટ્રીયતાની ભાવના વિકસાવવી અને રાજકીય તાલીમ આપવાનો હતો.

આ તમામ સંસ્થાઓની પ્રવૃત્તિઓ અને ઉદ્દેશો પણ ઉપર્યુક્ત સંસ્થાઓ જેવાં જ હતાં. જ્યારે હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના (ઈ.સ. 1885) થતાં આમાંની મોટાભાગની સંસ્થાઓ પોતાના કાર્યક્ષેત્ર અને ઉદ્દેશો સાથે મહાસભામાં વિલીન થઈ ગઈ.

### ઇન્ડિયન ઍસોસિયેશન (1876)

કોલકાતા મુકામે 'ઇન્ડિયન ઍસોસિયેશન' ની સ્થાપના કરવામાં આવી (26 જુલાઈ, 1876). તેના મુખ્ય નેતાઓ સુરેન્દ્રનાથ બેનરજી અને આનંદ મોહન બોઝ હતા. આ સંસ્થામાં અંગ્રેજી શિક્ષણ મેળવેલ ભારતના મધ્યમ વર્ગના લોકોની બહુમતિ હતી. આ સંસ્થાએ રાજકીય આંદોલનમાં ભાગ લીધો ખાસ કરીને 'સિવિલ સર્વિસિઝ ઍજિટેઈશન'માં મુખ્ય ફાળો આ સંસ્થાનો હતો. સુરેન્દ્રનાથ બેનરજીની ધરપકડ કરવામાં આવી. તે અંગે સંસ્થાએ વિભિન્ન સ્થળોએ વિરોધપ્રદર્શન યોજ્યાં. આ સંસ્થાની લગભગ સાઈઠ શાખાઓ કાર્યરત હતી. મદ્રાસમાં પણ 'મહાજન સભા' ની સ્થાપના થઈ (16 મે 1884). તેના નેતાઓ પી. રંગિયા નાયડુ, વી. રાઘવાચારી અને ઑનરેબલ મિસ્ટર પી. આનંદા ચાર્લૂ હતા. સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ જનતાની ભાવનાઓનો વિકાસ કરવાનો હતો.

આ રીતે, (1870-1884 સુધી) ભારતના જુદા જુદા પ્રાંતોમાં કોઈ ને કોઈ સંસ્થા કાર્યરત હતી. લિટન દ્વારા આયોજિત દિલ્હી દરબારમાં (ઈ.સ. 1877) આવેલા લોકોને જોઈને ભારતીયોમાં પણ એ વિચાર સ્ફૂર્યો કે, ''જુદાં જુદાં રાજકીય ક્ષેત્રોમાં કામ કરતા લોકોએ પ્રતિનિધિઓએ પણ વરસમાં એક વખત કોઈ સ્થળે મળવું જોઈએ.' સુરેન્દ્રનાથ બેનરજીના ભારતવ્યાપી પ્રવાસ, રિપનના વખતમાં પ્રસ્તાવિત ઈલ્બર્ટ બીલે આ વિચારને સમર્થન આપ્યું. 'ઇન્ડિયન ઍસોસિયેશન'નું વાર્ષિક અધિવેશન (ડિસેમ્બર, 1883) કોલકાતા મુકામે ભરાયું. તેમાં 200 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ સંસ્થાના બીજા અધિવેશન (25 થી 27 ડિસેમ્બર, 1885) દરમિયાન (જ્યારે હિંદી રાષ્ટ્રીય મહાસભાનું પ્રથમ અધિવેશન મુંબઈ ખાતે મળવા જઈ રહ્યું હતું ત્યારે) કરવામાં આવેલા ઠરાવો પણ મહાસભાના ઠરાવો જેવા જ હતા પરંતુ આ સંસ્થાના આગેવાનોએ જ્યારે હિંદી રાષ્ટ્રીય મહાસભાને પોતાના ઇચ્છિત ધોરણો અનુસાર કામ કરતી જોઈ તથા તેને મળેલો લોક-પ્રતિસાદ જોયો એટલે આ પરિષદે પોતાની પ્રવૃત્તિઓ સંકેલી લીધી.

## હિંદી રાષ્ટ્રીય મહાસભા અને રાષ્ટ્રીય આંદોલનનો પ્રારંભિક તબક્કો (1885 થી 1905)

### હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના



સર એ. ઓ. હ્યુમ

સર એલન ઑક્ટાવિયન હ્યુમ નામના એક નિવૃત્ત અંગ્રેજી અધિકારીની પ્રેરણાથી ભારતમાં 1885માં હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઈ. સર હ્યુમ વાઈસરૉયની કાઉન્સિલના ગૃહમંત્રીના અંગત સેક્રેટરી હતા તે પહેલાં તેઓ ઈટાવા જિલ્લા મૅજિસ્ટ્રેટ હતા (ઈ.સ. 1857). તે વખતે બ્રિટિશ સામ્રાજ્યની તેમણે ઘણી સારી સેવા કરી હતી. છતાં તે વખતથી તેમના મનમાં વિચાર રૂઢ થયો હતો કે ''બ્રિટિશ સામ્રાજ્ય ઉપરથી દેખાય છે તેટલું સલામત નથી અને હિંદી લોકોમાં તેમના વિશે ભારે અસંતોષ છે.'' આ ભારતીયોના અસંતોષને વ્યક્ત કરવા માટે જો કોઈ બંધારણીય સંસ્થા નહિ હોય તો તે ફરી પાછો દાવાનળના સ્વરૂપે ભભૂકી ઊઠશે તેવો તેમને વાજબી રીતે જ ડર લાગતો હતો. સર હ્યુમની આ વિચારસરણીના તે સમયના વાઈસરૉય ડફરિનનો સાથ અને પ્રેરણા મળ્યાં હતાં. ભારતના વિચારશીલ લોકોને તો એક અખિલ ભારતીય સંસ્થાની જરૂરિયાત લાગતી જ હતી.

આથી દાદાભાઈ નવરોજી, ગોપાલકૃષ્ણ ગોખલે, ફિરોજશાહ મહેતા, બદરૂદ્દીન તૈયબજી, વ્યોમેશચંદ્ર બેનરજી વગેરેએ હ્યુમના વિચારને વધાવી લીધો અને હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઈ. ભારતના લોકોની

આકાંક્ષાઓ અને ફરિયાદોને વાચા આપવા માટે તથા લોકોની માગણીઓ બ્રિટિશ સરકાર સમક્ષ રજૂ કરવા માટે એ. ઓ. હ્યુમને એક દેશવ્યાપી સંસ્થા આપવાની જરૂરિયાત લાગી હતી. તેમણે ઇંગ્લૅન્ડ જઈને બ્રિટિશ રાજપુરુષો સમક્ષ આ વિચાર રજૂ કર્યો અને તેમાં તેમને સમર્થન મળ્યું. તેથી તેમણે ભારત પાછા ફરીને હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના કરી.

### 1885 થી 1905 સુધીની હિન્દી રાષ્ટ્રીય મહાસભાની કામગીરી

સર એ. ઓ. હ્યુમની પ્રેરણા અને પ્રયત્નોને આધારે (1885ના ડિસેમ્બરની 25મી તારીખે) પૂના સાર્વજનિક સભાના આમંત્રણથી પાર્વતી ટેકરી, પેશ્વા બાગ, પૂના ખાતે મળવાનું નક્કી થયું હતું પરંતુ આ અરસામાં પૂના અને તેની આસપાસના વિસ્તારમાં પ્લેગનો રોગચાળો ફાટી નીકળતાં ફિરોજશાહ મહેતા, કે.ટી. તેલંગ અને બદરુદ્દીન તૈયબજીના નેતૃત્વ નીચે મુંબઈ પ્રેસિડેન્સી ઍસોસિયશને આ બેઠક મુંબઈના ગોવાળિયા ટૅન્ક ખાતે બોલાવી. અંતે 28 ડિસેમ્બર, 1885ના રોજ બપોરના 12:00ના સુમારે મુંબઈની સાંસ્કૃતિક કક્ષમાં ગોવાળિયા ટૅન્ક ખાતેની સર ગોકુળદાસ તેજપાળ સંસ્કૃત મહાવિદ્યાલયના સાંસ્કૃતિક કક્ષમાં મળી. તેનું પ્રમુખપદ વ્યોમેશચંદ્ર બેનરજી નામના કોલકાતા (બંગાળ)ના નેતા ખ્યાતનામ એડવોકેટને સોંપવામાં આવ્યું. જ્યારે આજીવન મહામંત્રીપદે હ્યુમની વરણી કરવામાં આવી. આ અધિવેશનમાં દેશભરમાંથી આવેલા કુલ 70 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ અધિવેશનમાં ગુજરાતના નેતાઓ સર્વશ્રી દાદાભાઈ નવરોજી, સર દિનશા વાચ્છા, સર ફિરોજશાહ મહેતા વગેરે હતા. કુલ ચાર દિવસ (28 થી 31) સુધી ચાલેલા આ અધિવેશનમાં દેશની અનેક સમસ્યાઓ પર ચર્ચાવિચારણા કર્યા પછી કુલ નવ ઠરાવો કરવામાં આવ્યા. ત્યારપછીના વર્ષે (18 ડિસેમ્બર, 1886) મહાસભાનું દ્વિતીય અધિવેશન કોલકાતા મુકામે મળ્યું. તેમાં ઉપસ્થિત 400 પ્રતિનિધિઓનું પ્રમુખસ્થાન પારસી સુધારક અને ગુજરાતના લોકપ્રિય નેતા દાદાભાઈ નવરોજીએ સંભાળ્યું. પોતાના વકતવ્યમાં તેમણે મહાસભાના ઠરાવો તરફ સરકારે દર્શાવેલ ઉદાસીનતાની ટીકા કરી. સ્વાગતપ્રમુખનું સ્થાન રાજેન્દ્રલાલ મિત્રે શોભાવ્યું. આ બંને અધિવેશનોને ધારી સફળતા મળી નહિ, છતાં પણ મહાસભાના આગેવાનો ત્રીજા વર્ષે (ડિસેમ્બર, 1887માં) મદ્રાસ મુકામે જાણીતા મુસ્લિમ અગ્રણી બદરુદ્દીન તૈયબજીના પ્રમુખપદે મળેલી મહાસભાના અધિવેશનમાં ઉપસ્થિત રહ્યા. તેમાં મહાસભાના બંધારણ-ઘડતર માટે પ્રયાસ થયો. આ અધિવેશનમાં કુલ 607 પ્રતિનિધિએ દેશભરમાંથી હાજરી આપી હતી.



વ્યોમેશચંદ્ર બેનરજી

પ્રારંભમાં કૉંગ્રેસે નરમ મવાલ વલણ અપનાવ્યું. તેના પ્રત્યેક ઠરાવમાં બ્રિટિશ તાજ પ્રત્યે વફાદારી રજૂ કરવામાં આવતી અને ઠરાવોની ભાષા સૌમ્ય, નમ્ર અને વિવેકી રાખવામાં આવતી. તેમાં ધારાસભાઓમાં ચૂંટાયેલા સભ્યોની બહુમતી રાખવા, પ્રાંતોમાં અને કેન્દ્રમાં જવાબદાર સરકારો રચવા, હિંદીઓને લાયકાતના ધોરણે સરકારી નોકરીઓ આપવા, કારોબારી અને ન્યાયતંત્રને અલગ કરવા, ભારતના લશ્કરનું શક્ય ત્યાં સુધી ભારતીયકરણ કરવા, ખેડૂતો અને મજૂરોની સ્થિતિ સુધારવા, ભારતની ગરીબાઈ ઓછી કરવા વગેરેને લગતા ઠરાવો કરવામાં આવ્યા હતા. કૉંગ્રેસે ઠરાવો પસાર કર્યા પરંતુ સરકાર પર તેની કોઈ ખાસ અસર થઈ નહિ.

કૉંગ્રેસનું ચોથું અધિવેશન અલ્હાબાદ ખાતે યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ તે લશ્કરી વિસ્તાર હોવાથી શાંતિ અને સલામતી જોખમાવાના બહાના તળે આ અધિવેશન મળવા પર છેલ્લી ઘડીએ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો. આવી મુશ્કેલીઓ વચ્ચે પણ પૂર્વનિર્ધારિત સમયે (ડિસેમ્બર, 1888) આ ઐતિહાસિક અધિવેશન મળ્યું. અધિવેશનની અધ્યક્ષતા જ્યૉર્જ યૂલ નામના એક ઉદારમતવાદી અંગ્રેજ વ્યાપારીએ કરી હતી. આ અધિવેશન પણ સફળ રહ્યું.



**હિંદી રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ), પ્રથમ અધિવેશન, મુંબઈ-1885**

તે પછી (1888) કૉંગ્રેસે પોતાની કાર્યપદ્ધતિને વળાંક આપીને બંધારણીય માર્ગે જવાનો નિર્ણય કર્યો અને કડક શબ્દોમાં પોતાની માગણીઓની રજૂઆત કરી.

અલ્હાબાદ અધિવેશન પછી પાંચમું અધિવેશન (1889) મુંબઈ ખાતે અને છઠ્ઠું અધિવેશન (1890) કોલકાતા ખાતે મળ્યું. જેમાં સરકારી અમલદારોને ભાગ લેવાનું તો દૂર પણ પ્રેક્ષક બનીને ઉપસ્થિત રહેવા પર પ્રતિબંધ ફરમાવ્યો. પ્રમુખસ્થાનેથી ફિરોજશાહ મહેતાએ આની ટીકા કરી. ત્યારબાદનું (1891નું) સાતમું અધિવેશન પ્રથમ હિંદુ પ્રમુખ ઑનરેબલ મિ. પિ. આનંદા ચાર્લૂના અધ્યક્ષપદે નાગપુર મુકામે અને તે પછી (1892)નું અલ્હાબાદ ખાતે વ્યોમેશચંદ્ર બેનર્જીના પ્રમુખપદે મળ્યું. હવે એ. ઓ. હ્યુમની વિચારસરણીમાં પરિવર્તન આવ્યું હતું. તેમણે જણાવ્યું કે મહાસભા અત્યાર સુધીનાં અધિવેશનોમાં થયેલા ઠરાવો પ્રત્યે સરકારે સહેજ પણ લક્ષ્ય આપ્યું નથી અને ખાસ કરીને 1892ના ધારામાં મહાસભાના એક પણ ઠરાવ પર ધ્યાન આપવામાં આવ્યું નથી. તે જોતાં તેનો વિરોધ કરવાનું દર્શાવાયું. છતાં તેમ ન થતાં સર હ્યુમે મહામંત્રીપદ છોડવા કહ્યું. જોકે તેમને કાર્યરત રહેવા મનાવી લેવામાં આવ્યા. આ અધિવેશન બાદ મહાસભામાં જહાલવાદી અભિગમ વિકસ્યો. એવા સંજોગોમાં દર વર્ષે લાખેક રૂપિયાનો ખર્ચ કરી અધિવેશનો બોલાવવાનો કોઈ ખાસ અર્થ રહેતો નથી. તેથી મહાસભાએ હિંદમાંની પોતાની પ્રવૃત્તિઓ ઘટાડીને તે ઇંગ્લૅન્ડના ઉદારમતવાદી સાંસદો સુધી વિસ્તારવી જોઈએ. પરંતુ નાગપુર અધિવેશન વખતે મહાસભાનાં અધિવેશનો પૂર્વવત્ રીતે મક્કમતાપૂર્વક ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો.

ત્યારબાદ (ઈ.સ. 1892 થી 1905 સુધી)ના સમયગાળામાં મહાસભાના મવાળવાદી નેતાઓ પોતાની રીતે સક્રિય રહ્યા. ઈ.સ. 1904ના મુંબઈ ખાતે મળેલા મહાસભાના વીસમા અને ત્યારબાદ (1905) બનારસ ખાતે મળેલા એકવીસમા અધિવેશનમાં ખાસ કોઈ અગત્યના ઠરાવ થયા નહિ. આ સમયગાળામાં મવાળવાદીઓની પ્રવૃત્તિઓ ઓછા પ્રભાવવાળી રહી.

આ અરસામાં વાઇસરૉય કર્ઝને બંગાળના ભાગલા પાડતાં (1905) તેનો દેશવ્યાપી વિરોધ શરૂ થયો. મહારાજા મહેન્દ્રચંદ્ર નાન્દી તથા સુરેન્દ્રનાથ બેનર્જીના પ્રયાસોથી બંગભંગની સાથે 'સ્વદેશી' ચળવળ જોડાતાં સ્વતંત્રતાપ્રાપ્તિની લડતને નવો વેગ મળ્યો.

## ભારતીય રાષ્ટ્રીય મહાસભાનો દ્વિતીય તબક્કો (1906-1919)

કૉંગ્રેસના બીજા તબક્કામાં કેટલાક મહત્ત્વના બનાવો બન્યા, જેમ કે, મવાળવાદ અને જહાલવાદ વચ્ચેનો સંઘર્ષ, બંગાળના ભાગલા (1905) અને તેની સામે ચાલેલું બંગભંગ કે સ્વદેશી આંદોલન, ભારતમાં કોમવાદનો

ઉદય, હોમરૂલ આંદોલન, ભારતમાં અને વિદેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ તથા સરકારની 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિને મૂર્તિમંત કરતા બે કાયદા 1909ના મોર્લે-મિન્ટો સુધારા અને 1910ના મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા. આ અંગેની ચર્ચા અહીં કરવામાં આવી છે. 'હિન્દી ધારાસભાના કાયદા-1892'થી ખાસ સંતોષ થયો નહિ. હવે તેની માંગણી અને અપેક્ષાઓ વધી રહી હતી. નવી પેઢીના જહાલવાદી (અર્થાત્ ઉગ્ર) યુવાનોને જૂની પેઢીના નેતાઓની મવાળ (નરમ) નીતિ પસંદ ન હોવાથી બંને વચ્ચેનું વૈમનસ્ય વધ્યું.

### મવાળવાદ - જહાલવાદ વચ્ચેનું વૈમનસ્ય

જૂની પેઢીના નેતાઓ જેમ કે વ્યોમેશચંદ્ર બેનરજી, દાદાભાઈ નવરોજી, રોમેશચંદ્ર દત્ત, ગોપાલકૃષ્ણ ગોખલે, દિનશા વાચ્છા, સર ફિરોજશાહ મહેતા, મદનમોહન માલવિયા, સુરેન્દ્રનાથ બેનરજી વગેરે મુખ્ય મવાળવાદી નેતાઓ હતા. બ્રિટિશરો સત્ય અને ન્યાયમાં માનનારા હોવાથી મવાળવાદીઓ બંધારણીય અને લોકશાહી પદ્ધતિ દ્વારા બ્રિટિશ શાસનની અયોગ્ય નીતિનો વિરોધ કરવામાં માનતા. કૉંગ્રેસનાં વાર્ષિક અધિવેશનોમાં માંગણીઓ અંગે ચર્ચાઓ અને ઠરાવો કરી વિનંતીસ્વરૂપ અરજી વાઈસરૉયને મોકલવામાં આવતી. તેમની આવી કાર્યશૈલીને લીધે તેઓ નરમ-મવાળવાદી કહેવાયા. તેમણે હિંદના શહેરી સુશિક્ષિત મધ્યમ વર્ગને સંગઠિત કરી રાષ્ટ્રીય ચળવળ માટેની પૂર્વભૂમિકા તૈયાર કરી. તેમણે સ્વશાસન, સમાનતા, લોકશાહી અને સ્વતંત્રતાના વિચારોનું ભારતીય પ્રજામાં બીજારોપણ કર્યું. તેમ છતાં તેઓ અંગ્રેજોના આંધળા અનુયાયી નહતા, માટે જ ગોપાલકૃષ્ણ ગોખલેએ અંગ્રેજ સરકારે આપેલ 'નાઈટ'નો ખિતાબ તેમજ સેક્રેટરી ઑફ ધ સ્ટેટ ફૉર ઇન્ડિયાની કાઉન્સિલના સભ્યપદનો પણ અસ્વીકાર કર્યો.

આમ, મવાળવાદીઓએ સમયને અનુરૂપ નીતિ અપનાવી હોવા છતાં, બ્રિટિશ સરકાર પર તેની કશી જ અસર થઈ નહોતી. આથી કૉંગ્રેસના યુવાવર્ગની ધીરજ ખૂટતાં કૉંગ્રેસમાં ઉગ્ર અને સક્રિય કામગીરીનો પ્રારંભ થયો. આવી વિચારધારામાં માનનારા જહાલવાદીઓ તરીકે ઓળખાય છે. જહાલવાદના મુખ્ય નેતાઓ બાળ ગંગાધર ટિળક, લાલા લજપતરાય અને બિપિનચંદ્ર પાલ હતા. લાલ, પાલ અને બાળની આ ત્રિપુટીએ નીચે પ્રમાણેનાં તેમનાં કાર્યો થકી સૌનું ધ્યાન ખેંચ્યું.

### લોકમાન્ય ટિળક (1856-1920)

લોકમાન્ય ટિળક તરીકે જાણીતા બાળ ગંગાધર ટિળક જહાલવાદના મુખ્ય પુરસ્કર્તા હતા. તેમનો જન્મ 23મી જુલાઈ, 1856માં મહારાષ્ટ્રમાં રત્નગિરિમાં થયો હતો. તેમણે બી.એ., એલએલ.બી.ની ડિગ્રીઓ મેળવી હતી. તેમણે તેમના વિચારોનો ફેલાવો કરવા 'ધી મરાઠા' (અંગ્રેજી) અને 'કેસરી' (મરાઠી) નામનાં બે વર્તમાનપત્રો શરૂ કર્યાં હતાં. ઈ.સ. 1890ના મુંબઈ કૉંગ્રેસ અધિવેશનમાં તેમણે પ્રથમ વખત ભાગ લીધો હતો. તેઓ રાષ્ટ્રીય ચળવળને માત્ર બુદ્ધિજીવીઓની નાનકડા વર્ગ પૂરતી મર્યાદિત રાખવાને બદલે લોકવ્યાપી બનાવવા માગતા હતા, જેથી જાગૃત થતી વિરાટ જનતાનું બળ સરકારની સાન ઠેકાણે લાવી શકે.

આ માટે તેમણે મહારાષ્ટ્રમાં ગણપતિ ઉત્સવ અને છત્રપતિ શિવાજી મહારાજાના ઉત્સવો ઊજવવાનું ચાલુ કર્યું, અને તે દ્વારા લોકોને એકઠા કરી સરકારના જુલમો વિશે તેમને સભાન કરવાનો પ્રયત્ન કર્યો. 1906માં તેમણે 'સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે' અને 'સ્વરાજ પ્રાપ્તિ વગર આપણું જીવન અને ધર્મ નકામાં છે' તેવાં સૂત્રો આપ્યાં. સરકારની આકરી ટીકા કરવા બદલ તેમને છ વર્ષની કેદની આકરી સજા કરવામાં આવી. તેમને માંડલેની જેલમાં મોકલવામાં આવ્યા. તેમણે હોમરૂલ લીગની સ્થાપના (ઈ.સ. 1916) તેમજ તેની ચળવળમાં સક્રિય ભૂમિકા ભજવી.

### લાલા લજપતરાય

શેર-એ-પંજાબ તરીકે જાણીતા લાલા લજપતરાય ફિરોજપુરના ઢુકડે નામના ગામમાં જન્મ્યા. દયાનંદ સરસ્વતીએ શરૂ કરેલા આર્યસમાજથી તેઓ ખૂબ પ્રભાવિત થયા. તેમણે 'ધી પંજાબી' અને 'ધી પ્યુપિલ' જેવાં વર્તમાનપત્રો શરૂ કર્યાં. પંજાબના ખેડૂતોની લડતની આગેવાની લેવા બદલ તેમને જેલની સજા કરવામાં આવી.

સાયમન કમિશનનો વિરોધ કરતી વખતે પોલીસની લાઠીનો માર વાગતાં તેમને દવાખાનામાં દાખલ કર્યા, ત્યાં ટૂંકાગાળામાં (17 નવેમ્બર, 1928) તેમનું અવસાન થયું.

### બિપિનચંદ્ર પાલ

તેમનો જન્મ બંગાળમાં સિલહર જિલ્લાના પ્યોલ ગામમાં થયો. બિપિનચંદ્ર પાલ, બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય અને તેમના વર્તમાનપત્ર 'બંગ દરશન'થી ખૂબ જ પ્રભાવિત થયા. શરૂઆતમાં તે બ્રહ્મોસમાજના સંપર્કમાં આવ્યા. તેમણે બંગભંગ અને સ્વદેશી આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવી. તેમણે 'ન્યૂ ઇન્ડિયા' સાપ્તાહિક અને 'વંદે માતરમ્' વર્તમાનપત્ર શરૂ કર્યું. તેમને પણ જેલવાસ ભોગવવો (ઈ.સ. 1907) પડ્યો હતો.

### બંગાળના ભાગલા, 1905

વાઈસરૉય કર્ઝન (1899-1905) દ્વારા વિશાળ બંગાળ પ્રાંતમાં વહીવટી કાર્યક્ષમતા લાવવાના બહાના હેઠળ બંગાળ (રાજધાની : ઢાકા) અને પશ્ચિમ બંગાળ (રાજધાની : કોલકાતા) એમ બે ભાગલા પડ્યા. એક જ બંગાળી ભાષા અને સંસ્કૃતિ ધરાવતી પ્રજાએ આ ભાગલાનો સખત વિરોધ કર્યો. બંગભંગ (ઈ.સ. 1905) પાછળ કર્ઝનનો ઇરાદો સમગ્ર ભારતમાં સૌથી વધુ જાગૃત બંગાળી પ્રજાની - હિંદુ અને મુસ્લિમ પ્રજાની એકતાને તોડવાનો હતો.

પશ્ચિમ બંગાળમાં બિહાર અને ઓરિસ્સાના પ્રાંતો મૂક્યા; જેની કુલ વસ્તી 5 કરોડ 30 લાખની હતી, જેમાં 4 કરોડ 40 લાખ હિન્દુઓ અને 90 લાખ મુસ્લિમો હતા.

પૂર્વ બંગાળના નવા બનાવેલા પ્રાંતમાં આસામનો પ્રદેશ અને ઢાકા રાજશાહી, ચટગાંવ વગેરે પ્રદેશો મૂકવામાં આવ્યા. તેની કુલ 3 કરોડ 20 લાખની વસ્તીમાં 1 કરોડ 80 લાખ મુસ્લિમો અને 1 કરોડ 40 લાખ હિન્દુઓ હતા. આમ, પૂર્વ બંગાળના નવા પ્રાંતમાં મુસ્લિમોની બહુમતી જાણીબૂઝીને રખાઈ કે જેથી બંગાળીભાષી હિન્દુઓ લઘુમતીમાં મુકાઈ જાય !

બંગાળી પ્રજા જ માત્ર નહિ પરંતુ ભારતના અન્ય લોકો પણ માનવા લાગ્યા કે, હિન્દમાં રાષ્ટ્રવાદનો જુવાળ જે જોરશોરથી શરૂ થયો છે તેને રોકવા માટે જ આ વિભાજન કરાયું છે. આથી (16 ઑક્ટોબર, 1905) બંગાળ પ્રાંતના ભાગલાનો અમલ કરાયો. તે દિવસ સમગ્ર બંગાળ પ્રાંતમાં 'રાષ્ટ્રીય શોકદિન' તરીકે મનાવાયો. સુરેન્દ્રનાથ બેનરજીએ પોતાના 'બંગાળી' છાપામાં 'એક મોટી અને ભયંકર રાષ્ટ્રીય આપત્તિ' શીર્ષક દ્વારા પ્રજાની આંખ ખોલી નાખી.

### સ્વદેશી આંદોલન

બંગભંગના (16 ઑક્ટોબર, 1905) તમામ વિદેશી માલના બહિષ્કારનું આંદોલન અને સ્વદેશી માલના ઉપયોગને ઉત્તેજન આપવાનું એલાન અપાયું. આ આંદોલનનાં મુખ્ય ત્રણ લક્ષણો હતાં (1) સ્વદેશી માલનો વપરાશ કરવો (2) વિદેશી માલનો બહિષ્કાર કરવો અને (3) રાષ્ટ્રીય શિક્ષણ લેવું. બંગભંગની લડતને આ ત્રણ સ્વરૂપે ઉગ્ર અને વ્યાપક બનાવવાના હેતુથી એક લડત સમિતિની રચના કરવામાં આવી. એ સમિતિમાં સુરેન્દ્રનાથ બેનરજી, બિપિનચંદ્ર પાલ, રાસબિહારી ઘોષ અને અરવિંદ ઘોષ વગેરે કૉંગ્રેસના આગળ પડતા નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો. સહીઝુંબેશ, જાહેરસભાઓમાં પ્રવચનો, સરઘસો અને દેખાવો શરૂ કર્યા. સ્વદેશી માલને ઉત્તેજન આપવા માટે વિદેશી માલનો બહિષ્કાર માટેનું આંદોલન ઉગ્ર બન્યું. પૂરા એક વર્ષ માટે 'રાષ્ટ્રીય શોક'ની જાહેરાત કરવામાં આવી. સરકારી હોદ્દાઓનો ત્યાગ કરવાની અપીલ કરવામાં આવી. આંદોલન ચલાવવા માટે મોટું ભંડોળ એકઠું કરવામાં આવ્યું. સ્વયંસેવકદળની રચના કરવામાં આવી. તમામ વર્ગના લોકોએ આ લડતને અભૂતપૂર્વ ટેકો આપ્યો. વિદેશી માલ નહિ વાપરવાની લોકોએ જાહેરમાં પ્રતિજ્ઞા લીધી. ઇંગ્લૅન્ડના કાપડ તથા અન્ય ચીજ-વસ્તુઓનો બહિષ્કાર કરવા વેચાણ કરતી દુકાનો ઉપર પિકેટિંગ

કરવામાં આવ્યું. લડતને વધારે ઉગ્ર બનાવવા સરકારી અધિકારીઓ અને લડતનો વિરોધ કરનાર લોકોને ધોબી, વાળંદ, મોચી, રસોઈયા વગેરેની સેવાઓ મળતી બંધ થઈ. તેઓનો સામાજિક બહિષ્કાર કરવામાં આવ્યો. લોકોને સ્વદેશીનો ખ્યાલ સમજાવવા અખબારોમાં લખાણો, સરઘસો, જાહેરસભાઓ અને લોકગીતોનો આશરો લેવામાં આવ્યો. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનું 'આનંદમઠ' નવલકથાનું ગીત 'વંદે માતરમ્' ઠેરઠેર ગૂંજતું થઈ ગયું ! સરકાર તરફી વર્તમાનપત્રોએ પણ આ રાષ્ટ્રીય જુવાળની નોંધ લીધી.

સ્વદેશી આંદોલનથી ભારતને ખૂબ લાભ થયો; જ્યારે વિદેશી માલના બહિષ્કારને પરિણામે ઇંગ્લૅન્ડના વેપારને મોટો ફટકો પડ્યો. દા.ત., જૈસોર, બગુદા, ઢાકા, આરા, હજારીબાગ, નદિયા, માલદા અને બર્દવાન એમ ફક્ત 8 વેપારી કેન્દ્રોમાં સપ્ટેમ્બર, 1904માં ઇંગ્લૅન્ડથી 76,200 રૂપિયાની ચીજવસ્તુઓની આયાત હિંદમાં થઈ હતી, તે ઘટીને 1905ના સપ્ટેમ્બરમાં ફક્ત 9700 રૂપિયાની થઈ ગઈ ! વિદેશી કાપડ લગભગ 3 કરોડથી વધુ મીટર ઓછું આયાત થયું. 1 કરોડ રૂપિયાના રૂ સૂતરની ઓછી આયાત થઈ. વિદેશી પગરખાંમાં 75 ટકા, સિગારેટની આયાતમાં 50 ટકા અને અન્ય ચીજવસ્તુઓની આયાતમાં પણ ભારે ઘટાડો થયો ! આ ઘટાડો સ્પષ્ટરૂપે બહિષ્કાર અને સ્વદેશી આંદોલનની અસરનું જ પરિણામ હતું. પ્રેસ, શણ વગેરે સરકારી જાહેર સાહસોમાં હડતાળો પડવાથી બ્રિટિશ સરકારને ભારે નુકસાન થયું.

### રાષ્ટ્રીય શિક્ષણ

બંગભંગની લડતમાં વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ ભજવ્યો. તેથી વિદ્યાર્થીઓને સામૂહિક દંડ કરવાથી માંડીને તેમને શાળા-કૉલેજોમાંથી કમી કરવા સુધીનાં પગલાં ભરવામાં આવ્યાં તેથી બંગાળમાં રાષ્ટ્રીય શાળાઓ સ્થાપવામાં આવી. બંગાળમાં ઈ.સ. 1907માં 25 રાષ્ટ્રીય માધ્યમિક શાળાઓ અને 300 રાષ્ટ્રીય પ્રાથમિક શાળાઓ હતી. રવીન્દ્રનાથ ટાગોરની શાંતિનિકેતન વિદ્યાપીઠ આ દરમિયાન વિકાસ પામી હતી.

બંગાળ ઉપરાંત હિંદના અન્ય પ્રદેશો પંજાબ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મુંબઈ, મદ્રાસ વગેરે પ્રાંતોમાં પણ લડતના પ્રત્યાઘાતો પડ્યા. ગુજરાતમાં પણ સ્વદેશીની લડતનો પડઘો પડ્યો હતો.

### મુસ્લિમ લીગની સ્થાપના (1906)

મુસ્લિમ લીગની સ્થાપનાનો વિચાર (ઈ.સ. 1906ના) સિમલા સંમેલનમાં રહ્યો છે. તે સમયના વાઇસરૉય મિન્ટો અને હિન્દી વજીર મોર્લેએ સાથે મળીને હિન્દના રાષ્ટ્રવાદને કચડી નાખવાની યોજના બનાવી. મિન્ટોના સચિવે તે સમયના અલીગઢ કૉલેજના પ્રિન્સિપાલ આર્કબૉલ્ડને જણાવ્યું કે, ''જો સુધારા મેળવવા માટે મુસ્લિમોએ મળવું હોય તો, તેમણે અલગ મતાધિકારની માગણી કરવી હોય, તો વાઇસરૉય મુસ્લિમ પ્રતિનિધિમંડળને ખુશીથી મળશે.''

પ્રિન્સિપાલ આર્કબૉલ્ડે અલીગઢ કૉલેજના મંત્રીને આ અંગેનો પત્ર લખ્યો, જેમાં માગણીઓનો મુસદ્દો તથા જરૂરી સૂચનો કર્યાં હતાં. પત્ર મળતાં આગાખાનના નેતૃત્વ નીચે મુસ્લિમોનું એક પ્રતિનિધિમંડળ સિમલામાં વાઇસરૉયને મળ્યું અને પોતાની માંગણીઓ રજૂ કરી. જોકે તેમણે કોમવાદની માગણીનો સ્વીકાર કર્યો નહિ. પરંતુ તે ધોરણે અલગ મતાધિકારની માગણી રજૂ કરવા મુસ્લિમોને સૂચન કર્યું. આમ, અલગ પ્રતિનિધિત્વની માગણી મુસ્લિમોની નહિ, પરંતુ અંગ્રેજોની નીતિની જ નીપજ હતી. મિન્ટોએ જ મુસ્લિમોને સહયોગી બનાવવાની નીતિની શરૂઆત કરી; તેથી તેમને કેટલાક લેખકો 'મુસ્લિમ કોમવાદના પિતા' કહે છે. કોઈએ તો એમ પણ લખ્યું છે કે, ''પાકિસ્તાનના સાચા સર્જક મહંમદઅલી ઝીણા કે રહિમતુલ્લા નહિ, પરંતુ મિન્ટો જ હતો.'' એક અલગ મુસ્લિમ સંગઠનની રચના કરવા મુસ્લિમોના એક જૂથને સમજાવવા માટે અંગ્રેજો સફળ

રહ્યા. પરિણામે મુસ્લિમ લીગની સ્થાપના (ઈ.સ. 1906) થઈ. આ સંસ્થાની સ્થાપનામાં મુસ્લિમોના વડા આગાખાન, ઢાકાના નવાબ સલીમઉલ્લાખાં, વાઇસરૉય મિન્ટો અને તેના ખાનગીમંત્રી ડનલોપ સ્મિથે મહત્ત્વની ભૂમિકા ભજવી. કરાંચી ખાતે (1907) તેનું વિગતવાર બંધારણ ઘડવામાં આવ્યું. લાહોર અધિવેશનમાં (ઈ.સ. 1908) આ બંધારણને મંજૂરી આપવામાં આવતાં 'અખિલ ભારતીય મુસ્લિમ લીગ'ની સ્થાપના થઈ. મુસ્લિમ બિરાદરો કૉંગ્રેસના વાર્ષિક અધિવેશનમાં હાજર ન રહે તે માટે કૉંગ્રેસના અધિવેશનના દિવસોએ જ મુસ્લિમ લીગનું વાર્ષિક અધિવેશન ગોઠવવામાં આવતું.

### કૉંગ્રેસના ભાગલા-સુરત-1907

હિંદી રાષ્ટ્રીય મહાસભા દ્વારા યોજવામાં આવેલાં (1905-1906) અધિવેશનોમાં જહાલ અને મવાળ પક્ષ વચ્ચેની વિચારભિન્નેતા વધતી જતી હતી. આવા સંજોગોમાં 1906ના કોલકાતા અધિવેશનમાં ઉગ્રતાવાદીઓએ બાળગંગાધર ટિળકનું નામ સૂચવ્યું. જ્યારે મવાળવાદીઓએ દાદાભાઈ નવરોજીને અધિવેશનના પ્રમુખ બનાવવા આગ્રહ રાખ્યો. મહાસભાના આ ત્રેવીસમા અધિવેશનનું સ્થળ નાગપુર રાખવાનું નક્કી થયું હતું, પરંતુ ત્યાં જહાલવાદી નેતઓનો ભારે પ્રભાવ હોવાથી આ અધિવેશન સુરત મુકામે (27 ડિસેમ્બર, 1907) યોજાયું. જહાલવાદીઓ, લાલા લજપતરાયને પ્રમુખ બનાવવાના મતના હતા જ્યારે મવાળવાદીઓએ રાસબિહારી ઘોષને પ્રમુખપદે નીમવાની દરખાસ્ત કરી. જહાલવાદીઓ કોલકાતા અધિવેશનમાં પસાર કરવામાં આવેલા ઠરાવો ચાલુ રહે તે શરતે રાસબિહારી ઘોષને ટેકો આપવાની તૈયારી બતાવી. પરંતુ મવાળવાદીઓ આવી કોઈ બાંહેધરી આપવા ઈચ્છતા ન હતા. તેથી બંને પક્ષો વચ્ચે ઉગ્રતા વધી. છેવટે આ ઉગ્રતાએ મારામારીનું સ્વરૂપ ધારણ કર્યું. જહાલવાદીઓ મહાસભાથી અલગ થઈ ગયા. પરિણામે કૉંગ્રેસ જહાલ અને મવાળ એમ બે પક્ષોમાં વહેંચાઈ ગઈ. સુરતમાં મુલતવી રહેલું મહાસભાનું 23મું અધિવેશન પાછળથી મદ્રાસ મુકામે (8 ડિસેમ્બર, 1908) ડૉ. રાસબિહારી ઘોષના વડપણ તળે મળ્યું; જેમાં મવાળવાદી વિચારજૂથનું પ્રભુત્વ છવાયેલું રહ્યું.

### મોર્લે-મિન્ટો ધારો (1909)

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પ્રિન્સિપાલ આર્કબોલ્ડે મુસ્લિમ પ્રતિનિધિમંડળ પાસે વાઇસરૉય સમક્ષ મુસ્લિમોની માગણીઓ કરાવી. મુસ્લિમોની માગણીઓ મંજૂર રાખીને હિંદી વઝીર જ્હૉન મોર્લે અને વાઇસરૉય મિન્ટોની અધ્યક્ષતા નીચે ઘડાયેલ મોર્લે-મિન્ટો ધારામાં મુસ્લિમોને 'અલગ મતદાર મંડળ' અનુસાર બ્રિટિશ હિંદના ઈતિહાસમાં સર્વપ્રથમ વખત ધર્મ, કોમ કે વર્ગને ધોરણે અલગ મતદાર મંડળ આપવામાં આવ્યું. તેને કારણે હિંદી રાજકારણમાં કોમવાદનું વિષ પ્રસર્યું. એટલું જ નહિ પરંતુ તેની બેવડી અને આડકતરી ચૂંટણીપ્રથાને લીધે મધ્યસ્થ ધારાસભાના સભ્યો અને પ્રાથમિક મતદારો વચ્ચે કોઈ સંબંધ જ રહ્યો નહિ. આ અંગે બંધારણવિદ્ કનૈયાલાલ માણેકલાલ મુનશીએ તેને ''હિંદની વિકાસ પામતી લોકશાહી ભાવનાનું ખૂન કરનાર સુધારો ગણાવ્યો છે.''

### બંગભંગ રદ અને રાજધાનીનું સ્થાનાંતરણ (1911)

બંગભંગ લડતનો પડઘો બ્રિટિશ પાર્લામેન્ટમાં જબરજસ્ત પડ્યો અને પાર્લામેન્ટે પુનર્વિચારણા કરીને માત્ર છ વર્ષ બાદ (ઈ.સ. 1911) બંગાળના ભાગલા રદ કરવાની ફરજ પડી. હિંદવાસીઓનો આ એક યાદગાર વિજય હતો. એકતા દ્વારા અને સંગઠિત રહીને આપણે શું સિદ્ધ કરી શકીએ છીએ તેનો આ બોલતો પુરાવો હતો. આપણા દેશની ભાવિ રાષ્ટ્રીય લડતને ભાવિ ઈતિહાસ તથા ભવિષ્યની પેઢીઓને માટે પ્રેરણા અને પદાર્થપાઠ બંગભંગનાં આંદોલનોએ પૂરાં પાડ્યાં.

ઘરઆંગણાની સ્થિતિ સંભાળી લેવાના ઈરાદા સાથે સરકારે બ્રિટિશ રાજવી જ્યૉર્જ પંચમને હિંદની મુલાકાતે આમંત્રીને દિલ્હીમાં ભવ્ય દરબાર ભર્યો (12 ડિસેમ્બર, 1911). આ સમારંભમાં જ્યૉર્જ પંચમના માધ્યમથી 'બંગભંગ' રદ કરવાની તેમજ ક્રાંતિકારી પ્રવૃત્તિના મથક બની જવા પામેલા કોલકાતાથી રાજધાની ખસેડીને દિલ્હી લઈ જવાની જાહેરાત કરવામાં આવી. બંગાળના ભાગલા રદ થતાં કોમવાદી મુસ્લિમોએ સરકારની ભારે ટીકા સાથે પોતાનો અણગમો પ્રદર્શિત કર્યો અને સરકાર બહુસંખ્યક હિન્દુઓ આગળ ઝૂકી ગઈ છે એવો આક્ષેપ પણ કર્યો.

## હોમરૂલ આંદોલન (1916)

જહાલવાદી નેતા બાળગંગાધર ટિળકને માંડલેની જેલમાં રાખવામાં આવ્યા, (ઈ.સ. 1908 થી 1914) અહીં ટિળક અને તેમના સાથીદારોને ખાતરી થઈ કે હોમ રૂલ (ગૃહસ્વરાજ) માટે આંદોલન કરવું જોઈએ. આથી તેઓએ પૂનામાં (28મી એપ્રિલ, 1916) હોમરૂલ લીગની સ્થાપના કરી. ટિળકે જાહેર કર્યું કે, ''સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તેને મેળવીને જ હું જંપીશ.'' આમ તેમણે હોમરૂલ માટેનું આંદોલન શરૂ કર્યું. શ્રીમતી ઍની બેસન્ટે પણ ચેન્નાઈ (મદ્રાસ) ખાતે (સપ્ટેમ્બર, 1916) 'હોમરૂલ લીગ' ની સ્થાપના કરી. આ બંને સંસ્થાઓનો હેતુ બંધારણીય માર્ગે ગૃહસ્વરાજ (હોમરૂલ) મેળવવાનો હતો. ટિળકે પોતાનાં અખબારો 'કેસરી' અને 'મરાઠા'માં લેખો લખીને તથા ભાષણો આપીને હોમરૂલની તરફેણમાં લોકમત કેળવ્યો. આ દરમિયાન ટિળકને 'લોકમાન્ય' તરીકે બિરદાવવામાં આવ્યા.

ઍની બેસન્ટે 'ધ કોમનવીલ' સાપ્તાહિક અને 'ન્યૂ ઇન્ડિયા' દૈનિક દ્વારા હોમરૂલનો પ્રચાર કર્યો. કૉંગ્રેસ, મુસ્લિમ લીગ વગેરે સંસ્થાઓએ આ આંદોલનને ટેકો આપ્યો. મોતીલાલ નેહરુ, ચિતરંજનદાસ જેવા નેતાઓ પણ આ આંદોલનમાં જોડાયા. સરકાર વિરુદ્ધ લખવા બદલ 'ધ કોમનવીલ' અને 'ન્યૂ ઇન્ડિયા' બંધ કરવાની ફરજ પાડવામાં આવી. મદ્રાસ સરકારે ઍની બેસન્ટની ધરપકડ (જૂન, 1917) કરીને ઉટાકામંડમાં નજરકેદ રાખ્યાં. ઍની બેસન્ટને મુક્ત કરવા સમગ્ર દેશમાંથી માંગણી થઈ. સભાઓ અને સરઘસો દ્વારા ઠેર ઠેર ભારે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો. આથી એની બેસન્ટને છોડી દેવાની સરકારને ફરજ પડી. અંતે (10મી ઑગસ્ટ, 1917) બ્રિટિશ સરકારવતી હિન્દી વજીર મોન્ટેગ્યુએ જાહેર કરવું પડ્યું કે બ્રિટિશ સરકારનું ધ્યેય વહીવટીતંત્રમાં હિન્દીઓનું પ્રમાણ વધારવાનું તેમજ ભારતને જવાબદાર રાજ્યતંત્ર આપવાનું છે. હોમરૂલ લીગની શાખાઓ ઈંગ્લૅન્ડ અને અમેરિકામાં પણ શરૂ થઈ હતી.

## આત્યંતિક રાષ્ટ્રવાદ

રાષ્ટ્રીય આંદોલનની ત્રણ વિચારસરણીઓ જોવા મળે છે : (1) ઉદારવાદી (મવાળવાદી) (2) ઉગ્રવાદી (જહાલવાદી) અને (3) ઉગ્ર (અર્થાત્ આત્યંતિક) ક્રાન્તિકારી. જ્યારે પ્રથમ બે વિચારસરણીવાળા નેતાઓ પોતાના ઉદ્દેશો સિદ્ધ કરવામાં નિષ્ફળ જતા લાગ્યા ત્યારે ભારતના નવયુવાનોનો એક વર્ગ વિદેશી શાસનની ગુલામીમાંથી કોઈપણ ભોગે અને કોઈપણ રીતે (મોટે ભાગે હિંસાત્મક) આઝાદી મેળવવા માગતો હતો. ઉગ્ર ક્રાંતિકારી લડતના લડવૈયા માતૃભૂમિની સ્વતંત્રતા માટે હસતે મુખે બલિદાનો આપવા તત્પર હતા. તેઓ પ્રાણ આપી શકતા અને આઝાદીની પ્રાપ્તિ માટે બીજાનો પ્રાણ લઈ પણ શકતા હતા.

ઉગ્ર ક્રાંતિકારી ચળવળની શરૂઆત કર્ઝનના શાસનકાળથી શરૂ થઈ હતી. 1898માં ચાફેર ભાઈઓએ પૂનામાં પ્લેગ કમિશનર રેન્ડ અને તેના સાથીદાર એયર્સ્ટનનું ખૂન કર્યું. તે બંને ભાઈઓને ફાંસી આપવામાં આવી. વિનાયક સાવરકરે પૂનામાં 'અભિનવ ભારત સમાજ' નામની ક્રાંતિકારી સંસ્થાની સ્થાપના કરી હતી.

અમદાવાદમાં વાઈસરૉય મિન્ટો અને લેડી મિન્ટો ઉપર બે વખત બૉંબ ઝીંકાયા (13મી નવેમ્બર, 1909). જોકે બંને વખતે તેઓ બચી ગયા. આ બૉંબ પ્રથમ રાયપુર દરવાજા બહાર અને પછી તરત જ આસ્ટોડિયા દરવાજા અંદર ફેંકાયા હતા. બૉંબ ફેંકનારાઓમાં મોહનલાલ કામેશ્વર પંડ્યા (ડુંગળીચોર) અને એમના બે સાથીઓ પૂંજાભાઈ વકીલ તથા વસંતરાવ વ્યાસ હતા. છેક સુધી સરકાર તેમને પકડી શકી નહિ.

બંગાળમાં સશસ્ત્ર ક્રાંતિદળનું સંચાલન અરવિંદ ઘોષના ભાઈ બારીન્દ્ર ઘોષ અને સ્વામી વિવેકાનંદના ભાઈ ભૂપેન્દ્રનાથ દત્ત કરી રહ્યા હતા. બારીન્દ્ર ઘોષે 'અનુશીલન સમિતિ' નામની છૂપી ક્રાંતિકારી સંસ્થાની સ્થાપના કરી હતી. લેફ્ટનન્ટ ગવર્નરની ટ્રેનને બૉંબથી ઉડાડી મૂકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો (ડિસેમ્બર 1907). ઢાકાના મૅજિસ્ટ્રેટ મિ. કિન્ગ્ઝફર્ડ પર બૉંબ ફેંકવાના કાવતરા માટે ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકી નામના બે બંગાળીઓ પકડાયા (ઈ.સ. 1908) હતા. જોકે પ્રફુલ્લ ચાકીએ તો ત્યાં ને ત્યાં જ રિવૉલ્વર વડે આપઘાત કર્યો. પરંતુ ખુદીરામ પર કામ ચલાવી, તેને ફાંસીએ લટકાવવામાં આવ્યો. કોલકાતામાંથી બૉંબ, ડાયનેમાઈટ, કારતૂસો વગેરે પકડાયાં અને તે સંબંધમાં અરવિંદ ઘોષ, બારીન્દ્ર ઘોષ, હેમચંદ્રદાસ વગેરેની ધરપકડ કરવામાં આવી. કન્હાઈ દત્તને ફાંસી આપવામાં આવી. પકડાયેલામાંથી નરેન્દ્ર ગોસાઈ 'તાજ'નો સાક્ષી બન્યો પરંતુ તે કબૂલાત આપે તે પહેલાં તેના સાથીઓએ તેને વીંધી નાખ્યો. ખુદીરામને પકડનાર પોલીસ ઇન્સ્પેક્ટર નંદલાલ તથા પોલીસ પ્રૉસિક્યુટર આસુતોષ વિશ્વાને ગોળીએ દેવામાં આવ્યા.

મદનલાલ ધીંગરા નામના પંજાબી યુવાને લંડનમાં હિંદ સરકારના રાજદ્વારી અફસર સર વિલિયમ વાયલીનું ટ્રફાલ્ગર સ્કવેર પાસે (જુલાઈ, 1909) ભરબપોરે ખૂન કર્યું. તેને ફાંસી આપવામાં આવી અને તેના સાથી વિનાયક સાવરકરને કાળાપાણીની સજા કરવામાં આવી. આ સમયે (ઈ.સ. 1913થી 1916 સુધી) પંજાબમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ બળવત્તર રહી. કેટલાક પંજાબી યુવાનો ગવર્નર જનરલ હાર્ડિન્જનું ખૂન કરવાના કાવતરામાં પકડાયા હતા. તેમાંથી ચારને ફાંસી આપવામાં આવી હતી. મદ્રાસ અને પોંડિચેરી આત્યંતિક પ્રવૃત્તિનાં કેન્દ્રો હતાં. તિનીવેલીમાં વંચી આયરે ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ આશોનું ખૂન કર્યું. આમ, બંગાળ અને મહારાષ્ટ્ર ઉપરાંત પંજાબ, રાજસ્થાન, બિહાર, ગુજરાત, મદ્રાસ, ઓરિસ્સા વગેરે પ્રાંતોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચાલતી હતી. એ બાબતની નોંધ લેવી જરૂરી છે કે, આ ક્રાંતિકારીઓએ આડેધડ ગોળીઓ ચલાવી નહોતી પરંતુ જે અંગ્રેજ અધિકારીઓએ ભારતના લોકો પર ભારે અત્યાચારો ગુજાર્યા હતા તેમને જ વીણી વીણીને ખતમ કરવાનો પ્રયત્ન કર્યો હતો.

## વિદેશોમાંની આત્યંતિક (ઉગ્ર) રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ

ભારતમાં ઉદ્‌ભવેલી ઉગ્ર ક્રાન્તિકારી પ્રવૃત્તિઓ ભારતની બહાર છેક ઇંગ્લૅન્ડ, કૅનેડા, અમેરિકા, જર્મની, ફ્રાન્સ, બર્મા (મ્યાનમાર), મલાયા, સિંગાપુર, કાબુલ (અફઘાનિસ્તાન), રશિયા વગેરે દેશોમાં પ્રસાર પામી હતી. આ પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે શ્યામજી કૃષ્ણ વર્મા, સરદારસિંહ રાણા, મૅડમ ભિખાઈજી કામા, મદનલાલ ધીંગરા, વીર સાવરકર, મૌલાના અબ્દુલા, મૌલાના બશીર, ચંપક રમણ પિલ્લાઈ, ડૉ. મથુરસિંહ, ખુદાબખ્શ જેવા ક્રાંતિકારીઓ સંકળાયેલા હતા.


શ્યામજી કૃષ્ણ વર્મા

**શ્યામજી કૃષ્ણ વર્મા** ગુજરાતના કચ્છ જિલ્લાના માંડવીના વતની હતા. તેમણે ઇંગ્લૅન્ડમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ શરૂ કરી હતી. તેમણે લંડનમાં 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' ની સ્થાપના કરી (ઈ.સ. 1905). આ સોસાયટીનો મુખ્ય ઉદ્દેશ ભારત માટે સ્વશાસન પ્રાપ્ત કરવાનો હતો. સંસ્થાના પ્રચાર માટે તેમણે 'ઇન્ડિયન સોશિયોલૉજિસ્ટ' નામનું સામયિક શરૂ કર્યું. તેમણે 'ઇન્ડિયન હાઉસ'ની સ્થાપના કરી. મદનલાલ ધીંગરા, વિનાયક સાવરકર અને લાલા હરદયાલ લંડન જઈ શ્યામજી કૃષ્ણ વર્માની સાથે જોડાયા. મદનલાલ ધીંગરા અને વિનાયક સાવરકરની પ્રવૃત્તિની માહિતી આપણે આગળ જોઈ ગયા છીએ. લંડનમાં રહેવાનું સલામતીભર્યું ન લાગતાં શ્યામજી પૅરિસ ગયા. થોડા સમય પછી (જિનિવા, સ્વિટ્ઝર્લૅન્ડ) ગયા જ્યાં તેમનું (ઈ.સ. 1930) અવસાન થયું. તેમનાં પત્ની ભાનુમતી પણ ત્યાં જ (ઑગસ્ટ, 1933) મૃત્યુ પામ્યાં.



મૅડમ કામા

**મૅડમ કામા** મૂળ ગુજરાત-નવસારીનાં હતાં. તેઓ મુંબઈ નિવાસી (પારસી સુધારક) સોરાબજી ફરામજી પટેલની પુત્રી અને રુસ્તમ કામાનાં પત્ની હતાં. પાછળથી મૅડમ ભિખાઈજી રુસ્તમ કામા (ઈ.સ. 1902) યુરોપ આવ્યાં. તેઓ પૅરિસમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ સાથે સંકળાયાં. તેમણે (ઈ.સ. 1907) જર્મનીના સ્ટુઅર્ટગાર્ડ શહેરમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં ભારતનો પહેલો ધ્વજ ફરકાવ્યો. તેમણે (20મી ફેબ્રુઆરી, 1909) લંડન ઇન્ડિયન સોસાયટીની મીટિંગમાં પ્રવચન કરતાં એ રેશમી ધ્વજ શ્રોતાઓ સમક્ષ રજૂ પણ કર્યો હતો. એમાં સ્વદેશી અને 'વંદે માતરમ્' એમ બે શબ્દો લખેલા હતા.



સરદારસિંહ રાણા

**સરદારસિંહ રાણા** ગુજરાતના સૌરાષ્ટ્રના લીંબડી પાસેના કંથારિયા ગામના વતની હતા. તેઓ શાહી કુટુંબના અને લીંબડી રાજ્યના હકદાર હોવા છતાંય લગભગ આઝાદી-પ્રાપ્તિ સુધી પૅરિસ અને લંડનમાં રહીને ભારતની આઝાદી માટેની પ્રવૃત્તિઓમાં સદાય સંલગ્ન રહ્યા હતા. એમની આ બ્રિટિશ સરકાર વિરોધી પ્રવૃત્તિઓથી અકળાઈને કાઠિયાવાડના ગવર્નરના એજન્ટે બ્રિટિશ સરકારની સહમતીથી જાહેરનામું બહાર પાડીને (ઑકટોબર, 1911) રાણાના બધા રાજકીય હક્ક છીનવી લીધા હતા અને બીજા હુકમ દ્વારા (મે, 1912) એમની લીંબડી રાજ્યની તમામ મિલકતો સરકારે જપ્ત કરી લીધી હતી. જોકે આ જપ્તીના હુકમનો અમલ એમના પિતા રેવાજી રતનસિંહ રાણાના અવસાન પછી કરવાનો હતો.

1907માં અમેરિકાના કૅલિફોર્નિયામાં 'ઇન્ડિયન ઇન્ડિપેન્ડન્સ લીગ'ની સંસ્થા સ્થપાઈ, જેનું પાછળથી લાલા હરદયાળે 'ગદર પાર્ટી' નામ આપ્યું. ચાર ભાષાઓમાં 'ગદર' સાપ્તાહિક શરૂ કરાયું. આ પ્રવૃત્તિમાં તારકનાથ દાસ અને કરતારસિંહ પણ જોડાયેલા. જર્મનીમાં ચંપક રમણ પિલ્લાઈએ 'હિન્દી રાષ્ટ્રીય સ્વયંસેવક દળ' ની રચના કરી. ઈરાકને વડું મથક બનાવી, ત્યાંથી ભારત ઉપર આક્રમણ કરવાની યોજના બનાવેલી. પરંતુ તેની બ્રિટિશ સરકારને જાણ થઈ ગઈ.



ગદર

અન્ય દેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ વત્તા ઓછા પ્રમાણમાં પ્રસરી. અફઘાનિસ્તાનમાં તો રાજા મહેન્દ્ર પ્રતાપના 'રાષ્ટ્રીય પ્રમુખ'પદે કામચલાઉ સ્વતંત્ર સરકારની રચના કરાઈ, જેમાં બરકતુલ્લા, આબિદુલ્લા, મૌલાના બશીર, શમશેરસિંહ, ડૉ. મથુરસિંહ વગેરે હતા. આ સરકારે રશિયા, ઈરાન, તુર્કી વગેરેમાંથી મદદ મેળવવા પ્રયાસો કર્યા. તુર્કીના વડા અનવર પાશા અને ગવર્નરને પણ મળેલા. 'રેશમી રૂમાલ' ઉપર લખેલું 'ગાલિબનામા' ષડ્યંત્ર-તમામ મુસ્લિમોએ એકત્રિત સંગઠિત થઈ ખ્રિસ્તીઓના સામે જંગ માંડવો - એ પકડાઈ ગયું ! રાજા મહેન્દ્ર પ્રતાપે પોતાની સહીવાળી સોનાની પટ્ટી રશિયાના ઝારને મોકલાવેલી, જેમાં 'ઝારને ઇંગ્લૅન્ડ સાથેના સંબંધો તોડી નાખવા' જણાવેલું. રશિયાના ક્રાન્તિવીર ટ્રોટસ્કીએ તો ભારતના ક્રાંતિકારીઓને બધી જ મદદ કરવા વચન આપેલું.

બર્મામાં ક્રાન્તિકારી સોહનલાલ પાઠકે ભારતીય સૈનિકોને બળવો કરવા પ્રેરેલા; તો સિંગાપુરમાં ભારતીય લશ્કરમાં બળવો કરવા માટે ઉશ્કેરવામાં ક્રાંતિવીર ભાઈ પરમાનંદનો હાથ હતો. ઈરાનની મદદ મેળવવાના પણ પ્રયાસો કરાયા. ક્રાંતિવીર સૂફી અંબાપ્રસાદનું મૃત્યુ તો ત્યાં જ થયેલું. જાપાનમાં રાસબિહારી ઘોષે પણ ક્રાંતિકારી પ્રવૃત્તિ શરૂ કરી. આમ, ક્રાંતિકારીઓએ વિદેશોમાં અંગ્રેજો વિરુદ્ધ લાગણી જાગૃત કરવામાં પ્રેરક બળ પૂરું પાડ્યું.




ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનાં અધિવેશનનાં સ્થળો (1885-1947)

### લખનૌ કરાર (1916)

ઑલ ઇન્ડિયા મુસ્લિમ લીગે (1913 પછી) પોતાનું નકારાત્મક વલણ બદલીને લખનૌમાં ભરાયેલ તેના વાર્ષિક અધિવેશનમાં તેણે જાહેર કર્યું કે, ''તેનું ધ્યેય બીજી કોમો સાથે રહીને હિંદ માટે સ્વશાસન સિદ્ધ કરવાનું છે.'' કૉંગ્રેસ અને લીગે એકસાથે મુંબઈમાં અધિવેશન (1915) ભર્યું. ત્યારબાદ (ઈ.સ. 1916) લખનૌ મુકામે કૉંગ્રેસ તથા મુસ્લિમ લીગનાં અધિવેશનો અલગ અલગ સ્થળે મળ્યાં. આ બંનેની સંકલન સમિતિઓએ ભેગી થઈને જે યોજના ઘડી તે લખનૌ અધિવેશનોમાં સ્વીકારાઈ. કૉંગ્રેસ અને મુસ્લિમ લીગે સંયુક્તપણે સ્વીકારેલ આ ઠરાવ ''લખનૌ કરાર'' તરીકે ઓળખાયો. આ કરાર મુજબ મધ્યસ્થ ધારાસભામાં 80 ટકા ચૂંટાયેલા સભ્યો રાખવાની અને નિયુક્ત સભ્યોનું પ્રમાણ 20 ટકા રાખવાની માગણી કરવામાં આવી. કૉંગ્રેસે મુસ્લિમ લીગ સાથે સમાધાન કરવા પંજાબ, બંગાળ તથા અન્ય પ્રાંતોમાં મુસ્લિમોને વસ્તીના પ્રમાણ કરતાં વધુ બેઠકો આપવાનું કબૂલ કર્યું. તેથી હિંદુ-મુસ્લિમ વચ્ચે કોમી એકતાનું વાતાવરણ સર્જાયું. આ કરાર દ્વારા કૉંગ્રેસે અલગ મતદારમંડળોને સ્વીકૃતિ આપી.

લખનૌ ખાતે મળેલા કૉંગ્રેસના આ અધિવેશનમાં લોકમાન્ય ટિળકે હાજરી આપી. અંતે કૉંગ્રેસનાં અલગ પડેલાં મવાળવાદી તથા જહાલવાદી જૂથ એક થઈ જતાં રાષ્ટ્રવાદી ચળવળમાં નવું જોમ આવ્યું.

ભારતની રાષ્ટ્રવાદી ચળવળના ઇતિહાસમાં 'લખનૌ કરાર' ઘણો મહત્ત્વનો ગણાય છે. આ કરારથી કૉંગ્રેસ તથા મુસ્લિમ લીગે રાજકીય પક્ષો તરીકે રાષ્ટ્રના હિતને મહત્ત્વ આપ્યું. તેથી સ્વરાજ માટેની લડતને બળ મળ્યું.

### મોન્ટેગ્યુની જાહેરાત (ઑગસ્ટ, 1917)

હિંદી વઝીર મોન્ટેગ્યુએ સરકારના અંતિમ ધ્યેય તરીકે હિંદને 'સાંસ્થાનિક સ્વરાજ' આપવા સંદર્ભે જાહેરાત કરી (20 ઑગસ્ટ, 1917). પરંતુ તેમાં રહેલી મર્યાદાઓ અને અનિશ્ચિતતાએ તેને નકામી પુરવાર કરી. જોકે, તેને લીધે આવેલો ધારો અર્થાત્ મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ કે મોન્ટે-ફર્ડ ધારો (23 ડિસેમ્બર, 1919) પસાર થયો. આ ધારામાં દ્વિમુખી રાજ્યપદ્ધતિ (Dyarchy) જેવી પૂર્વે મિરઝાફરના બંગાળમાં અમલમાં મુકાયેલી નિષ્ફળ યોજનાનું પુનરાવર્તન કરાયું હોવા છતાં તે ભારતીય બંધારણનો ઘણો મહત્ત્વપૂર્ણ ધારો બની રહ્યો.

### મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા - 1919

આ મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારામાં ધારાસભાઓમાંથી સીધી ચૂંટણી દાખલ કરવામાં આવી. તેમની સત્તા વધારવામાં આવી. પ્રાંતોમાં અંશતઃ જવાબદાર રાજ્યતંત્રનો પ્રયોગ કરવામાં આવ્યો. આમ પ્રાંતિક સ્વરાજ્ય તરફનું પ્રથમ પગલું ભરવામાં આવ્યું. છતાં ગવર્નર જનરલની અને ગવર્નરોની અસાધારણ સત્તાઓ, કોમી અને વર્ગીય મતદારમંડળો અને અળખામણી દ્વિરાજ્ય પદ્ધતિનો પ્રવેશ વગેરેને લીધે મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા સ્વીકાર્ય બન્યા નહિ, છતાં અમૃતસર કૉંગ્રેસે (1919) મહાત્મા ગાંધીજીના આગ્રહને વશ થઈને મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારાઓને સહકાર આપતો ઠરાવ કર્યો. આથી જવાહરલાલ નેહરુ અમૃતસર કૉંગ્રેસને 'પ્રથમ ગાંધી કૉંગ્રેસ' કહેવાને પ્રેરાયા. ત્યારબાદ કૉંગ્રેસની પ્રવૃત્તિઓનો ત્રીજો તબક્કો અથવા 'ગાંધીયુગનાં આંદોલનો' (1920-47)નો તબક્કો શરૂ થયો.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) પાશ્ચાત્ય વિચારો તેમજ શિક્ષણનો હિંદ પરનો પ્રભાવ સ્પષ્ટ રીતે સમજાવો.

(2) ભારતના ભવ્ય ભૂતકાળના પુનઃ સંશોધનની પ્રક્રિયાનો ખ્યાલ આપો.

(3) હિંદી રાષ્ટ્રીય મહાસભાની પ્રારંભિક (ઈ.સ. 1885 થી 1905) કાર્યવાહીનો સંક્ષિપ્ત અહેવાલ આપો.

(4) બંગભંગનું આંદોલન શા માટે શરૂ થયું ? તેનાં મુખ્ય પરિણામોની ચર્ચા કરો.

(5) ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓની માહિતી આપો.

(6) વિદેશોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓની વિગતો દર્શાવો.

**2. અ વિભાગમાં વર્તમાનપત્રોનાં નામો અને બ વિભાગમાં તે વર્તમાનપત્ર શરૂ કરનારનાં નામો દર્શાવ્યાં છે. વિભાગ અ ની વિગતો વિભાગ બ ની વિગતો સાથે સાચી રીતે જોડો :**

| અ | બ |
|---|---|
| (1) 'કેસરી' | (1) બિપીનચંદ્ર પાલ |
| (2) 'ધી પંજાબી' | (2) ઍની બેસન્ટ |
| (3) 'વંદે માતરમ્' | (3) અરવિંદ ઘોષ |
| (4) 'ન્યૂ ઈન્ડિયા' | (4) બાળગંગાધર ટિળક |
| (5) 'ઇન્ડિયન સોશિયોલૉજિસ્ટ' | (5) લાલા લજપતરાય |
| | (6) શ્યામજી કૃષ્ણ વર્મા |

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) મવાળવાદી નેતા કોણ હતા ?

(અ) ઍની બેસન્ટ (બ) મોતીલાલ નેહરુ (ક) ગોપાળકૃષ્ણ ગોખલે (ડ) બાળગંગાધર ટિળક

(2) ''સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે'' - એ સૂત્ર કોણે આપ્યું ?

(અ) લાલા લજપતરાય (બ) બાળગંગાધર ટિળક

(ક) બિપિનચંદ્ર પાલ (ડ) ગોપાળકૃષ્ણ ગોખલે

(3) સાયમન કમિશનનો વિરોધ કરતી વખતે પોલીસના લાઠીમારથી કોનું અવસાન થયું હતું ?

(અ) બાળગંગાધર ટિળક (બ) ગોપાળકૃષ્ણ ગોખલે (ક) લાલા લજપતરાય (ડ) બિપિનચંદ્ર પાલ

(4) લંડનમાં 'ઇન્ડિયન હોમરૂલ સોસાયટી' ની સ્થાપના કોણે કરી હતી ?

(અ) મદનલાલ ધીંગરા (બ) શ્યામજી કૃષ્ણ વર્મા

(ક) સાવરકર (ડ) સરદારસિંહ રાણા

(5) મોહનલાલ કામેશ્વર પંડ્યાએ કોના પર બૉંબ ફેંક્યા હતા ?

(અ) વાઈસરૉય મિન્ટો અને લેડી મિન્ટો (બ) ન્યાયાધીશ કિંગ્સફર્ડ

(ક) ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટ આશો (ડ) કર્નલ વાયલી

•

# 9 સ્વરાજ માટેનો સંઘર્ષ (ઈ.સ. 1919-1947)

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઈ.સ. 1915 થી ઈ.સ. 1947 સુધીના સમયને 'ગાંધીયુગ' કહેવામાં આવે છે, કારણ કે, આ આખાય ફલક પર મહાત્મા ગાંધી છવાયેલા રહ્યા છે. તેમનાં મૂલ્યો, વિચારો અને કાર્યપ્રણાલીનો તથા તેમનાં સામાજિક, ધાર્મિક, નૈતિક અને આર્થિક વિચારોનો પ્રભાવ આ સમગ્ર અવધિ દરમિયાન ખાસ જોવા મળે છે.

## ઈ.સ. 1919 અને ઈ.સ. 1935માં કરાયેલાં બંધારણીય પરિવર્તનો

પ્રથમ વિશ્વયુદ્ધ પૂર્ણ થયા બાદ બ્રિટિશ સરકારે મોન્ટેગ્યુ-ચેમ્સફોર્ડ ધારો આપ્યો. મોન્ટેગ્યુએ ભારતમાં સ્વશાસન આપવાની જાહેરાત કરી (ઈ.સ. 1917) હતી. જોકે, આ ધારામાં આવું કોઈ સ્વશાસન આપવામાં આવ્યું ન હતું. તેમણે આ ધારામાં શીખોને અલગ મતદારમંડળ આપ્યું. પ્રત્યક્ષ ચૂંટણીપ્રથા આપી અને પ્રાંતોમાં દ્વિમુખી શાસન પદ્ધતિ આપી. જોકે, તેનાથી ભારતીયોને કોઈ લાભ થયો નહીં. ગાંધીજીને એ ખાતરી થઈ કે અંગ્રેજો કાયદાકીય દૃષ્ટિએ કશું આપવા તૈયાર નથી.

સવિનય કાનૂનભંગની ચળવળ દરમિયાન (ઈ.સ. 1931) ગાંધીજી અને ઈરવીન વચ્ચે કરાર થતાં બીજી ગોળમેજી પરિષદ ભરાઈ તેમાં ગાંધીજીએ ભાગ લીધો. અંગ્રેજ સરકારે આ પરિષદમાં અનુસૂચિત જાતિને અલગ મતદારમંડળ આપવાનો આગ્રહ કર્યો. ગાંધીજીએ તેનો વિરોધ કર્યો. ગાંધીજી ભારત પાછા ફરતાં તેમની ધરપકડ કરવામાં આવી અને પૂનાની યરવડા જેલમાં મોકલવામાં આવ્યા. બ્રિટિશ વડાપ્રધાન રેમ્ઝે મોકડોનેલ્ડે (ઈ.સ. 1932) પોતાનો પ્રસિદ્ધ કોમી ચુકાદો જાહેર કર્યો. જેમાં અનુસૂચિત જાતિને ભારતીય વિધાન પરિષદમાં અલગ બેઠકો આપવામાં આવી હતી. આ ચુકાદાની વિરુદ્ધ મહાત્મા ગાંધીએ આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. છેવટે આંબેડકર સાથે હિંદુ મહાસભાની સમજૂતી થતાં કૉંગ્રેસે સરકાર કરતાં પણ વધારે બેઠકો અનુસૂચિત જાતિને આપવાનું ઠરાવતાં કોમી ચુકાદાનો વિરોધ કર્યો. ફરી એક વખત સવિનય કાનૂનભંગની ચળવળ શરૂ થતાં બ્રિટિશ સરકાર મુશ્કેલીમાં મુકાઈ. પરિણામે તેણે આગામી સુધારાની બ્લ્યૂ પ્રિન્ટ સમું શ્વેતપત્ર બહાર પાડ્યું (ઈ.સ. 1933). આ શ્વેતપત્રને આધારે ઈ.સ. 1935નો પ્રાંતિક સ્વાયત્તતા ધારો ઘડવામાં આવ્યો. આ ધારામાં દ્વિમુખી શાસન પદ્ધતિને કેન્દ્રમાં લાગુ કરવામાં આવી. પ્રાંતોને ચૂંટાયેલા સભ્યો સાથે સ્વાયત્તતા આપવામાં આવી. પરિણામે છ જેટલા પ્રાંતોમાં ઈ.સ. 1937ની ચૂંટણી પ્રમાણે કૉંગ્રેસની સરકાર અસ્તિત્વમાં આવી. આ ધારા અનુસાર સૂચિત સમવાયતંત્ર ઘડવામાં આવ્યું હતું. પરંતુ તેની સૌથી વિચિત્ર બાબત એ હતી કે તેમાં અડધા સભ્યો બ્રિટિશ પ્રાંતોના ચૂંટાયેલા હતા જ્યારે અડધા દેશી રજવાડાંના પ્રતિનિધિઓ હતા. દેખીતી રીતે તેમણે સૂચિત સમવાયતંત્ર અને પ્રાંતિક સ્વાયત્તતા દાખલ કર્યાં પરંતુ ગવર્નર અને ગવર્નર જનરલને એટલી વિશાળ સત્તાઓ આપવામાં આવી હતી કે તેઓ કોઈપણ કાયદાને નાબૂદ કરી શકે. તેમને ખાસ વિટો વાપરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો.

ઉપરોક્ત બંને કાયદાઓ પ્રત્યાઘાતી સ્વરૂપના હોવા છતાં ભારતના બંધારણીય ઈતિહાસમાં તેનું વિશિષ્ટ સ્થાન છે. મોન્ટફર્ડ (1919) કાયદાએ પ્રત્યક્ષ ચૂંટણીપ્રથાનો પ્રારંભ કરી આપ્યો તો ભારત સરકાર અધિનિયમે (1935) ભારતને પ્રાંતિક સ્વાયત્તતા આપી. આ જ વર્ષે જ રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાની સ્થાપના થઈ એ દર્શાવે છે કે ભારત આર્થિક સ્વતંત્રતા તરફ ઝડપથી ગતિ કરી રહ્યું છે.

## મહાત્મા ગાંધીજી અને સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટેની ચળવળ, તેમના સત્યાગ્રહ અને અહિંસાના વિચારો

વિશ્વમાં ભારતીય સ્વતંત્રતાસંગ્રામ અનોખો છે. 20મી સદીનો પૂર્વાર્ધ દુનિયાભરમાં બે મહાયુદ્ધો અને સરમુખત્યારશાહીની દર્દનાક હિંસાથી ભરેલો છે. ત્યારે ભારતમાં સત્ય અને અહિંસાના પાયા પર માનવચેતનાને સંકોરી તેણે સ્વરાજ્યપ્રાપ્તિ તરફ લઈ જવાનું મહાન કાર્ય ભારતમાતાના વીર સપૂત મહાત્મા ગાંધીએ કર્યું.

રાષ્ટ્રપિતા અને બાપુથી પ્રખ્યાત મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ ગુજરાતમાં પોરબંદર ખાતે (ઈ.સ. 1869)



ગાંધીજી

થયો હતો. બ્રિટનની યુનિવર્સિટીમાંથી કાયદાની ઉપાધિ પ્રાપ્ત કરી ભારત પરત ફર્યા. ત્યારબાદ વકીલાત કરવા દક્ષિણ આફ્રિકા પહોંચ્યા (1893). દક્ષિણ આફ્રિકામાં રંગભેદ અને સામાજિક અસમાનતા સામે ન્યાયની ઉચ્ચ ભાવના સાથે લડતનો પ્રારંભ કર્યો. ભારતમાં અસ્પૃશ્યો જેવી હાલત દક્ષિણ આફ્રિકામાં ભારતીયોની હતી. તેમને કોઈ માનવ અધિકારો મળ્યા ન હતા. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સત્ય અને અહિંસા પર આધારિત સત્યાગ્રહ નામનું મહત્ત્વપૂર્ણ આંદોલન ચાલુ કર્યું. ગાંધીજી હિંસાને કાયરપણું ગણતા. તેમણે લખ્યું હતું અહિંસા માનવજાતિનો ધર્મ છે જ્યારે હિંસા પશુનો ધર્મ છે.

ગાંધીજીનો દૃષ્ટિકોણ એ રીતે પણ મહત્ત્વપૂર્ણ હતો કે તેઓના વિચાર અને આચારમાં કોઈ અંતર ન હતું. સત્ય અને અહિંસા માત્ર ભાષણ અને લેખો માટે ન હતાં, રોજબરોજના જીવન માટે પણ હતાં. ગાંધીજીને જનતા પર અને તેમના સંઘર્ષની ક્ષમતા પર અતૂટ વિશ્વાસ હતો. 46 વર્ષની વયે તેઓ જ્યારે (ઈ.સ. 1915) ભારત આવ્યા ત્યારે ભારતવાસીઓમાં તેમના પ્રત્યે અપાર પ્રેમની લાગણી હતી. તેમનાં કાર્યોથી તેઓ ભારતમાં ખાસ્સા પરિચિત થઈ ચૂક્યા હતા. ત્યારબાદ (ઈ.સ. 1916 સુધી) તેમણે ગોપાલકૃષ્ણ ગોખલેની સલાહથી ભારત ભ્રમણ કર્યું અને (ઈ.સ. 1916માં) અમદાવાદ મુકામે કોચરબ આશ્રમની સ્થાપના કરી. ત્યારબાદ અમદાવાદમાં જ (ઈ.સ. 1917-18) સાબરમતી આશ્રમની સ્થાપના કરી. અહીં એમણે સત્ય અને અહિંસાને વ્યાવહારિક સ્વરૂપ આપવાનું કાર્ય કર્યું. પોતાના સત્યના પ્રયોગોનો તેમણે અહીંયાં પ્રારંભ કર્યો. મહાત્મા ગાંધીએ ભારતમાં આવ્યા બાદ પ્રજાકીય લડતની શરૂઆત કરી. તેમણે આ પ્રકારનો પ્રથમ સત્યાગ્રહ (ઈ.સ. 1917) ચંપારણમાં કર્યો. ચંપારણમાં ગળીની ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો તીન કઠિયા પ્રથાનો ભોગ બન્યા હતા. તેમણે તેમની જમીનના 3/20 ભાગ પર ફરજિયાતપણે ગળીની ખેતી કરવી પડતી હતી અને અંગ્રેજ માલિકો નક્કી કરે તે જ ભાવે વેચવી પડતી હતી. આ પ્રથાથી ગરીબ અને બેહાલ થયા હતા. ગાંધીજીના દક્ષિણ આફ્રિકા સત્યાગ્રહ વિશે સાંભળીને ચંપારણના ખેડૂત આગેવાનોએ ગાંધીજીની સહાય માંગી અને તેમણે ત્યાં આવવા આમંત્રણ અપાયું. ગાંધીજીએ ત્યાં જઈ વિસ્તૃત તપાસ કરી ખેડૂતોનું નેતૃત્વ લીધું. સરકારે એક તપાસ સમિતિ નીમીને ગાંધીજીને ત્યાંના સભ્ય બનાવ્યા અને ખેડૂતોની સમસ્યા દૂર થઈ. ભારતમાં સત્યાગ્રહનું આ પ્રથમ આંદોલન સફળ થયું. એટલું જ નહીં ગાંધીજીએ ભારતીય ખેડૂતના ભયંકર ગરીબીભર્યા જીવનને નજીકથી જોયું અને આજીવન તેમના માટે કામ કરવાનું નક્કી કર્યું.

ચંપારણ સત્યાગ્રહ બાદ (ઈ.સ. 1918) અમદાવાદના મિલમજૂરો અને મિલમાલિકો વચ્ચે થયેલા વિવાદમાં બંને પક્ષો વચ્ચે સમાધાનકારીની ભૂમિકા ભજવી તેમણે મજૂરોને હડતાળ પર જવા સલાહ આપી અને હિંસાથી દૂર રહેવા જણાવ્યું. એટલું જ નહીં પ્રથમ વખત તેમણે ઉપવાસ શસ્ત્રનો પ્રયોગ કર્યો. ગાંધીજીના ઉપવાસ આંદોલનને કારણે મિલ-માલિકો નરમ પડ્યા અને મજૂરોની મજૂરી વધારવા માટે સહમત થયા.

એ અરસામાં જ (ઈ.સ. 1918) ગુજરાતના ખેડા મુકામે ખેડૂતોના પ્રશ્ને ગાંધીજીએ મહત્ત્વપૂર્ણ સત્યાગ્રહ કર્યો. અતિવૃષ્ટિને કારણે પાક નિષ્ફળ જતાં સરકાર પૂરેપૂરું મહેસૂલ ઉઘરાવવા ઉગ્ર બની હતી. ગાંધીજીએ જ્યાં સુધી મહેસૂલમાં છૂટ ન મળે ત્યાં સુધી ખેડૂતોને મહેસૂલ ન ભરવા જણાવી સત્યાગ્રહ શરૂ કર્યો. સરકારે જ્યારે માત્ર ધનાઢ્ય ખેડૂતો પાસેથી મહેસૂલ ચૂકવવાનો આગ્રહ રાખ્યો ત્યારે જ ગરીબ ખેડૂતોને મહેસૂલમાં છૂટ આપી ત્યારે આ આંદોલન પાછું ખેંચાયું. સરદાર વલ્લભભાઈ પટેલ ગાંધીજીના પ્રખર અનુયાયી બન્યા હતા.

ગાંધીજીનાં માર્ગદર્શન અને ફિલસૂફી પ્રમાણે બારડોલી ખાતે વલ્લભભાઈ પટેલે મહત્ત્વપૂર્ણ ખેડૂત આંદોલન કરી સફળતા પ્રાપ્ત (ઈ.સ. 1928) કરી હતી.

### રચનાત્મક કાર્યક્રમો, રૉલેટ ઍક્ટના વિરુદ્ધમાં ચળવળ

પ્રથમ વિશ્વયુદ્ધમાં ક્રાંતિકારીઓ વિરુદ્ધ આકરા કાયદાઓ પસાર કરવામાં આવેલ હતા. જેમાં ક્રાંતિકારીઓને કોઈપણ પ્રકારના ગુના વગર પકડીને જેલમાં ઠાંસી દેવામાં આવતા હતા અને તેમના પર અત્યાચાર કરવામાં

આવતો. ભારતીયોને એવો વિશ્વાસ હતો કે યુદ્ધ બાદ સરકાર આવા કાયદાઓ પરત ખેંચશે. પરંતુ આવા અત્યાચારી કાયદાને માર્ચ 1919માં સરકારે રૉલેક્ટ ઍક્ટ બનાવી પસાર કરતાં ભારતવાસીઓ ચોંકી ગયા. આ કાયદા અનુસાર કોઈપણ ભારતીય ઉપર અદાલતમાં કામ ચલાવ્યા સિવાય તેમને જેલમાં પૂરી શકાતા હતા. રૉલેક્ટ કાયદા ભારતવાસીઓ માટે અત્યંત ધૃણાસ્પદ હતો. યુદ્ધ દરમ્યાન સરકારે ભારતવાસીઓને સ્વશાસન આપવાની હૈયાધારણ આપી હતી તેને બદલે આ કાયદા દ્વારા લોકોની ભાવના સાથે તેણે દ્રોહ કર્યો હતો. ગાંધીજીએ આ કાયદાને કાળો કાયદો કહ્યો અને તેનો વિરોધ કરવા ભારતીય સ્વાતંત્રતાસંગ્રામનું નેતૃત્વ પોતાના હાથમાં લીધું. એમણે એક સત્યાગ્રહ સભા રચીને (ઈ.સ. 1919) જેલ ભરો આંદોલન શરૂ કર્યું. રૉલેક્ટ ઍક્ટની વિરુદ્ધમાં ગાંધીજીએ સત્યાગ્રહ શરૂ કર્યો.

### જલિયાંવાલા બાગનો હત્યાકાંડ

રૉલેક્ટ ઍક્ટ વિરુદ્ધ મહાત્મા ગાંધીનો સત્યાગ્રહ કચડી નાખવા સરકારે આકરાં પગલાં ભર્યાં. મુંબઈ, અમદાવાદ, કોલકાતા, દિલ્હીમાં સત્યાગ્રહીઓ ઉપર ગોળીઓ વરસાવતાં. (6 એપ્રિલ 1919) ગાંધીજીએ રાષ્ટ્રવ્યાપી હડતાળનું આહ્‌વાન કર્યું હતું. લોકો સ્વેચ્છાથી તેમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. સરકારે લોકોના વિરોધનો સામનો કરવા ધારા-144નો અમલ શરૂ કર્યો. ખાસ કરીને પંજાબમાં આ સમયે સ્થિતિ સ્ફોટક હતી. પંજાબના અમૃતસરમાં (13 એપ્રિલ 1919) વિશાળ જનસમૂહ પોતાના લોકપ્રિય નેતાઓ ડૉ. સૈફુદ્દીન કિચલુ અને ડૉ. સત્યપાલની ધરપકડનો વિરોધ કરવા એકઠો થયો હતો. જલિયાંવાલા બાગમાં વૈશાખીના તહેવારને અનુલક્ષીને અનેક લોકો આવ્યા હતા. નિઃશસ્ત્ર લોકોના સમૂહ ઉપર અમૃતસરના લશ્કરી કમાન્ડર જનરલ ડાયરે ગોળીઓ વરસાવી. જ્યાં સુધી લશ્કર પાસે ગોળીઓ સમાપ્ત ન થઈ ત્યાં સુધી ગોળીબાર ચાલતો રહ્યો. એક હજાર જેટલા લોકો આ ગોળીબારમાં મૃત્યુ પામ્યા અને અનેક લોકો ઘાયલ થયા એટલું જ નહીં સરકારે પંજાબમાં માર્શલ લૉ લગાવી લોકો પર અપાર અત્યાચાર કર્યા. આ ઘટનાએ સમગ્ર ભારતવાસીઓને ક્ષુબ્ધ બનાવ્યા. સમગ્ર દેશમાં ભયનું વાતાવરણ વ્યાપી ગયું. સામ્રાજ્યવાદી શાસનનો ભયંકર વિરોધ થયો. આ ઘટનાથી વ્યથિત થઈ રવીન્દ્રનાથ ટાગોરે નાઈટની પદવી પાછી આપી.

### ખિલાફત અને અસહકારનાં આંદોલનો

પ્રથમ વિશ્વયુદ્ધમાં તુર્કી જર્મનીને પક્ષે લડી રહ્યું હતું. ભારતીય મુસ્લિમો તુર્કના તુર્કી સુલતાનને ઈસ્લામ ધર્મના ધાર્મિક વડા માનતા હતા. તેમના મતે પ્રથમ વિશ્વયુદ્ધમાં હારેલ તુર્કી વિરુદ્ધ જે કોઈ સંધિ કરવામાં આવે તેમાં ઈસ્લામિક પ્રમુખ એટલે કે ખલીફાની સ્થિતિને કોઈ આંચ આવવી જોઈએ નહીં. ભારતીય મુસ્લિમોના અગ્રણી અલીભાઈઓ (મુહમ્મદ અલી અને શૌકતઅલી), મૌલાના આઝાદ, હકીમ અજમલ ખાં અને હસરત મુહાનીના નેતૃત્વમાં એક ખિલાફત સમિતિની નિમણૂક કરવામાં આવી. તેમણે બ્રિટન વિરુદ્ધ રાષ્ટ્રવ્યાપી ખિલાફત આંદોલન કરવાનું નક્કી કર્યું. દિલ્હીમાં નવેમ્બર 1919માં અખિલ ભારતીય ખિલાફત સંમેલન મળ્યું જેમાં સરકાર તેમની માંગોનો સ્વીકાર ન કરે તો સરકાર સાથે અસહયોગ કરવાનું નક્કી કરવામાં આવ્યું. તેમણે કૉંગ્રેસના આંદોલનને ટેકો જાહેર કર્યો. ગાંધીજી અને તિલકે ખિલાફત આંદોલનને હિંદુ-મુસ્લિમ એકતા સ્થાપિત કરવા માટેનો સોનેરી અવસર ગણાવી ટેકો આપ્યો. તેમણે ખિલાફતને અને પંજાબના અત્યાચારોને સાથે રાખી બ્રિટિશરો વિરુદ્ધ લડવાનું નેતૃત્વ લીધું. સરકારે રૉલેક્ટ કાયદા અંગે વિચારવા અને પંજાબની ઘટનાઓ પર કાર્ય કરવાનું વિચારવાને બદલે લોકો પર અત્યાચાર ચાલુ રાખ્યા. તેથી (જૂન 1920) અલ્હાબાદમાં તમામ પક્ષોએ ભેગા મળી સરકાર વિરુદ્ધ આંદોલન કરવાનું નક્કી કર્યું. છેવટે (31 ઑગસ્ટ 1920) ખિલાફત આંદોલને આ અસહકારની લડતનો પ્રારંભ કર્યો.

કૉંગ્રેસે 1920ના કોલકાતા અધિવેશનના અસહકારના આંદોલનનો ઠરાવ પસાર કર્યો. જ્યાં સુધી પંજાબના અત્યાચારો અને ખિલાફતની માંગ સંતોષાય નહીં ત્યાં સુધી સરકારનો અસહકાર કરવાનું નક્કી કરવામાં

આવ્યું. ગાંધીજીએ (ડિસેમ્બર 1920) નાગપુર કૉંગ્રેસમાં ઘોષણા કરી કે સામ્રાજ્યને નષ્ટ કરવું પ્રત્યેક ભારતીયનું પરમ કર્તવ્ય છે. નાગપુર અધિવેશનમાં કૉંગ્રેસે અસહકાર આંદોલનનો મુસદ્દો ઘડી કાઢ્યો. ગાંધીજીને કારણે આજ સુધી ઉપલા વર્ગ સાથે કામ કરનાર કૉંગ્રેસનું સ્વરૂપ બદલાયું અને તે નિર્ધન લોકો સુધી એટલે કે સામાન્ય લોકો સુધી પહોંચ્યું. વિદેશી શાસનથી મુક્તિ માટે જે રાષ્ટ્રીય સંઘર્ષ શરૂ થયો તેમાં સામાન્ય લોકોએ મોટા પ્રમાણમાં હિસ્સો લીધો. જનતાએ ગુલામી મનોવૃત્તિનો ત્યાગ કર્યો. હિંદુ-મુસલમાન એકતા સ્થપાઈ. ત્યારબાદ (ઈ.સ. 1921-22) અસહકારના મહત્ત્વપૂર્ણ આંદોલનથી દેશનો મોટો ભાગ ગુંજી ઊઠ્યો. હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓએ સરકારી શાળા-કૉલેજો છોડી રાષ્ટ્રીય કેળવણી આપતી સંસ્થાઓમાં પ્રવેશ લીધો. આ સમયે અલીગઢમાં જામિયા-મિલિયા-ઇસ્લામિયા (રાષ્ટ્રીય મુસ્લિમ વિશ્વવિદ્યાલય), બિહાર વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ અને ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ. સેંકડો વકીલોએ પોતાની ધીકતી વકીલાત છોડી સ્વતંત્રતાસંગ્રામમાં ઝુકાવ્યું, જેમાં મોતીલાલ નેહરુ, સરદાર પટેલ, ચિતરંજન દાસ અને રાજેન્દ્રપ્રસાદનો સમાવેશ થાય છે. આ આંદોલનમાં સ્ત્રીઓએ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો. તેમણે પોતાના કિંમતી દાગીના સ્વતંત્રતાસંગ્રામમાં દાન કરી દીધા હતા.

અસહકારનું આંદોલન ચલાવવા તિલક સ્વરાજ્ય ફંડ સ્થાપિત કરવામાં આવ્યું હતું. વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર અને ખાદીપ્રવૃત્તિ આ આંદોલનનું મહત્ત્વપૂર્ણ તત્ત્વ હતું. કૉંગ્રેસે સમગ્ર ભારતભરમાં આ આંદોલનનો પ્રચાર-પ્રસાર કરવાનું નક્કી કર્યું. તો સરકારે રાષ્ટ્રવાદીઓની ધરપકડ કરવાનું અને દમન ગુજારવાનું કામ ચાલુ કર્યું. લગભગ 3 હજાર જેટલા લોકોને જેલમાં પૂરવામાં આવ્યા. બ્રિટનના પ્રિન્સ ઑફ વેલ આ સમયે ભારત આવ્યા ત્યારે તેમનો પણ વિરોધ કરવામાં આવ્યો. ગાંધીજી જનતાના આ અહિંસક આંદોલન બાદ નાકરની ચળવળ ચલાવવાના હતા. લોકો સતત મોટી સંખ્યામાં આંદોલનમાં જોડાઈ રહ્યા હતા. પરંતુ સંયુક્ત પ્રાંતના ગોરખપુર જિલ્લામાં ચૌરીચોરા નામના ગામમાં (5 ફેબ્રુઆરી, 1922) 3 હજાર ખેડૂતો ઉપર પોલીસે ગોળીબાર કર્યો. આથી ક્રોધિત ભીડે પોલીસસ્ટેશન પર હુમલો કરી આગ ચાંપી દીધી જેને કારણે 22 જેટલા પોલીસ કર્મચારીઓ માર્યા ગયા. આ ઘટનાથી દુઃખી થઈ મહાત્મા ગાંધીએ બારડોલી ખાતે (12 ફેબ્રુઆરી, 1922) આંદોલન પાછું ખેંચવાનો નિર્ણય લીધો અને ખાદીપ્રવૃત્તિ તથા સામાજિક એકતા જેવાં રચનાત્મક કાર્યોમાં લાગી જવાનું લોકોને આહ્‌વાન કર્યું. ગાંધીજીના આ નિર્ણયનો તેમના નજીકના સાથીદારોએ પણ વિરોધ કર્યો પરંતુ ગાંધીજી તેમના નિર્ણયમાંથી ડગ્યા નહીં. ગાંધીજી પર સરકારે અસંતોષ ઊભો કરવાનો આરોપ લગાવી છ વર્ષની જેલની સજા ફરમાવી.

### ક્રાંતિકારીઓની ભૂમિકા

અસહકાર આંદોલન બાદ ફરી એક વખત આત્યંતિક રાષ્ટ્રવાદીઓએ ક્રાંતિકારી પ્રવૃત્તિઓની શરૂઆત કરી. આ ક્રાંતિકારીઓ સમાજવાદમાં શ્રદ્ધા ધરાવતા હતા અને અસહકાર આંદોલનની નિષ્ફળતાને કારણે ઊભા થયા હતા. ઈ.સ. 1924માં તેમણે સશસ્ત્ર ક્રાંતિ માટે સંગઠન ઊભું કરવા હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘની સ્થાપના કરી. સરકારે તેમની ધરપકડો કરી (ઈ.સ. 1925) કાકોરી કેસ ચલાવ્યો. રામપ્રસાદ બિસ્મિલ અને અશફાક ઉલ્લા અને અન્ય બે ક્રાંતિકારીઓને ફાંસી આપવામાં આવી. (ઈ.સ. 1928) ચંદ્રશેખર આઝાદના નેતૃત્વમાં ક્રાંતિકારીઓએ નવીન સંગઠન હિન્દુસ્તાન સમાજવાદી પ્રજાતંત્ર સંઘ શરૂ કર્યું. તેઓ વ્યક્તિગત વીરતા અને હિંસાની પ્રવૃત્તિઓથી દૂર રહેતા હતા. પરંતુ સાયમન કમિશનનો વિરોધ કરનાર પંજાબના મહાન નેતા લાલા લજપતરાયનું પોલીસ લાઠીચાર્જમાં અવસાન થતાં આ ક્રાંતિકારીઓ ઊકળી ઊઠ્યા. ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ અને રાજગુરુએ લાલા લજપતરાય પર લાઠીચાર્જનો આદેશ કરનાર બ્રિટિશ પોલીસ અધિકારી સાન્ડર્સની (17 ડિસેમ્બર, 1927) હત્યા કરી. ચંદ્રશેખર આઝાદ અને ભગતસિંહના ક્રાંતિકારી સંગઠને પોતાના રાજકીય ઉદ્દેશો જનતા સુધી પહોંચાડવા અને બ્રિટિશ સરકારને જાણ કરવા એક નવો જ રસ્તો અપનાવ્યો. ભગતસિંહ અને

બટુકેશ્વર દત્તે (8 એપ્રિલ, 1929) કેન્દ્રીય ધારાસભામાં બૉમ્બ વિસ્ફોટ કર્યો. તેમના મતે તેમનો આશય કોઈની હત્યા કરવાનો ન હતો પરંતુ બહેરી થઈ ગયેલી બ્રિટિશ સરકારને જાણ કરવાનો હતો. બીજું આ બૉમ્બથી કોઈની હત્યા પણ નહોતી કરવામાં આવી અને કોઈને ઈજા પણ નહોતી પહોંચી. ભગતસિંહ અને બટુકેશ્વર ભાગી જવાને બદલે પકડાયા અને ન્યાયાલયમાં અંગ્રેજ સરકાર વિરોધી દલીલો કરતા રહ્યા. જોકે, ત્રણેયને ફાંસી આપવામાં આવી હતી.

બંગાળમાં પણ ક્રાંતિકારી રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ ફરી એકવાર ઊભી થઈ હતી. તેણે (એપ્રિલ 1930) ચટગાંવના સરકારી શસ્ત્રાગાર ઉપર ક્રાંતિકારીઓએ છાપો મારી લૂંટ ચલાવી. તેનું નેતૃત્વ માસ્ટર શુરસેને કર્યું હતું. તેમની સાથે મહિલાઓએ પણ ભાગ લીધો હતો. સરકારે આ પ્રવૃત્તિઓ દબાવી દેવા ક્રાંતિકારીઓની ધરપકડ કરી અને તેમના પર કેસ ચલાવ્યા. ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને (23 માર્ચ, 1931) ફાંસી આપવામાં આવી.

આ ક્રાંતિકારી રાષ્ટ્રવાદી આંદોલન મહત્ત્વપૂર્ણ હતું. સૂર્યસેનને (ઈ.સ. 1931) પકડીને ફાંસી આપવામાં આવી. સરકારે તેમને ઉગ્ર હાથે દાબી દેવા માટે કાર્ય કર્યું. આ ઉપરાંત કેટલાક સામ્યવાદી નેતાઓને પકડીને તેમના પર મેરઠ કેસ ચલાવવામાં આવ્યો હતો. આમ, ક્રમશઃ આંદોલન સતત ચાલતું રહ્યું.

### સાયમન કમિશન અને ભારતના લોકોનો પ્રતિભાવ

બ્રિટિશ સરકારે ઇન્ડિયન સ્ટૅચ્યૂટર કમિશનની નિમણૂક (નવેમ્બર-1927) કરી જે સાયમન કમિશન તરીકે ઓળખાય છે. સાયમન તેનો પ્રમુખ હતો. તેનો ઉદ્દેશ ભારતમાં બંધારણીય સુધારા સૂચવવાનો હતો. જોકે, સાયમન કમિશનના તમામ કમિશન અંગ્રેજો હતા તે કારણે ભારતવાસીઓએ તેનો વિરોધ કર્યો. ભારતીયોએ કહ્યું કે સ્વરાજની  યોગ્યતા કે અયોગ્યતાનો નિર્ણય માત્ર ગોરા લોકો કેવી રીતે લઈ શકશે. તેનાથી ભારતીયોના આત્મસન્માનને ઠેસ પહોંચી છે. કૉંગ્રેસ, મુસ્લિમ લીગ અને હિંદુ મહાસભાએ સાયમન કમિશનનો વિરોધ કર્યો.

સાયમન કમિશનના વિરોધની સાથે સાથે ભારતીય જૂથોએ બંધારણીય સુધારાની એક યોજના બનાવી સાયમન કમિશનને જવાબ આપવાનો પ્રયત્ન કર્યો. પરિણામે મોતીલાલ નેહરુએ (ઑગસ્ટ 1928) પ્રસિદ્ધ નેહરુ રીપૉર્ટ પ્રસ્તુત કર્યો. જે ભારતના બંધારણની બ્લ્યૂ-પ્રિન્ટ ગણાય છે. કમનસીબે તમામ પક્ષોએ નેહરુ રિપૉર્ટ સ્વીકાર્યો નહીં. મુસ્લિમ લીગ, હિંદુ મહાસભા અને શીખ પ્રતિનિધિ મંડળે તેનો વિરોધ કર્યો. કમિશન મુંબઈ પહોંચતાં જ હડતાલોની શરૂઆત થઈ. 'સાયમન ગો બૅક'ના નારાથી તેનો વિરોધ શરૂ થયો. ગાંધીજી પણ સાયમન કમિશનના વિરોધથી જનતા આંદોલન માટે તૈયાર છે એમ સમજતા હતા અને એ તરાહમાં તેમણે પોતાની બીજી મહત્ત્વપૂર્ણ ચળવળ શરૂ કરી.

### સવિનય કાનૂનભંગની ચળવળ અને દાંડીકૂચ

જનતાની ભાવનાનું સન્માન કરી મહાત્મા ગાંધી એક મહાન આંદોલન તરફ વળ્યા હતા. ડિસેમ્બર, 1929માં લાહોર ખાતે કૉંગ્રેસનું અધિવેશન મળ્યું જેમાં કૉંગ્રેસે પૂર્ણ સ્વરાજનું પોતાનું લક્ષ ઘોષિત કર્યું અને 26 જાન્યુઆરી, 1930ને પ્રજાસત્તાક દિવસ મનાવવાનું નક્કી થયું. એ પહેલાં (31 ડિસેમ્બર, 1929) લાહોર ખાતે સ્વતંત્ર ભારતનો સ્વીકૃત તિરંગો ધ્વજ લહેરાવવામાં આવ્યો. દર વર્ષે 26મી જાન્યુઆરીનો દિવસ પ્રજાસત્તાક દિવસ મનાવવો તેવું ઠરાવવામાં આવ્યું. એટલું જ



**દાંડીયાત્રા**

નહીં એક સવિનય કાનૂનભંગનું આંદોલન કરવાનું નક્કી થયું જેનો નિર્ણય મહાત્મા ગાંધી લેવાના હતા. આ આંદોલનની શરૂઆત મહાત્મા ગાંધીની પ્રસિદ્ધ દાંડીયાત્રાથી થવાની હતી. તેમણે (12 માર્ચ, 1930ના રોજ) અમદાવાદથી પોતાના 78 સાથીદારો સાથે 375 કિ.મી. દૂર ભગવાદાંડી જઈ બ્રિટિશ કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું. માર્ગમાં આવતા સેંકડો ગામડાઓમાં તેમની સભાઓ થઈ. ગાંધીજીએ (6 એપ્રિલ, 1930ના રોજ) દાંડી મુકામે પહોંચી અને સમુદ્રકિનારેથી મુઠ્ઠી ભરી મીઠું ઉપાડી આંદોલનનો પ્રારંભ કર્યો. તેમણે બ્રિટિશ સરકારનો મીઠાનો કાયદો તોડીને આ પ્રતીક દ્વારા સમગ્ર ભારતવાસીઓને સ્વતંત્રતાનો સંદેશો આપ્યો. તેમણે કહ્યું બ્રિટિશ શાસન ભારતીયો માટે અભિશાપ સમાન છે. હું આ શાસનપ્રણાલીને નષ્ટ કરવાના મતનો છું. રાજદ્રોહ એ મારો ધર્મ છે. ગાંધીજીના સવિનય કાનૂનભંગના આ કૃત્યથી સમગ્ર રાષ્ટ્રમાં ક્રાંતિની લહેર ફરી વળી. મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ, પૂર્વીય ભારતની પ્રજાએ જંગલના અને ચોકીદારીના કાયદાઓ તોડ્યા. હડતાળ પ્રદર્શન, વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર જેવાં મહત્ત્વપૂર્ણ કાર્યો પ્રજાએ કર્યાં. લાખો ભારતીયો આ સત્યાગ્રહમાં જોડાયા. ખેડૂતોએ કર ચૂકવવાની ના પાડી. હજારો સ્ત્રીઓએ આ સત્યાગ્રહમાં ભાગ લઈ વિદેશી વસ્ત્ર અને દારૂ વેચતી દુકાનો પર પિકેટિંગ કર્યું.

આ આંદોલન છેક ભારતના ઉત્તર પશ્ચિમી ભાગ સુધી પહોંચ્યું હતું. સરહદના ગાંધી તરીકે ઓળખાતા ખાન અબ્દુલ ગફાર ખાનના નેતૃત્વ નીચે ખુદાઈ ખિદમતગાર નામનું સંગઠન ઊભું કર્યું. તેઓ લાલ ખમીસધારી કહેવાતા  તેઓ અહિંસાપૂર્ણ સત્યાગ્રહમાં માનતા. અહિંસા એક મહત્ત્વપૂર્ણ ઘટના બની હતી. પેશાવરમાં ગઢવાલી સેનાપતિ ચંદ્રસિંહ ગઢવાલી અને અન્ય સૈનિકોએ આ અહિંસક ક્રાંતિકારીઓ પર ગોળીઓ ન ચલાવવાનો નિર્ણય લીધો. બ્રિટિશ સરકારે તેમના પર કૉર્ટમાર્શલ કરી આજીવન જેલની સજા કરી. પરંતુ આ ઘટનાએ એ સાબિત કર્યું કે ગાંધીજીના આદર્શો અને રાષ્ટ્રવાદની ભાવના ભારતીય સેના સુધી ફેલાઈ ચૂકી છે જે બ્રિટિશ શાસનનો મુખ્ય સ્તંભ હતો. આ રીતે સમગ્ર દેશમાં આંદોલન વ્યાપક બન્યું નાગાલૅન્ડમાં રાણી ગિડાલુએ માત્ર 13 વર્ષની વયે ગાંધીજીના આંદોલનમાં ભાગ લઈ બ્રિટિશ શાસન વિરુદ્ધ વિદ્રોહ કર્યો. રાણી ગિડાલુને પકડીને આજીવન કેદની સજા કરવામાં આવી. ઈ.સ. 1947માં દેશને સ્વતંત્રતા મળ્યા બાદ રાણીને મુક્તિ મળી. જવાહરલાલ નેહરુએ લખ્યું એક દિવસ એવો આવશે જ્યારે ભારત તેને યાદ કરશે અને તેનું સન્માન કરશે. સરકારે આંદોલનકારો વિરુદ્ધ ભયંકર અત્યાચાર કર્યા. ગાંધીજી સહિત 90 હજાર કરતાં વધારે ક્રાંતિકારીઓને પકડવામાં આવ્યા. કૉંગ્રેસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. સમાચારો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. 110 જેટલા લોકોને ગોળીબારમાં મારવામાં આવ્યા. ત્યારબાદ (ઈ.સ. 1930) લંડનમાં ગોળમેજી પરિષદનું આયોજન કરવામાં આવ્યું. જેનો આશય સાયમન કમિશનના રિપોર્ટ પર વિચાર કરવાનો હતો. પરંતુ કૉંગ્રેસે તેનો વિરોધ કર્યો. અંતે વાઇસરૉય ઈર્વિન અને ગાંધીજી વચ્ચે (માર્ચ 1931) કરાર થયો અને ગાંધીજી સવિનય કાનૂનભંગનું આંદોલન રોકીને બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન ગયા. જોકે, ગાંધીજીની માંગણી સરકારે સ્વીકારી નહીં અને ભારતીયોને કોઈ જ અધિકારો ન મળતાં ગાંધીજી પાછા ફર્યા. ફરી એક વખત આંદોલન શરૂ કરવામાં આવ્યું. ઉત્તર ભારતમાં જવાહરલાલ નેહરુએ આ આંદોલનનું નેતૃત્વ લીધું. ફરીથી સરકારી દમન શરૂ થયું અને ધીમે ધીમે આંદોલન પણ ઠંડું પડ્યું.

### મીઠાના સત્યાગ્રહો

દાંડીની સાથે સાથે મીઠાના સત્યાગ્રહો દેશના વિભિન્ન ભાગોમાં શરૂ થયા હતા. ગુજરાતમાં ધરાસણા ખાતે ગાંધીજીએ સત્યાગ્રહ કરવાની જાહેરાત કરી. તેમની ધરપકડ (5મી મે, 1930ના) થતાં મીઠાના સત્યાગ્રહોની નેતાગીરી અબ્બાસ તૈયબજીને મળી. જોકે તેમની પણ ધરપકડ થતાં અંતે સરોજિની નાયડુએ મીઠાના સત્યાગ્રહનું નેતૃત્વ લીધું. ધરાસણા સિવાય સુરજકરાડી અને વડાલા ખાતે પણ મીઠાનો સત્યાગ્રહ થયો હતો. ઉત્તર ભારત અને બિહારનાં ઘણાં બધાં ક્ષેત્રોમાં લોકોએ પોતાના ઘરે જ મીઠું બનાવી મીઠાના કાયદાનો વ્યાપક ભંગ કર્યો હતો.

## કૉંગ્રેસી પ્રધાનમંડળોની રચના

ભારત સરકાર અધિનિયમ-1935 અનુસાર પ્રાંતોમાં સ્વાયત્તતા આપવામાં આવી. આ કાયદા અનુસાર થયેલી ચૂંટણીમાં જનતાએ કૉંગ્રેસને બહુમતી આપી. 11 માંથી 7 પ્રાંતોમાં કૉંગ્રેસ મંત્રીમંડળ અમલમાં આવ્યું. બે પ્રાંતમાં કૉંગ્રેસ અન્ય પક્ષના ટેકાથી સરકાર બનાવી શકી. માત્ર પંજાબ અને બંગાળ પ્રાંતમાં કૉંગ્રેસ સિવાયના પક્ષોએ સરકાર બનાવી હતી. પંજાબમાં યુનિયનિસ્ટ પાર્ટીએ અને બંગાળમાં કૃષક પ્રજા પાર્ટી અને મુસ્લિમ લીગે સાથે મળીને સરકારની રચના કરી હતી.

કૉંગ્રેસ મંત્રીમંડળે ભારતમાં બ્રિટિશ શાસનતંત્રના સામ્રજ્યવાદી સ્વરૂપને બદલવાનું કાર્ય કર્યું. જોકે તેમને બહુ ઓછા અધિકારો મળ્યા હતા. તેમ છતાં તેમણે ઈમાનદારીપૂર્વક કાર્ય કર્યું. તેમણે મજૂરો, ખેડૂતો અને નાગરિકોને માટે સારું કાર્ય કર્યું. પોલીસના અધિકારો ઓછા કર્યા. ખેતમજૂરો માટે કૃષિ કાયદા બનાવ્યા. મજૂરોની મજૂરીનો દર વધાર્યો. નશાબંધી અને દારૂબંધી લાગુ કરી. અનુસૂચિત જાતિના કલ્યાણ માટે કાર્ય કર્યું. પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ, ટેક્નિકલ શિક્ષણ અને લોકોના આરોગ્ય માટે સારું એવું ધ્યાન કેન્દ્રિત કર્યું. ખાદી અને ગ્રામીણ હસ્ત-ઉદ્યોગોને પ્રોત્સાહન આપ્યું. કોમવાદી તોફાનો વિરુદ્ધ મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું. લોકોને લાગ્યું કે તેમની પોતાની સરકાર ચાલી રહી છે. ઈ.સ. 1939માં દ્વિતીય વિશ્વયુદ્ધ શરૂ થતાં ભારતને બ્રિટને યુદ્ધમાં જોડી દેતાં તેનો વિરોધ કરવા કૉંગ્રેસી મંત્રીમંડળોએ સામૂહિક રાજીનામાં આપી દીધાં.


## હિંદ છોડો ચળવળ-1942

આપણે જોયું તેમ બ્રિટિશ સરકારે રાષ્ટ્રીય કૉંગ્રેસ કે કેન્દ્રીય ધારાસભાના સભ્યોની સાથે વિચારવિમર્શ કર્યા વગર યુદ્ધમાં જોડાઈ જતાં કૉંગ્રેસે તેનો વિરોધ કર્યો. કૉંગ્રેસે કહ્યું એક ગુલામ રાષ્ટ્ર બીજાના મુક્તિસંઘર્ષમાં કેવી રીતે ભાગ ભજવી શકે. પહેલાં ભારતને સ્વતંત્રતા આપવી જોઈએ તો જ તેઓ આ યુદ્ધમાં ભાગ લઈ શકે. બ્રિટિશ સરકારે કૉંગ્રેસની માંગણીનો અસ્વીકાર કરી પોતાનો નિર્ણય અકબંધ રાખ્યો. ત્યારબાદ (ઑક્ટોબર-1940) ગાંધીજીએ વ્યક્તિગત સત્યાગ્રહની શરૂઆત કરી. સરકારે લગભગ 25 હજાર કરતાં વધારે સત્યાગ્રહીઓને પકડીને પૂરી દીધા હતા. વ્યક્તિગત સત્યાગ્રહ કરનાર પ્રથમ નેતા વિનોબા ભાવે હતા. જાપાને ઈન્ડોનેશિયાના માર્ગે બર્મા ઉપર અધિકાર (ઈ.સ. 1941) કરી લેતાં મહાયુદ્ધ ભારતની સરહદ સુધી પહોંચી ગયું. આવા સંજોગોમાં ભારતીયોનો યુદ્ધમાં સહયોગ પ્રાપ્ત કરવા બ્રિટિશ સરકારે સ્ટેફર્ડ ક્રિપ્સના નેતૃત્વ નીચે ક્રિપ્સ મિશન (ઈ.સ. 1942) ભારતમાં મોકલ્યું. તેણે ઘોષણા કરી કે બ્રિટિશ સરકાર બહુ ઝડપથી ભારતીયોને સ્વશાસન આપશે. તેમણે કૉંગ્રેસની એ માંગ ફગાવી દીધી કે ભારતીયોને તાત્કાલિક સ્વતંત્રતા આપવામાં આવે. ગાંધીજીએ ક્રિપ્સ દરખાસ્તોને **"વિતિ ગયેલી તારીખનો (પોસ્ટડેટેડ) ચેક"** કહ્યો. કૉંગ્રેસની સાથે સાથે મુસ્લિમ લીગે પણ તેનો વિરોધ કર્યો. યુદ્ધ દરમ્યાન ભારતમાં ભયંકર દુષ્કાળ પડ્યો અને મોંઘવારી પણ વધી તેથી પ્રજામાં સતત અસંતોષ વધતો ગયો. આ બધી બાબતોએ મહાત્મા ગાંધીને તેમનું એક મહાન આંદોલન કરવા પ્રેર્યા. મુંબઈમાં મળેલ અખિલ ભારતીય કૉંગ્રેસ કમિટીની મિટિંગમાં હિંદ છોડો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો (8 ઑગસ્ટ, 1942) અને ગાંધીજીના નેતૃત્વમાં આંદોલન કરવાનું નક્કી કરવામાં આવ્યું. એ જ રાત્રે કૉંગ્રેસના હોદ્દેદારોને સંબોધન કરતાં મહાત્મા ગાંધીએ કહ્યું 'હું તો ઇચ્છું છે કે સવાર પહેલાં આપણને સ્વતંત્રતા પ્રાપ્ત થાય. હું પૂર્ણ સ્વતંત્રતાથી ઓછું કશું જ સ્વીકારીશ નહીં, કરો યા મરો'. આપણી પરાધીનતાને ફગાવી દઈશું અથવા તો મૃત્યુ પામીશું. તેથી (9 ઑગસ્ટ, 1942) ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. પરંતુ રાષ્ટ્રભરમાં સ્વયંસ્ફુરણાથી એક મહાન આંદોલન શરૂ થઈ ચૂક્યું હતું. ગાંધીજીએ કહ્યું હતું કે હવે તમે જ તમારા નેતા છો. એ રીતે આ આંદોલન નેતાવિહીન અને સંગઠન-વિહીન જનતાનું પોતાનું પોતાની રીતે ચાલતું આંદોલન હતું. કારખાનાઓ, શાળાઓ, કૉલેજોમાં હડતાળો પડી. સરકારે લાઠીચાર્જ અને ગોળીબાર કર્યા. પરિણામે જનતાએ પણ પોલીસસ્ટેશન, રેલવેસ્ટેશન અને પોસ્ટઑફિસ જેવાં બ્રિટિશ પ્રતીકો ઉપર હુમલા કર્યા. ટેલિફોનના તાર ઉખાડી નાખ્યા. રેલવેના પાટા પણ ઉખાડી નાખ્યા અને સરકારી

મકાનોમાં આગ લગાડી દીધી. મદ્રાસ અને બંગાળમાં સ્થિતિ કાબૂ બહાર હતી. બિહાર, પશ્ચિમ બંગાળ, સંયુક્ત પ્રાંત, તામિલનાડુ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ અને મહારાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં આંદોલન વ્યાપક બન્યું એટલું જ નહીં ઘણી બધી જગ્યાએ બ્રિટિશ શાસનનો અંત આવ્યો અને સ્થાનિક સરકારોની સ્થાપના થઈ. ઉત્તર પ્રદેશના બલિયામાં, બંગાળના મિદનાપુરમાં, મુંબઈના સતારામાં, ગુજરાતના અમદાવાદમાં ક્રાંતિકારીઓએ સમાંતર સરકારની સ્થાપના કરી. ખેડૂતો, મજૂરો અને વિદ્યાર્થીઓએ 1942ના હિંદ છોડો આંદોલનમાં સૌથી મોટો ભાગ ભજવ્યો હતો. સરકારે આંદોલનને કચડી નાંખવા પોતાની તમામ તાકાત લગાવી દીધી હતી. પ્રેસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. 10 હજારથી વધારે લોકોને ગોળીબારથી મારી નાખવામાં આવ્યા. ઈ.સ. 1857ના મહાવિદ્રોહ પછીનું આ સૌથી મોટું દમનકારી કાર્ય હતું. આ આંદોલનની એક વિશેષતા ભૂગર્ભ સંચારવ્યવસ્થા હતી. મુંબઈમાં ઉષા મહેતા આ આંદોલનનું ભૂગર્ભ રેડિયો સ્ટેશન સંભાળી રહ્યાં હતાં. આ આંદોલનમાં અરુણા આસફઅલી અને ઇન્દિરા ગાંધીએ પણ અગત્યનો ભાગ ભજવ્યો હતો. આ આંદોલને સાબિત કરી દીધું કે ભારતીય પ્રજાની ઇચ્છા વિરુદ્ધ અંગ્રેજો ભારતમાં લાંબો સમય શાસન કરી શકશે નહીં.

## સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજ

ઈ.સ. 1942ના હિંદ છોડો આંદોલનની સાથે સાથે ભારતીય પ્રજાની બહાદુરી અને સ્વતંત્રતાપ્રાપ્તિની ધગશને ઉજાગર કરતું મહત્ત્વપૂર્ણ આંદોલન હતું. આઝાદ હિંદ ફોજના સુભાષચંદ્ર બોઝના નેતૃત્વ નીચે ચલાવવામાં આવેલા આ આંદોલને ભારતમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સુભાષચંદ્ર બોઝે કૉંગ્રેસ છોડી ફૉરવર્ડ બ્લૉકની સ્થાપના કરી (ઈ.સ. 1939) હતી. સરકારે તેમની ધરપકડ કરી નજરકેદ કર્યા હતા. યોગ્ય તક મળતાં (માર્ચ-1941) સુભાષચંદ્ર બોઝ કેદમાંથી છૂટી દેશની બહાર નીકળી ગયા. તેઓ જર્મની ગયા અને ભારતની સ્વતંત્રતાની લડાઈ માટે મદદ માંગી. ત્યાંથી (ફેબ્રુઆરી 1943) જાપાનની સહાયતા પ્રાપ્ત કરવા જાપાન ગયા. ભારતની સ્વતંત્રતા માટે લશ્કર ઊભું કરવા સિંગાપુરમાં રાસબિહારી બોઝની સહાયથી આઝાદ હિંદ ફોજનું નેતૃત્વ લીધું. જનરલ મોહનસિંહે ભારતીય સૈનિકોની એક ટુકડી ઊભી કરી આઝાદ હિંદ ફોજ બનાવી હતી. તેમણે જયહિંદનું સૂત્ર આપી આઝાદ હિંદ ફોજની કાર્યવાહી ચાલુ કરી. સુભાષચંદ્ર બોઝ બર્માથી ભારત ઉપર આક્રમણ કરવાના મતના હતા. જોકે, બીજા વિશ્વયુદ્ધમાં (ઈ.સ. 1944-45) જાપાનનો પરાજય થતાં આઝાદ હિંદ ફોજની હાર થઈ. સુભાષચંદ્ર બોઝ ટોકિયો જતી વખતે રસ્તામાં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા. (જો કે, આજે પણ આ વણ-ઉકલ્યું રહસ્ય છે.) સરકારે આઝાદ હિંદ ફોજના ત્રણ મહત્ત્વપૂર્ણ નેતાઓ જનરલ શાહનવાઝ, જનરલ ગુરુદયાલસિંહ ઢિલ્લો અને જનરલ પ્રેમ સહેગલ પર દિલ્હીમાં લાલ કિલ્લાનો કેસ ચલાવ્યો. તેની વિરુદ્ધમાં ભારતીયોએ પ્રદર્શન શરૂ કર્યાં. છેવટે આઝાદ હિંદ ફોજના આ અધિકારીઓને છોડી દેવામાં આવ્યા.



**સુભાષચંદ્ર બોઝ અને આઝાદ હિંદ ફોજ**

## હિંદમાં કોમવાદનો ઉદય, વિકાસ અને હિંદના ભાગલા

ઈ.સ. 1857 બાદ ભારતમાં અંગ્રેજોએ ભાગલા પાડો અને રાજ કરોની ઉક્તિ સાચી ઠેરવવા મુસ્લિમોને પોતાના પક્ષે લેવાની શરૂઆત કરી હતી. 19મી સદીનો અંત આવતાં સુધીમાં ભારતમાં સાંપ્રદાયિકતાનો વિકાસ થયો જે સ્વતંત્રતાસંગ્રામ માટે સૌથી મોટો ખતરો હતો. સાંપ્રદાયિકતા એક વિચારધારા છે. તેના મતે ભારતમાં હિંદુ-મુસ્લિમ, શીખ અને ખ્રિસ્તી અલગ અલગ વિશિષ્ટ સમુદાય છે. જેમનાં હિતો પણ અલગ છે. ભારતીય રાષ્ટ્ર નામની કોઈ ચીજ અસ્તિત્વમાં છે નહીં. કોમવાદનો ઉદય બ્રિટિશ શાસનને કારણે ભારતમાં થયો. તેમણે મુસ્લિમોને

અલગ ધર્મ અને જાતિનો દરજ્જો આપી હિન્દુઓથી અલગ કરવાની વૃત્તિ પોષવાનું કામ કર્યું. આ પ્રવૃત્તિમાં સૈયદ અહમદ ખાં મહત્ત્વપૂર્ણ હતા. તેઓ માનતા કે મુસલમાનોના રાષ્ટ્રીય હક્કો હિંદુઓ કરતાં અલગ છે. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી તેમના આ વિચારોને આગળ વધારવાનું કાર્ય કરતી હતી. ઈ.સ. 1885માં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના સમયે તેમણે તેનો વિરોધ કર્યો. તેઓ માનતા કે બ્રિટિશ શાસન સમાપ્ત થવાથી બહુમતી હિંદુઓના હાથમાં શાસન આવશે અને તેઓ મુસ્લિમોને નુકસાન કરશે. જોકે, કોમવાદના ઉદય માટે મુસ્લિમોમાં નિરક્ષરતા અને અજ્ઞાન વધારે જવાબદાર હતાં. 19મી સદીના પ્રારંભમાં જ હિંદુઓ પશ્ચિમી જ્ઞાન-વિજ્ઞાન સાથે સંકળાયા હતા જ્યારે મુસ્લિમો અશિક્ષિત રહ્યા હતા. સરકારી નોકરીઓ, વેપાર-વાણિજ્યની પ્રવૃત્તિઓ અને ઉદ્યોગોમાં પણ તેઓ હિન્દુઓ કરતાં ઘણા પછાત હતા. આ બાબતોને લીધે તેઓ અસુરક્ષાનો અનુભવ કરતા હતા. આ પ્રવૃત્તિ ત્યારે ચરમસીમા પર પહોંચી જ્યારે શિક્ષિત મુસ્લિમો, મુસ્લિમ નવાબો અને જમીનદારોએ જનાબ આગાખાન, ઢાકાના મોહસીન-ઉલ-મુલ્કના નેતૃત્વ નીચે અખિલ ભારતીય મુસ્લિમ લીગની સ્થાપના કરી. આ જૂથ સાંપ્રદાયિક અને રૂઢિવાદી રાજકીય સંગઠન તરીકે કામ કરતું હતું. તેણે બ્રિટિશ સંસ્થાનવાદનો વિરોધ કરવાને બદલે બંગાળના વિભાજનનું સમર્થન કર્યું અને સરકારી નોકરીઓમાં મુસ્લિમો માટે અનામત વ્યવસ્થા દાખલ કરવાની માંગ કરી. ઈ.સ. 1909ના કાયદામાં તેમને અલગ મતદારમંડળ આપવામાં આવ્યાં અને વિદેશી શાસને તેમને વધારે કટ્ટર બનાવ્યા. તેઓ રાષ્ટ્રવાદી આંદોલનથી દૂર રહ્યા. મુસ્લિમ લીગના આ પગલાને કારણે દેશભક્ત મુસ્લિમો વિચલિત થયા. અનેક મુસ્લિમ રાષ્ટ્રવાદીઓએ સ્વતંત્રતાસંગ્રામમાં સક્રિય ભાગ લીધો. મૌલાના આઝાદ આવા જ એક સહિષ્ણુ અને રાષ્ટ્રવાદી મુસ્લિમ હતા. જોકે ધીમે ધીમે મુસ્લિમ લીગ તાકાતવર થતું જતું હતું. એ અરસામાં (ઈ.સ. 1909) પંજાબમાં હિંદુ સભાની સ્થાપના થઈ. તેમણે પહેલાં હિંદુ પછી ભારતીયનું સૂત્ર આપ્યું ત્યારે (ઈ.સ. 1915) કાસીમબજારના મહારાજાના નેતૃત્વ નીચે અખિલ ભારતીય હિંદુ મહાસભાનું સંગઠન બન્યું. પરિણામે હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે ખાઈ વધતી ચાલી. ઈ.સ. 1935ના ધારા પ્રમાણે થયેલી ચૂંટણીમાં કૉંગ્રેસને બહુમત પ્રાપ્ત થયો પરંતુ તે મુસ્લિમો માટે મોટા પ્રમાણમાં બેઠકો મેળવી શકી નહીં. મુસ્લિમોની 482માંથી કૉંગ્રેસને માત્ર 26 બેઠકો પ્રાપ્ત થઈ. હિંદુ મહાસભાની પણ હાર થઈ. કૉંગ્રેસ જમીનદારો વિરુદ્ધ કાર્ય કરતી હોવાથી મુસ્લિમ જમીનદારો તેનાથી વિમુક્ત થયા. પરિણામે સાંપ્રદાયિક પક્ષો મજબૂત થયા. આદેશ થતાં (ઈ.સ. 1922 પછી) ઝીણા કૉંગ્રેસના વિરોધી બનતા ગયા હતા. તેઓ વધારે ને વધારે કટ્ટર બનતા ગયા હતા. તેમણે કહ્યું હિંદુ અને મુસલમાન એ બે અલગ અલગ રાષ્ટ્ર છે. તેઓ ક્યારેય એકસાથે રહી શકે નહિ. મુસ્લિમ લીગે એક પ્રસ્તાવ પસાર કરી સ્વતંત્રતા બાદ દેશના ભાગલા કરી પાકિસ્તાન નામનું એક અલગ રાષ્ટ્ર આપવાની માંગણી (ઈ.સ. 1940) કરી.

હિંદુ મહાસભા જેવાં હિંદુ સંગઠનો મુસ્લિમ લીગની જેમ સાંપ્રદાયિક બનતાં જતાં હતાં. તેમણે પણ દ્વિરાષ્ટ્રનો સિદ્ધાંત સ્વીકાર્યો હતો. આ રીતે સાંપ્રદાયિકતાને બંને પક્ષ સ્વીકારતા રહ્યા. તેથી બંને વચ્ચે સંઘર્ષ વધ્યો. અસહકારના આંદોલન બાદ અને આર્યસમાજના શુદ્ધિ આંદોલન બાદ હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે મોટા પાયે કોમી રમખાણો ફાટી નીકળ્યાં. સ્વતંત્રતાસંગ્રામનું આંદોલન આ સાંપ્રદાયિક શક્તિઓનો વિરોધ કરતું રહ્યું પરંતુ તે તેમાં સફળ થયું નહીં. ઈ.સ. 1937 થી ઈ.સ. 1939 સુધીમાં કૉંગ્રેસના નેતાઓ અને ઝીણા વચ્ચે અનેક મુલાકાત થઈ પરંતુ તેનું કોઈ પરિણામ ન આવ્યું. ઈ.સ. 1946-47ના ગાળામાં હિંદુઓ અને મુસ્લિમો વચ્ચેની ખાઈ વધારે પહોળી થઈ. કૅબિનેટ મિશન આવ્યા બાદ (ઈ.સ. 1946) મુસ્લિમ લીગે સીધાં પગલાંના દિવસ મનાવવાની શરૂઆત કરી. પરિણામે ભારતમાં મોટાપાયે કોમી રમખાણો ફાટી નીકળ્યાં. ખાસ કરીને પૂર્વ બંગાળના નોઆખલીમાં મોટા પાયે કોમી રમખાણોનું તાંડવ થયું. અનેક નિર્દોષની હત્યા થઈ. મહાત્મા ગાંધીએ જાતે ત્યાં જઈ પરિસ્થિતિને સંભાળવાનો પ્રયત્ન કર્યો. માઉન્ટબેટનની 3 જૂનની યોજના અન્વયે છેવટે મુસ્લિમ લીગની માંગણી સ્વીકારાઈ અને સ્વતંત્રતાના સમયે ભારતના ભાગલા થયા.

## સ્વતંત્ર બનેલ ભારત અને તેની સમક્ષની તત્કાલીન સમસ્યાઓ

બીજા વિશ્વયુદ્ધનો અંત આવતાં ભારતીય સ્વતંત્રતાસંગ્રામમાં એક નવો જ વળાંક આવ્યો. યુદ્ધને કારણે વિશ્વકક્ષાએ શક્તિનું સંતુલન બદલાયું હતું. અમેરિકા અને સોવિયેટ રશિયા હવે વિશ્વની મહાસત્તાઓ તરીકે આગળ આવ્યાં હતાં. આ બંને રાષ્ટ્રો સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદમાંથી મુક્તિનો મત ધરાવતાં હતાં. યુદ્ધમાં બ્રિટન વિજેતાના પક્ષે હોવા છતાં તેની આર્થિક પરિસ્થિતિ ડામાડોળ થઈ ચૂકી હતી. એટલું જ નહીં બીજા વિશ્વયુદ્ધ બાદ બ્રિટનમાં રૂઢિચુસ્ત પાર્ટીની જગ્યાએ લેબર પક્ષની સરકાર આવી હતી. મુંબઈમાં ભારતીય નૌસેનાના સૈનિકોએ વિદ્રોહ (ઈ.સ. 1946) કર્યો. આથી સરકારને લાગ્યું કે ક્રમશઃ સેના પણ તેના હાથમાંથી સરકી રહી છે. પોલીસ અને સરકારી અધિકારીઓ પણ સ્વતંત્રતાસંગ્રામની તરફેણ કરી રહ્યા હતા. એ સમયે દેશી રજવાડાંઓમાં પણ મોટા પાયે આંદોલનો ફાટી નીકળ્યાં હતાં. એટલું જ નહીં બ્રિટિશ ભારતમાં પણ મોટા પાયે હડતાળો શરૂ થઈ ચૂકી હતી. ત્યારે (22 ફેબ્રુઆરી, 1946) મુંબઈમાં મોટા પાયે હડતાળો પડી હતી જેમાં 250 કરતાં વધારે લોકો માર્યા ગયા હતા. તો દક્ષિણ ભારતમાં રેલવેમજૂરોએ પણ મોટી હડતાળ શરૂ કરી હતી. આ બધી બાબતોને ધ્યાનમાં લઈ સરકારે કૅબિનેટ મિશન (ઈ.સ. 1946) ભારતમાં મોકલ્યું, જે ભારતીયોને સત્તાની સોંપણી માટેનું હતું. તેના એક પ્રસ્તાવ મુજબ ભારતીયો પોતાનું બંધારણ તૈયાર કરે તે સિવાય તેની બાકીની માંગણીઓ બધા પક્ષે ફગાવી દીધી. આ યોજના અન્વયે જવાહરલાલ નેહરુના વડપણ હેઠળ વચગાળાનું મંત્રીમંડળ સ્થાપવામાં આવ્યું (સપ્ટેમ્બર, 1947) જેમાં મુસ્લિમ લીગ પણ સામેલ થયું.

અંતે બ્રિટનના વડાપ્રધાન ક્લેમેન્ટ એટલીએ ઘોષણા કરી (20 ફેબ્રુઆરી, 1947) કે બ્રિટન જૂન, 1948 સુધીમાં ભારત પરનું પોતાનું શાસન છોડી દેશે. એટલીની ઘોષણા બાદ મુસ્લિમ લીગ વધારે આક્રમક બન્યું. સમગ્ર દેશમાં ભારે કોમી રમખાણો ફાટી નીકળ્યાં. માર્ચ-1947માં માઉન્ટબેટન ભારતના વાઈસરૉય તરીકે નિમણૂક પામ્યા. તેમણે ઇંગ્લૅન્ડના નેતાઓ અને ભારતના જુદા જુદા પક્ષો સાથે વાર્તાલાપ કરી (3 જૂન 1947) પોતાની યોજના જાહેર કરી. તે પ્રમાણે ભારતમાં 15 ઑગસ્ટ, 1947ના રોજ એકસાથે બે રાજ્યો ભારત અને પાકિસ્તાનનો જન્મ થયો. ભારતીય રાષ્ટ્રવાદી નેતાઓએ વિભાજનનો સ્વીકાર કર્યો. 14 ઑગસ્ટ, 1947ના રોજ જવાહરલાલ નેહરુએ બંધારણસભા સમક્ષ પ્રવચન કરતાં કહ્યું હતું જ્યારે સમગ્ર વિશ્વ સૂઈ રહ્યું છે ત્યારે ભારત જીવન અને સ્વતંત્રતા તરફ અગ્રેસર થશે.

સ્વાધીનતાની પ્રાપ્તિની સાથે ભારત સમક્ષ અનેક સમસ્યાઓ મોં ફાડીને ઊભી હતી. લગભગ 562 જેટલાં દેશી રજવાડાંઓ જે સ્વતંત્ર રહેવા ઇચ્છતાં હતાં તે ભારત માટે મોટી આફતરૂપ હતાં. સરદાર પટેલે કહ્યું હતું કે જો દેશી રજવાડાંઓ વિશે યોગ્ય નિર્ણય નહીં કરવામાં આવે તો ભારતની સ્વતંત્રતા દેશી રજવાડાંઓના પાછળના બારણેથી નીકળી જશે. બીજી તરફ ભારત અને પાકિસ્તાન એવા બે ભાગલા થતાં ભારતીય પ્રજાનું સ્થળાંતરણ બહુ જ મોટી સમસ્યા હતી. ખાસ કરીને પંજાબ અને બંગાળમાં સ્થિતિ સ્ફોટક હતી. આ સમસ્યાએ મોટા પાયે હિન્દુ-મુસ્લિમો વચ્ચે કોમી રમખાણો ઊભાં કર્યાં. ખુશવંતસિંહ જેવા સમર્થ સાહિત્યકાર દ્વારા રચિત પુસ્તક ‘ટ્રેન ટુ પાકિસ્તાન’માં આવી ઘટનાઓનો હૃદયદ્રાવક અહેવાલ મળે છે. 200 વર્ષના અંગ્રેજી શાસને ભારતનું ભયંકર આર્થિક શોષણ કર્યું હતું. નિરક્ષર અને ગરીબ તથા બેહાલ ભારતને આર્થિક અને શૈક્ષણિક રીતે પગભર બનાવવાનો એક મોટો પડકાર સ્વતંત્ર ભારત સમક્ષ હતો. કૃષિ અને ઔદ્યોગિકીકરણ તથા શિક્ષણ અને ટેક્નોલૉજીના વિકાસથી જ તે પડકારનો જવાબ આપવાનો હતો. ભારતમાં પ્રાંતરચનાનો એક મોટો મુદ્દો સ્વતંત્રતા પછી તરત જ ઊભો થયો હતો. જેણે ફરી એક વખત ભારતની એકતા અને અખંડિતતાને ભયમાં મૂકી હતી. સ્ત્રીઓની, અનુસૂચિત જાતિની અને અનુસૂચિત જનજાતિની વિકાસની સમસ્યાઓ પણ સ્વતંત્ર ભારત સમક્ષ હતી. જોકે, આજે ભારતે ખાસ્સો વિકાસ કરી આ સમસ્યાઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે અને ભારતને વિશ્વની મહાસત્તા બનાવવા સમગ્ર પ્રજા કૃતનિશ્ચયી બની છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) મહાત્મા ગાંધીના સત્યાગ્રહ અને અહિંસાના વિચારો સમજાવો.

(2) સ્વતંત્રતાસંગ્રામમાં ક્રાંતિકારીઓની ભૂમિકા સ્પષ્ટ કરો.

(3) ઈ.સ. 1930ના સવિનય કાનૂનભંગની ચળવળનાં કારણો અને પરિણામો જણાવો.

(4) ભારતીય સ્વતંત્રતાસંગ્રામમાં સુભાષચંદ્ર બોઝનું પ્રદાન સ્પષ્ટ કરો.

(5) સ્વતંત્રતા બાદ ભારત સમક્ષ કેવી સમસ્યાઓ હતી. સમજાવો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) ઈ.સ. 1919ના કાયદા વિશે જણાવો.

(2) ઈ.સ. 1935ના કાયદાએ ભારતીયોને શું આપ્યું ?

(3) અસહકારના આંદોલન વિશે નોંધ લખો.

(4) કોમવાદના ઉદય માટેનાં કારણો ટૂંકમાં જણાવો.

(5) સાયમન કમિશનનો શા માટે વિરોધ કરવામાં આવ્યો હતો ?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) મહાત્મા ગાંધીનો પ્રથમ સત્યાગ્રહ કયો હતો ?

(અ) ચંપારણ (બ) અમદાવાદ (ક) ખેડા (ડ) બારડોલી

(2) કયા મહાન નેતા સાયમન કમિશનના વિરોધ વખતે મૃત્યુ પામ્યા હતા ?

(અ) બિપિનચંદ્ર (બ) તિલક (ક) લાલા લજપતરાય (ડ) દાદાભાઈ નવરોજી

(3) વ્યક્તિગત સત્યાગ્રહના પ્રથમ સત્યાગ્રહી કોણ હતા ?

(અ) ગાંધીજી (બ) વિનોબા (ક) નેહરુ (ડ) સરદાર

(4) કઈ યોજના અન્વયે ભારતનું બંધારણ ઘડવામાં આવ્યું ?

(અ) ઑગસ્ટ ઑફર (બ) ક્રિપ્સ મિશન (ક) વેવેલ યોજના (ડ) કૅબિનેટ મિશન

(5) મુસ્લિમ લીગની સ્થાપના ક્યારે થઈ હતી ?

(અ) 1905 (બ) 1906 (ક) 1907 (ડ) 1908

•

# 10 પ્રગતિનો પંથ અને સુદૃઢ રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયા

**આર્થિક વિકાસનાં મૉડેલ્સ**

કોઈપણ દેશનો આર્થિક કે સર્વાંગી વિકાસ કરવો હોય તો તે માટે આયોજન જરૂરી છે. ભારતમાં બ્રિટિશ શાસન સમયે જ મહદંશે આ દિશામાં કાર્ય થયેલું જણાય છે. શ્રી ઓમ વિશ્વસરૈયાએ ભારતમાં સર્વપ્રથમ આર્થિક આયોજનનો વિચાર તેમના પુસ્તક 'Planned Economy for India' માં કર્યો. એ અરસામાં પંડિત નેહરુના અધ્યક્ષપણા હેઠળ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસે આયોજન સમિતિની રચના કરી (1938). જેમાં પ્રખ્યાત અર્થશાસ્ત્રી પ્રો. કે. ટી. શાહની અધ્યક્ષતા નીચે 29 જેટલી પેટાસમિતિઓ રચાઈ. પરંતુ ભારતની અને વિશ્વની અસ્થિર પરિસ્થિતિ અને રાજકીય ઊથલપાથલના લીધે (1942 થી 1946) આ સમિતિ ધાર્યું કાર્ય ન કરી શકતાં તેનો અહેવાલ થોડોક મોડો (1949) રજૂ થયો.

આ સમય દરમિયાન દેશના આર્થિક વિકાસ માટે 'મુંબઈ યોજના', 'જનતા યોજના', 'ગાંધીવાદી યોજના', 'યુદ્ધોત્તર પુનઃરચના યોજના' વગેરે પણ રજૂ કરવામાં આવી. આઝાદી પહેલાં વચગાળાની સરકારના વડા નેહરુના નેતૃત્વ નીચે શ્રી કે. સી. નિયોગીના અધ્યક્ષપણા હેઠળ એક સલાહકાર આયોજન બોર્ડની રચના કરવામાં આવી (1946). ટૂંકાગાળામાં આ સમિતિએ રજૂ કરેલા અહેવાલમાં કાયમી ધોરણે એક 'આયોજન પંચ'ની રચના માટે ભલામણ કરી હતી. જોકે સ્વતંત્રતા બાદ ઊભા થયેલા પ્રશ્નો અને સમસ્યાઓને લીધે આ દિશામાં કોઈ કાર્ય થઈ શક્યું નહીં, પરંતુ સરકારે આ પ્રશ્ન (જાન્યુઆરી, 1950) હાથ પર લીધો અને બંધારણનાં ધ્યેયો અને આદર્શોને પૂર્ણ કરે તેવા 'આયોજન પંચ'નો પ્રારંભ કરવામાં આવ્યો (15 માર્ચ, 1950). આ સાથે ભારતમાં વ્યવસ્થિત અને આયોજનબદ્ધ આર્થિક વિકાસ માટેની યોજનાઓ રજૂ થઈ.

આયોજન પંચમાં સભ્ય સંખ્યા 6 થી 12ની નક્કી કરવામાં આવી. આ આયોજન પંચ નિષ્ણાત અર્થશાસ્ત્રીઓ, વહીવટી નિષ્ણાતો અને વિવિધ ક્ષેત્રના વિદ્વાનોનું બનેલું હોય છે. તેના અધ્યક્ષ હોદ્દાની રૂએ વડાપ્રધાન હોય છે અને ઉપાધ્યક્ષ આયોજન ખાતાના પ્રધાન રહે તેમ ઠરાવાયું. ઉપાધ્યક્ષ સરકાર અને પંચના સભ્યો વચ્ચે કડીરૂપ કામ કરે છે.

ભારતનું આર્થિક આયોજન લાંબાગાળા તેમજ ટૂંકાગાળા એમ બંને ઉદ્દેશ ધરાવે છે. લાંબાગાળાનો ઉદ્દેશ અર્થતંત્રમાં ધીરે ધીરે મહત્ત્વના ફેરફાર કરવા બાબતના છે. જ્યારે ટૂંકાગાળાના ઉદ્દેશમાં નક્કી થયેલ સમયમર્યાદામાં લક્ષ્યાંકો સિદ્ધ કરી આર્થિક વિકાસ કરવાનો છે.

ભારતમાં આર્થિક આયોજનના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે :

- **ઝડપી આર્થિક વિકાસ :** રાષ્ટ્રના ઉત્થાનમાં ઝડપી અને સતત વધારો કરી પ્રજાના જીવનધોરણમાં સુધારો લાવવો તથા ભૌતિક જીવનની ગુણવત્તા સુધારવી.
- **આર્થિક અસમાનતામાં ઘટાડો :** ગરીબો અને અમીરો વચ્ચેની આવક અને સંપત્તિની અસમાનતા ઘટાડવી.
- **પૂર્ણ રોજગારી પ્રાપ્ત કરવી :** દેશના નાગરિકોની શક્તિનો વધુમાં વધુ ઉપયોગ કરી બેરોજગારી ઘટાડવી અને નવી તકો ઊભી કરી પૂર્ણ રોજગારીનું ધ્યેય હાંસલ કરવું.
- **સ્વાવલંબન :** વસ્તુઓ, યંત્રો, સાધનો અને ટેક્નિકલ જાણકારી જેવી બાબતોમાં સ્વાવલંબન પ્રાપ્ત

કરવું. ખાસ બાબત તરીકે અન્ન ઉત્પાદનમાં પગભર થવું.

- **ભાવસ્થિરતા :** ભાવો સ્થિર રહે અને વિકાસ થાય તેવી જરૂરી નાણાકીય અને રાજકોષીય નીતિઓ અમલી બનાવવી.
- **શૈક્ષણિક ક્ષેત્રે વિકાસ :** શિક્ષણનો વ્યાપ વધારી તેમજ સમાજ-સુધારણા દ્વારા રાષ્ટ્રની કાયાપલટ કરવી.

**પંચવર્ષીય યોજનાઓ :**

ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા દેશના આર્થિક આયોજનના ઇતિહાસમાં સીમાચિહ્નરૂપ પંચવર્ષીય યોજનાઓ શરૂ કરાઈ. મૂળે તો આ યોજનાઓનો સામ્યવાદી રશિયામાં સફળ પ્રયોગ થઈ ચૂક્યો હતો. આથી સામ્યવાદી રશિયાના ધોરણે ભારતનો પણ ઝડપથી આર્થિક વિકાસ થાય તે માટે પંચવર્ષીય યોજનાઓ શરૂ કરવામાં આવી.

પ્રથમ પંચવર્ષીય યોજના (1951-1956) સમયગાળા દરમિયાનના સમયગાળા માટે હતી. બીજું વિશ્વયુદ્ધ, દેશના ભાગલા, કોમી હુલ્લડોના લીધે દેશમાં અર્થતંત્ર ડામાડોળ સ્થિતિમાં હતું. આ સંજોગોમાં પ્રથમ યોજના માટે બે ધ્યેયો નક્કી કરવામાં આવ્યા.

- અનાજની બાબતે ઉત્પાદન વધારી આત્મનિર્ભર થવું.
- રાષ્ટ્રીય આવકમાં વધારો કરવો અને લોકોનું જીવનધોરણ સુધારવું.

આ યોજનાના ઘડતર માટે 'હેરોડ ડોમર મૉડેલ'નો ઉપયોગ કરાયો. આ યોજનાના અંતે આપણે ખેતી, સિંચાઈ, વીજળી અને વાહનવ્યવહાર ક્ષેત્રે સારી પ્રગતિ કરી શક્યા. આપણી રાષ્ટ્રીય આવકમાં 18%નો વધારો થયો.

બીજી પંચવર્ષીય યોજના (1956-1961) સમયગાળા દરમિયાન હતી. આઝાદીનાં આઠ વર્ષોમાં ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો થઈ શક્યો ન હતો. ભારતીય સંસદે આર્થિક નીતિના ધ્યેયમાં 'સમાજવાદી સમાજરચના'નો આદર્શ જાહેર કર્યો. એ મુજબ આર્થિક વિકાસના કાર્યક્રમો એવી રીતે અમલમાં મૂકવાના હતા કે જેથી જે લોકો ગરીબ છે અથવા સમાજના છેવાડે રહી ગયેલા છે તેમની પણ પ્રગતિ થાય.

બીજી યોજના થકી ભારતમાં ભાવિ ઔદ્યોગિક વિકાસનો પાયો નંખાયો. પરંતુ સામા પક્ષે ભાવવધારો અને ફુગાવાનું વિષચક્ર શરૂ થયું. યોજનાના અંતે લોખંડ-પોલાદ, સિમેન્ટ, રસાયણો, ભારે યંત્રસામગ્રી, વીજળીને લગતો સામાન વગેરેના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કરી શકાયો.

ત્રીજી યોજના (1961-1966) સમયગાળા દરમિયાન હતી. આ યોજનાનું મુખ્ય લક્ષ્યાંક આત્મનિર્ભર અને સ્વયંસ્પષ્ટ, (Take off stage) અર્થવ્યવસ્થાની સ્થાપનાનું હતું. આ યોજનાની અસફળતાનું મુખ્ય કારણ ચીન સાથે યુદ્ધ (1962) તથા પાકિસ્તાન સાથે યુદ્ધ (1965) તથા દેશમાં પડેલા ભીષણ દુષ્કાળો ગણાવી શકાય. આ પરિસ્થિતિને લઈ કિંમતોમાં થયેલ વધારો અને યોજનાના ઉદ્દેશો માટે સંસાધનોમાં ઊભય હોવાથી ચોથી યોજનાને અંતિમ સ્વરૂપ આપી શકાયું નહિ. આ સ્થિતિના કારણે ચોથી યોજનાને બદલે (1966 થી 1969 સુધી) ત્રણ વાર્ષિક યોજનાઓ બનાવાઈ. તેથી આ સમયગાળાને 'યોજના અવકાશ' ('Plan Holiday') કહેવાયો.

ચોથી પંચવર્ષીય યોજના (1969-1974) સમયગાળા દરમિયાન હતી. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ સ્થિરતા સાથે આર્થિક વિકાસ અને આત્મનિર્ભરતા પ્રાપ્તિનો હતો. આ યોજના દરમિયાન 14 બૅંકોનું રાષ્ટ્રીયકરણ (1969) કરવામાં આવ્યું.

પાંચમી પંચવર્ષીય યોજના (1974-1978) સમયગાળા માટે હતી. આ યોજનાના પ્રથમ વર્ષને બાદ કરતાં ચાર વર્ષો સાનુકૂળ નીવડતાં પાંચમી યોજનાની કામગીરી સંતોષકારક રહી. પાંચમી યોજના એક વર્ષ વહેલી સમાપ્ત કરાતાં છઠ્ઠી યોજના અમલમાં મુકાઈ (1978) જેનું નામ વાર્ષિક યોજનાઓ (Rolling plan) રાખવામાં આવ્યું. પરંતુ જાન્યુઆરી 1980માં કેન્દ્રમાં સત્તાપરિવર્તન થતાં છઠ્ઠી પંચવર્ષીય યોજના (1980-1985) દરમિયાનની રહી હતી. આ યોજનાનો મુખ્ય ભાર ગરીબી નાબૂદી, રોજગારસર્જન, લોકોની ન્યૂનતમ જરૂરિયાતો પૂર્ણ કરવી, ઉત્પાદનમાં ક્ષમતા વધારવી વગેરે હતો. છઠ્ઠી યોજના પ્રમાણમાં સફળ રહી.

સાતમી પંચવર્ષીય યોજના (1985-1990) સમયગાળા દરમિયાનની હતી. આ યોજનામાં ઉત્પાદનક્ષમતા વધારવી, રોજગારીનું સર્જન કરવું, ગરીબીનું પ્રમાણ ઘટાડવું, પર્યાવરણનું સંરક્ષણ કરવું અને શક્ય તેટલાં ક્ષેત્રમાં સ્વનિર્ભરતા પ્રાપ્ત કરવી તે ધ્યેય રાખવામાં આવ્યાં. આ યોજના દરમિયાન વિકાસદરનો લક્ષ્યાંક સિદ્ધ કરી શકાયો પરંતુ આ માટે જરૂરી આંતરિક નાણાકીય સાધનો અને વિદેશી મુદ્રા મેળવવાનું કામ મુશ્કેલ બન્યું.

રાજકીય અસ્થિરતાના કારણે આઠમી પંચવર્ષીય યોજના બે વર્ષ મોડી શરૂ થઈ. તેનો સમયગાળો (1992-1997) દરમિયાનનો હતો. આ યોજનામાં પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રીકરણ કરવું, 15-35ની વયજૂથના લોકો એટલે કે યુવાનોમાંથી નિરક્ષરતા નાબૂદ કરવી, પીવાના પાણી તેમજ ખેતીનો વિકાસ મુખ્ય હતો. આ યોજનાનો એ સમયે સ્વીકાર કરવામાં આવ્યો જ્યારે દેશ ભારે સંકટનો સમાનો કરી રહ્યો હતો જેમાં બજેટમાં ખોટ, ચુકવણીના સમતોલનનું સંકટ, વધતું દેવું અને ફુગાવો મુખ્ય ગણી શકાય. જેથી ગરીબી, બેકારી અને આર્થિક અસમાનતા જેવા પ્રશ્નો ચાલુ રહ્યા.

નવમી પંચવર્ષીય યોજના (1997-2002) સમયગાળા દરમિયાનની હતી. આ યોજનામાં અગાઉની યોજનાના ઉદ્દેશો યથાવત્ રાખી દેશને મંદીના સંકટમાંથી બહાર લાવવો, રોજગારીનું સર્જન, ગરીબીનિવારણ માટે ખેતી અને ગ્રામવિકાસને અગ્રિમતા જેવા ઉદ્દેશો પણ રખાયા. આ યોજનામાં ગરીબોના કલ્યાણ પર ભાર મુકાયો. પરંતુ આ યોજનાના અંતે ફુગાવા પર અંકુશ મેળવી શકાયો નહિ. સાક્ષરતાનું પ્રમાણ 65.38 % સુધી જ વધી શક્યું. વસ્તીવૃદ્ધિદર અટકી શક્યો નહિ અને ઔદ્યોગિક વિકાસદર પણ ધીમો રહ્યો. આમ આ યોજના તેના લક્ષ્યાંકો પૂરેપૂરી પૂર્ણ કરી શકી નહિ.

દસમી પંચવર્ષીય યોજના (2002-2007) સમયગાળા દરમિયાન હતી. આ યોજના આવક-જાવકના મૉડેલ પર આધારિત હતી. આ યોજનામાં સૌપ્રથમ વખતે 'રાજ્ય દીઠ વિકાસદર' નક્કી કરવામાં આવ્યો. આ યોજનામાં આર્થિક લક્ષ્યાંકો સાથે સામાજિક લક્ષ્યાંકો પર પણ નજર રાખવાની વ્યવસ્થા હતી. ગરીબીની ટકાવારી 28 %થી ઘટાડી 21 % સુધી લાવવી. દરેક ગામમાં પીવાનું પાણી પૂરું પાડવું, ખાતર પરની સબસિડીમાં ઘટાડો કરવો, પેટ્રોલિયમ પરની સબસિડી નાબૂદ કરવી, ખાનગી રોકાણથી વિમાનીમથકો બાંધી ઉડ્ડયનક્ષેત્રનો વિકાસ કરવો, બાળમરણનો આંક ઘટાડવો, વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવું, ખાદ્ય કરતાં જાહેર ક્ષેત્રનાં એકમોનું ખાનગીકરણ કરવું જેવા લક્ષ્યાંકો રાખવામાં આવ્યા. આ યોજનામાં 8 % વિકાસદરની પ્રાપ્તિ માટે 6 સૂત્રી કાર્યક્રમની ઘોષણા કરવામાં આવી.

અગિયારમી પંચવર્ષીય યોજના (2007-2012) સમયગાળા દરમિયાન હતી. આ યોજનામાં ઘરઆંગણાના વિકાસની વૃદ્ધિ 7.8 % રહી અને ખેતીમાં વિકાસદર 3.3 % રહ્યો.

બારમી પંચવર્ષીય યોજના (2012-2017) સુધીની છે. જેમાં 8 % ના વાર્ષિક વૃદ્ધિદરનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

**જુદી-જુદી પંચવર્ષીય યોજનામાં રોકાણ, વૃદ્ધિદર અને પ્રાથમિકતા ક્ષેત્ર**

| યોજના અને સમયગાળો | પ્રાસ્તાવિક રોકાણ | વાસ્તવિક રોકાણ | વિકાસદર લક્ષ્યાંક | પ્રાપ્ત વિકાસદર | પ્રાથમિકતા ક્ષેત્ર |
|---|---|---|---|---|---|
| પ્રથમ યોજના 1951-56 | 2,070 | 1,960 | 2.1 % | 3.6 % | ખેતી, સિંચાઈ, વીજળી |
| બીજી યોજના 1956-61 | 4,800 | 4,672 | 4.5 % | 4.2 % | ભારે ઉદ્યોગ, ચિકિત્સા અને આરોગ્ય |
| ત્રીજી યોજના 1961-66 | 7,500 | 8,577 | 5.6 % | 2.8 % | ખાવાલાયક પાક, ઉદ્યોગ |
| ચોથી યોજના 1969-74 | 15,900 | 15,799 | 5.7 % | 3.4 % | ખેતી, સિંચાઈ |
| પાંચમી યોજના 1974-79 | 37,250 | 39,426 | 4.4 % | 4.9 % | જનઆરોગ્ય, સમાજકલ્યાણ |
| છઠ્ઠી યોજના 1980-85 | 95,500 | 1,03,292 | 5.2 % | 5.4 % | ખેતી, ઉદ્યોગ, ઊર્જા |
| સાતમી યોજના 1985-90 | 1,80,000 | 2,18,730 | 5.0 % | 5.6 % | ઊર્જા, ખાવાલાયક પાક |
| આઠમી યોજના 1992-97 | 4,34,000 | 4,95,670 | 5.6 % | 6.7 % | માનવ-સંસાધન શિક્ષણ-આરોગ્ય અને રોજગાર વિકાસ |
| નવમી યોજના 1997-2002 | 8,59,200 | 9,41,041 | 6.5 % | 5.7 % | સામાજિક ન્યાય, ગ્રામ-વિકાસ રોજગાર |
| દસમી યોજના 2002-2007 | 15,92,300 | 16,53,065 | 7.9 | 7.6 | સુધાર અને સામાજિક સંરચનાનો વિકાસ |
| અગિયારમી યોજના 2007-2012 | 36,44,718 | 37,50,978 | 9.0 | 8.0 | વિકાસ સર્વહિતકારી બનાવવો અને ઝડપી વિકાસની સાથે વૃદ્ધિની બેવડી રણનીતિ |

## વૃદ્ધિદર અને પ્રાથમિકતા ક્ષેત્ર

### ઔદ્યોગિકીકરણ

સ્વતંત્રતા પૂર્વેની બ્રિટિશ સરકારને ભારતના ઉદ્યોગોના વિકાસમાં બહુ રસ ન હતો. આ સરકારનો એકમાત્ર ઉદ્દેશ ભારતનું આર્થિક શોષણ કરવાનો હતો. સ્વતંત્રતાપ્રાપ્તિ બાદ પંચવર્ષીય યોજનાઓના અમલ થકી આયોજનબદ્ધ રીતે આ દિશામાં વિકાસના પ્રયાસો થયા. ભારે અને પાયાના ઉદ્યોગોની સ્થાપના કરવામાં આવી. જેથી ભાવિ ઔદ્યોગિક વિકાસનો પાયો નાંખી શકાયો. સુતરાઉ કાપડ, ખાંડ, વનસ્પતિ જેવા વપરાશી માલ પેદા કરતા ઉદ્યોગોની સાથે સાથે યંત્રઉદ્યોગોના ઉત્પાદનનો ઉદ્યોગ પણ વિકસી શક્યો છે. લોખંડ-પોલાદનો ઉદ્યોગ, ભારે રસાયણ-ઉદ્યોગ, કોલસા-ઉદ્યોગ, વગેરેનો આયોજનકાળ દરમિયાન સારો એવો વિકાસ થયો છે.

ઔદ્યોગિક ઉત્પાદનમાં આપણે મહદંશે સ્વાવલંબી બની શક્યા છીએ. એટલું જ નહીં નિકાસ કરતા પણ થયા છીએ. આઝાદી બાદ સરેરાશ વિકાસદર 6 % થી 7 % રહ્યો છે. દેશમાં ઉદ્યોગો માટે અનુરૂપ વાતાવરણ તૈયાર થયું છે. કામદારોમાં શિક્ષણ થકી નવું કૌશલ્ય આવ્યું છે. સંચાલકોનો એક નવો વર્ગ ઊભો થયો છે. આમ, આઝાદી પછી આયોજનકાળ થકી આપણે ઝડપી ઔદ્યોગિકીકરણની દિશામાં મહત્ત્વનાં પગલાં ભરી શક્યા છીએ.

## હરિયાળી ક્રાંતિ

હરિયાળી ક્રાંતિ વીસમી સદીની એક ખાસ ઊપજ, મહાન ઘટના અને સિદ્ધિ ગણાય છે. તેની શરૂઆત મૅક્સિકોમાં (1940ની આસપાસ) થઈ. ત્યારબાદ વિશ્વના અન્ય દેશોમાં તેનો પ્રસાર થયો.

હરિયાળી ક્રાંતિ એટલે ''હેક્ટર દીઠ વધારે ઉત્પાદન આપી શકે તેવાં બીજને પૂરતા પ્રમાણમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ તથા યોગ્ય પાણી પૂરું પાડીને થતી ઉત્પાદનવૃદ્ધિ''. ભારતમાં ખેતીક્ષેત્રે આધુનિકીકરણ આવવાથી અનાજના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થઈ શક્યો છે. ખેતીક્ષેત્રે દેશમાં વિવિધ ક્રાંતિઓની હારમાળા સર્જાઈ છે. જેમ કે કૃષિવિકાસ માટે હરિયાળી ક્રાંતિ, દૂધ-ઉત્પાદન વધારવા માટે શ્વેતક્રાંતિ, રાસાયણિક ખાતરનું ઉત્પાદન વધારવા માટે ભૂરી ક્રાંતિ, તેલીબિયાંનું ઉત્પાદન વધારવા પીળી ક્રાંતિ, માંસ/ટામેટાંના ઉત્પાદનમાં વધારો કરવા માટે લાલ ક્રાંતિ, બટાટાનું ઉત્પાદન વધારવા માટે ગોળ ક્રાંતિ. નવી ટેક્નોલૉજીના વધુ ને વધુ ઉપયોગ માટે દેશના ખેડૂતો જાગૃત અને ઉત્સાહી બનતા જાય છે. ખેતી-ક્ષેત્રે ઘઉંના વધુ ઉત્પાદન થકી આપણે સ્વાવલંબી બની શક્યા છીએ. ચાના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં પ્રથમ છે. 1998થી ભારત વિશ્વનો સહુથી મોટો દૂધ ઉત્પાદક દેશ બની ગયો છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભૌતિક સુવિધાઓનું પ્રમાણ આર્થિક સદ્ધરતાને લીધે વધતું જણાયું છે.

જો સમાજના અમુક લોકો પોતાના જીવનની પાયાની જરૂરિયાતો પણ પૂરી કરી શકતા ન હોય અને જીવન જીવતા હોય તેને ગરીબ ગણવામાં આવે છે. સ્વતંત્રતા પહેલાં ભારતમાં દાદાભાઈ નવરોજીએ જીવનનિર્વાહની પડતરના આધાર પર સર્વપ્રથમ ગરીબીરેખાનો ખ્યાલ રજૂ કર્યો હતો.

સ્વતંત્રતા બાદ આર્થિક અસમાનતા દૂર કરવા ગરીબી નિવારણનો કાર્યક્રમ અમલી બનાવાયો. પંચવર્ષીય યોજનાઓ થકી રાષ્ટ્રીય આવક અને માથા દીઠ આવકમાં વધારો થયો પરંતુ ગરીબોની સંખ્યામાં ઘટાડો થઈ શક્યો નહીં. ધનિકો વધુ ને વધુ ધનવાન બનતા ગયા. સાક્ષરતાનું પ્રમાણ ચોક્કસ વધ્યું છે પરંતુ નિરક્ષરતાનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટ્યું નથી. નિરક્ષરો મોટેભાગે ગરીબ જ રહે છે. પરિવાર નિયોજન કાર્યક્રમને ગરીબવર્ગમાં અસરકારક રીતે લાગુ કરી શકાયો નથી. આથી, વસ્તીવધારાને લીધે પણ ગરીબાઈનું પ્રમાણ વિશેષ જોવા મળે છે.

ગરીબાઈની સમસ્યાનો હલ કપરો છે પરંતુ અશક્ય નથી. શિક્ષણનો પ્રચાર-પ્રસાર ઉત્પાદનમાં અનાજ અને કૃષિક્ષેત્રને પ્રાધાન્ય આપવું જ રહ્યું. વાજબી ભાવે ગરીબોને આવશ્યક ચીજવસ્તુ મળી રહે અને પોષણક્ષમ આહાર થકી દેશના વિકાસમાં યોગદાન આપી શકે તે જોવું રહ્યું. આર્થિક અસમાનતામાં ઘટાડો પણ મુખ્ય બાબત બની રહે. પરંતુ આ બધી બાબતોનો આધાર દૃઢ રાજકીય નિર્ધાર અને પ્રજાના સહકાર પર રહેલો છે.

## સ્વતંત્ર ભારતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ

બ્રિટિશ અમલ દરમિયાન ભારતમાં શિક્ષણક્ષેત્રે કોઈ નોંધપાત્ર વિકાસ થઈ શક્યો નહીં પરંતુ આધુનિક શિક્ષણની શરૂઆત ચોક્કસ થઈ શકી. લૉર્ડ વિલિયમ બૅન્ટિકના શાસન સમયથી ભારતમાં આધુનિક શિક્ષણની શરૂઆત થયાનું ગણાવી શકાય. સ્વતંત્રતા સમયે પ્રાથમિક શાળાઓમાં ધોરણ 1 થી 5માં 6 થી 11ની વયજૂથનાં કુલ બાળકો પૈકી 35 % જેટલાં જ બાળકોને શાળાએ લાવી શકાયાં હતાં. વળી, 6 થી 11ની વયનાં બાળકો માટે પ્રાથમિક કેળવણી ફરજિયાત બનાવવામાં આવી અને દરેક પંચવર્ષીય યોજનામાં પ્રાથમિક શિક્ષણને વધુ ને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું. પંચાયતી રાજ થકી દેશમાં પ્રાથમિક શિક્ષણનો પ્રસાર ઝડપી બની શક્યો.

ભારત સરકારે પ્રાથમિક શિક્ષણમાં બુનિયાદી શિક્ષણનો સિદ્ધાંત સ્વીકાર્યો. શ્રી બી. જી. ખેરના અધ્યક્ષપણા નીચે એક સમિતિ નિમાઈ (1948) જેણે ત્રણ પંચવર્ષીય યોજનાના ગાળા દરમિયાન દેશમાં સંપૂર્ણપણે બુનિયાદી શિક્ષણ દાખલ કરવાનું નક્કી કર્યું. ત્રણ યોજનાઓ દરમિયાન અનેક જુનિયર બુનિયાદી અને સિનિયર બુનિયાદી શાળાઓ શરૂ થઈ. ત્રીજી યોજનાને અંતે પ્રાથમિક તાલીમ સંસ્થાઓનું સંપૂર્ણ બુનિયાદીકરણ થઈ શક્યું છે તે અભૂતપૂર્વ સિદ્ધિ ગણી શકાય. સામાન્ય પ્રકારની પ્રાથમિક શાળા કરતાં બુનિયાદી શાળા વધારે ખર્ચાળ હોય તે હકીકત પણ તેની મંદ પ્રગતિનું એક કારણ છે. સ્વતંત્રતાપ્રાપ્તિ બાદ દેશમાં પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ વધુ હોવા છતાં તેની કેટલીક સમસ્યાઓ છે જેવી કે ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં પૂરતી સંખ્યા હાજર ન રહેવી. અધવચ્ચેથી અભ્યાસ છોડી દેવો. કેટલીક શાળાઓમાં તો આજે પણ ભૌતિક સુવિધાઓનો અભાવ જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારોમાં સરકાર તેમજ ગ્રામપંચાયતો આ ક્ષેત્રે સજાગતા કેળવી સમસ્યાનું નિવારણ લાવી શકે.

### સ્વતંત્ર ભારતમાં ઉચ્ચ શિક્ષણનો વિકાસ

બ્રિટિશકાળ દરમિયાન શાળાશિક્ષણ કરતાં ઉચ્ચ શિક્ષણના વિસ્તરણ અને વિકાસને વધુ પ્રોત્સાહન અને સહાય મળ્યાં. જેથી ભારતમાં કેળવણીક્ષેત્રે પાયા કરતાં ઉચ્ચ શિક્ષણક્ષેત્રે વધુ પ્રચાર થઈ શક્યો.

સ્વતંત્રતાપ્રાપ્તિ સમયે 'મધ્યસ્થ શિક્ષણ સલાહકાર બૉર્ડે' ઠરાવ કરી દેશમાં માધ્યમિક શાળાના શિક્ષણ બાબતે એક પંચ નીમવા ભલામણ કરી હતી (1948) તે અનુસાર સરકારે મદ્રાસ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. એ. લંકાસ્વામી મુદલિયારના અધ્યક્ષપણા હેઠળ માધ્યમિક શિક્ષણ પંચ નીમ્યું. તેનો અહેવાલ મળતાં સરકારે આ પંચ પર સક્રિય પગલાં ભર્યાં. જેથી આ પંચની મોટાભાગની ભલામણો સ્વીકારાઈ. આ પંચે 183 ભલામણો કરી હતી.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્‌ના અધ્યક્ષપણા હેઠળ ભારત સરકારે એક યુનિવર્સિટી શિક્ષણપંચ નીમ્યું (1948) જેણે એક વર્ષમાં પોતાનો અહેવાલ રજૂ કર્યો.

સરકારે આ પંચની મોટાભાગની ભલામણોનો સ્વીકાર કરતાં-

- યુનિવર્સિટીઓના મોટાભાગના અભ્યાસક્રમો એકસરખા રાખવામાં આવ્યા.
- શિક્ષણનું માધ્યમ બહુધા માતૃભાષા રખાયું.
- દેશમાં ખેતીવાડી, ઇજનેરી, તબીબી, કાનૂની વ્યવસાયલક્ષી ડિપ્લોમા અભ્યાસક્રમ આપતી કૉલેજો તથા સંસ્થાઓમાં વધારો કરવો.
- યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સ્થાપવું.
- કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યાની મર્યાદા નક્કી કરાઈ.
- અભ્યાસક્રમ તેમજ પરીક્ષાપદ્ધતિમાં સુધારા
- અધ્યાપકોના પગારમાં વધારો

ભારતીય કેળવણીના ઇતિહાસમાં ક્રાંતિકારી પરિવર્તન અને અનન્ય કહી શકાય તેવો કોઠારીપંચનો અહેવાલ (1966) પ્રગટ થયો. તેની મોટાભાગની ભલામણોનો સ્વીકાર થયો અને ભારત સરકારે રાષ્ટ્રીય શિક્ષણનીતિ ઘડી કાઢી (1968). આ નવી નીતિ મુજબ શૈક્ષણિક ધોરણોની જાળવણી ઉપરાંત પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ અને પ્રૌઢ શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો જેમાં દૂરવર્તી શિક્ષણ (Distance Education) ને પણ સ્થાન અપાયું.

### યુનિવર્સિટીઓની સ્થાપના

સ્વતંત્રતા બાદ ભારતમાં યુનિવર્સિટીઓની સ્થાપનામાં ઉત્તરોત્તર વધારો થતો ગયો છે. શિક્ષણને રાજ્યયાદીમાં સ્થાન અપાયું હોવા છતાં બનારસ, દિલ્હી, અલીગઢ, વિશ્વભારતી અને જવાહર લખનૌ

યુનિવર્સિટી કેન્દ્રીય યુનિવર્સિટીઓ છે. તદુપરાંત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સહાયથી કેટલીક વિશિષ્ટ સંસ્થાઓ પણ ચાલે છે.

- ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (બૅંગ્લોર)
- ઇન્ડિયન એગ્રિકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (દિલ્હી)
- ઇન્ડિયન સ્કૂલ ઑફ ઇન્ટરનેશનલ સ્ટડિઝ (દિલ્હી)
- તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સ (મુંબઈ)
- બિરલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી ઍન્ડ સાયન્સ (પિલાની)
- ઇન્ડિયન સ્કૂલ ઑફ સાયન્સ (ધનબાદ)

યુ. જી. સી. ધારા મુજબ ભારતમાં સ્વાયત્ત દરજ્જો ધરાવતી ગૂજરાત વિદ્યાપીઠ, કાશી વિદ્યાપીઠ, જામિયા-મિલિયા ઓસ્માનિયા, અલીગઢ, ગુરુકુલ કાંગડી જેવી સંસ્થાઓ પણ કાર્યરત થઈ છે. ઉચ્ચ શિક્ષણક્ષેત્રે આટલો નોંધપાત્ર વિકાસ આપણે કરી શક્યા છીએ.

### ટેક્નિકલ અને આઈ.આઈ.ટી.


કોઠારીપંચે શિક્ષણની સંસ્થાઓમાં ગુણવત્તાનો વિકાસ થાય અને ભારતીય યુનિવર્સિટીઓમાં વિદ્યાકીય તાલીમ અને સંશોધનનાં ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય ધોરણની સમકક્ષનું ધોરણ સ્થપાય એ માટે ભલામણો કરી હતી. એ મુજબ એક આઇ.આઇ.ટી. અને કૃષિવિષયક યુનિવર્સિટીનો સમાવેશ થાય. પરિણામે ધીરે ધીરે દેશમાં ટેક્નિકલ સંસ્થાઓમાં વધારો થતો રહ્યો છે. દેશમાં એન્જિનિયરિંગક્ષેત્રે સર્વપ્રથમ થોમ્પસન કૉલેજ (1845) હતી. આ કૉલેજ સ્વતંત્રતાપ્રાપ્તિ બાદ 'રૂરકી એન્જિનિયરિંગ યુનિવર્સિટી' બની હતી. (1948)

આજે ટેક્નોલૉજીના ક્ષેત્રે 20 સંશોધન સંસ્થાઓ કાર્યરત છે. જેવી કે કેન્દ્રીય કાચ અને માટીકામ શોધસંસ્થા (જાદવપુર), કેન્દ્રીય ઊર્જા સંશોધન સંસ્થા(બિહાર)ને ગણાવી શકાય. આ ઉપરાંત માનવ તબીબી, કાયદો, કૃષિ, સંગીત, સ્થાપત્ય, ડેરીઉદ્યોગ, પત્રકારત્વ, પ્રાણી તબીબી જેવી વ્યવસાયી શિક્ષણ આપતી સંસ્થાઓમાં પણ વધારો થયો છે.

પૂર્વ પ્રાથમિક તેમજ પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો માટે ટ્રેનિંગ કૉલેજો અને તેનું સ્તર સુધર્યું છે. ભારત સરકારે NCERT (નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ સંસ્થા) સ્થાપી. આ સંસ્થાના નેજા હેઠળ દરેક રાજ્યમાં રાજ્યવાર સ્ટેટ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ સંસ્થાઓ સ્થાપવામાં આવી છે.

### અણુ સંશોધન, અવકાશ સંશોધન અને અન્ય વૈજ્ઞાનિક તેમજ ટેક્નોલૉજિકલ વિકાસ

ભારતીય સંસદે વૈજ્ઞાનિક નીતિનો ઠરાવ પસાર કર્યો (1958) જેના થકી વૈજ્ઞાનિક સંશોધન તાલીમ અને વિકાસનાં નવાં દ્વાર ખૂલ્યાં.


ભાભા ઍટોમિક રિસર્ચ સેન્ટર

પદાર્થનો નાનામાં નાનો એકમ તે અણુ. આ અણુ સૂક્ષ્માતિસૂક્ષ્મ કણો ધરાવે છે, જેને પરમાણુ કહે છે. અણુ-શક્તિપંચની સ્થાપના (1948) થતાં ડૉ. હોમીભાભા આ સંસ્થાના અધ્યક્ષ બન્યા. દેશમાં પ્રથમ 'અપ્સરા' નામે અણુભઠ્ઠી તૈયાર થઈ (1956) અને ટ્રૉમ્બે (મુંબઈ નજીક) ઍટોમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટ (AEE) નામે સંસ્થાની સ્થાપના થઈ (1957). ડૉ. હોમીભાભાનું અવસાન થતાં તેમની સ્મૃતિને કાયમ રાખવા સરકારે ઍટોમિક એનર્જી એસ્ટાબ્લિશમેન્ટને ભાભા ઍટોમિક રિસર્ચ સેન્ટર (BARC)

એવું નામ આપ્યું. ડૉ. વિક્રમ સારાભાઈ તેમના અનુગામી બન્યા. તેમની સિદ્ધિઓ બદલ તેમને ડૉ. શાંતિસ્વરૂપ ભટનાગર મેમોરિયલ અવૉર્ડ પ્રાપ્ત થયો. અણુશક્તિ મેળવવા હેવી વૉટરની જરૂરિયાત ઊભી થતાં નાંગલ ખાતે હેવી વૉટર પ્લાન્ટ નંખાયો (1962). ચેન્નાઈ નજીક કલપક્કમ ખાતે 'ઇન્દિરા ગાંધી સેન્ટર ફૉર ઍટોમિક રિસર્ચ' સ્થાપવામાં આવ્યું (1971), બૅંગલોર પાસે ગૌરીબુદ્દાનપુર ખાતે સેસ્મિક મથક સ્થાપ્યું (1965). આ મથકની ઉપયોગિતા અણુધડાકા કયા સ્થળે કરવા તે માટે થાય છે. ભારતે રાજસ્થાનના પોખરણ ખાતે પ્રથમ અણુધડાકો કર્યો (1974). તે આ સંસ્થાની મદદથી સ્થળ પસંદ કરાયું હતું. આ સાથે ભારત અણુપરીક્ષણ માટે વિશ્વનું છઠ્ઠા ક્રમનું રાષ્ટ્ર બન્યું. ભારતનાં કુલ સાત અણુમથકોના આયોજન, સંચાલન અને વ્યવસ્થા માટે 'ન્યૂક્લિયર પાવર કૉર્પોરેશન ઑફ ઇન્ડિયા'ની સ્થાપના કરવામાં આવી (1987).


પોખરણ અણુધડાકો

ભારતમાં 'ઇન્ડિયન નેશનલ કમિટી ફૉર સ્પેસ રિસર્ચ'ની રચના ડિપાર્ટમેન્ટ ઑફ ઍટમિક એનર્જી દ્વારા થઈ (1962). ત્યારબાદ નાનાં રૉકેટ છોડવાનું શરૂ કરાયું. થુમ્બા ખાતે 'ઈક્વેટોરિયલ રૉકેટ લૉન્ચિંગ સ્ટેશન' સ્થપાયું (1963). વળી, થુમ્બા ખાતે બીજા 'સ્પેસ સાયન્સ ઍન્ડ ટેક્નોલૉજી સેન્ટર' ની સ્થાપના થઈ ત્યારબાદ અમદાવાદમાં જોધપુર ટેકરા ખાતે 'સ્પેસ એપ્લિકેશન સેન્ટર' ની સ્થાપના થઈ (1969). સરકારમાં 'ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસ' અને 'સ્પેસ કમિશન'ની સ્થાપના થઈ. પ્રજાસત્તાક ભારતમાં બૅંગ્લોર ખાતે 'ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઇઝેશન' ની સ્થાપના થઈ. આ જ ઇસરો સંસ્થા દ્વારા 'આર્યભટ્ટ' નામે કૃત્રિમ ઉપગ્રહ અવકાશમાં તરતો મૂકવામાં આવ્યો જે થકી ભારતનો અવકાશયુગમાં પ્રવેશ થયો. ભાસ્કર-1 (1979) અને ભાસ્કર-2 (1981) અવકાશમાં છોડાયા. શ્રી હરિકોટા અવકાશી મથકેથી રોહિણી (RS-1) કૃત્રિમ ઉપગ્રહને સફળતાપૂર્વક અવકાશમાં તરતો મુકાયો (1980). તે માટે SLV-3 નામે અવકાશયાનનો ઉપયોગ થયો જે થકી ભારત અવકાશ ક્લબનું વિશ્વમાં છઠ્ઠું સભ્ય બન્યું.

## સંદેશા-વ્યવહાર અને ઈન્ફર્મેશન ટેક્નોલૉજી

ઈન્સેટ-1-બી અવકાશમાં છોડાતાં (1983) ભારતમાં દૂરસંચાર, દૂરદર્શન, આકાશવાણી અને હવામાન વિભાગમાં ક્રાંતિનાં મંડાણ થયાં. ઈન્સેટ-1-બીનું આયુષ્ય માત્ર સાત વર્ષનું જ હતું. આથી ઈન્સેટ-1-ડીને તરતો મુકાયો (1990).

IRS-1A (ઇન્ડિયન રિમોટ સેન્સિંગ સૅટેલાઇટ) સોવિયેટ રશિયાના બૈકાનુર મથકેથી વ્યાપારી ધોરણે છોડાયો. ત્યારબાદ IRS-1 બી તરતો મુકાયો (1991). અવકાશવિજ્ઞાનક્ષેત્રે કૃત્રિમ ઉપગ્રહ છોડવા માટે એ.એસ.એલ.વી. (ઓગમેન્ટેડ સૅટેલાઇટ લૉન્ચ વ્હિકલ) ભારતીય વૈજ્ઞાનિકોએ તૈયાર કરી લીધું હતું (1980) આથી કૃત્રિમ ઉપગ્રહ થકી દૂરદર્શન અને સંદેશા-વ્યવહારથી દેશને આજે આવરી લેવાયો છે.

ભારતમાં રેડિયોની શરૂઆત કોલકાતા અને ચેન્નાઈથી ખાનગી ટ્રાન્સમિટર દ્વારા થઈ. સરકારે રેડિયો પ્રસારણ પોતાના હસ્તક લઈ લીધું (1930) અને તેને ઑલ ઇન્ડિયા રેડિયો એવું નામ આપ્યું (1936). આકાશવાણી કેન્દ્રો તરીકે જાણીતાં સ્થાનોની સંખ્યા (1985) 71 હતી તે વધીને (1994) 160ની થઈ.

ભારતમાં દૂરદર્શનનો પ્રથમ પ્રયોગ 1965માં થયો. મુંબઈથી (1972) અને કોલકાતા, ચેન્નાઈ, શ્રીનગર, અમૃતસર, જલંધર અને લખનૌ કેન્દ્રો દ્વારા દૂરદર્શનની સેવાઓનું પ્રસારણ શરૂ કરવામાં આવ્યું. (1975) ભારતમાં આકાશવાણી અને દૂરદર્શનને અલગ કરવામાં આવ્યાં. (1976) દૂરદર્શન પર રાષ્ટ્રીય કાર્યક્રમો(1987)થી બપોરનું પ્રસારણ (1989)થી શરૂ કરવામાં આવ્યું અને પ્રાયોજિત શ્રેણીનો પ્રારંભ (1984) થયો.

સ્વતંત્રતા બાદ સંદેશા-વ્યવહારક્ષેત્રે સારી પ્રગતિ સધાઈ છે. આઝાદી સમયે 23,326 જેટલી પોસ્ટઑફિસો હતી. જે બે લાખ કરતાં વધુની છે. ટપાલની સુવિધા ઝડપી બની છે. જોકે તારસેવા બંધ થઈ ચૂકી છે. સેલફોનના યુગમાં એસ.એમ.એસ. અને સોશિયલ મીડિયા સંદેશા-વ્યવહારનાં નવાં માધ્યમો બન્યાં છે. ઈ-મેલનું ચલણ વ્યાપક બનતું જાય છે. સરકારી ટેલિકોમ્યુનિકેશન સંસ્થાઓની સાથે સાથે ખાનગી સંસ્થાઓનું પ્રમાણ પણ વધી રહ્યું છે. મોબાઈલ અને ઇન્ટરનેટ દ્વારા એસ.ટી.ડી. ફોનસેવાનો લાભ સામાન્ય લોકો લેતા થયા છે. ઉપગ્રહની મદદથી મનીઑર્ડર મોકલવાની શરૂઆત થઈ (1994) પરંતુ આજે ઑનલાઇન બૅન્કિંગ અને મોબાઈલ બૅન્કિંગ સિસ્ટમથી મનીઑર્ડરસેવા પણ લુપ્તપ્રાયઃ બની રહી છે.

ઇન્ફૉર્મેશન ટેક્નોલૉજીક્ષેત્રે ભારત વિકસિત દેશોની હરોળમાં આવી ગયેલું છે. ભારતમાં આ ક્ષેત્રે હૈદરાબાદે અસાધારણ પ્રગતિ હાંસલ કરી છે. ગુજરાતમાં પણ ઇન્ફોસિટીની સ્થાપના થઈ છે. પ્રવેશ, નોકરી અને અદાલતી કાર્યવાહીમાં આ ટેક્નોલૉજીનો ઉપયોગ સામાન્ય બન્યો છે. ગુજરાતે વહીવટીક્ષેત્રે પોતાનું નેટવર્ક (GSWAN-Gujarat State Wide Area Network) વિકસાવ્યું છે. આથી કહી શકાય કે આજનું વિશ્વ એ ઑનલાઈન અને ઇન્ફૉર્મેશન ટેક્નોલૉજીનું મહત્તમ ભાગ બની રહ્યું છે.

### સર્વોચ્ચ સત્તાઓ અને પડોશી દેશો સાથે સંબંધો

સ્વતંત્રતાપ્રાપ્તિ બાદ ભારતે પોતાની વિશિષ્ટ વિદેશનીતિ દ્વારા પડોશી દેશો તથા વિશ્વની મહાસત્તાઓ સાથે સંબંધો કેળવી સમતુલન સાધવાનો પ્રયાસ કર્યો છે. તેમાં ભારત મહદંશે સફળ પણ રહ્યું છે.

### અમેરિકા

સ્વતંત્રતાસંગ્રામ સમયે વિશ્વની મોટાભાગની સત્તાઓએ ભારતને ટેકો આપ્યો હતો તેમાં અમેરિકા પણ બાકાત ન હતું. છતાં ભારતના રશિયા સાથેના સંબંધોને લીધે અમેરિકાએ યુ.એન.ની સુરક્ષા પરિષદમાં પાકિસ્તાનને સમર્થન આપવાનું શરૂ કર્યું. અમેરિકા ભારતને તેની ઇચ્છા મુજબની વિદેશનીતિ મુજબ ઢાળવા ઇચ્છતું હતું. ભારતે તેનો અસ્વીકાર કરતાં બંને વચ્ચેના સંબંધો ઉપરછલ્લા રહ્યા. તદુપરાંત ચીનના સંયુક્ત રાષ્ટ્રોમાં સમાવેશ બાબતે પણ અમેરિકા સાથે ભારતના સંબંધો મૈત્રીપૂર્ણ ન રહી શકયા. આ સ્થિતિ હોવા છતાં પણ બંને દેશો વચ્ચે આર્થિક અને ટેક્નિકલક્ષેત્રે પરસ્પર આદાનપ્રદાન થતું રહ્યું. અમેરિકાના પ્રમુખ આઈઝન હોવર અને કૅનેડીની ભારત મુલાકાત છતાં ભારતના સંબંધો અમેરિકા સાથે ઊંડાણવાળા તેમજ ગાઢ મૈત્રીપૂર્ણ રહ્યા નથી તે હકીકત છે.

ભારતે પરમાણુ શસ્ત્રો સંબંધી સંધિઓ પર હસ્તાક્ષર કર્યા નથી કારણ કે 'સર્વગ્રાહી પરમાણુ પરીક્ષણ સંધિ' અને સર્વગ્રાહી 'પરમાણુ પરીક્ષણ પ્રતિબંધ સંધિ' પર ભારત હસ્તાક્ષર કરે એ વાતનો યુનાઇટેડ સ્ટેટ્સે આગ્રહ રાખ્યો છે. આ બંને સંધિઓ ભેદભાવયુક્ત અને રાષ્ટ્રીય હિતોને નુકસાનકર્તા હોવાથી ભારતે તેના પર હસ્તાક્ષર કર્યા નથી. પોતાના ઈરાદાઓ અને આગ્રહની અવગણના થતાં યુનાઈટેડ સ્ટેટ્સ ભારત પર નારાજ થયું. ભારતે પોખરણ (રાજસ્થાન) ખાતે સફળ પરમાણુ અખતરો કર્યો (1998) ત્યારે તેણે ગંભીર નોંધ લઈને તેણે ભારત સામે કેટલાક પ્રતિબંધો મૂક્યા, જે સમય જતાં હળવા થતા ગયા. ત્યારબાદ આર્થિક અને ટેક્નિકલ જેવાં ક્ષેત્રેમાં તો ભારતને અમેરિકાની મદદ પણ મળતી રહી છે.

યુનાઈટેડ સ્ટેટ્સના ન્યૂર્યોકના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર (11 સપ્ટેમ્બર, 2001) થયેલા આતંકવાદી હુમલા પછી બંને દેશો વચ્ચેના સંબંધોમાં સુધારો થયો છે. ભારતે પણ આર્થિકક્ષેત્રે પ્રગતિ સાધી છે, તે બાબતનો હવે તે સ્વીકાર કરે છે. અને બંને દેશો વચ્ચે ગાઢ સંબંધો બંધાય તેવી ઇચ્છા ધરાવતા થયા છે.

તાજેતરમાં (2014 અને 2015) ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની મુલાકાતે ગયા. ત્યાં તેમણે સંયુક્ત

રાષ્ટ્રો (U.N.) ની મહાસભાને પણ સંબોધી. યુનાઈટેડ સ્ટેટ્સ અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ 26મી જાન્યુઆરી 2015ના રોજ ભારતના 66મા પ્રજાસત્તાક દિન (ગણતંત્ર દિન)ની ઉજવણીના સમારોહમાં મુખ્ય મહેમાન બની ભારતની મુલાકાત લીધી. ભારતીય ગણતંત્ર દિવસમાં ભાગ લેનારા તેઓ અમેરિકાના પ્રથમ પ્રમુખ બન્યા. આમ, ભારત અને અમેરિકાના સંબંધો સુમેળભર્યા થઈ રહ્યા છે. આતંકવાદના જેવી આંતરરાષ્ટ્રીય સમસ્યા સંદર્ભે બંને રાષ્ટ્રોના વડાઓ ચિંતિત છે.

### સોવિયેટ સંઘ (યુ.એસ.એસ.આર.)

અમેરિકાની જેમ સોવિયેટ સંઘે પણ ભારતની સ્વતંત્રતાપ્રાપ્તિની ચળવળને ટેકો આપ્યો. આઝાદી બાદ ભારતના ખાસ મિત્ર તરીકે સોવિયેટ રશિયા રહ્યું. કાશ્મીર પ્રશ્ન અંગે હંમેશાં તે ભારતની પડખે રહ્યું. સોવિયેટ પ્રમુખ ખ્રુશ્ચેવની ભારત મુલાકાતથી બંનેના સંબંધો વધુ ગાઢ બન્યા અને ઘણી બાબતો અંગે સમજૂતી થઈ જેમાં ભારતની પંચવર્ષીય યોજનામાં પણ સોવિયેટે આર્થિક મદદ કરી. ભારત-ચીન યુદ્ધ (1962)ના કટોકટીભર્યા સમયે સોવિયેટે લશ્કરીક્ષેત્રે મિગ-યુદ્ધ વિમાનો બનાવવામાં ખાસ મદદ કરી. આંતરરાષ્ટ્રીયક્ષેત્રે સોવિયેટ રશિયાએ ભારતની બિનજોડાણવાદી અને તટસ્થતાની નીતિને સંપૂર્ણ સમર્થન આપ્યું.

### ભારત-પાક સંબંધો

બ્રિટિશ ભારતમાંથી, ભારત અને પાકિસ્તાન એવાં બે રાષ્ટ્રો અસ્તિત્વમાં આવતાં બંને દેશોના સંબંધો તંગ રહ્યા. તેમાં વળી કોમી રમખાણો તથા ભાગલા સમયની સ્થિતિએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું. પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદો બાબતે આજ સુધી વિવાદ રહ્યો છે. પાકિસ્તાન સાથેના સંબંધોમાં કાશ્મીર મુદ્દો હંમેશાં મહત્ત્વનો રહ્યો છે. જેના કારણે પાકિસ્તાન સાથે 1948, 1965, 1971 અને 1999માં યુદ્ધો થયાં. જેમાં તેની હાર થઈ છતાં આજે પણ પાકિસ્તાન સાથેના આપણા સંબંધો સુધરી શક્યા નથી. તાશ્કંદ કરાર અને સિમલા કરારને ભારત સંપૂર્ણ સમર્થન આપે છે પરંતુ પાકિસ્તાન નહીં. વડાપ્રધાન અટલબિહારી વાજપેયીની લાહોર બસયાત્રા અને તે પછી પાકિસ્તાનના લશ્કરી શાસક પરવેઝ મુશર્રફની સાથે આગ્રા ખાતેની શિખર મંત્રણા છતાં સંબંધો તનાવપૂર્ણ રહ્યા છે.

પંજાબમાં શીખ ઉગ્રવાદીઓ, જમ્મુ-કાશ્મીરમાં અલગાવવાદીઓ અને આંતકવાદીઓને સક્રિય મદદ આપી ભારતને પરેશાન કરવામાં પાકિસ્તાને કંઈ બાકી રાખ્યું નથી. ભારતના અણુપરીક્ષણ બાદ પાકિસ્તાને પણ અણુપરીક્ષણો કર્યાં. બંને દેશો હવે અણુશસ્ત્રો ધરાવતા દેશ બન્યા છે ત્યારે લશ્કરીક્ષેત્રે સતત યુદ્ધસામગ્રીમાં વધારો થતાં બંને વચ્ચેના સંબંધો તંગ જ રહ્યા છે. શાંતિપૂર્ણ સંબંધો જાળવવાની ભારતની નીતિનો પાકિસ્તાને યોગ્ય પ્રતિભાવ આપ્યો નથી.

### ભારત-ચીન સંબંધો

ચીનમાં સામ્યવાદી ક્રાંતિ (1949) બાદ તેણે તિબેટ પર કબજો જમાવ્યો. આથી આ સંબંધો સુધારવા વડાપ્રધાન નેહરુએ ચીન સાથે ‘પંચશીલના કરાર’ કર્યા. આ કરાર થકી બંને દેશો વચ્ચે ઉષ્માપૂર્ણ સંબંધોની શરૂઆત થઈ અને ‘હિંદી ચીની ભાઈ ભાઈ’ ના નારા શરૂ થયા જે એક ભ્રમણા હતી. આ અરસામાં (1954) ચીને પોતાના નકશા પ્રગટ કર્યા જેમાં ભારતના ઘણા પ્રદેશોનો સમાવેશ પોતાનામાં કર્યો. ચીનના આ પગલાથી બંને દેશો વચ્ચેના સંબંધો બગડવાની શરૂઆત થઈ. ચીને મેકમોહન રેખાનો પણ અસ્વીકાર કર્યો. ભારત-ચીન વચ્ચે બફર સ્ટેટ જેવા તિબેટને પોતાનામાં ભેળવી દેતાં બંને દેશો વચ્ચે મતભેદ ઊભા થયા. ચીને આ નકશાઓ જૂના છે તેમ કહી વાતને ટાળી ભારતીય પ્રદેશમાં ઘૂસણખોરી ચાલુ કરી. પૂર્વે (1959 સુધી) ભારત, ચીન સાથેના સંબંધો શાંતિપૂર્ણ માર્ગે ઉકેલવા માંગતું હતું. પરંતુ ચીને આક્રમણ કરીને ભારતના પ્રદેશો પર કબજો જમાવ્યો. ભારતે આ પગલાં વિરુદ્ધ જ્યારે લશ્કરી પગલું લીધું, ત્યારે ઘણું મોડું થઈ ચૂક્યું હતું. અંતે

ચીને એકપક્ષીય યુદ્ધવિરામ જાહેર કરતાં યુદ્ધનો અંત આવ્યો. પરંતુ આ યુદ્ધમાં ભારતને ઘણું સહન કરવું પડ્યું. ત્યારથી આજ દિન સુધી બંને દેશો વચ્ચેના સરહદી પ્રશ્નોને લગતી બાબતે ઘણી મંત્રણાઓ થઈ પરંતુ સુખદ સમાધાન લાવી શકાયું નથી. આમ છતાં છેલ્લા દાયકા દરમિયાન ભારત અને ચીન વચ્ચે પરસ્પર સહકાર અને મૈત્રીપૂર્ણ સંબંધો વિકસતા રહ્યા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના વડાપ્રધાન જીનપીંગ વચ્ચે રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે સૌજન્યપૂર્ણ મુલાકાત થઈ (2014), જેને ભાવિ સંબંધોમાં મીઠાશ વધવાનો સંકેત માની શકાય.

**ભારત-બાંગ્લાદેશ સંબંધો**

ભારત-પાકિસ્તાન યુદ્ધ બાદ બાંગ્લાદેશનો ઉદય થયો. (1971) આ પહેલાં તે પૂર્વ પાકિસ્તાન તરીકે ઓળખાતું હતું. બાંગ્લાદેશના ઉદયમાં ભારતનો સિંહફાળો રહેલો છે.

શરૂઆતમાં ભારત-બાંગ્લાદેશ સંબંધો મૈત્રીપૂર્ણ રહ્યા. બાંગ્લાદેશની સ્વતંત્રતા બાદ તરત જ ભારતે તેને આર્થિક અને ભૌતિક રીતે ઘણી મદદ કરી છતાં પડોશી દેશ તરીકે કેટલીક બાબતે ભારતના સંબંધો તંગ રહ્યા. ભારતે તેનો 'તીન બીધા' નો પ્રદેશ સોંપતાં (1992) બાંગ્લાદેશની તેના બીજા પ્રદેશમાં જવાની સરળતા વધી શકી. પડોશી દેશ તરીકે આજે પણ ભારત હંમેશાં બાંગ્લાદેશની પડખે રહે છે.

ગંગા નદીના પાણીનો ઉપયોગ અને વહેંચણી સંબંધે થયેલી ચર્ચાઓ દ્વારા સમાધાન સાધવામાં આવ્યું. અતિવૃષ્ટિ, વાવાઝોડા જેવી કુદરતી આપત્તિ વખતે ભારતે બાંગ્લાદેશને પૂરતા પ્રમાણમાં મદદ કરી છે. બંને રાષ્ટ્રો વચ્ચે (2015) વિવાદિત જમીન વિસ્તાર અને તે ક્ષેત્રના લોકોની નાગરિકતાના પ્રશ્નોનું નિરાકરણ વાટાઘાટોથી થયું છે.

**ભારત-શ્રીલંકા સંબંધો**

શ્રીલંકા સાથેના ભારતના સંબંધો છેક રામાયણકાળથી છે. શ્રીલંકામાં ભારતીય તમિલો વસવાટ કરે છે. તેમની નાગરિકતાને પ્રશ્ને બંને દેશો વચ્ચે મદભેદ થતાં ભારતે તમિલ લોકોને ભારતીય નાગરિકત્વ આપવાની તૈયારી પણ બતાવી છે.

શ્રીલંકામાં સિંહાલી લોકોની બહુમતી છે. આથી તમિલો પ્રત્યે ભેદભાવ રખાય છે. તેથી લાગણી પ્રબળ બનતાં તમિલોએ અલગ રાજ્યની માગણી કરી જેથી તમિલો અને શ્રીલંકન સરકાર વચ્ચે ઘર્ષણ શરૂ થયું. પ્રભાકરનની આગેવાનીમાં તમિળોએ ઉગ્રવાદી સંગઠન (LTTE) રચી ત્રાસવાદનો પણ આશરો લીધો. આ સમયે બંને દેશો વચ્ચે સમજૂતી સધાઈ. (1987) શ્રી રાજીવ ગાંધીની સરકાર વખતે ભારતીય લશ્કરને શ્રીલંકામાં શાંતિ સ્થાપવા મોકલવામાં આવ્યું, પરંતુ ભારતનું આ પગલું સફળ થઈ શક્યું નહીં અને પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી પર પેરામ્બુદુરમાં આત્મઘાતી હુમલો કરી તેમની હત્યા થઈ. ભારતની ઇચ્છા બંને પક્ષો વચ્ચે શાંતિમય સમાધાન થાય તે છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શ્રીલંકાની મુલાકાત વખતે તમિલ પ્રભાવિત વિસ્તાર જાફનાની મુલાકાત લીધી (13 માર્ચ, 2015). શ્રીલંકન તમિલ અસરગ્રસ્તોના પુનઃવસન માટે 27000 જેટલાં મકાનો ભારતની આર્થિક સહાયથી બનાવાયાં છે. આજે શ્રીલંકા સાથે ભારતના મૈત્રીપૂર્ણ સંબંધો છે.

**ભારત-નેપાળ સંબંધો**

ભારત અને નેપાળ વચ્ચે મિત્રતાપૂર્ણ સંબંધોનો પ્રારંભ 1950માં થયો. તે મુજબ બંને સત્તાઓએ એકબીજાના સાર્વભૌમત્વ અને અખંડિતતાનો સ્વીકાર કર્યો છે. ભારત, નેપાળને તેના આર્થિક વિકાસ માટે મોટા પાયે આર્થિક તેમજ સામાજિક મદદ કરે છે.

નેપાળ અને ભારતના લોકો સરળતાથી એકબીજાના દેશોમાં આવ-જા કરી શકે છે અને ધાર્મિક સ્થળોની મુલાકાત લે છે. ક્યારેક માઓવાદીઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરે છે. તેઓ ક્યારેક ભારતના નકસલવાદીઓ સાથે સંપર્કમાં હોવાનું જણાયું છે. સરળતાથી આ દેશમાં આવન-જાવન થઈ શકતી હોવાથી અહીં ઘણા આતંકવાદી પ્રવૃત્તિ કરતા લોકો આશરો લેતા હોય છે. તેથી બંને દેશો વચ્ચે તંગદિલી ઊભી થાય છે. ભારતના ચીન સાથેના સંબંધોથી નેપાળના સંબંધો અંગે ગેરસમજ થાય છે. ભારત હંમેશાં નેપાળ સાથે સુમેળભર્યા સંબંધો રાખવા આતુર રહ્યું છે.

નેપાળના સામાજિક-આર્થિક વિકાસમાં ભારતે ઘણી મદદ કરી છે. નેપાળના ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે ભારત આવે છે. હિમાલયમાંથી નીકળતી કેટલીક નદીઓ નેપાળમાંથી પસાર થઈને ભારતમાં આવે છે. ચોમાસામાં તેમાં ભારે પૂર આવે છે. તેથી ભારતને ઘણું નુકસાન થાય છે. નદીઓનાં પૂર રોકવા માટે ભારત અને નેપાળ વચ્ચે સમજૂતી થાય તે માટે ભારત પ્રયત્ન કરે છે. 25 એપ્રિલ, 2015ના રોજ નેપાળમાં 5.8ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો તેમાં આશરે 8000ની આસપાસ લોકો મૃત્યુ પામ્યા. આ કુદરતી હોનારતમાં ભારતે બચાવ કામગીરીમાં નેપાળને મદદ કરી, રાહત અને પુનઃવસનમાં સહાય કરી.

**ભારત-મ્યાનમાર (બ્રહ્મદેશ-બર્મા) સાથેના સંબંધો**

મ્યાનમારને સ્વતંત્રતા મળી (1948) ત્યારથી બંને દેશો વચ્ચેના સંબંધો મૈત્રીપૂર્ણ રહ્યા છે. સ્વતંત્રતા બાદ મ્યાનમારે સહાયની માગણી કરતાં ભારતે તરત જ આર્થિક મદદ મોકલી આપી હતી. બંને દેશો વચ્ચે થયેલ સંધિ મુજબ એકબીજાના સાર્વભૌમત્વને માન આપવા તથા એકબીજાની આંતરિક બાબતોમાં દખલગીરી ન કરવાનું સ્વીકાર્યું. (1951) આ જ વર્ષે બંને દેશો વચ્ચે પંચવર્ષીય કરાર થતાં વેપારી સંબંધો મજબૂત બન્યા. બંને દેશો વચ્ચેના ઉષ્માભર્યા સંબંધોના વિકાસમાં ભારતના તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુ અને મ્યાનમારના વડાપ્રધાન ઉનુની વ્યક્તિગત મિત્રતાનો ફાળો મહત્ત્વનો છે.

મ્યાનમાર સરહદે બળવાખોર પ્રવૃત્તિ વધતાં બર્માએ ભારતની શસ્ત્રસહાય મેળવી. તદુપરાંત ભારતે આ રકમનો અડધો ભાગ જતો કર્યો. ઉપરાંત, મ્યાનમારની કટોકટીમાં પણ ભારતે લોન આપવાની જાહેરાત કરી. બર્માના વડા નેવીની ભારત મુલાકાત (1965) થકી બંને દેશોએ પરસ્પર સંબંધો વધુ મજબૂત બનાવવા નિર્ધાર કર્યો. આઝાદી બાદ ભારતનો મ્યાનમાર સાથે કોઈ અણબનાવ બન્યો નથી જે નોંધવું રહ્યું.

**ભારત-ભૂતાન સંબંધો**

સ્વતંત્રતાપ્રાપ્તિ બાદ ભારતે ભૂતાન સાથે કાયમી શાંતિ અને મિત્રતાની સંધિ કરી. (1949) ભારતે ભૂતાનની સ્વાયત્તતાનો સ્વીકાર કર્યો સામે પક્ષે ભૂતાને પણ ભારતને સંરક્ષણ અને વિદેશનીતિક્ષેત્રે વિશ્વાસમાં લેવાનું સ્વીકાર્યું. વડાપ્રધાન નેહરુએ ભૂતાની લીધી હતી. (1958) ચીને તિબેટમાં લશ્કર મોકલી તેનો કબજો લેતાં ભૂતાનને પણ ચીનનો ડર લાગ્યો હતો. આથી પણ તે ભારતની વધુ નજીક આવ્યું.

ભૂતાનના દોરજીના ખૂન (1964) બાદ ભારત વિરોધી પ્રવૃત્તિ શરૂ થઈ. પરંતુ થોડા સમયમાં તે વાતાવરણ દૂર થયું. ભારતના પ્રયાસથી ભૂતાન યુનિવર્સલ પોસ્ટ યુનિયનનું સભ્ય બન્યું. (1969) તથા યુ.એન.નું પણ સભ્ય બન્યું. (1971) મ્યાનમારની જેમ ભૂતાન સાથે પણ ભારતના સંબંધો સમાનતાના ધોરણે મૈત્રીપૂર્ણ રહ્યા છે. એક નાનકડું પડોશી રાષ્ટ્ર હોવા છતાં ભારતે ભૂતાનને વિશિષ્ટ મહત્ત્વ આપ્યું છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતાનની મુલાકાત (જૂન, 2014) લીધી. તે દરમિયાન થવા પામેલી ચર્ચાઓમાં તેમણે કહ્યું કે ભારત પ્રગતિ કરશે તો તેની સીધી અસર પાડોશી દેશો પર પડશે. ત્યારબાદ બંને દેશોના પરસ્પર સુરક્ષા સંબંધિત સહયોગ પર સંતોષ પણ વ્યક્ત કરવામાં આવ્યો. આમ ભારતે ભૂતાન જેવા નાનકડા પડોશી રાષ્ટ્ર સાથે પણ ઉષ્માપૂર્ણ સંબંધો સ્થાપિત કર્યા છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) આયોજન પંચની રચના અને મુખ્ય ઉદ્દેશો જણાવો.

(2) પંચવર્ષીય યોજનાઓ વિષે ટૂંકમાં લખો.

(3) સ્વતંત્ર ભારતમાં શિક્ષણનો વિકાસ વર્ણવો.

(4) ભારતે અણુસંશોધન ક્ષેત્રે સાધેલ વિકાસની ચર્ચા કરો.

(5) ભારતના અમેરિકા અને સોવિયેટ રશિયા સાથેના સંબંધો વિશે માહિતી આપો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) હરિયાળી ક્રાંતિ વિશે લખો.

(2) સંદેશા-વ્યવહાર ક્ષેત્રે થયેલ વિકાસની માહિતી આપો.

(3) ઔદ્યોગિકીકરણ વિશે માહિતી આપો.

(4) ભારત-પાકિસ્તાન સંબંધો વિશે નોંધ લખો.

(5) ભારત-શ્રીલંકા સંબંધો વિશે નોંધ લખો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) ભારતમાં આયોજન પંચનો પ્રારંભ ક્યારે થયો ?

(અ) 1947 (બ) 1950 (ક) 1955 (ડ) 1952

(2) સ્વતંત્ર ભારતના પહેલા યુનિવર્સિટી શિક્ષણપંચના અધ્યક્ષ કોણ હતા ?

(અ) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ (બ) કોઠારીપંચ

(ક) મુદલિયાર પંચ (ડ) મેકોલેપંચ

(3) ભારતે પ્રથમ અણુધડાકો કયા સ્થળે કર્યો ?

(અ) બૅંગ્લોર (બ) પોખરણ (ક) અમદાવાદ (ડ) કચ્છ

(4) 'સ્પેસ એપ્લિકેશન સેન્ટર' ક્યાં આવેલું છે ?

(અ) બૅંગ્લોર (બ) દિલ્હી (ક) અમદાવાદ (ડ) થુમ્બા

(5) કઈ પંચવર્ષીય યોજના એક વર્ષ વહેલી સમાપ્ત કરી દેવામાં આવી ?

(અ) ચોથી યોજના (બ) પાંચમી યોજના (ક) સાતમી યોજના (ડ) આઠમી યોજના

•

# 11 આધુનિક યુગનો આરંભ

સમયની દૃષ્ટિએ મધ્યકાલીન ઇતિહાસને આધુનિક ઇતિહાસથી તથા આધુનિક ઇતિહાસને સમકાલીન ઇતિહાસથી અલગ કરવા બાબતે ઇતિહાસકારોમાં મતમતાંતરો છે. તેમજ યુરોપના આધુનિક યુગનો પ્રારંભ ક્યારથી થયો તે નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે, છતાં 14 થી 16 મી સદી દરમિયાન વૈજ્ઞાનિક સંશોધનો, ભૌગોલિક શોધખોળો, વેપારનો વિકાસ, મૂડીનો ઉદય, મધ્યમવર્ગનો ઉદય તથા પ્રાચીન કલા-સાહિત્યને પુનર્જીવન મળ્યું, પરિણામે યુરોપમાંથી અંધાધૂંધી અરાજકતાના અંતે અશાંતિ દૂર થઈ અને યુરોપમાં નવજીવન તથા નવી ચેતના પ્રગટી, જેને કારણે ઇતિહાસકારો તેને આધુનિક યુગનો આરંભ ગણાવે છે.

આ પ્રકરણમાં આપણે આધુનિક યુગના પ્રારંભકાળે થયેલા કેટલાક બનાવોનો અભ્યાસ કરીશું.


**નવજાગૃતિ**

યુરોપમાં મધ્યયુગના અંતે અને અર્વાચીન યુગની શરૂઆતમાં જે નૂતન યુગનો પ્રારંભ થયો તેને નવજાગૃતિ (પુનઃજાગૃતિ) અથવા રેનેસા **(Renaissance)** તરીકે ઓળખવામાં આવે છે. નવજાગૃતિ યુરોપના લોકોની માનસિક ક્રાંતિ હતી. બૌદ્ધિક ચળવળની શરૂઆત હતી. લોકોમાં નવું જાણવા-જોવાની જિજ્ઞાસા અને જ્ઞાનપિપાસા જાગૃત થઈ હતી. મધ્યયુગીન સંસ્થાઓ અને વિચારસરણીમાં પરિવર્તન આવી રહ્યું હતું. જેણે રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક પાસાઓ પર વ્યાપક અસર કરી હતી. યુરોપનો સમાજ આ સમયે માનસિક ગુલામીમાંથી બહાર આવી રહ્યો હતો.

મધ્યયુગીન સામંતશાહી તથા જાગીરન્નરી પ્રથાના અંતની શરૂઆત થઈ તથા નગરો વસ્યાં. નવા વેપારીવર્ગે ધર્મ કરતાં વિજ્ઞાનને વધુ મહત્ત્વ આપ્યું. માનવી અંધશ્રદ્ધા, વહેમ, રૂઢિગત ખ્યાલોથી ઉપર ઊઠીને વિવેક, બુદ્ધિ અને તર્કથી કોઈપણ બાબત વિચારતો થયો. ધર્મનું સ્થાન બુદ્ધિ અને તર્કે લીધું. દરેક બાબતમાં ધર્મના બદલે માનવને મહત્ત્વ અપાયું. પરલોકના કાલ્પનિક સુખના બદલે આ જગતના વાસ્તવિક સુખ અને ભોગવાદ તરફ લોકોનું આકર્ષણ વધ્યું. આ સમયે બુદ્ધિવાદ, માનવતાવાદ, ભૌતિકવાદની સાથે ઉન્નરતા, વિશાળતાનો વિકાસ થયો તેથી આ યુગને નૈતિક વિસ્તરણ યુગ પણ કહે છે.

ધર્મયુદ્ધો, કૉન્સ્ટેન્ટિનોપલનું પતન, આરબોના સંપર્ક તેમજ ભૌગોલિક શોધખોળના કારણે આરબોની કલા પ્રાચીન વિજ્ઞાન, સાહિત્યનો પરિચય થયો. નવાં શહેરો વિકસ્યાં. વસ્તુવિનિમયના સ્થાને નાણાંનો વ્યવહાર વધ્યો. આ સમયે યુરોપમાં પ્રચલિત બનેલી ઉક્તિ - ''સ્વતંત્રતાની શોધમાં હો તો શહેરમાં જાવ'' ના પરિણામે વેનીસ, જીનીવા જેવાં નગરોનો ઘણો વિકાસ થયો. ખ્રિસ્તી વિદ્વાનોએ ઇટાલીમાં ગ્રીક અને લૅટિન ભાષાની શાળાઓ ખોલી કાગળ, છાપખાનાની શોધથી મોટી સંખ્યામાં પુસ્તકો છપાવા લાગ્યાં. જેનાથી પ્રાચીન ગ્રીસ અને રોમના તત્ત્વચિંતકોના વિચારોનો પરિચય સામાન્ય લોકોને થયો. વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ. જસ્ટીનિયન, પ્લેટો, એરિસ્ટોટલ, રોજર બૅકન વગેરેના અભ્યાસનું મહત્ત્વ વધ્યું. ઇટાલી, જર્મની, સ્પેન અને ફ્રાંસના લોકો માટે જોડણીકોશ તૈયાર કરવામાં આવ્યો.

આ સમયે ન્નન્તેએ પોતાની કૃતિ 'ડિવાઈન કૉમેડી' માં ધાર્મિક બાબત સાથે ખગોળ, ભૂગોળ અને ભૌતિક વિજ્ઞાનની સમજ આપી. ઇંગ્લૅન્ડના અંધ કવિ મિલ્ટને બાઈબલની આદમ અને ઈવની કથાના આધારે 'પેરેડાઈઝ લોસ્ટ' નામનું મહાકાવ્ય લખ્યું. મહાન નિબંધકાર ફ્રાન્સીસ બેકન અને મહાન નાટ્યકાર શેક્સપિયર નવજાગૃતિના સમયની ભેટ છે. માર્ટિન લ્યુથરે બાઈબલનો જર્મન ભાષામાં અનુવાદ કર્યો.



લિઓનાર્દો-દ-વિન્ચી

આ સમયના લિઓનાર્દો-દ-વિન્સીએ 'મોનાલિસા' અને 'લાસ્ટ સપર', રાફેલે

'મેડોના' અને 'ધી સ્કૂલ ઑફ એથેન્સ'- નાં ભીંતચિત્રો તેમજ માઇકલ એન્જેલોએ રોમમાં દોરેલાં 300 ભીંતચિત્રો દ્વારા ચિત્રકલાને ઉચ્ચ શિખરે પહોંચાડી. સ્થાપત્યના ક્ષેત્રે પણ ફિલિપ્પો, માઇકલ એન્જેલો અને બ્રામ્ટે જેવા સ્થપતિઓએ પોતાના બાંધકામક્ષેત્રે મહાન સિદ્ધિ મેળવી.



'લાસ્ટ સપર'

## ધર્મસુધારણા

ખ્રિસ્તી દેવળ સંસ્થામાં સુધારણા માટેનું આંદોલન એટલે 'ધર્મસુધારણા'. ખ્રિસ્તી ધર્મમાં મૂળભૂત એવા સાન્નઈ, સેવા, સત્ય, સમાનતા અને ભ્રાતૃભાવને સ્થાને પ્રવેશેલાં જોહુકમી, ભ્રષ્ટાચાર, શોષણ અને દંભ સામે જે પ્રચંડ આંદોલન થયું તે ધર્મસુધારણા તરીકે ઓળખાય છે. પોતાના સ્વાર્થી હિત માટે પાદરીઓ, બિશપો અને ખ્રિસ્તી સાધુઓએ ઈસુના માનવતાવાદી ઉદ્દેશોને વિકૃત કરી નાખ્યા. ઈશુના મૂળ સંદેશને ફરી સ્થાપિત કરવા અને ખ્રિસ્તી સમાજની પુનઃરચના માટે પ્રજાએ ઉપાડેલ આંદોલન ધર્મસુધારણા તરીકે ઓળખાય છે. ઈશુના મૂળસંદેશ મનની પવિત્રતા, સાદગી, સરળતા અને ઈશ્વરની અનુકંપા પર વિશ્વાસ ધરાવતા માર્ટિન લ્યુથર નામના જર્મન પાદરીએ વિટેનબર્ગના દેવળના દરવાજે 95 મુદ્દાવાળી યાદી ચોંટાડી જેને લોકોનું જબરદસ્ત સમર્થન મળ્યું. યુરોપના ઘણાખરા દેશોમાં રોમન કૅથોલિક ખ્રિસ્તી ધર્મસંપ્રન્નય સામે વિરોધ શરૂ થયો. આ વિરોધ કરનાર પ્રૉટેસ્ટન્ટ (protest એટલે વિરોધ) સંપ્રન્નયના નામે ઓળખાયા.

ધર્મસુધારણાનું આંદોલન એ સાચા અર્થમાં કૅથોલિક ધર્મની અમુક માન્યતાઓનો વિરોધ પોપની એકહથ્થુ સત્તા સામે પડકાર હતો. ધર્મગુરુઓના વિકૃત થતા જતા જીવનને સુધારવાના પ્રયત્નોની પ્રક્રિયા હતી, લોકોની અંધશ્રદ્ધા અને અજ્ઞાનતા દૂર કરવા માટેનો પ્રયાસ હતો. ઈસુ અને બાઇબલના સાચા સંદેશને લોકોમાં ફેલાવવા માટેનો પુરુષાર્થ હતો. કૅથોલિક ચર્ચમાં વધી પડેલાં સત્તાપિપાસા, ધનલાલસા, નૈતિક દૂરાચાર વગેરે દૂર કરવાનું પ્રચંડ આંદોલન હતું.

14મી સદીમાં ઇંગ્લૅન્ડમાં જ્હૉન વિકલીફે દેવળની ભૂલો લોકો સમક્ષ ખુલ્લી કરી બાઇબલનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો. તેનાથી આજ સુધી પોપ દ્વારા બાઈબલના નામે અપાતા બનાવટી ઉપદેશને બદલે હવે લોકોને સાચી સમજ મળી, તેથી પોપ અને દેવળ દ્વારા જ્હૉન વિકલીફનો વિરોધ થયો. તેના અવસાન બાદ તેના સમર્થકો 'લોલાર્ડસ'ના નામે ઓળખાયા. તેમણે દેવળ સામે આંદોલન ચાલુ રાખ્યું.

વિકલીફની જેમ જ્હૉન હસનું નામ પણ વિરોધ કરનારામાં આગળ પડતું હતું. તેને કેદ કરી જીવતો બાળી નાખવામાં આવ્યો. તે જ રીતે 50 વર્ષ પછી રોમના પોપ વિરોધ અવાજ ઉઠાવનાર 'સાવોનારોલા' ને પણ જીવતો સળગાવી દેવાયો. જ્હૉન વિકલીફ, જ્હૉન હસ અને સાવોનારોલાની નિષ્ફળતાનું કારણ લોકોની અપરિપક્વ સમજ અને ધનિક વર્ગોના સાથનો અભાવ હતો.

ધર્મસુધારણાને કારણે દેવળ અને પોપની સર્વોપરિતા નષ્ટ થઈ. લોકોને સ્વતંત્ર રીતે વિકાસ સાધવાની તક મળી. વિદ્યાભ્યાસને ઉત્તેજન મળ્યું. બાઇબલ પ્રમાણે સત્યની શોધની છૂટ મળતાં માત્ર ધર્મના ક્ષેત્રે નહીં પરંતુ અન્યાય, પાખંડ, ભ્રષ્ટાચાર અને જુલ્મ સામે લડવાની પ્રેરણા મળી. એ દૃષ્ટિએ આ આંદોલન નવજાગૃતિનું પૂરક આંદોલન બન્યું. તે બંનેએ સાથે મળીને આધુનિક યુરોપના સર્જનની પૂર્વભૂમિકાનું નિર્માણ કર્યું.

## પ્રતિ ધર્મસુધારણા

ધર્મસુધારણાની સફળતાથી કૅથોલિક દેવળ સંસ્થાએ પોતાની આંતરિક શુદ્ધિ માટે પોપ પોલ 3જાએ ટ્રેન્ટ (જર્મની)માં બોલાવેલી પરિષદમાં કૅથોલિક ચર્ચમાં કેટલાક સુધારા કર્યા જે પ્રતિ ધર્મસુધારણાના નામે ઓળખાય


છે. સંત ઈગ્નેશિયસ દ્વારા સ્થપાયેલી 'સોસાયટી ઑફ જિસસ' અને તેના સભ્યો 'જેસ્યુટઈટ' દ્વારા કૅથોલિક પંથની આંતરિક શુદ્ધિની પ્રવૃત્તિ કરવામાં આવી. જનતાની સેવાનું ધ્યેય સ્વીકારનાર જેસ્યુઇટ મિશનરી તરીકે પણ ઓળખાય છે.

પ્રતિ ધર્મસુધારણાથી કૅથોલિક પ્રત્યેનો રોષ અને અસંતોષ ઓછા થયા. આ સંસ્થાના સભ્ય સંત ફ્રાન્સીસ ઝેવિયર જેવા જેસ્યુઈટે ભારતમાં કૅથોલિક પંથના પ્રચાર-પ્રસારનું કાર્ય કર્યું.

**વૈજ્ઞાનિક સંશોધનો**

નવજાગૃતિના આંદોલનના કારણે ધાર્મિક માન્યતાને સ્થાને લોકોની દૃષ્ટિ વૈજ્ઞાનિક બની. પ્રાયોગિક સંશોધનો શરૂ થયાં. પ્રાચીન મુદ્રણકળામાં સુધારો કરીને છાપેલા પોપના લેટર્સ ઑફ ઈન્ડલજેન્સ અને બાઈબલને વ્યાપક આવકાર મળ્યો. વૈજ્ઞાનિક શોધખોળોએ આ પ્રવૃત્તિઓને સરળ બનાવી. 13મી સદીમાં માનવશરીર પરના વાઢકાપનો પ્રતિબંધ દૂર થવાથી તબીબીક્ષેત્રે ઘણી પ્રાયોગિક પદ્ધતિ વિકસી. સર્જરીક્ષેત્રે માનવભ્રૂણના અભ્યાસ દ્વારા અનેક રોગોની સારવારની પદ્ધતિ શોધાઈ. ફ્રેન્ચ સર્જન એમ્બ્રાયજે આ સમયે અર્વાચીન સર્જરીવિદ્યાનો પાયો નાંખ્યો.

એ જ રીતે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ખગોળવિજ્ઞાનના ક્ષેત્રે અનેક નવાં સંશોધનો થયાં. નિકોલસ કોપરનિક્સ મહાન ખગોળશાસ્ત્રી હતો. તેણે અન્ય ખગોળશાસ્ત્રી ટોલેમીના ગ્રહોના ભ્રમણમાં કેન્દ્રસ્થાને પૃથ્વી છે એ સિદ્ધાંતને ખોટો સાબિત કર્યો તેણે કહ્યું કે પૃથ્વી નહીં પણ કેન્દ્રસ્થાને સૂર્ય છે. પૃથ્વી તેની આસપાસ ફરે છે. કોપરનિક્સે પરિભ્રમણ નામના પુસ્તકમાં ઋતુ ફેરફાર, પૃથ્વી અને અન્ય ગ્રહોની સવિસ્તર માહિતી આપી.



ગેલેલિયો

દૂરબીનની ક્રાંતિકારી શોધ કરનાર ઇટાલીના વૈજ્ઞાનિક ગેલેલિયોએ બધા જ પન્નર્થ એકસરખી ગતિએ નીચે પડે છે તે સાબિત કરીને એરિસ્ટોટલની અસમાન વજન ધરાવતા પન્નર્થ અસમાન ગતિથી નીચે પડે છે તે બાબતનું ખંડન કર્યું. તેણે દૂરબીનથી ચર્ચ ઉપદેશિત સ્વર્ગ અને ટોલેમીના સિદ્ધાંતોને ખોટા સાબિત કર્યા. આ શોધ તેણે 'ડાયલોગ્સ ઑન ધી ટુ ચીફ સિસ્ટમ્સ ઑફ ધી વર્લ્ડ'માં પ્રકટ કરી. તેથી દેવળ અને ધર્મગુરુઓ તેનાથી નારાજ થયા. તેને નાસ્તિક ગણાવી જેલમાં પૂર્યો. આ સમયે તેણે લાચાર બની પોતાનાં સંશોધનો ભૂલભરેલાં છે તેવું જાહેર કરવું પડ્યું.



ન્યૂટન

ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત આપનાર પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ન્યૂટને ધી પ્રિન્સિપિયામાં ગતિના સિદ્ધાંતની સમજ આપી છે. દૃષ્ટિશાસ્ત્ર વિશે અનેક લેખો લખ્યા છે તેમજ કલનશાસ્ત્રની શોધ પ્રસિદ્ધ કરી છે.

પોપ ગ્રેગરીએ જુલિયન કૅલેન્ડરમાં સુધારા કરી જૂના પંચાંગને દસ દિવસ પાછળ લઈ જઈ શતાબ્દીના અંતે લીપ વર્ષના વધારાના દિવસને રદ કર્યા. આ સુધારેલું પંચાંગ 'ગ્રેગરિયન કૅલેન્ડર' તરીકે ઓળખાયું.

**ભૌગોલિક શોધખોળ**

15મી અને 16મી સદી દરમ્યાન વિશ્વના નકશામાં એકાએક ફેરફાર થયા. નવજાગૃતિના પરિણામે ઉદ્‌ભવેલી જિજ્ઞાસાવૃત્તિ તેમજ ભારતના તેજાના મેળવવા, પૂર્વની આર્થિક સમૃદ્ધિ હસ્તગત કરવા અને સોનું, કીર્તિ તથા ધર્મપ્રચારની લાલચે અનેક સાહસિકો જીવને જોખમમાં મૂકવા તૈયાર થયા. 'હેનરી ધ નેવીગેટર' તરીકે પ્રખ્યાત

પોર્ટુગલના પ્રિન્સ હેનરીએ 'નૌકાયાન શાસ્ત્ર'ની શાળા સ્થાપી સ્થાનિક સાહસિકોને વધારે પ્રોત્સાહિત કર્યા. પરિણામે (ઈ.સ. 1488) બાર્થોલોમ્યુડાયેઝ 'કેપ ઑફ ગુડ હોપ' પહોંચ્યો. ત્યારબાદ ઇટાલીના ક્રિસ્ટોફર કોલંબસે ચારવાર દરિયાઈ મુસાફરી કરી મરણ પર્યંત ભારતની શોધ કર્યાના ખોટા ખ્યાલમાં તે રહ્યો. અમેરીગો વેસ્પૂચી નામના એક ખલાસીએ તેની ભૂલ સુધારી હકીકતમાં તે ભારત નહીં પરંતુ એક નવો ખંડ હોવાનું જણાવતાં તેનું નામ (અમેરીગો વેસ્પૂચીના નામ પરથી) અમેરિકા પડ્યું.

વાસ્કો-દ-ગામા કેપ ઑફ ગુડ હોપથી આગળ ભારતના ખલાસી અહમદ-ઈબ્ન-મજીદની મદદથી કાલિકટ બંદરે પહોંચ્યો (ઈ.સ. 1498). ત્યારબાદ પોર્ટુગીઝ ખલાસી ફર્ડિનાન્ડ મેગેલન દક્ષિણ આફ્રિકાથી ફિલિપાઈન્સ પહોંચ્યો. તેણે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને સાબિત કર્યું કે પૃથ્વી ગોળ છે.

### સંસ્થાનવાદનો ઉદય

ભૌગોલિક શોધખોળના પરિણામે યુરોપીય સત્તાઓ અને સોન્નગરોમાં અમેરિકા, આફ્રિકા અને એશિયાના દેશોમાં વધારેમાં વધારે પ્રદેશો મેળવવા, કાચોમાલ અને સંસાધનો મેળવવા માટેની સ્પર્ધા શરૂ થઈ જેમાં સ્પેન અને પોર્ટુગલ વચ્ચે ઝઘડાઓનો અંત લાવવા પોપ એલેકઝાન્ડર છઠ્ઠાએ એટલેન્ટિક મહાસાગરમાં બંને વચ્ચે (ઈ.સ. 1493) એક કાલ્પનિક સીમા નક્કી કરી આપી જેમાં પશ્ચિમે સ્પેન અને પૂર્વમાં પોર્ટુગલને પ્રદેશો આપ્યા. આ રેખા 'પોપ લાઈન' **(Line of Demarcation)** તરીકે ઓળખાય છે.

પાછળથી યુરોપની અન્ય સત્તાઓ પણ આ સ્પર્ધામાં જોડાઈ. શરૂઆતમાં વેપાર અર્થે ગયેલા આ યુરોપિયનોએ સંસ્થાનોમાં પોતાનાં હિતોની રક્ષા માટે લશ્કર રાખવાનું શરૂ કર્યું અને અંતે આ પ્રદેશોના શાસક બન્યા.

મધ્ય અને દક્ષિણ અમેરિકામાં ખાસ કરીને લૅટિન દેશોમાં પોર્ટુગલ, સ્પેન અને ફ્રાન્સે અહીંના મૂળ વતનીઓનો નાશ કર્યો. લૅટિન ભાષા અને લૅટિન સંસ્કારોનો પ્રચાર કર્યો. ઉત્તર એરિકામાં બ્રિટન અને ફ્રાંસે પોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં. પાછળથી હોલૅન્ડ અને સ્વીડન પણ અહીં આવ્યાં. આફ્રિકા ખંડ યુરોપિયન પ્રજા માટે અંધકારખંડ જ રહ્યો હતો. અહીં સૌથી મોટી અસર ગુલામોના વેપારમાં થઈ. અહીંની હબસી પ્રજાને ગુલામ બનાવવામાં રસ ધરાવનાર યુરોપિયન પ્રજાએ પશ્ચિમ કિનારે વેપારકેન્દ્રો ઊભાં કર્યાં અને કિંમતી ધાતુઓની ખાણની આવક મેળવી.

એશિયામાં ચીન અને ભારતમાં પોતાનાં વેપારીમથકો સ્થાપવામાં સૌપ્રથમ પોર્ટુગીઝ પ્રજાજનો સફળ થયા. ત્યારબાદ ડચ, અંગ્રેજો અને ફ્રેંચોએ પણ અહીં વેપારી મથકો સ્થાપ્યાં. જોકે જાપાનમાં યુરોપિયન સત્તાઓ માત્ર વેપારી કરારો જ કરી શકી કારણ કે જાપાને એશિયામાં સ્થપાયેલાં સંસ્થાનોનો તીવ્ર વિરોધ કર્યો હતો.

### અમેરિકાનો સ્વાતંત્ર્યસંગ્રામ (1776)

ઇંગ્લૅન્ડે ઘરઆંગણે રાજાશાહી સામે ક્રાંતિ થકી લોકશાહીની ભાગીન્નરી સ્થાપી પરંતુ અમેરિકામાં પોતાના રાજાનું આધિપત્ય ચાલુ રાખ્યું. ઇંગ્લૅન્ડ અને ફ્રાંસ બંને વચ્ચે અહીં સત્તા સ્થાપવા માટે 7 વર્ષ સુધી ચાલેલા સપ્ત વાર્ષિક યુદ્ધનો ખર્ચ વસૂલ કરવા માટે સ્ટૅમ્પ ઍક્ટનો અમલ શરૂ કર્યો તેનો વિરોધ થતાં તે રદ કર્યો. ત્યારબાદ નૌકાયાનના કાયન્ન, અયોગ્ય વેપારી કાયન્ન અને જકાતધારા દ્વારા અમેરિકન પ્રજાનું આર્થિક શોષણ કરવામાં આવ્યું જેના વિરોધમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીનાં ત્રણ વહાણોમાં ભરેલી ચાની પેટી દરિયામાં ફેંકી દીધી. આ બનાવ અમેરિકન ઇતિહાસમાં 'બોસ્ટન-ટી-પાર્ટી' તરીકે જાણીતો થયો. ત્યારબાદ અમેરિકન સંસ્થાનોની મુશ્કેલીનો વિચાર કરવા ફિલાડેલ્ફિયામાં ત્રણ પરિષદ મળી જેમાં સ્વતંત્રતાનું જાહેરનામું તૈયાર કરવામાં આવ્યું. સંસ્થાનોને સ્વતંત્ર

જાહેર કરાયાં. (ઈ.સ. 1776) ત્યારબાદ 6 વર્ષો સુધી અમેરિકા અને ઇંગ્લૅન્ડના સૈનિકો વચ્ચે દસ મોટાં યુદ્ધો થયાં. ઇંગ્લૅન્ડના સેનાપતિ લૉર્ડ કોર્નવૉલિસે શરણાગતિ સ્વીકારતાં યુદ્ધનો અંત આવ્યો. છેવટે પૅરિસની સંધિ (1783) પ્રમાણે અમેરિકન સંસ્થાનોનો સ્વતંત્ર સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે ઇંગ્લૅન્ડનો સ્વીકાર થયો. આ ક્રાંતિએ વિશ્વને સમવાયતંત્રી, પ્રજાતંત્રી અને પ્રમુખીય સરકાર, લેખિત બંધારણ, શાસનમાં પ્રજાની સંમતિનો સ્વીકાર, તથા સમાનતા-સ્વતંત્રતા તેમજ વ્યક્તિસ્વાતંત્ર્યની ભેટ આપી.

## ફ્રાંસની ક્રાંતિ (1789)

18મી સદીના અંતમાં ફ્રાંસ યુરોપના અન્ય દેશ કરતાં આગળ પડતો દેશ હતો. અહીં ઉદ્યોગ-વેપારનો વધારે વિકાસ થયો હોવા છતાં આપખુદ રાજાશાહી અને સામંતશાહીનાં અનેક અનિષ્ટો અહીં હતાં તેથી સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રમાં અરાજકતા હતી. વિવિધ પ્રકારના અન્યાય સહન કરતી પ્રજા હવે જાગૃત બની હતી તેના પરિણામે ન્યાય મેળવવા માટે ફ્રાંસની પ્રજાએ ક્રાંતિનો માર્ગ અપનાવ્યો.

અરાજકતા ભરેલા વાતાવરણમાં મોન્તેસ્ક, વૉલ્તેર, રુસો અને ડીડેરો જેવા ફ્રાંસના વિચારકોએ પ્રજાને વૈચારિક રીતે ક્રાંતિ માટે તૈયાર કર્યા. જેમાં મોન્તેસ્કે 'કાનૂનની ભાવના' પુસ્તક દ્વારા કાયન્ન અને બંધારણીય સ્વતંત્રતા, રુસોએ 'સામાજિક કરાર' પુસ્તક દ્વારા માનવમાત્રની સમાનતા તેમજ ડીડેરોએ વિશાળ વિશ્વકોષ દ્વારા કરવ્યવસ્થા, શાસન પદ્ધતિ અને ચર્ચના અધિકાર જેવા વિષયની સ્પષ્ટ સમજૂતી આપી.

ક્રાંતિના અંતે માનવહક્કનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું અને ફ્રાંસનું નવું બંધારણ ઘડાયું, લુઈ રાજાને પદભ્રષ્ટ કરી ફ્રાંસને પ્રજાસત્તાક જાહેર કરવામાં આવ્યું. રાજા (લુઈ 16મા) ને તથા તેની રાણીને દેહાંતદંડની સજા કરાઈ (1793). આ ક્રાંતિને પરિણામે સામંતશાહી મધ્યયુગનો અંત આવ્યો. પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ. ખેડૂતોને માલિકીહક્ક મળ્યા. પ્રજામાં એકતા અને રાષ્ટ્રીયતાનો ઉદ્‌ભવ થયો. સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના મહામૂલા સિદ્ધાંતની વિશ્વને ભેટ ધરી. આ ક્રાંતિએ ત્યારે ફ્રાંસ માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની પ્રજા માટે નૂતન યુગની શરૂઆત કરી. વિશ્વના પરાધીન દેશોને સ્વતંત્ર બનવાની, લોકશાહી વિચારોને સમજવાની પ્રેરણા આ ક્રાંતિએ આપી. ફ્રાંસમાં રાજાશાહીનો અંત આવતાં અન્ય યુરોપિયન સત્તાઓએ પ્રજાસત્તાક સામે યુદ્ધ જાહેર કર્યું પરંતુ તેમાં તેઓ સફળ થયા નહીં.

ક્રાંતિ બાદ ફ્રાંસમાં થોડા સમયમાં આંતરિક વિખવાદ અને હિંસાખોરીના કારણે પ્રજાસત્તાક શાસન બહુ લાંબો સમય સફળ થયું નહીં. ત્યારે નૅપોલિયન બોનાપાર્ટે ફ્રાંસમાં સરમુખત્યારશાહીની સ્થાપના કરી.

આમ છતાં મહાન આદર્શોને વરેલા આ રાષ્ટ્રે 75 વર્ષ બાદ પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરી. આ ક્રાંતિની સાચી સફળતા તેના આદર્શો અને સિદ્ધાંતોમાં રહેલી હતી તેથી તેની અસરો વિશ્વવ્યાપી બની.

## ઇટાલી અને જર્મનીના વિશિષ્ટ સંદર્ભમાં રાષ્ટ્રવાદનો ઉદય

## ઇટાલીનું એકીકરણ

રાષ્ટ્રવાદના ઉદયને લીધે ઇટાલી અને જર્મનીમાં એકીકરણ શક્ય બન્યું. ફ્રાંસની ક્રાંતિ સુધી માત્ર એક ભૌગોલિક વિસ્તાર ગણાતું. ઇટાલી અનેક નાનાંમોટાં રાજ્યોમાં વહેંચાયેલું હતું. ત્યાં ઑસ્ટ્રિયા અને રોમના પોપની સત્તા હતી. નૅપોલિયન ઑસ્ટ્રિયન સત્તાને ઇટાલીમાંથી નામશેષ કરી. ત્યાં રાષ્ટ્રીય એકતા સ્થાપવા ઇટાલીનાં બધાં રાજ્યોને એક કર્યાં. તેનાં બે સંઘ રાજ્યોની રચના કરીને ઇટાલીમાં રાષ્ટ્રીય એકતાનાં બીજ રોપ્યાં. પરંતુ નૅપોલિયન પછી વિયેના સંમેલને ઇટાલીમાં ફરી વખત નાનાંમોટાં રાજ્યોની સ્થાપના કરી ત્યાં રાજાશાહી સ્થાપી, ઇટાલીની એકતા અને સ્વતંત્રતાની ભાવનાને છિન્ન-ભિન્ન કરી નાંખી. પરિણામે ઇટાલી ફરીવાર ઉત્તર ઇટાલી અને દક્ષિણ ઇટાલીમાં વહેંચાઈ ગયું. જ્યાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઑસ્ટ્રિયાનો અંકુશ હતો. વિયેના સંમેલન સમયે કરેલી આ વ્યવસ્થા પ્રત્યે લોકોમાં ભારે નિરાશા અને અસંતોષ વધ્યો. (1820 થી

1830) કાર્બોનેટી નામની ગપ્ત ક્રાંતિકારી સંસ્થા દ્વારા ઇટાલીને ઑસ્ટ્રિયાના આધિપત્યમાંથી મુક્ત કરવાના પ્રયત્ન કર્યા પરંતુ સફળતા મળી નહીં.

ત્યારબાદ ઇટાલિયન રાષ્ટ્રવાદના પેગંબર ગણાતા મેઝિનીના નેતૃત્વ નીચે 'યંગ ઇટાલી' (યુવાન ઇટાલી) નામના સંગઠને કરેલા વિદ્રોહને ધારી સફળતા સાંપડી નહીં. ઇટાલીના એકીકરણના બીજા તબક્કામાં કાવૂરે ફ્રાંસ સમ્રાટ નૅપોલિયન ત્રીજાની મદદથી ઑસ્ટ્રિયા પાસેથી ઇટાલીના કેટલાક પ્રદેશો ખાલી કરાવ્યા. આ પ્રદેશો કાવુરે સાર્ડિનિયા સાથે જોડી દીધા.

ઇટાલીના એકીકરણના આખરી તબક્કામાં ગેરીબાલ્ડીએ મહત્ત્વનું કાર્ય કર્યું. તેણે પોતાના 'લાલ ખમીસધારી દળ' (સ્વયંસેવકો) સાથે ક્રાંતિકારીઓની મદદ કરી. ઈ.સ. 1860માં સીસીલીનો કબજો મેળવ્યો. આ સમયે નેપલ્સની જનતાએ પણ ગેરિબાલ્ડિને પોતાના નેતા તરીકે સ્વીકાર્યો જ્યાં તેણે બહુ જ ઓછા સમયમાં (માત્ર 5 માસ) વિકટર એમ્યુઅલ બીજાને એકીકૃત થયેલા ઇટાલીનો રાજા જાહેર કર્યો.

આમ, ઑસ્ટ્રિયાના આધિપત્યમાંથી રોમ સિવાયના તમામ પ્રદેશો મુક્ત કરાયા. (1866માં) પ્રશિયા સાથેના યુદ્ધમાં ઑસ્ટ્રિયાની હાર થઈ. આ સમયે ઇટાલીએ પોતાનો પ્રદેશ ઑસ્ટ્રિયા પાસેથી છીનવી લીધો. લોકમતના આધારે વેનિશિયાને ઇટાલીમાં ભેળવી દેવાયું (1870માં). રોમમાં રહેલા ફ્રેન્ચ લશ્કરને નૅપોલિયને પ્રશિયા સામે લડવા બોલાવ્યું. વિકટર ઈમેન્યુઅલે રોમ પર હુમલો કરી તેનો કબજો મેળવી તેને ઇટાલીમાં ભેળવી દીધું. અંતે (1871) વેટિકન શહેર રોમના પોપને નિવાસસ્થાન તરીકે આપી બાકીના રોમને ઇટાલીનું પાટનગર બનાવી દેવામાં આવ્યું.

ટૂંકમાં, ઇટાલીમાં ઉદ્ભવેલો રાષ્ટ્રવાદ મેઝિનીનું નૈતિક બળ, ગેરીબાલ્ડીની વીરતા, કાવુરની ઉચ્ચ પ્રકારની મુત્સદ્દીગીરી, વિકટર ઈમેન્યુઅલનાં ડહાપણ અને દેશપ્રેમ તેમજ ઇટાલીની જનતાના અપ્રતિમ ઉત્સાહ અને બલિન્નનનું સંયુક્ત પરિણામ હતું.

**જર્મનીનું એકીકરણ :**

જર્મનીમાં નૅપોલિયન બોનાપાર્ટે પોતાની સત્તા સ્થાપ્યા પછી ત્યાં સો જર્મન રાજ્યોનો એક સંઘ બનાવ્યો. દરેક રાજ્ય માટે એક સમવાયી માળખાની કાર્યપ્રણાલી અપનાવી, તેથી સમગ્ર જર્મનીમાં એકસમાન શાસન પ્રણાલિકા સ્થપાઈ. માત્ર ઑસ્ટ્રિયા અને પ્રશિયાને નેપોલિયને હજુ સ્વતંત્ર કર્યાં ન હતાં. તેણે સમવાયતંત્રની સામંતશાહીની જગ્યાએ ધાર્મિક સહિષ્ણુતા તથા કાનૂની સમાનતાનો ખ્યાલ રજૂ કર્યો. અહીં બધાં જ રાજ્યોની ભાષા જર્મની હતી.

જેનાના યુદ્ધમાં પ્રશિયા નેપોલિયનથી હાર્યું, તેથી જર્મન પ્રજામાં રાષ્ટ્રભાવના વધારે પ્રબળ બની. નેપોલિયનના પરાજય પછી વિયેના સંમેલને 39 રાજ્યો જ રાખ્યાં અને તેનો એક શિથિલ સંઘ બનાવ્યો. તેના પ્રમુખપદે ઑસ્ટ્રિયા તથા ઉપપ્રમુખપદે પ્રશિયાને રાખ્યું.

ત્યારબાદ (1834) 'ઝોલ્વરિન સંઘ' (આર્થિક જકાત સંઘ) રચ્યો જેમાં ઑસ્ટ્રિયા સિવાયનાં તમામ રાજ્યો હતાં જેનાથી જર્મનીના એકીકરણનું સ્વપ્ન સાકાર થશે તેવી આશા જન્મી. જર્મનીના એકીકરણનો યશ પ્રશિયાના મોટા જાગીરન્નર અને જર્મન લોખંડી પુરુષ બિસ્માર્કને આપી શકાય. તેણે ડેનિશ યુદ્ધ (1884) ઑસ્ટ્રિયા-પ્રશિયા યુદ્ધ (1886) તેમજ ફ્રાંસ-પ્રશિયા યુદ્ધ (1870) માં ઑસ્ટ્રિયા અને ફ્રાંસને પરાજિત કર્યાં. તેના પરિણામે ઑસ્ટ્રિયા, સ્પેન તથા ફ્રાંસને પોતાના જ પ્રદેશો ગુમાવવા પડ્યા. અંતે (1871) બિસ્માર્કની ચાણક્ય નીતિ દ્વારા જ જર્મનીનું એકીકરણ શક્ય બન્યું જેમાં પ્રશિયાના રાજાનો જર્મન સમ્રાટ તરીકે રાજ્યાભિષેક કર્યો. જર્મનીના એકીકરણના પરિણામે યુરોપમાં એક બળવાન રાષ્ટ્રની સ્થાપના થઈ, જેમાં રાજાશાહી અને લશ્કર મુખ્ય હતાં. બિસ્માર્કની લોહી અને તલવાર (રક્ત અને શસ્ત્ર)ની નીતિએ જર્મનીમાં લશ્કરવાદ અને સત્તાવાદને પોષણ આપ્યું જે અંતમાં વિશ્વવિગ્રહમાં પરિણમ્યું.

## ઇંગ્લૅન્ડમાં સંસદીય પદ્ધતિનો વિકાસ

ઇંગ્લૅન્ડમાં રક્તવિહીન ક્રાંતિ (1688) પછી સંસદીય લોકશાહીનો નવો યુગ શરૂ થયો. ક્રાંતિના અંતે પાર્લામેન્ટે પસાર કરેલો 'હક્કનો ખરડો' રાજા અને રાષ્ટ્ર વચ્ચેનો એક કરાર હતો. તેમાં કાયન્ન અને પ્રજાની સર્વોપરિતાનો સ્વીકાર થયો અને રાજાશાહીને બંધારણીય સ્વરૂપ મળ્યું. 'મ્યુટિની ઍક્ટ' અને 'સિવિલ ઍક્ટ' દ્વારા પ્રજાની સ્વતંત્રતા પર તરાપ મારતી રાજાની અબાધિત સત્તાનો અંત આવ્યો. ત્રિવાર્ષિક કાયન્ન દ્વારા વર્તમાનપત્રોને સ્વાતંત્ર્ય મળ્યું. ઍક્ટ ઑફ સેટલમેન્ટ દ્વારા પ્રજાને પોતાના હક્ક અને સ્વતંત્રતાનું કાયન્નકીય રક્ષણ મળ્યું. જ્યૉર્જ પહેલો ગાદીએ આવ્યો ત્યારે તેના અંગ્રેજી ભાષાના અજ્ઞાનનો લાભ લઈ પાર્લામેન્ટે ઉમરાવસભાને નિયંત્રિત કરી, નીચલા ગૃહ આમસભાની સર્વોપરિતા સ્થાપી. આ જ સમયે પાર્લામેન્ટના સાર્વભૌમત્વનો વિકાસ થયો. કૅબિનેટ અને પક્ષપદ્ધતિનું સ્વરૂપ સ્પષ્ટ બન્યું. સંસદ દ્વારા વડાપ્રધાનને વાસ્તવિક સત્તા આપવામાં આવી. 19મી સદીની શરૂઆતમાં બ્રિટનમાં કોઈપણ એકાધિકારવાદી રાજા અહીંની સંસદીય પદ્ધતિના વિકાસને અટકાવી શક્યો નહીં.

આમ છતાં મતાધિકાર અને સંસદમાં પ્રતિનિધિત્વની જે પ્રથા મધ્યકાળમાં હતી તે યથાવત્ રહી. કારણ કે પાર્લામેન્ટનાં બંને ગૃહો તથા સરકારમાં સમાજનો શ્રીમંત વર્ગ જ મત આપી શકતો. તેના પ્રતિનિધિઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉમરાવોના વર્ચસ્વ નીચે રહેતા એ દૃષ્ટિએ પાર્લામેન્ટમાં ઉમરાવોનું જ વર્ચસ્વ રહેતું. ત્યારબાદ લાંબી લડતના પરિણામે કાયન્નકીય રીતે મધ્યમ વર્ગનાં દરેક પુખ્તવયનાં સ્ત્રી-પુરુષોને ગુપ્તમતદાનનો અધિકાર મળ્યો. આમ, 20મી સદીની શરૂઆતમાં ઇંગ્લૅન્ડની શાસન પદ્ધતિને સંપૂર્ણ સંસદીય લોકશાહીનું સ્વરૂપ અપાયું.

## સમાજવાદી વિચારસરણીનો ઉદ્ભવ

'સમાજવાદી' શબ્દનો પ્રયોગ સૌપ્રથમ 'સોશિયાલિઝમ'માં ઇંગ્લૅન્ડના રોબર્ટ ઓવાનના સામયિક લેગ્લોબ નામની ફ્રેન્ચ પત્રિકામાં (1832) થયો.

સમાજવાદની ચોક્કસ વ્યાખ્યા કરવી મુશ્કેલ છે કારણ કે સમાજવાદી વિચારક ફ્રેડરિક લિસ્ટ અને થોમસ મૂડીવાદની ટીકા કરવા સાથે મધ્યયુગીન સામંતશાહીને આર્થિક ક્ષેત્રે માન્ય રાખતા ન હતા. સિસ્મોન્કીએ સમાજમાં ઊભી થતી વિસંવાદિતાની સમજ આપી તો પ્રુર્દોએ મજૂરોને જ માલિક ગણાવી માલિકને મળતું ભાડું, વ્યાજ, નફો વગેરે આપવાનો વિરોધ દર્શાવ્યો. થોમસ કાર્લાઈલ માલિક મજૂર વચ્ચેના સહકારને જરૂરી જણાવે છે. જોનગ્રેએ શ્રમજીવી સિવાયના અનઉત્પાદક વર્ગોને સમાજમાં ભારરૂપ ગણાવ્યા છે. સેન્ટ સિયોન અને કુરિઓ સામૂહિક માલિકીના હિમાયતી હતા. તેની સાથે વ્યક્તિગત સુખ અને તે માટે ઉત્પાદન પર સામાજિક અંકુશના સમર્થક હતા. આ માટે આર્થિક અને સામાજિક બંધારણનું આયોજન રાજ્ય દ્વારા થવું જોઈએ. આમ દરેક વિચારકોએ સમાજવાદ માટે પોતાના અલગ અલગ વિચારો રજૂ કર્યા છે. ટૂંકમાં કહીએ તો ''ઉત્પાદનનાં સાધનો પર વ્યક્તિગત માલિકીના સ્થાને સાર્વજનિક માલિકીના હક્કના સ્વીકારનો સિદ્ધાંત સમાજવાદના પાયામાં છે.''

સમાજવાદી ચળવળના આત્મા જેવી ટ્રેડયુનિયનના આંદોલનની પ્રવૃત્તિને રૉબર્ટ ઓવને નેતૃત્વ પૂરું પાડ્યું. તેનાં આંદોલનોનું સ્વરૂપ મૂડીવાદ સાથે સંઘર્ષના બદલે સમાધાન અને હિંસાની જગ્યાએ સમજાવટથી હૃદયપરિવર્તનનું હતું. તેણે શ્રમ કે કામન્નરની સરકારી પ્રવૃત્તિનો વિકાસ કર્યો, શ્રમ કલ્યાણના કાયન્નને માન્યતા અપાવી, ચળવળને સફળ બનાવી. આમ સમાધાન અને સમજાવટમાં માનનાર ઓવન જેવા લીએન કાર્લ, સેન્ટ સાઈમન અને કુર્ટો જેવા સમાજવાદી નેતાઓને કાર્લ માર્ક્સ જેવા સમાજવાદી, સામ્યવાદી ચિંતકો તરંગી કહેતા. આમ છતાં સમાજવાદમાં તેણે આપેલ પ્રન્નનનો માર્ક્સે પણ સ્વીકાર કર્યો છે.

સામાન્ય રીતે આ સમયે મૂડીવાદી વિચારસરણીનો વિરોધ કે ટીકા કરનાર તમામને સમાજવાદી ગણવામાં

આવતા. માર્ક્સને પણ એક મહત્ત્વના સમાજવાદી વિચારક ગણવામાં આવે છે. તેણે દરેક વ્યક્તિ માટે 'સામ્યવાદ'ને શ્રેષ્ઠ માન્યો. તેના અનુયાયીઓ પોતાને સમાજવાદથી અલગ સામ્યવાદી કહેવડાવે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) નવજાગૃતિ માટે કયાં પરિબળો જવાબદાર હતાં ?

(2) ધર્મસુધારણાનું સ્વરૂપ જણાવો.

(3) નવજાગૃતિ કાળનાં વૈજ્ઞાનિક સંશોધનો ટૂંકમાં જણાવો.

(4) ફ્રેન્ચ ક્રાંતિનાં પરિણામો જણાવો.

(5) સમાજવાદી વિચારસરણીના ઉદ્ભવ અને વિકાસ વિષે ટૂંકમાં લખો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) નવજાગૃતિ એટલે શું ?

(2) પ્રતિ ધર્મસુધારણા એટલે શું ?

(3) નિકોલસ કોપરનિક્સે ટોલેમીની કઈ માન્યતાનું ખંડન કર્યું ?

(4) નૌકાયાન શાસ્ત્રની શાળા કોણે અને શા માટે સ્થાપી ?

(5) અમેરિકન ક્રાંતિએ વિશ્વને કયા નવા રાજકીય વિચારોની ભેટ આપી ?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) 'મોનાલીસા' અને 'લાસ્ટ સપર'ના કર્તા કોણ હતા ?

(અ) રાફેલ (બ) મિલ્ટન (ક) લીઓનાર્દો-દ-વિન્સી (ડ) મેડોના

(2) સોસાયટી ઑફ જિસસના સભ્યો કોણ હતા ?

(અ) જેસ્યુઈટ (બ) જેરૂસલેમ (ક) પોપ પોલ (ડ) વેસ્પુચી

(3) યંગ ઈટાલીના નેતા કોણ હતા ?

(અ) ગેરીબાલ્ડી (બ) જ્હૉન હસ (ક) મેઝિની (ડ) વિકલીફ

(4) બોસ્ટન-ટી-પાર્ટીનો બનાવ કઈ ક્રાંતિ સાથે સંકળાયેલ છે ?

(અ) અમેરિકન ક્રાંતિ (બ) ફ્રેન્ચ ક્રાંતિ (ક) ઇંગ્લૅન્ડ ક્રાંતિ (ડ) રશિયન ક્રાંતિ

(5) જર્મનીના લોખંડી પુરુષ કોણ હતા ?

(અ) હિટલર (બ) મુસોલિની

(ક) બિસ્માર્ક (ડ) નૅપોલિયન બોનાપાર્ટ

•

# 12 19મી સદીના અંતે વિશ્વની સ્થિતિથી પ્રથમ વિશ્વયુદ્ધના અંત સુધી

## પ્રથમ વિશ્વયુદ્ધ

પ્રથમ વિશ્વવિગ્રહને 20મી સદીની વિશ્વની શકવર્તી કે યુગપ્રવર્તક ઘટનાઓની યાદીમાં અગ્રસ્થાને જરૂર મૂકી શકાય. (1914-18) આ યુદ્ધની અસર સામાન્ય લોકો સુધી થઈ હતી. સૈનિકોની જેમ સામાન્ય નાગરિક પણ આ યુદ્ધનાં વિનાશક શસ્ત્રોના ભોગ બન્યા હતા. તેનાં કારણો અજોડ અને પરિણામો યુગપ્રવર્તક હતાં. તે એક ઐતિહાસિક યુગનો અંત અને નવા યુગની શરૂઆતનો સંકેત આપતાં હતાં. આવી અભૂતપૂર્વ ઘટના પાછળ કોઈ એકમાત્ર કારણ જ જવાબદાર ન હોઈ શકે, આ પૈકીનાં કેટલાંક કારણો વિવેચકો નીચે પ્રમાણે દર્શાવે છે.

## પ્રથમ વિશ્વયુદ્ધનાં કારણો

**ઉગ્ર સંકુચિત અને વિકૃત રાષ્ટ્રવાદ :** 19મી સદીમાં વિકસિત થયેલા રાષ્ટ્રવાદે પ્રથમ વિશ્વયુદ્ધ માટેની પાયાની ભૂમિકા તૈયાર કરી. શરૂઆતનાં વર્ષોમાં ઉદાર રાષ્ટ્રવાદને કારણે ગ્રીસ, ઇટાલી, જર્મની વગેરેમાં સ્વતંત્ર રાષ્ટ્રોનું સર્જન થયું. ઔદ્યોગિક ક્રાંતિના પરિણામે ઉદાર રાષ્ટ્રવાદે ઉગ્ર અને સંકુચિત રાષ્ટ્રવાદનું સ્વરૂપ લીધું. યુરોપનાં મોટાભાગનાં રાષ્ટ્રો અને અન્ય રાષ્ટ્રના ભોગે પણ પ્રગતિ સાધવાનાં પ્રવૃત્ત થયાં. યુરોપનાં દરેક રાષ્ટ્રોની આ સ્વાર્થી ભાવનાએ ઉગ્ર રાષ્ટ્રવાદનું સ્વરૂપ ધારણ કરતાં આ મહાયુદ્ધનો ઉદ્ભવ થયો.

**સામ્રાજ્યવાદ :** યુરોપમાં ઉદ્ભવેલી ઔદ્યોગિક ક્રાંતિએ મૂડીવાદ, સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદને જન્મ આપ્યો. આ માટે યુરોપનાં રાષ્ટ્રોએ એશિયા અને આફ્રિકાનાં રાષ્ટ્રોમાં સામ્રાજ્યવાદી પ્રવૃત્તિ શરૂ કરી. ઉદ્યોગો માટે જરૂરી કાચોમાલ તથા તૈયાર માલના બજારનો એકાધિકાર પ્રાપ્ત કરવા માટે દોડ શરૂ કરી. તેને લીધે જે પ્રભાવક્ષેત્રો મળ્યાં ત્યાં પોતાની સત્તા સ્થાપવા માટેના સંઘર્ષો યુરોપીય રાષ્ટ્રો વચ્ચે શરૂ થયા.

**લશ્કરવાદ :** યુરોપના દરેક રાષ્ટ્રને ઉગ્ર રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદની દોડમાં સફળ થવા માટે કે ટકી રહેવા માટે શસ્ત્રસજ્જ થવું અને ખાસ કરીને નૌકાદળમાં વધારો કરવાનું અનિવાર્ય બન્યું હતું. આ ઉગ્ર રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યવાદના પરિણામે વિશ્વ મહાયુદ્ધ તરફ ધકેલાયું. આવા સમયે દરેક રાષ્ટ્રે પોતાના સ્વબચાવ માટે લશ્કરી સજ્જતામાં વધારો કરવો પડે તેમ હતું.

**પ્રાદેશિક સંઘર્ષ :** વિયેના કૉંગ્રેસ (1815) દ્વારા થયેલ પ્રદેશોની અયોગ્ય વહેંચણી પ્રત્યે રાષ્ટ્રવાદના કારણે સરહદો બાબતે અસંતોષ ઊભો થયો હતો. જર્મની, ઇટાલી, બેલ્જિયમ વગેરે રાષ્ટ્રોએ પોતાની તાકાતનો દર વધારવા પ્રદેશો જીતીને એકીકરણ કર્યું હતું. તેના પગલે ઑસ્ટ્રિયાએ પણ 'સ્લાવ' લોકોના વસવાટવાળાં રાજ્યો પર પોતાનો દાવો રજૂ કર્યો હતો. રશિયા પણ બાલ્કનની સામુદ્રધુની પર કબજો મેળવવા ઇચ્છતું હતું. આ પ્રાદેશિક સંઘર્ષ પરસ્પરની શાંતિ માટે પડકારરૂપ હતો.

**ગુપ્તસંધિઓ અને રાષ્ટ્રોની જૂથબંધીઓ :** ગુપ્તસંધિઓ અને રાષ્ટ્રોની જૂથબંધીએ દરેક રાષ્ટ્ર વચ્ચે ચિંતા અને શંકાનું સર્જન કર્યું. જેની શરૂઆત બિસ્માર્કે કરી હતી. જેના સમય દરમિયાન અને તે પછી પણ યુરોપના રાજકારણમાં જર્મની ઑસ્ટ્રિયા વચ્ચે 'દ્વિરાજ્ય સંધિ' (1879) થઈ. તેની સામે રશિયા-ફ્રાંસ વચ્ચે મૈત્રી સંમેલન (1994), ફ્રાંસ ઇટાલી વચ્ચે મૈત્રી સમજૂતી (1902), ઇંગ્લૅન્ડ અને ફ્રાંસ વચ્ચે મૈત્રીકરાર (1904), ઇંગ્લૅન્ડ-રશિયા વચ્ચે મૈત્રીસંધિ (1907) તથા રશિયા અને બાલ્કન રાષ્ટ્રો વચ્ચેના સંધિકરારો વગેરે સંધિઓ શરૂ થઈ.

આ ઉપરાંત પણ વિવિધ દેશોના રાજપુરુષો અને મુત્સદ્દીઓ વચ્ચે ગુપ્ત મુલાકાતો, ગુપ્ત વાટાઘાટો અને ગુપ્ત પત્ર-વ્યવહાર થયાં હતાં. કદાચ તેમનો હેતુ આક્રમણો કે સામા જૂથને નુકસાન પહોંચાડવાનો નહીં હોય. આમ છતાં તેના કારણે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શંકા અને ભયનું વાતાવરણ ઊભું થયું હતું.

**વર્તમાનપત્રોની વિઘાતક (ઝેરી) અસર :** આ સમયનાં વર્તમાનપત્રો પોતાની નીતિના કારણે બે રાષ્ટ્ર વચ્ચેના મતભેદો કે ઝઘડાની અતિશયોક્તિભરી માહિતી આપીને કે તેના પર ટીકા-ટિપ્પણી કરીને અથવા તો લેખો દ્વારા વળતા પ્રહારો કરીને લોકોની રાષ્ટ્રીય લાગણીને ઉશ્કેરતાં.

**જર્મનીની મહત્ત્વાકાંક્ષા :** જર્મની સામ્રાજ્યવાદી રાષ્ટ્ર બનવાની હરીફાઈમાં પાછળ હતું. તે ઇંગ્લૅન્ડ જેવું મહાન સામ્રાજ્ય બનવાની મહેચ્છા ધરાવતું હતું. દુનિયામાં જર્મનીને અગ્રસ્થાન અપાવવા માટે અત્યંત મહત્ત્વાકાંક્ષી રાજા કૈસર વિલિયમે જર્મનીના કારખાનાંઓમાં શસ્ત્રોનું ઉત્પાદન વધારવા માંડ્યું હતું. યુદ્ધ માટે જરૂરી સૈનિકો અને નૌકાકાફલાને પણ તૈયાર કર્યો હતો. સમગ્ર દુનિયામાં જર્મની જ અગ્રસ્થાને છે તેવી વારંવાર ઘોષણા કરીને તે વિશ્વમાં ભય અને ઉત્તેજના ફેલાવતો હતો.

**શક્તિશાળી મધ્યસ્થ સંસ્થાનો અભાવ :** યુરોપનાં રાષ્ટ્રો પોતાની મહત્ત્વાકાંક્ષા સંતોષવા કે પોતાની મરજીથી દોરવાઈને મનસ્વી રીતે વર્તન કરતાં ત્યારે તેમના પર અંકુશ મૂકે તેવી કોઈ શક્તિશાળી મધ્યસ્થ સંસ્થા ન હતી, જેને પ્રથમ વિશ્વયુદ્ધ માટેનું 'નકારાત્મક' કારણ ગણાવી શકાય. 'હેગ' પરિષદ (ઈ.સ. 1898-1907)ના પરિણામે આંતરરાષ્ટ્રીય અદાલતની સ્થાપના થઈ હતી. પરંતુ તેના ચુકાદાનો બન્ને પક્ષ પાસે સ્વીકાર કરાવવા જેટલી તેમની પાસે સત્તા કે શક્તિ ન હતાં. આંતરરાષ્ટ્રીય ઝઘડાઓનું નિરાકરણ, પ્રશ્નોના ઉકેલ કે સમસ્યાનું સમાધાન કરી શકે તેટલી ક્ષમતા પણ તેની પાસે કદાચ ન હતી. આમ આ સમયે જેની તટસ્થતામાં સૌને વિશ્વાસ હોય તેવી મધ્યસ્થ સત્તા કે સંસ્થાના અભાવે રાષ્ટ્ર વચ્ચેની તંગદિલી દૂર કરી શકાય નહીં.

**તાત્કાલિક કારણ/ ઑસ્ટ્રિયાના ગાદીવારસની હત્યા :** ઑસ્ટ્રિયાનો ગાદીવારસ આર્કડયૂક ફર્ડિનાન્ડ તેની પત્ની સાથે ખુલ્લી બગીમાં લશ્કરી કવાયતનું નિરીક્ષણ કરવા જતા હતા (28 જૂન 1914) ત્યારે બોસ્નિયાના પાટનગર સારાજેવોમાં બન્નેની હત્યા થઈ. આ હત્યા પાછળ સર્બિયાનો હાથ હોવાનો આરોપ ઑસ્ટ્રિયાની સરકારે સર્બિયા પર મૂક્યો. સર્બિયાએ આ બાબતે માફી માગી પરંતુ તેનો અસ્વીકાર કરીને ઑસ્ટ્રિયાએ સર્બિયા સામે યુદ્ધ જાહેર કર્યું. ઑસ્ટ્રિયાના મિત્ર જર્મનીએ ફ્રાંસ અને રશિયા સામે યુદ્ધ જાહેર કર્યું. જર્મનીએ ફ્રાંસ પહોંચવા માટે તટસ્થ બેલ્જિયમ પાસે તેના પ્રદેશમાંથી પસાર થવાની પરવાનગી માગી પરંતુ તે ન મળવા છતાં જર્મન લશ્કરે બેલ્જિયમમાં પ્રવેશ કર્યો. જર્મનીના આ આંતરરાષ્ટ્રીય સમજૂતીના ભંગને રોકવા માટે ઇંગ્લૅન્ડે પણ યુદ્ધમાં પ્રવેશતાં (5 ઑગસ્ટ, 1914) વિશ્વ બે જૂથોમાં વહેંચાઈ ગયું અને વિશ્વના ઇતિહાસમાં પ્રથમ વિશ્વયુદ્ધની શરૂઆત થઈ.

**યુદ્ધની ઘટનાઓ :** પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન સમગ્ર વિશ્વ મિત્ર રાષ્ટ્રો અને ધરી રાષ્ટ્રો એવાં બે જૂથમાં વહેંચાઈ ગયું. મિત્ર રાષ્ટ્રોમાં અમેરિકા, ફ્રાંસ, ઇંગ્લૅન્ડ, રશિયા, સાર્બિયા, પોર્ટુગલ, ઇટાલી, જાપાન, ગ્રીસ, રૂમાનિયા અને ધરી રાષ્ટ્રોમાં જર્મની, ઑસ્ટ્રિયા, હંગેરી, બલ્ગેરિયા અને તુર્કી હતાં. ઘણા લાંબા સમય સુધી ઇટાલી તટસ્થ હતું પરંતુ યુદ્ધમાં મિત્ર રાષ્ટ્રોનો વિજય નિશ્ચિત જણાતાં તે મિત્ર રાષ્ટ્રોના જૂથમાં જોડાયું હતું. ઇટાલી અને ઑસ્ટ્રિયા વચ્ચેના યુદ્ધમાં જર્મનીની મદદથી ઑસ્ટ્રિયાએ ઇટાલીને હરાવ્યું. મિત્ર રાષ્ટ્રોના સર્બિયાને પણ જર્મનીએ બલ્ગેરિયાની મદદ લઈ હંફાવ્યું. રૂમાનિયા પર જર્મનીએ સત્તા મેળવી મિત્ર રાષ્ટ્રોની સતત પીછેહઠના કારણે મિત્ર રાષ્ટ્રોએ જર્મનીને સમુદ્ર માર્ગે ખોરાક તથા, અન્ય જરૂરી માલની મદદ મળતી હતી તે અટકાવી. મિત્ર રાષ્ટ્રોને વળતા જવાબરૂપે જર્મનીએ તેમનાં વહાણો ડૂબાડી દેવા સબમરીનયુદ્ધ કર્યું તેમજ ઝેરી ગૅસ વાપરવાનું શરૂ કર્યું ત્યારે ઇંગ્લૅન્ડે પણ ટૅન્કયુદ્ધ શરૂ કર્યું.

શરૂઆતમાં મિત્ર રાષ્ટ્રોની પીછહઠ થવા છતાં (1916) મિત્ર રાષ્ટ્રોનું પલ્લું ભારે થવા લાગ્યું. આજ સુધી તટસ્થ રહેલા દેશોનાં માલજહાજો ડૂબાડી દેવાનું જર્મનીએ જાહેર કરતાં જ અમેરિકાએ જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું. યુદ્ધમાં જર્મની સામે રશિયાની પીછેહઠ થતાં 1917માં રશિયાના ઝાર નિકોલસ બીજાએ ગાદીત્યાગ કર્યો. બલ્ગેરિયાએ શસ્ત્રો હેઠાં મૂક્યાં તથા તુર્કીએ આત્મસમર્પણ કર્યું. ઑસ્ટ્રિયા પણ શસ્ત્રો હેઠાં મૂકી યુદ્ધમાંથી ખસી

ગયું. પરિણામે ધરી રાષ્ટ્રોના જૂથમાં જર્મની એકલું પડી જતાં જર્મની યુદ્ધના દરેક ક્ષેત્રે હારવા લાગ્યું. યુદ્ધથી થાકેલી જર્મન પ્રજાએ રાજા વિલિયમની ગાદીત્યાગની માંગણી કરી. ભૂમિમોરચે અને દરિયામોરચે સતત પરાજય થતાં જર્મન સૈનિકોએ (11 નવેમ્બર, 1918) મિત્ર રાષ્ટ્રો સામે આત્મસમર્પણ કર્યું અને પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો.

આમ જે યુદ્ધ શરૂઆતમાં માત્ર ઑસ્ટ્રિયા અને સર્બિયા વચ્ચેનો એક 'સ્થાનિક સંઘર્ષ' મનાતું હતું તે વિશ્વયુદ્ધમાં પરિણમ્યું. ખરેખર આ મહાયુદ્ધે વિશ્વના મોટા ભાગના દેશોએ જેમાં કોઈ ને કોઈ સ્વરૂપે ભૂમિકા ભજવી હોય તેવું માનવઇતિહાસનું સૌપ્રથમ યુદ્ધ હતું.

**પ્રથમ વિશ્વયુદ્ધનાં પરિણામો**

**પૅરિસની શાંતિપરિષદ :**

પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયા પછીના વર્ષે (18 જાન્યુઆરી, 1919) ફ્રાંસના પાટનગર પૅરિસમાં વર્સેલ્સના 'આયના મહેલ' માં યુદ્ધમાં વિજેતા બનેલાં મિત્ર રાજ્યોની પરિષદ મળી. જેનો હેતુ પ્રથમ વિશ્વયુદ્ધમાં પરાજિત રાજ્યો સાથે શાંતિ સંધિની શરતો વિચારવા તેમજ યુરોપની પુનર્વ્યવસ્થા વિશેનો હતો. પૅરિસની આ શાંતિપરિષદે વર્સેલ્સની તથા અન્ય શાંતિસંધિઓ કરી જેનાથી યુરોપમાં અનેક રાજકીય ફેરફારો થયા. ખાસ કરીને પરાજિત રાષ્ટ્રો સાથે કરવામાં આવેલી વિવિધ સમજૂતીઓમાં મહાસત્તાઓના હિતને જ ધ્યાનમાં રાખવામાં આવ્યું હતું. પૅરિસની આ શાંતિપરિષદમાં થયેલ વર્સેલ્સની સંધિ પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ વચ્ચેના સમયમાં સૌથી મહત્ત્વની સંધિ ગણાય છે.

**વર્સેલ્સની સંધિ (28 જૂન, 1919) :**

આ સંધિને ઘડવામાં અમેરિકન પ્રમુખ વુડ્રોવિલ્સન, બ્રિટિશ વડાપ્રધાન લૉઈડ જ્યૉર્જ અને ફ્રાંસના વડા કલેમેન્સોએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ખાસ કરીને ફ્રાંસના પ્રાદેશિક દાવાઓ, ઇટાલીની કેટલીક માંગણીઓ તેમજ સંસ્થાનોના પ્રશ્નોના ઉકેલ શોધવાનો પ્રયાસ થયો હતો. જેમ કે, યુદ્ધદંડ, નિઃશસ્ત્રીકરણ, લશ્કર, પ્રાદેશિક વ્યવસ્થા, યુદ્ધવળતર મેળવવાની જોગવાઈઓ વગેરેનો સમાવેશ થતો હતો. જર્મની માટે આ સંધિ અત્યંત કડક, ક્રૂર, કઠોર અને વેરવૃત્તિભરી હતી. સમગ્ર યુદ્ધ માટે માત્ર જર્મની જ જવાબદાર હોય તે રીતે તેના પર અન્યાય, અપમાનજનક રીતે 6.6 અબજ પાઉન્ડનો યુદ્ધદંડ લાદવામાં આવ્યો હતો જેનાથી જર્મનીએ ખનીજ સંપત્તિવાળા અનેક પ્રદેશો ગુમાવવા પડ્યા હતા. અન્ય પ્રજાઓની રાષ્ટ્રીયતાનો ખ્યાલ રાખીને તેમને બહુમતીવાળા પ્રદેશો આપવામાં આવ્યા હતા, જ્યારે જર્મની પાસેથી ઊલટું જર્મન વસ્તીવાળા પ્રદેશો લઈ લેવામાં આવ્યા હતા.

ટૂંકમાં, આ સંધિ બળની ધમકી નીચે કરાવવામાં આવી હતી. તેને પરસ્પરની સમજૂતી કે સહાનુભૂતિનો ટેકો ન હતો, આ સંધિ જાણે વિજેતા રાષ્ટ્રોને પરાજિત રાષ્ટ્રોને લૂંટી લેવાનો હક આપતી હતી. તે જંગલિયતભર્યા સિદ્ધાંત પર રચાયેલી હતી. તેથી જ કેટલાક વિવેચકો પ્રથમ વિશ્વયુદ્ધ માટે જેમ ફ્રૅંકફર્ટની સંધિ(1871)ને જવાબદાર ગણાવી છે તેમ બીજા વિશ્વયુદ્ધ માટે આ વર્સેલ્સની સંધિ (1919) ને માને છે. લૉર્ડ બ્રાઈસે કહ્યું હતું તેમ, ''શાંતિ માત્ર સંતોષથી જ આવી શકે, આ સંધિઓથી અસંતોષ જ ઊભો થશે અને તેનું પરિણામ ક્રાંતિ કે યુદ્ધમાં જ આવશે.'' પછીનાં વીસ વર્ષમાં જ તેની આગાહી સાચી પડવાની હતી અને વિશ્વ ફરી વખત દ્વિતીય વિશ્વયુદ્ધની જ્વાળાઓમાં જ સપડાયું હતું.

પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મની ઉપરાંત પરાજિત થયેલાં રાષ્ટ્રો માટે આ શાંતિપરિષદ (ઈ.સ. 1919 થી 1920) દરમ્યાન ઑસ્ટ્રિયા સાથે જર્મની સંધિ, બલ્ગેરિયા સાથે ન્વીલીની સંધિ, હંગેરી સાથે ટ્રિયાનોની સંધિ તેમજ તુર્કી સાથે સેવ્રેની સંધિ કરવામાં આવી હતી.

વિવેચકોના મતે ''પૅરિસની શાંતિ પરિષદ રાજનીતિજ્ઞોની મહાન નિષ્ફળતા હતી.'' કારણ કે તેનાથી વિજેતાઓ અને પરાજિતો બંનેને અસંતોષ રહ્યો હતો અને ભાવિ પેઢી માટે વિષમ વાતાવરણ પેદા થયું હતું.

**જાનહાનિ :**

આ પહેલાં આટલી મોટી સંખ્યામાં માનવો યુદ્ધમાં સામેલ નહોતા થયા. તેથી માનવહાનિ પણ મોટા પ્રમાણમાં થઈ. યુદ્ધમાં ટૅન્ક, ઝેરી ગૅસ, બૉમ્બ, હાથબૉમ્બ, સબમરીનો, ઍરોપ્લેનો વગેરે અનેક નવાં અને ભયાનક શસ્ત્રોનો ઉપયોગ થયો હતો. પરિણામે મોટા પ્રમાણમાં જાનહાનિ તથા ધનહાનિ થઈ હતી. એવી ગણતરી કરવામાં આવે છે કે કુલ મળીને 30 રાષ્ટ્રોના 80 લાખ કરતાં વધારે લોકો માર્યા ગયા હતા. 3 કરોડ ઘાયલ થયા અથવા કેદ થયા કે ગુમ થયા હતા.

**રાજકીય :**

પ્રથમ વિશ્વયુદ્ધના પરિણામે વિશ્વ પરના યુરોપના આધિપત્યનો અંત આવ્યો. એશિયા આફ્રિકામાં સ્વતંત્રતા, લોકશાહી અને રાષ્ટ્રવાદની શરૂઆત થઈ. અહીંની પ્રજાને સામ્રાજ્યવાદી માલિકોનો સામનો કરવાની પ્રેરણા મળી. ઇટાલીમાં ફાસીવાદ, જર્મનીમાં નાઝીવાદનો જન્મ થયો. જાપાને લશ્કરવાદના સહારે વિશ્વની મહાસત્તાઓમાં સ્થાન મેળવવાનો પ્રયત્ન કર્યો. અમેરિકાએ યુદ્ધના અંતે યુરોપનાં વિજેતા કે પરાજિત એવાં અનેક રાષ્ટ્રોને પુનઃ સ્થાપના માટે આર્થિક મદદ કરી જેનાથી યુરોપમાં તેની પ્રતિષ્ઠા વધી. ટૂંકમાં, આંતરરાષ્ટ્રીય સંબંધોના વિકાસને પ્રથમ વિશ્વયુદ્ધમાં મહત્ત્વનું રાજકીય પરિણામ ગણાવી શકાય.

**આર્થિક :**

આ યુદ્ધમાં અત્યંત ધનહાનિ થઈ હતી. વિદ્વાનોના મતે ખર્ચનો હિસાબ ગણીએ તો બધો મળીને 560 કરોડ પાઉન્ડનો ખર્ચ થયો હતો. ઉપરાંત પરોક્ષ રીતે મિત્ર રાષ્ટ્રો અને ધરી રાષ્ટ્રોને થયેલી નુકસાનીનો કોઈ હિસાબ જ મૂકી શકાય તેમ નથી. યુદ્ધના કારણે જીવનજરૂરિયાતની ચીજવસ્તુનું ઉત્પાદન ઓછું થયું, ભાવવધારો થયો, નાણાંની કિંમત ઘટી, વેપાર-ઉદ્યોગ અસ્તવ્યસ્ત થઈ ગયા. રાષ્ટ્રીય દેવાને પહોંચી વળવા પ્રજા પર આકરા કરવેરા લાદવામાં આવ્યા. યુરોપ તથા વિશ્વના અનેક દેશોમાં મહામંદી (1929)નું મોજું ફરી વળ્યું હતું. તેને પણ પ્રથમ વિશ્વયુદ્ધનું પરિણામ ગણાવી શકાય.

**સામાજિક :**

સામાજિક ક્ષેત્રે કેટલાંક ક્રાંતિકારી કહી શકાય તેવાં પરિણામ આવ્યાં છે. યુદ્ધમાં મોટી સંખ્યામાં પુરુષો માર્યા ગયા. સમાજમાં સ્ત્રીઓની સંખ્યા વધી ગઈ. નોકરી, વ્યાપાર, ધંધાઓ સંભાળવાની જવાબદારી સ્ત્રીને શિરે આવી. તેથી સ્ત્રીઓમાં આત્મવિશ્વાસ અને આત્મસન્માનની ભાવના વિકસી. સમાજમાં સ્ત્રીઓનું સ્થાન મહત્ત્વનું બન્યું. દરેક દેશોમાં સ્ત્રીમતાધિકાર માટેની માંગણી માટેનાં આંદોલનો થવા લાગ્યાં.

સ્ત્રીઓની જેમ મજૂરોનું મહત્ત્વ વધ્યું. મજૂરચળવળને વેગ મળ્યો. મજદૂરો જાગૃત બન્યા. મજૂરપક્ષો સ્થપાયા. રાજકીય પક્ષમાં તેમનું મહત્ત્વ વધ્યું.

ટૂંકમાં, પ્રથમ વિશ્વયુદ્ધ પરિણામની દૃષ્ટિએ માત્ર યુરોપના ઇતિહાસનો જ નહીં પરંતુ વિશ્વઇતિહાસનો પણ એક યુગપ્રવર્તક બનાવ હતો તેમ કહી શકાય.

**ભારતમાં પ્રથમ વિશ્વયુદ્ધની અસર**

બ્રિટિશ સામ્રાજ્યના એક ભાગ તરીકે બેશક ભારત સીધી રીતે મહાયુદ્ધમાં સંડોવાયું ન હતું તેથી ભારત પર પણ તેની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અસર થઈ હતી. મિત્ર રાષ્ટ્રોને મદદ કરવા માટે ભારતની સાધનસામગ્રીનો ઉપયોગ કરવામાં આવતો. યુદ્ધમાં માણસો, રોકડ નાણાંની મદદ લેવામાં આવતી તેને હિંદ તરફની ભેટ તેઓ ગણતા.

યુદ્ધ દરમિયાન અન્ય દેશોની જેમ ભારતનો વેપાર પણ બિલકુલ ખોરવાઈ ગયો. ભારતને પોતાની જરૂરિયાતો પોતે પૂરી કરવાની ફરજ પડી. પરિણામે ભારતમાં સૂતર અને શણ જેવા જૂના ઉદ્યોગો તેમજ યુદ્ધસમયના નવા ઉદ્યોગો ઝડપથી વધ્યા. સરકારે આજ સુધી જેની ઉપેક્ષા કરી હતી તે તાતાનું લોખંડ પોલાદનું કારખાનું મહત્ત્વનું બન્યું. પરદેશમાંથી સંચાઓ અને યંત્રોની આયાત વધી. વિદેશી માલની હરીફાઈના અભાવે મૂડીદારોએ નફાનું પ્રમાણ વધાર્યું. મજૂરીના દર વધ્યા. જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ મોંઘી બની તેથી મજૂરોની આર્થિક સ્થિતિ ઊલટાની બગડી.

યુદ્ધમાં ભારતના જમીનદારોને ગણોતિયામાંથી સૈનિકો પૂરા પાડવાની ફરજ પાડી ખાસ કરીને પંજાબમાંથી બળજબરીપૂર્વક ભરતી કરવામાં આવી પરિણામે બ્રિટિશ સરકાર તરફ રોષ ફેલાયો.

બુદ્ધિજીવી ખાસ કરીને બુદ્ધિજીવી બેકારોએ ઇંગ્લૅન્ડની મુશ્કેલીને પોતાના દેશ માટેનો સુઅવસર ગણાવ્યો. તેઓએ નિષ્ક્રિયતા છોડી સ્વરાજ માટેની વિવિધ માંગણીઓ શરૂ કરી. લોકમાન્ય ટિળકે જેલમાંથી બહાર આવી 'હોમરૂલ લિગ'ની સ્થાપના કરી. બીજી હોમરૂલ લિગની સ્થાપના ઍની બેસન્ટે કરી જેણે બ્રિટિશ સત્તાનો વિરોધ કરવા લોકોને જાગૃત કર્યા.

ટૂંકમાં, ગોપાલકૃષ્ણ ગોખલે, લોકમાન્ય ટિળક, બિપિનચંદ્ર પાલ, શ્રીમતી ઍની બેસન્ટ જેવા ક્રાંતિકારીઓની નેતાગીરી નીચે ભારતમાં સ્વરાજ માટેની માંગણી વધી તેથી બ્રિટિશ સરકારે અનેક સુધારા માટેનાં વચનો આપ્યાં. હિંદમાં તપાસકાર્ય શરૂ કર્યું. વાઈસરૉય અને હિંદ વજીરના અહેવાલોમાં કેટલાક સુધારાઓ અને ફેરફારો સૂચવાયા જેને હિંદી વજીર અને વાઈસરૉયના નામ પરથી મોન્ટફર્ડ અહેવાલ કહેવામાં આવે છે. ભારતમાં સુધારાઓ માટેની આ કામચલાઉ દરખાસ્તો પર ભારે વિવાદ જાગ્યો. તેનો વિરોધ થયો. વિશ્વયુદ્ધ પૂરું થયું ત્યારે ભારતમાં સર્વત્ર પરિવર્તનની પ્રબળ અપેક્ષાઓ વધી અને ટૂંક સમયમાં જ પૂર્ણસ્વરાજ માટેની પૂર્વભૂમિકા આ સમયે તૈયાર થઈ.

## રશિયન ક્રાંતિ (1917)

પ્રથમ વિશ્વયુદ્ધ ચાલુ હતું તે દરમિયાન જ રશિયામાં સામ્યવાદી ક્રાંતિ થઈ હતી જેને સમગ્ર વિશ્વના ઈતિહાસનો એક મહત્ત્વનો બનાવ ગણાવી શકાય. આ ક્રાંતિને વિશિષ્ટ ક્રાંતિ ગણાવી શકાય. તેના નેતાઓ રાષ્ટ્રમાં પરિવર્તન લાવવાની ચોક્કસ સમજપૂર્વક ક્રાંતિમાં જોડાયા હતા. રશિયાની બોલ્શેવિક ક્રાંતિમાં સમાજવાદી વિચારક કાર્લ માર્ક્સના વિચારોની વ્યાપક અસર હતી. આ ક્રાંતિના નેતાઓએ કાર્લ માર્ક્સના સિદ્ધાંતોને અનુસરીને સામ્યવાદી વિચારસરણીનો પ્રચાર કર્યો.

### કારણો

**રાજકીય સ્થિતિ : આપખુદ અને નિરંકુશ, ઝારશાહી :** રશિયાના રોમેનોફ વંશના રાજવીઓ પોતાને ઝાર (સમ્રાટ) કહેવડાવતા. રશિયામાં છેલ્લાં સો વર્ષનું ઝાર શાસન સર્વસત્તાધીશ, આપખુદ, અત્યાચારી, નિરકુંશ તથા પીડક શાસન હતું. ઝાર નિકોલસ પહેલાએ સંકુચિત વિચારસરણીના કારણે પાશ્ચાત્ય ઉદારમતવાદને દબાવી દેવા ક્રૂરતાભર્યાં પગલાં લીધાં. પાશ્ચાત્ય વિચારસરણીવાળા સાહિત્ય પર પ્રતિબંધ મૂક્યો. રશિયનોને વિદેશ જવા પર મનાઈ કરવામાં આવી. પરિણામે યુરોપમાં જ્યારે સુધારાવાદી યુગ શરૂ થયો ત્યારે રશિયન પ્રજા હજુ મધ્યયુગની આપખુદ રાજાશાહી નીચે જીવતી હતી. સમ્રાટ એલેકઝાંડર બીજો એટલો અત્યાચારી હતો કે અંતિમવાદીઓએ તેની હત્યા કરી હતી. રશિયાના છેલ્લા સમ્રાટ ઝાર નિકોલસ બીજો (1894-1917) વર્તમાનપત્રો, યુનિવર્સિટીઓ, મુદ્રણકળા પર કડક નિયંત્રણ રાખતો. યહૂદીઓ અને બિનરશિયનો પર પણ જુલમ કરતો. નિર્દોષ લોકો પર આરોપ મૂકી સાઇબેરિયાના અતિ શીતપ્રદેશમાં કેદ કરવામાં આવતા.

**વહીવટીતંત્ર :** ઝાર રાજાશાહીમાં વહીવટના વડા ખુદ ઝારશાસકો હતા જેમનામાં વહીવટની કોઈ આવડત ન

હતી. ઝારની સત્તા નિરંકુશ હતી. રાજ્યમાં દરેક સત્તા માત્ર ઝારના હાથમાં હતી. પ્રજાનાં દુઃખદર્દ જાણવા કે તેને વ્યક્ત કરવા માટે કોઈ કાનૂન ન હતા. ઝારનું વહીવટીતંત્ર એટલું બિનકાર્યક્ષમ, ભ્રષ્ટ અને સડેલું હતું કે તેના વહીવટકર્તાને પ્રજાનાં દુઃખદર્દ સમજવા, દૂર કરવા તેની પાસે આવડત કે ફુરસદ ન હતી. ઝાર નિકોલસ બીજાનું મનોબળ નિર્બળ હતું તેથી તે હંમેશાં તેની રાણી તથા રાસપુટીન નામના તાંત્રિકના પ્રભાવ નીચે હતો. આ રાસપુટીન (અર્થ ગંદો કૂતરો)ને ઝારના પ્રધાનમંડળમાં પણ સ્થાન અપાયું. આવા અયોગ્ય પ્રધાનની દોરવણીથી દરેક કાર્ય થતાં. શાસનતંત્રના ઘડતરમાં પ્રજાની કોઈ ભાગીદારી ન હતી. પ્રજાનો વિચાર કરવાને બદલે ઊલટાનું ઝાર પોતાની મહત્ત્વાકાંક્ષા કે શોખ, વૈભવ, વિલાસ તેમજ યુદ્ધનો ખર્ચ પ્રજાએ ભોગવવો પડતો હતો. તેનો વિરોધ કરનારને ભારે સજા થતી.

ટૂંકમાં, અત્યાચારી રાજાશાહી રશિયન પ્રજા માટે ગરીબી, દુઃખ અને યાતનાનું કારણ બની જતાં છેવટે જનતાનો આ રોષ કે અસંતોષ આ મહાન ક્રાંતિનું પાયાનું કારણ બન્યું.

**આર્થિક :** આ સમયનું રશિયા એક ખેતીપ્રધાન દેશ હતો. છતાં ખેડૂતોની સ્થિતિ સુધારવા માટેના રાજ્ય દ્વારા કોઈ પ્રયત્ન થયા ન હતા. ઓછી ઊપજના કારણે પોતાના કુટુંબનું ભરણપોષણ, ઉપરાંત સરકારને અને પ્રાંતોને પ્રજાજનોએ ભરવાના વિવિધ કરવેરા અને લાગાઓ ઘણા વધારે હતા. ઉપરાંત (1891 થી 1901) અનેક દુષ્કાળ પડવા છતાં આ કરવસૂલી માટે અમલદારો, અમીર-ઉમરાવો તથા ભૂમિકપ્તાનો તેમના પર અનેક જુલમો અને અત્યાચાર કરતા.

ગામડામાં જે સ્થિતિ ખેડૂતોની હતી તે શહેરમાં કામદારોની સ્થિતિ હતી. ઔદ્યોગિક ક્રાંતિ સાથે તેનાં દૂષણો જેવાં કે ગરીબી, બેકારી, શોષણ, વ્યસન, ગંદા વસવાટો, રોગચાળો, અનીતિ વગેરે આવ્યાં. આમ છતાં, કામદારો પોતાની કંગાલ હાલત અને મૂડીવાદી અર્થવ્યવસ્થાનાં દૂષણો માટે સભાન હતા. તેથી જ સામ્યવાદીઓને તેમનાં મજૂરસંગઠનો અને મજૂરઆંદોલનોનો ટેકો મળ્યો હતો.

**સામાજિક કારણો :** આ સમયે રશિયન સમાજ, શાસક અને શોષિત, અધિકારી અને કામદાર, માલિક અને મજૂર જેવા બે વર્ગમાં વહેંચાયેલો હતો. જે ઉપલો અને નીચલો (Haves and Havenot) વર્ગ કહેવાતો. ઉપલા વર્ગ પાસે દરેક સત્તા, સંપત્તિ, હોદ્દાઓ હતા. જેમાં રાજપરિવાર, ધર્મગુરુઓ અમીર - ઉમરાવોનો અમલદારોનો સમાવેશ થતો હતો. તે સિવાયના દરેક લોકોનો સમાવેશ બીજા વર્ગમાં થતો જેમાં મુખ્યત્વે વેપારી, શિક્ષકો, ડૉક્ટર, ઇજનેરો, વકીલોનો સમાવેશ થતો તેમની પાસે કોઈપણ પ્રકારના અધિકાર કે સત્તા ન હતાં.



**લેનિન**

આ બંને વર્ગ વચ્ચે વર્ગવિગ્રહની સ્થિતિ સર્જાઈ. વિશાળ નીચલા વર્ગને લેનિનનું નેતૃત્વ મળ્યું, જેણે લેનિન ચીંધ્યા માર્ગે હાથમાં હથોડો (કામદારનું પ્રતીક) અને દાતરડું (ખેતદારનું પ્રતીક) લઈ ક્રાંતિ માટે તૈયારી કરી.

**ધાર્મિક કારણો :** ઝાર રાજાઓ પોતાને ભગવાનના પ્રતિનિધિ ગણાવતા તથા તેઓને પ્રજા પર શાસન કરવા માટે જ ભગવાને પૃથ્વી પર મોકલ્યા હોવાનું કહેતા. પોતાની રશિયન વિચારસરણી-સંસ્કૃતિ, ભાષા, રીતિ-રિવાજ ધર્મ લોકો અપનાવે એ માટે તેમણે ''એક સમ્રાટ (ઝાર), એક સંસ્કૃતિ અને એક રાષ્ટ્ર'' નું સૂત્ર આપ્યું. શાળાઓ, દેવળો, સંસ્થામાં પોતાની છબી મુકાવી પોતાને નાના ગોરા ભગવાન તરીકે ઓળખાવા લાગ્યા. આવા ધાર્મિક અત્યાચારોએ લોકોને ક્રાંતિ તરફ વાળ્યા.

**કાર્લ માર્ક્સની વિચારસરણી :** કાર્લ માર્ક્સના 'મજૂરોની સરમુખત્યારશાહી', 'વર્ગવિહીન સમાજરચના', 'રાજ્યવિહીન શાસનવ્યવસ્થા' વગેરે સમાજવાદી વિચારોએ રશિયામાં પ્રભુત્વ જમાવ્યું. ઝાર રાજાશાહીના દમન નીચે

જીવતા લોકો, શોષિત, પીડિત અને હતાશ મજૂરો માટે દોરવણીનું કામ કરતાં મજૂરસંગઠનો રચાયાં. તેમણે પોતાની માંગ સંતોષવા માટે મજૂર આંદોલનોનો સહારો લીધો - (ઈ.સ. 1898)માં રશિયન કામદાર પક્ષની રચના કરી જે પાછળથી રશિયન સામ્યવાદી પક્ષ બન્યો. જેમાં અનેક યુવાનોએ સક્રિય ભાગ લીધો જેમાં લેનિન પણ હતો. તેણે 'ઈસ્કા' નામના સામયિક દ્વારા લોકજાગૃતિનું કામ કર્યું. આ પક્ષની સભા મળી (ઈ.સ. 1903) તેમાં ક્રાંતિ માટેના વિચારોમાં મતભેદ ઊભો થતાં પક્ષના બે ભાગલા પડ્યા. લેનિનના સમર્થકો 'બોલશેવિક' (બહુમત) અને તેના વિરોધી 'મોનસેવિક' (લઘુમતી) કહેવાયા.

**વિચારકોનો ફાળો :** કોઈપણ મહાન ક્રાંતિમાં વિચારકો લોકમાનસ ઘડવાનું કામ કરે છે. આ સમયે રશિયન સમાજમાં અંધશ્રદ્ધા, વહેમ, અજ્ઞાનતા હતી. ઝારના દમને લોકોના માનસ વિચારો અને રશિયન સમાજમાં અંધશ્રદ્ધા, વહેમ, અજ્ઞાનતા હતી. ઝારના દમને લોકોના માનસ વિચારો અને લાગણીઓ પર ઊંડી અસર કરી હતી. પ્રજાને આ સ્થિતિમાંથી બહાર લાવવાનું કામ બૌદ્ધિકો-વિચારકોએ કર્યું. જેમાં મહાન સાહિત્યકાર તોલ્સતોય, દોસ્તોવસ્કી, ગોર્કી તેમજ કાર્લ માર્ક્સના વિચારો મુખ્ય હતા. તેનો વિખ્યાત ગ્રંથ 'દાસકેપિટલ' રશિયન ભાષામાં ભાષાંતર કર્યું. જેનાથી રશિયાનો વિશાળ જનસમુદાય ઉત્સાહમાં આવ્યો. રશિયન નેતાઓમાં મુખ્યત્ત્વે લેનિન, ટ્રોટેસ્કી, મેકિસન, કેરેન્સી વગેરેએ લોકોને નેતૃત્વ પૂરું પાડ્યું. આ નેતાઓએ દેશભરમાં અનેક જગ્યાએ સંસ્થાઓ સ્થાપી સામ્યવાદી વિચારધારાનો પ્રચાર-પ્રસાર કર્યો. નવી સમાજરચના અને રાજ્યવ્યવસ્થા માટે મનોબળ પૂરું પાડીને રશિયનક્રાંતિની પૂર્વભૂમિકા તૈયાર કરાવી. ઝાર રાજાશાહીએ દમન દ્વારા આ નેતાઓને રોકવાનો પ્રયત્ન કર્યો પરંતુ તે માટે ઘણું મોડું થયું હતું.

**રૂસો-જાપાન વિગ્રહ (1904-05) :** રશિયા ઘરઆંગણે અનેક પ્રશ્નોથી ઘેરાયેલું હતું ત્યારે ચીનની ઉત્તરે આવેલ મંચુરિયા પર કબજો જમાવવાની બાબતે જાપાન સાથે યુદ્ધ થયું. વામન જાપાને વિરાટ રશિયાને આ યુદ્ધમાં હરાવ્યું. યુદ્ધના અંતે જાપાને કરેલી પોર્ટ્સ-માઉથની સંધિ રશિયન ઝાર રાજાઓ માટે અપમાનજનક હતી. જેના પરિણામે ઝાર રાજાઓની નબળાઈ પ્રજા સમક્ષ વધારે ખુલ્લી થઈ. પરાજયથી ઉશ્કેરાયેલા લોકોએ દેશભરમાં સરઘસો કાઢ્યાં, સભા ભરાઈ, દેખાવો કર્યા, રશિયન ગૃહમંત્રી પ્લખેનોની હત્યા કરી જેના માટે ઝારના વહીવટીતંત્રે કામદારોની બનેલી સોવયિતને જવાબદાર ગણી તેના પર દમન કર્યું જેના કારણે સમગ્ર રશિયામાં ભયનું વાતાવરણ સર્જાયું.

**નિષ્ફળ ક્રાંતિ અને લોહિયાળ રવિવાર (22 જાન્યુઆરી, 1905) :** રૂસો-જાપાન વિગ્રહમાં રશિયાની હાર પછી રશિયન પ્રજામાં ઉશ્કેરાટ વધ્યો હતો. તેમણે બંધારણીય સુધારા માટે ઝારને આપેલ આવેદનપત્રની ઝારે અવગણના કરી તેથી પોતાની પરિસ્થિતિનું વર્ણન કરવા તેમજ અનાજ મેળવવાની અરજી લઈ સેન્ટ પિટ્સબર્ગના કારખાનાનાં કામદારો ફાધર ગેપોનની નેતાગીરી નીચે નિઃશસ્ત્ર કામદારો ઝારના વસંત- મહેલ તરફ ગયા. જેના પર ગોળીબાર થતાં લગભગ એક હજાર કામદાર મૃત્યુ પામ્યા, અનેક ઘવાયા-આ બનાવ રશિયાના ઈતિહાસમાં લોહિયાળ રવિવાર તરીકે ઓળખાય છે. આ બનાવે બુદ્ધિશાળી વર્ગને પણ પોતાના સંઘ બનાવવા, સુધારા માટે જાગૃત કર્યા. ઈતિહાસકાર લૉરેન્સ જણાવે છે કે, ''આ એક જ અપકૃત્યને કારણે ઝાર નિકોલસ બીજાએ દેશમાંના પોતાના હજારો વફાદારો પ્રજાજનોનો વિશ્વાસ અને ટેકો ગુમાવી દીધો.'' આ બનાવ ક્રાંતિ માટે પ્રેરક બળ બની રહ્યો.

**ડુમાઓની નિષ્ફળતા :** ઝાર રાજાશાહી પ્રત્યેના લોકોના વિરોધને દૂર કરી લોકોની સહાનુભૂતિ મેળવવા લોકપ્રતિનિધિની બનેલી ડુમા રચવાની ઝારે ઉત્સાહપૂર્વક ઘોષણા કરી. આ દરમિયાન (1906 થી 1912) ચાર વખત ડુમાની બેઠકો મળી. પરંતુ દરેક વખતે કોઈ નક્કર સુધારા આપવામાં ડુમા નિષ્ફળ નીવડી. છેલ્લી ડુમા (1917) એ ક્રાંતિકારીઓને વધારે પ્રોત્સાહિત કરીને ક્રાંતિ માટેનો માર્ગ સરળ કરી આપ્યો.

## પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયા

પ્રથમ વિશ્વયુદ્ધમાં ઝાર નિકોલસ બીજાએ મિત્ર રાજ્યોના પક્ષે રશિયાને જોડ્યું. શરૂઆતમાં જ જર્મન સામે યુદ્ધ-મોરચે રશિયા હાર્યું. સૈન્ય અને શસ્ત્રોની અનેક નબળાઈઓ તથા ઝાર તરફથી સહકારનો અભાવ તેમજ અપૂરતો ખાદ્યપુરવઠો, સગવડનો અભાવ વગેરે કારણે યુદ્ધના દરેક મોરચે હારેલા રશિયન સૈનિકો અધિકારીઓની અવગણના કરી ભાગવા લાગ્યા. યુદ્ધના કારણે ઉત્પાદન ઘટ્યું, અનાજ-વસ્તુની તંગી ઊભી થઈ, લોકો બેકાર બન્યા. આવા સમયે ઝાર દ્વારા ફરજિયાત લશ્કરી ભરતીના કરેલા હુકમનો ઉગ્ર વિરોધ થયો. આવી ઝાર રાજાશાહીને દૂર કરવા પ્રજાએ ક્રાંતિનો માર્ગ અપનાવ્યો.

## રશિયન ક્રાંતિના બનાવો

**વસંત ક્રાંતિ (8 માર્ચ 1917) :** પ્રથમ વિશ્વયુદ્ધમાં રશિયાની વણસેલી પરિસ્થિતિએ આ ક્રાંતિને જન્મ આપ્યો. આ સમયે પેટ્રાગાર્ડના કામદારોએ પાડેલી હડતાલને દબાવવામાં ઝાર નિષ્ફળ ગયો. આ હડતાલિયાઓ સાથે લશ્કર, ડુમા વગેરે જોડાયા. જાહેર મકાનો તથા પોલીસ સ્ટેશનોનો કબજો લીધો. ઝારે મોસ્કોમાં ગાદીત્યાગ કર્યો ત્યારે તેના ભાઈ ગ્રાન્ડ ડ્યુક માઈકલે પદ (ગાદી) સ્વીકાર્યું નહીં. રશિયા પહેલીવાર ઝારવિહોણું બન્યું. ડુમાએ પ્રિન્સ લ્યોવની નેતાગીરી નીચે કામચલાઉ સરકારની રચના કરી. આ ક્રાંતિ માર્ચ માસમાં થઈ હોવાથી માર્ચ ક્રાંતિ તરીકે પણ ઓળખાય છે.

**કામચલાઉ સરકારની નિષ્ફળતા :** કામચલાઉ સરકારે અનેક સુધારાઓની જાહેરાત કરી પરંતુ ખેડૂતો કે કામદારોને સરકારમાં કોઈ મહત્ત્વનું સ્થાન કે મહત્ત્વ અપાયું નહીં. સાથે જ પ્રથમ વિશ્વયુદ્ધમાં જોડાવાની જાહેરાત કરી. આ સમયે ખેતી માટે જમીન અને ભૂખ માટે રોટીની જરૂર હતી. પ્રથમ યુદ્ધથી કંટાળેલી પ્રજાને શાંતિ જોઈતી હતી. તેના મને સરકારના સુધારાની કોઈ કિંમત ન હતી.

**બોલ્શેવિક ક્રાંતિ (નવેમ્બર ક્રાંતિ - 1917) :** કામચલાઉ સરકાર સામે પ્રજાનો વિરોધ વધતો જતો હતો તેથી સરકાર વિરોધી સંગઠનો વધારે મજબૂત બન્યાં. દેશવટો ભોગવી રહેલ લેનિન વિદેશમાં રહીને પણ રશિયાની પરિસ્થિતિ વિશે જાણ મેળવતો હતો. તેની ગેરહાજરીમાં પણ બોલ્શેવિકો એ પોતાના પક્ષની સરકાર રચવા માટે સોવિયત (પ્રતિનિધિમંડળ)ની રચના કરી. દેશવટો ભોગવી રહેલ લેનિન જ્યારે પેટ્રાગાર્ડ આવ્યા ત્યારે બોલ્શેવિકોએ તેનું ભવ્ય સ્વાગત કર્યું. નવા જોમ અને ઉત્સાહ સાથે લેનિને પ્રજાને રોટી, જમીન અને શાંતિનું સૂત્ર આપ્યું. સશસ્ત્ર ક્રાંતિ માટે લેનિનને આ સમય યોગ્ય લાગ્યો. તેણે લશ્કરી ક્રાંતિકારી સમિતિની રચના કરી. કિસાનો અને કામદારોને મહત્ત્વનાં સ્થાન અને સત્તા આપવાની હિમાયત કરી. (7 નવેમ્બર, 1917) બોલ્શેવિકોની નાની નાની ટુકડીઓએ રેલવેસ્ટેશન, સરકારી બૅન્ક, તાર-ટપાલ તથા ટેલિફોન કચેરીઓ અને અન્ય સરકારી મકાનોનો કબજો લીધો. કેરેન્સકીએ તેને રોકવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો પરંતુ આખરે તેને નાસી જવું પડ્યું. બીજા દિવસ સુધીમાં સંપૂર્ણ પેટ્રોગાર્ડ પર બોલ્શેવિકોનો કબજો આવી ગયો. બોલ્શેવિકો ક્રાંતિ સંપૂર્ણ સફળ બની. કામચલાઉ સરકારને દૂર કરી લેનિનના નેજા નીચે સોવિયત સરકારની સ્થાપના કરવામાં આવી.

## રશિયન ક્રાંતિનાં પરિણામો

રશિયન ક્રાંતિનાં પરિણામોના અભ્યાસની દૃષ્ટિએ બે વિભાગમાં વહેંચી શકાય : રશિયા માટેનાં પરિણામો અને વૈશ્વિક પરિણામો.

## રશિયામાં આવેલ પરિણામો

ઘરઆંગણે થયેલ સફળ ક્રાંતિને પરિણામે ઝાર રાજાશાહી દૂર થઈ તેથી સ્વાભાવિક જ પ્રથમ વિશ્વયુદ્ધમાંથી

રશિયાને ખસી જવાની ફરજ પડી. ઝાર રાજાશાહીનો અંત આવ્યો. તેથી ખ્રિસ્તી દેવળોના વિશેષાધિકારો પણ નાબૂદ થયા.

રૂઢિગત ઝાર રાજાશાહીને બદલે સામ્યવાદી વિચારસરણીવાળી સરકાર અસ્તિત્વમાં આવી. લેનિનના નેતૃત્વવાળી આ સરકારે વિશેષ અધિકારો નાબૂદ કરી વર્ગવિહીન સમાજની રચના કરી. સમાજમાં ઉચ્ચ હોદ્દાઓ, સામાજિક વર્ગો તથા વિશેષ અધિકારો દૂર કરવામાં આવ્યા. કેળવણી અને પુસ્તકાલયના વિકાસને પ્રાધાન્ય અપાયું. રાજકારણમાં કે રાજ્યવ્યવસ્થામાં ખ્રિસ્તી દેવળોના વિશેષ અધિકારો દૂર કરાયા. ધર્મને રાજકારણથી દૂર રાખવામાં આવ્યો. બૅન્ક, અગત્યના ઉદ્યોગો, રેલવે તથા વિદેશ વેપારનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

જમીનની યોગ્ય વહેંચણી કરવામાં આવી. ''કામ કરે તે ખાય અને કામ કરે તેને મતાધિકાર'' થી સામાજિક, આર્થિક, ધાર્મિક અસમાનતા દૂર કરવામાં આવી. પંચવર્ષીય યોજનાઓ તથા નવી આર્થિક નીતિ દ્વારા દેશના આર્થિક વિકાસનું ધ્યેય નક્કી કર્યું. ટૂંકમાં, ક્રાંતિ પછી રશિયામાં સાર્વત્રિક અને સર્વક્ષેત્રીય સુધારા દ્વારા ખૂબ જ ટૂંકા સમયમાં રશિયા વિશ્વ મહાસત્તા બની શક્યું જેણે બીજા વિશ્વયુદ્ધમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

સફળ ક્રાંતિ પછી મોસ્કોને પાટનગર બનાવાયું. રાષ્ટ્રધ્વજનો રંગ લાલ રખાયો. તેમાં દાતરડું અને હથોડાનાં પ્રતીક અંકિત કરાયાં જે કિસાનો અને કામદારોની સર્વોપરિતા અને મહત્તા દર્શાવે છે.

**વૈશ્વિક પરિણામો**

ક્રાંતિ બાદ પ્રથમ વિશ્વયુદ્ધમાંથી ખસી ગયેલા રશિયાએ બહુ જ થોડા સમયમાં શત્રુ જેવા જર્મની સાથે સંધિ કરી મિત્ર રાષ્ટ્રોને વિચારતાં કર્યાં. કોમિન્ટર્ન (કામદાર પક્ષનું આંતરરાષ્ટ્રીય સંગઠન) દ્વારા સોવિયતનું રક્ષણ અને વિશ્વમાં ફેલાવો કર્યો. પરિણામે પૂર્વ યુરોપના અનેક દેશોમાં સામ્યવાદી સરકાર અસ્તિત્વમાં આવી. બીજા વિશ્વયુદ્ધ પછી ચીન, ઉત્તર કોરિયા, ઉત્તર વિયેટનામ અને મંગોલિયામાં પણ સામ્યવાદી શાસનપ્રણાલી શરૂ થઈ.

''વ્યક્તિ આર્થિક રીતે શોષિત ન હોવી જોઈએ'' નો સિદ્ધાંત આ ક્રાંતિએ વિશ્વને આપ્યો લોકશાહી અને મૂડીવાદી દેશોને સમજાયું કે રાજકીય સ્વતંત્રતાની સાથે આર્થિક અને સામાજિક સમાનતા પણ કોઈપણ રાષ્ટ્રની પ્રજા માટે અનિવાર્ય છે. સામ્યવાદી વિચારસરણીએ વિશ્વમાંથી ગુલામપ્રથા, રંગભેદની નીતિ દૂર કરીને કામદાર-કલ્યાણના કાયદાને પ્રોત્સાહનનો ઉપદેશ આપ્યો. પંચવર્ષીય યોજના દ્વારા આર્થિક વિકાસનો બોધપાઠ વિશ્વના દેશોને મળ્યો. સામ્રાજ્યવાદ વિરોધી સામ્યવાદી વિચારોએ વિશ્વનાં ખાસ કરીને એશિયા-આફ્રિકાનાં રાષ્ટ્રોને સ્વતંત્ર બનવા માટે સમર્થન આપ્યું.

જોકે વિશ્વમાં લોકશાહી સાથે સામ્યવાદી વિચારસરણીનું મહત્ત્વ વધ્યું. બન્ને પરસ્પર વિરોધી વિચારસણીએ વિશ્વમાં ઠંડા યુદ્ધની પરિસ્થિતિને જન્મ આપ્યો.

ટૂંકમાં, આ ક્રાંતિએ 20મી સદીમાં સંગઠિત ખેડૂતો અને સંગઠિત કામદારો કોઈપણ શાસનપ્રણાલીમાં પરિવર્તન લાવી શકે છે તેનો અનુભવ વિશ્વને કરાવ્યો.

ઈ.સ. 1960 પછી રશિયન નેતાઓએ લોકશાહી દેશો સાથે સંઘર્ષના બદલે સહકારની નીતિ અપનાવી હતી. છેલ્લા દાયકામાં સામ્યવાદી વિચારસરણીમાં પરિવર્તન આવ્યું. ઉદાર મતવાદી રશિયન પ્રમુખ મિખાઈલ ગોર્બાચોવે (1985-92) વિશ્વશાંતિ સ્થાપવા અને ઠંડા યુદ્ધના ભયને દૂર કરવા રાજકીય અને આર્થિક બાબતે ખુલ્લાપણાની નીતિ અપનાવી.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) પ્રથમ વિશ્વયુદ્ધનાં કારણો ટૂંકમાં લખો.

(2) પ્રથમ વિશ્વયુદ્ધની ભારત પર શી અસર થઈ ?

(3) ઝાર શાસન સમયની આર્થિક અને સામાજિક સ્થિતિ વર્ણવો.

(4) રશિયન ક્રાંતિમાં વિચારકોએ આપેલ ફાળો જણાવો.

(5) રશિયન ક્રાંતિથી રશિયામાં આવેલાં પરિવર્તન જણાવો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) ઉગ્ર રાષ્ટ્રવાદ એટલે શું ?

(2) પ્રથમ વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ કયું હતું ?

(3) પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્ર રાષ્ટ્રોના જૂથમાં કયાં કયાં રાષ્ટ્રો હતાં ?

(4) રશિયન ક્રાંતિને સામ્યવાદી ક્રાંતિ પણ કહે છે. શા માટે ?

(5) બોલ્શેવિક ક્રાંતિમાં લેનિને પ્રજાને કયું સૂત્ર આપ્યું ?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) જર્મની માટે અન્યાય અને અપમાનજનક સંધિ

(અ) ફ્રેંકફર્ટની સંધિ (બ) ટ્રિયાનોની સંધિ (ક) વર્સેલ્સની સંધિ (ડ) જર્મની સંધિ

(2) ''એક સમ્રાટ એક સંસ્કૃતિ અને એક રાષ્ટ્રનું'' સૂત્ર આપનાર

(અ) ઝાર રાજાઓ (બ) લૂઈ રાજાઓ (ક) ધર્મગુરુઓ (ડ) રાસપુટિન

(3) વર્ગવિહીન સમાજરચનાનો હિમાયતી

(અ) ટ્રોટેસ્કી (બ) ગોર્કી (ક) કાર્લ માર્ક્સ (ડ) મોન્તેસ્ક

(4) લેનિનના સમર્થકો

(અ) મોન્શેવિક (બ) બોલ્વેશિક (ક) લેનિન શેવિક (ડ) દાસશેવિક

(5) ''વ્યક્તિ આર્થિક રીતે શોષિત ન હોવી જોઈએ''...

(અ) ચીનની ક્રાંતિ (બ) બોલ્શેવિક ક્રાંતિ

(ક) અમેરિકન ક્રાંતિ (ડ) રક્તવિહીન ક્રાંતિ

●

# 13 ઈ.સ. 1919 થી 1939 વચ્ચેનું વિશ્વ

વર્સેલ્સની સંધિ (ઈ.સ. 1919) દ્વારા પ્રથમ વિશ્વયુદ્ધનો અંત આવ્યો. ફરી યુદ્ધનું પુનરાવર્તન ન થાય તથા વિશ્વમાં વિશ્વશાંતિ જળવાઈ રહે તે માટે રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી છતાં માત્ર 20 વર્ષના ટૂંકા સમયમાં વિશ્વને બીજા વિશ્વયુદ્ધનો સામનો કરવો પડ્યો. આ 20 વર્ષમાં અનેક નવાં પરિવર્તનો આવ્યાં. પ્રથમ વિશ્વયુદ્ધના અંત પછી વિશ્વને બીજા વિશ્વયુદ્ધ તરફ દોરી જતા અનેક મહત્ત્વના બનાવોની માહિતી અહીં આપણે ટૂંકમાં મેળવીશું.

### રાષ્ટ્રસંઘ (League of Nations)

મહાવિનાશક યુદ્ધ પછી વિશ્વના દેશોમાં શાંતિ જાળવી રાખવા, પરસ્પરના મતભેદોને શાંતિથી દૂર કરવા તથા વિશ્વ-બંધુત્વની ભાવનાને વિકસાવવા આંતરરાષ્ટ્રીય સંસ્થાની જરૂર હતી. આ સમયે અમેરિકન પ્રમુખ વુડ્રો વિલ્સનના 14 મુદ્દાને આધારે પૅરિસમાં ભરાયેલી શાંતિપરિષદે (10 જાન્યુઆરી 1920) રાષ્ટ્રસંઘ (The League of Nations)ની સ્થાપના કરી. આ રાષ્ટ્રસંઘના સભ્ય બનવા ઈચ્છતા રાષ્ટ્રે સૌપ્રથમ ખતપત્ર(રાષ્ટ્રસંઘનું બંધારણ)ની શરતોનો સ્વીકાર ઉપરાંત રાષ્ટ્રસંઘની સામાન્ય સભાના બે તૃતીયાંશ સભ્યોની બહુમતી મેળવવાની રહેતી. આ રાષ્ટ્રસંઘના સભ્યપદેથી દૂર થવા માટે બે વર્ષ પહેલાં ફરજિયાત નોટિસ દ્વારા જાણ કરવાની રહેતી. ખતપત્રનો ભંગ કરનારને રાષ્ટ્રસંઘમાંથી દૂર કરવાની જોગવાઈઓ પણ હતી. અમેરિકા જેવી મહાસત્તા આ સંસ્થામાં ક્યારેય જોડાઈ ન હતી છતાં રાષ્ટ્રસંઘની દરેક પ્રવૃત્તિ પર તેનું વર્ચસ્વ રહેતું.

### રાષ્ટ્રસંઘના ઉદ્દેશો/આદર્શો

રાષ્ટ્રસંઘના દરેક સભ્યરાષ્ટ્રે અન્ય રાષ્ટ્રની પ્રાદેશિક અખંડિતતા જાળવવી, ગુપ્ત સંધિઓ કરવી નહીં, શસ્ત્ર-સામગ્રીનો વધારો ન કરવો, મતભેદ કે ઝઘડાનો ઉકેલ વાટાઘાટો દ્વારા કે મધ્યસ્થ લવાદ દ્વારા કરવો. લવાદી ચુકાદો બન્ને રાષ્ટ્રોએ સ્વીકારવો. જો આ ચુકાદાથી અસંતોષ હોય તો ઓછામાં ઓછા ત્રણ માસ સુધી યુદ્ધનો આશરો લેવો નહીં. જે રાષ્ટ્ર લવાદના ચુકાદાને સ્વીકારે નહીં અને યુદ્ધનો આશ્રય લે તો તેને બળવાખોર રાષ્ટ્ર જાહેર કરવું. તેની સાથેના દરેક સંબંધો કાપી નાખવા. આ યુદ્ધમાં દરેક રાષ્ટ્રે બળવાખોર રાષ્ટ્ર સામે લડવા દરેક પ્રકારની યુદ્ધ માટેની મદદ કરવી. કોઈપણ યુદ્ધને જન્મ આપનાર ગરીબી, બેકારી, નિરક્ષરતા દૂર કરવા દરેક રાષ્ટ્રે પ્રયત્ન કરવા.

### રાષ્ટ્રસંઘની સંસ્થાઓ

રાષ્ટ્રસંઘે પોતાના ઉત્તમ આદર્શો અને ઉદ્દેશોને સિદ્ધ કરવા કેટલીક સમિતિઓની રચના કરી હતી. તેમાં સામાન્ય સભાના સભ્યોને મતાધિકાર માટેની કામગીરી થતી હતી. રાષ્ટ્રસંઘના ઉદ્દેશોની વિરુદ્ધ જતા બળવાખોર રાષ્ટ્ર સામે પગલાં લેવાની સત્તા કારોબારી સમિતિ પાસે હતી. રાષ્ટ્રસંઘની અગત્યની સંસ્થા ગણાતી સચિવાલય રાષ્ટ્રસંઘની કાર્યવાહી માટે બેઠકનું આયોજન કરતી અને તેમાં થયેલ ચર્ચાઓ કે ઠરાવોની નોંધ રાખી તે ઠરાવો દરેક સભ્યરાષ્ટ્રોને મોકલી આપતી.

રાષ્ટ્રસંઘની રચના થઈ તે પહેલાં જ આંતરરાષ્ટ્રીય અદાલતની રચના કરવામાં આવી હતી. તેનું મુખ્ય મથક હેગ (નેધરલૅન્ડ) હતું. આ અદાલત મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય કક્ષાના વાદ-વિવાદનો ઉકેલ લાવતી. તેમાં કુલ 11 મુખ્ય અને 4 ઉપન્યાયાધીશની 7 વર્ષ સુધી નિમણૂક કરવામાં આવતી. આ સંસ્થાએ બીજા વિશ્વયુદ્ધ સુધીમાં 60 જેટલા વિવાદોમાંથી 32 ચુકાદા તથા 28 બાબતોમાં માત્ર સલાહસૂચન આપીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તંગદિલી રોકવાની અને સુમેળ સાધવાની મહત્ત્વની કામગીરી કરી હતી.

જીનીવા ખાતે મુખ્ય મથક ધરાવતી આંતરરાષ્ટ્રીય મઝદૂર સંઘ (I.L.O.) નામની સંસ્થા વિશ્વભરના મજદૂરોના આર્થિક અને સામાજિક કલ્યાણ માટે કાર્ય કરતી. આ સંસ્થાની વિશેષતા એ હતી કે રાષ્ટ્રસંઘનાં સભ્ય ન હોય તેવાં રાષ્ટ્રો પણ તેમાં જોડાઈ શકતાં. આ સંસ્થાની બહોળી કામગીરી માટે તેમાં 300 કર્મચારીઓ રખાયા હતા.

### રાષ્ટ્રસંઘની સિદ્ધિઓ

માત્ર 20 વર્ષના ટૂંકા સમયમાં રાષ્ટ્રસંઘે અનેક મહત્ત્વની સિદ્ધિઓ મેળવી હતી. માનવહકનું જાહેરનામું બહાર પાડીને માનવના મૂળભૂત અધિકારોને રક્ષણ આપ્યું, પછાત રાષ્ટ્રોને નાણાકીય સહાય કરી, મંદીમાં સપડાયેલાં રાષ્ટ્રોને લોનની સગવડ આપી. ઉપરાંત ગુલામી, વેઠપ્રથા, વેશ્યાગૃહો, લોહીનો વેપાર, બાળકો અને સ્ત્રી પ્રત્યેના અયોગ્ય વર્તન વગેરે પ્રત્યે સખત વલણ અપનાવી સામાજિક સુધારાનાં કાર્યો કર્યાં. વિશ્વ આરોગ્ય સંઘ દ્વારા કૉલેરા, ક્ષય, શીતળા, ટાઈફૉઇડ વગેરે ચેપી રોગોને અટકાવવા, દૂર કરવા માટેની દવાઓ શોધવા માટે સંશોધન કેન્દ્રો સ્થપાયાં. આમ, માનવ-સમાજની ખૂબ ઉપયોગી સેવા બજાવી.

### રાષ્ટ્રસંઘની નિષ્ફળતા

રાષ્ટ્રસંઘની સ્થાપનાનો મુખ્ય હેતુ વિશ્વશાંતિનો હતો પરંતુ પોતાની કેટલીક નબળાઈઓના કારણે આ હેતુ સિદ્ધ કરવામાં રાષ્ટ્રસંઘ નિષ્ફળ રહ્યું. આ દરમિયાન (1919 થી 1939) કેટલીક ઘટનાઓ એવી બની કે જેણે વિશ્વને બીજા વિશ્વયુદ્ધ તરફ ધકેલ્યું.

(1931) જાપાનના ચીનના મંચુરિયા પ્રદેશ પરના આક્રમણને રાષ્ટ્રસંઘ રોકી શક્યું નહીં. એ જ રીતે ઇટાલીના સરમુખત્યાર મુસોલિનીએ આફ્રિકાના એબિસિનિયા પર આક્રમણ કર્યું ત્યારે રાષ્ટ્રસંઘે તેની સામે આર્થિક નાકાબંધી જાહેર કરી છતાં અન્ય સભ્યરાષ્ટ્રોએ ઇટાલીને છૂપી રીતે મદદ ચાલુ રાખી. રાષ્ટ્રસંઘ ઇટાલી સામે દંડનાત્મક પગલું ભરે તે પહેલાં જ ઇટાલીએ રાષ્ટ્રસંઘનું સભ્યપદ ફગાવી દીધું. તે જ રીતે જર્મનીમાં હિટલરે વર્સેલ્સની સંધિને કાગળનો ટુકડો ગણાવી ફેંકી દીધી અને યુદ્ધદંડ ભરવાનું બંધ કરી અન્ય રાષ્ટ્રો પર કબજો મેળવવાનું શરૂ કર્યું. છતાં રાષ્ટ્રસંઘ કંઈ કરી શક્યું નહીં. આમ, દરેક ઘટનાસમયે રાષ્ટ્રસંઘ મૂક પ્રેક્ષક બની રહ્યું. પરિણામે તેણે પોતાની પ્રતિષ્ઠા ગુમાવી. અંતે (1939) બીજા વિશ્વયુદ્ધની શરૂઆત સાથે જ રાષ્ટ્રસંઘનો અંત આવ્યો.

### ઇટાલીમાં ફાસીવાદ

ઇટાલીમાં ફાસીવાદના ઉદય માટે જુદાં-જુદાં અનેક કારણો છે. ખાસ કરીને પ્રથમ વિશ્વયુદ્ધ પછી વિકટ બનેલી આર્થિક, રાજકીય સ્થિતિ તેના માટે જવાબદાર હતી. ઇટાલી પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્રરાજ્યોના પક્ષે હતું પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધના અંતે થયેલી વર્સેલ્સની સંધિમાં ઇટાલીને કોઈ આર્થિક કે પ્રાદેશિક લાભ મળ્યો ન હતો. તેથી ઇટાલીના સૈનિકો અને પ્રજામાં ભારે અસંતોષ અને રોષ ફેલાયા હતા.

### આર્થિક મહામંદી

પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્રપક્ષે રહીને ઇટાલી લડ્યું હતું. તેને આ યુદ્ધમાં અઢળક ખર્ચ થયો હતો. વેપાર-ઉદ્યોગ ભાંગી પડ્યા હતા. તેથી ગરીબી, બેકારી, ભૂખમરો વ્યાપક બન્યાં. દેશની આર્થિક સ્થિતિ અત્યંત કથળી ગઈ. ઇટાલીની સરકારે પ્રજાની મુશ્કેલી દૂર કરવા કોઈ પગલાં લીધાં નહીં.

### સામાજિક પરિણામ

આર્થિક મહામંદીના પરિણામે ઇટાલીના બેકાર મજૂરો રશિયાની સામ્યવાદી વિચારસરણી તરફ આકર્ષાયા. સામ્યવાદીઓએ પણ તેનો લાભ લીધો. તેમણે ચૂંટણીમાં ભાગ લઈ સરકાર વિરુદ્ધ દેખાવો કર્યા. હડતાલ અને ભાંગફોડની પ્રવૃત્તિઓ શરૂ કરી. અહીં પણ ઇટાલીની સરકાર તેને રોકવામાં નિષ્ફળ રહી.

### રાજકીય પરિણામ

ઇટાલીમાં ફાસીવાદની સૌથી વ્યાપક અસર તેના રાજકીય પાસાં પર જોવા મળે છે. ઇટાલીની પ્રજા દરેક મુશ્કેલીનો અંત લાવે તેવા કોઈ નેતાની શોધમાં હતી. આ સમયે બેનિટો મુસોલિનીની નેતાગીરી પ્રબળ બનતાં તેણે બહુ ઝડપથી ઇટાલીની સત્તા મેળવી.

### બેનિટો મુસોલિની :

ઇટાલીના રૂમાનિયા ગામમાં એક ગરીબ લુહારને ત્યાં જન્મેલા (ઈ.સ. 1883) મુસોલિનીને ક્રાંતિકારી

વિચારો તેના પિતા તરફથી વારસામાં મળ્યા હતા. તેની માતા શિક્ષિકા હોવાથી શિક્ષણકાર્ય પૂરું કર્યા બાદ થોડો સમય શિક્ષક તરીકેનું કાર્ય કર્યું. તે દરમિયાન તે સામ્યવાદી વિચારસરણીથી આકર્ષાયો. પરંતુ પાછળથી તે તેનો કટ્ટર વિરોધી બન્યો. પ્રથમ વિશ્વયુદ્ધના સમયે તે સૈનિક તરીકે યુદ્ધમાં જોડાયો હતો.

### ફાસીસ્ટ પક્ષની સ્થાપના

પ્રથમ વિશ્વયુદ્ધના અંતે થયેલી વર્સેલ્સની સંધિમાં ઇટાલીને થયેલા અન્યાયને દૂર કરવા મુસોલિનીએ ઇટાલીના અસંતુષ્ટ યુવાનો અને સૈનિકોનું જૂથ રચી (1919) ઇટાલીના મિલાન શહેરમાં ઉગ્ર રાષ્ટ્રવાદી ફાસીસ્ટ પક્ષની સ્થાપના કરી. લાકડાંની ભારી અને કુહાડી (ફૅસિસ)ના રોમન સમ્રાટના પ્રતીકને તેણે પક્ષના પ્રતીક તરીકે સ્વીકાર્યું તેથી આ પક્ષ ફાસીવાદ કે ફાસીસ્ટ પાર્ટી તરીકે ઓળખાયો. ફાસીવાદનો ગણવેશ કાળો હતો તેથી તેઓ ''કાળા ખમીસધારી'' તરીકે ઓળખાયા.

આગળ જતાં (ઈ.સ. 1919) યોજાયેલી ચૂંટણીમાં ખુદ મુસોલિની પણ પક્ષની સાથે હાર્યો, પરંતુ ફાસીસ્ટ સૌથી બળવાન પક્ષ (ઈ.સ. 1922) બન્યો. આ સમયે સામ્યવાદીઓએ પાડેલી હડતાલને રોકવામાં સરકાર નિષ્ફળ ગઈ તેથી મુસોલિનીએ કહ્યું ''હડતાલને કાબૂમાં રાખો કે સત્તાનાં સૂત્રો સોંપી દો.'' મુસોલિનીએ સૈનિકો સાથે રોમ તરફ કૂચ કરી. સમય જાળવીને સમ્રાટ ઈમેન્યુએલ ત્રીજાએ મુસોલિનીને સરકાર રચવાનું કહ્યું. છેવટે (30 ઑક્ટોબર 1922) મુસોલિનીએ ઇટાલીમાં પોતાના પક્ષની સ્થાપના કરી સત્તા સંભાળી.

વ્યક્તિ રાજ્ય માટે છે, રાજ્યની બહાર વ્યક્તિનું સ્વાતંત્ર્ય નથી તેવું માનતો મુસોલિની રાજ્યને મહત્ત્વ આપતો હતો. લોકશાહી અને વ્યક્તિસ્વાતંત્ર્યનો તે કટ્ટર વિરોધી હતો. સરમુખત્યાર શાસનનો હિમાયતી છતાં સામ્યવાદનો વિરોધી હતો.

ઉગ્ર ફાસીવાદની વિચારસરણી ધરાવતા મુસોલિનીએ બહુ જ થોડા સમયમાં ઇટાલીની કાયાપલટ કરવાનું શરૂ કર્યું. રાજ્યની દરેક સંસ્થાઓને ફાસીવાદના સિદ્ધાંત પ્રમાણે જ કામ કરવાની ફરજ પાડી. તેની નવી આર્થિક નીતિને પરિણામે ઉત્પાદન વધ્યું. રાષ્ટ્રનો આર્થિક વિકાસ ઝડપી બન્યો. બેકારી, નિરક્ષરતા દૂર કરવા ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી. તેથી ઇટાલી (1935)માં માત્ર 2 લોકો જ નિરક્ષર રહ્યા હતા. લશ્કરી તાકાત વધારવા લશ્કરી ભરતી ફરજિયાત બનાવી. નૌકાકાફલામાં વધારો કર્યો. સરમુખત્યારશાહી વિચારસરણીવાળા મુસોલિનીએ ઉગ્ર રાષ્ટ્રવાદી લશ્કરી સંગઠન ઊભું કર્યું. 60 વર્ષથી પોપ સામે ચાલ્યા આવતા ઝઘડાઓનો સંધિ દ્વારા અંત લાવીને મુસોલિનીએ મોટી સિદ્ધિ મેળવી. તેણે આમ કરીને વેટિકનનગર ઉપર પોપની સત્તા સ્વીકારતા હજારો કૅથલિકો ખુશ થયા. આથી સ્વાભાવિક જ તેની લોકપ્રિયતામાં વધારો થયો.

### જર્મનીમાં નાઝીવાદ

પ્રથમ વિશ્વયુદ્ધના અંતે હારેલા જર્મનીને અત્યંત ક્રૂર અને અપમાનજનક એવી વર્સેલ્સની સંધિ પર ફરજિયાત સહી કરવી પડી. સ્વાભાવિક જ આ સંધિથી જર્મન પ્રજાનું અપમાન થયું હતું. તેથી જર્મનીના યુવાનો ક્રોધે ભરાયા. આ રાષ્ટ્રવાદી યુવાનોનાં સંગઠન બનતાં નાઝીવાદનો ઉદય થયો. સામ્યવાદના આંતરરાષ્ટ્રીય સિદ્ધાંતને કારણે જર્મનીમાં એનો વધુ ફેલાવો થશે તો સામ્યવાદી જર્મની રશિયાનું કઠપૂતળી રાષ્ટ્ર બની જશે તેવા ભયે નાઝી પક્ષનો વિકાસ કર્યો. પ્રથમ વિશ્વયુદ્ધ અને વર્સેલ્સની સંધિને પરિણામે આર્થિક ક્ષેત્રે બરબાદ થયેલા જર્મનીને અમેરિકાએ આર્થિક મદદ કરી પરંતુ (1929-30) મહામંદીએ તેની આર્થિક સ્થિતિ વધારે ખરાબ કરી.

પ્રથમ વિશ્વયુદ્ધના અંતે જર્મનીમાં ઉદ્ભવેલા અનેક પ્રશ્નોનું નિરાકરણ કરવામાં વાઈમર પ્રજાસત્તાક નિષ્ફળ ગયું. આ સમયે પ્રજા શક્તિશાળી અને શીઘ્ર નિર્ણયશક્તિવાળી વ્યક્તિની શોધમાં હતી ત્યારે એડોલ્ફ હિટલરના રૂપમાં લોકોને પોતાનો તારણહાર દેખાતાં તેને બહોળો આવકાર-સ્વીકાર મળ્યાં.

### એડોલ્ફ હિટલર

ઑસ્ટ્રિયાના એક સામાન્ય કુટુંબમાં જન્મેલા (20 એપ્રિલ, 1889) હિટલરને ગરીબીને કારણે પૂરતું શિક્ષણ મળ્યું ન હતું. શરૂઆતમાં વિયેનામાં કૉન્ટ્રાક્ટરને ત્યાં નોકરી કર્યા બાદ તે મ્યુઝિયમમાં ચિત્રો બનાવી જીવન

ગુજારવા લાગ્યો. અહીં જર્મન સંસ્કૃતિની તેના પર ગાઢ અસર થઈ. તે પ્રથમ વિશ્વયુદ્ધમાં જર્મની તરફથી લશ્કરમાં જોડાયો. આ યુદ્ધમાં જર્મનીને મળેલા પરાજય માટે તેણે જર્મન નેતાઓ અને યહૂદી પ્રજાને જવાબદાર ગણાવ્યાં. હારેલા જર્મનીને ગૌરવ સ્થાપવાના ધ્યેય સાથે તે ઉગ્ર રાષ્ટ્રવાદના શસ્ત્ર સાથે રાજકારણમાં જોડાયો.

**નાઝીપક્ષ**

અસંતુષ્ટ જર્મન સૈનિકોના જૂથમાંથી હિટલરે ''રાષ્ટ્રીય સમાજવાદી જર્મન કામદારોનો પક્ષ'' (National Socialist German Workers Party) નાઝી પક્ષની સ્થાપના કરી. તેની એક સભામાં હિટલરે 25 મુદ્દાનો કાર્યક્રમ જાહેર કર્યો. જેમાં મુખ્યત્વે વર્સેલ્સની સંધિને ફગાવી દેવી, ગુમાવેલા પ્રદેશો પાછા મેળવવા, મજૂર મધ્યમવર્ગની આર્થિક સ્થિતિ સુધારવી તેમજ શસ્ત્રસામગ્રીમાં વધારો કરવાનો કાર્યક્રમ હતો. જર્મન પ્રજાની જાગૃતિ માટેનો આ કાર્યક્રમ જાહેર કરતાં સરકારે તેને જેલની સજા કરી. અહીં તેણે 'મારો સંઘર્ષ' (MEIN KAMPF) નામનું પુસ્તક લખ્યું જેનાથી નાઝી વિચારોનો લોકોમાં વધારે ફેલાવો થયો. સમગ્ર દેશમાં નાઝી પક્ષની શાખાઓ શરૂ કરી. ભૂરા રંગનો લશ્કરી પોશાક અને ખભા પર લાલ રંગની પટ્ટી સાથે ઊંધા સ્વસ્તિક 卐 નું ચિહ્ન (આર્યત્વનું પ્રતીક) તે રાખતા. નાઝીના અંગરક્ષકો કાળો પોશાક પહેરતા અને તેના પર ખોપરીનું ચિહ્ન રાખતા. આ અંગરક્ષકો નાઝી વિરોધીઓને ખતમ કરવા હંમેશાં તત્પર રહેતા.

**સરમુખત્યાર હિટલર**

હિટલરે જર્મનીને આર્થિક મહામંદીમાંથી બહાર લાવવા માટે પ્રયત્ન કર્યા. તેણે દરેક વ્યક્તિને કામ અને રોટી આપવાનું વચન આપ્યું. સામાન્ય ચૂંટણીમાં ઈ.સ. 1930 અને 1932 નાઝી પક્ષ દેશમાં બળવાન પક્ષ તરીકે ઊભરી આવ્યો. બીજા વર્ષે હિટલર વડાપ્રધાન બન્યો. આ અરસામાં (1934) રાષ્ટ્રપતિ હિન્ડેનબર્ગનું અવસાન થતાં ચૂંટણી કરવાને બદલે હિટલરે પોતે જ રાષ્ટ્રપતિપદ સંભાળ્યું. આ ઘટનાની સાથે જ જર્મનીમાં પ્રજાસત્તાક શાસનનો અંત આવ્યો અને એક વ્યક્તિના સરમુખત્યારશાહી શાસનની શરૂઆત થઈ.

સર્વોપરી, સર્વગ્રાહી અને સર્વસત્તાધીશ રાષ્ટ્રમાં માનતા હિટલરે ''એક પક્ષ, એક પ્રજા અને એક નેતાનો'' આદર્શ અપનાવ્યો. નાઝી પક્ષમાં અમાપ, સંપૂર્ણ અને સર્વોપરી સત્તાનો પ્રતીક-ફ્યૂહરર કહેવાતો. તેની આજ્ઞા અને આદેશ સર્વોપરી ગણાતા. સમગ્ર વિશ્વમાં માત્ર જર્મન પ્રજા જ આર્યપ્રજા છે તેવી માન્યતા ધરાવતા હિટલરે આ પાઠ્યપુસ્તકમાં ''હિટલર અમારો નેતા છે અને અમે તેને ચાહીએ છીએ'' તેવું જણાવ્યું. પ્રથમ વિશ્વયુદ્ધમાં હારનું કારણ યહૂદીઓને માનનાર હિટલરે 60 લાખ યહૂદીઓને ગૅસ ચેમ્બરમાં ગૂંગળાવી તેની હત્યા કરી. હિટલરે ''જ્યાં જ્યાં જર્મન ત્યાં ત્યાં જર્મની'' નું અત્યંત સંકીર્ણ રાષ્ટ્રવાદી સૂત્ર અપનાવી બીજા વિશ્વયુદ્ધ માટેનાં બીજ રોપ્યાં.

હિટલરે નાઝી પક્ષ દ્વારા ટૂંક સમયમાં જ મજબૂત જર્મન સંગઠન બનાવી તેને સન્માન અપાવ્યું. યહૂદી પ્રજાનો વિરોધ અને જર્મન પ્રજાની તરફેણ તેમજ નવી આર્થિક નીતિથી તેણે જર્મનીને સમૃદ્ધ બનાવ્યું. બેકારી દૂર કરવાના પ્રયત્નો કર્યા. સિંચાઈ, રેલવે, જાહેર મકાનોનું બાંધકામ કરાવ્યું. યુદ્ધસામગ્રીનું ઉત્પાદન શરૂ કર્યું. વિશ્વમાં જર્મન પ્રજાને સર્વોપરી ગણાવી પ્રજામાં જુસ્સો વધાર્યો જેણે આગળ જતાં ઉગ્ર રાષ્ટ્રવાદનું ધીમું ઝેર લોકમાનસમાં નાંખ્યું. જેણે બીજા વિશ્વયુદ્ધને જન્મ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

## ન્યૂડીલ પૉલિસી અને વિશ્વમાં અમેરિકાનું વધતું જતું મહત્ત્વ

મહામંદીની (1929-30) અસર હેઠળ અમેરિકા પોતાને બચાવી શક્યું નહોતું. આ સમયે અમેરિકાને આ મહામંદીમાંથી ઉગારવા માટે અમેરિકન રાષ્ટ્રપતિ ફ્રેંકલિન ડી. રૂઝવેલ્ટે ઉત્તમ આદર્શો સાથેનો નવીનીકરણનો કાર્યક્રમ અમેરિકામાં અમલમાં મૂક્યો, જે ''ન્યૂડીલ'' તરીકે ઓળખાય છે. આ ન્યૂડીલના ઉદ્દેશ રીલિફ (Relief) રિકવરી (Recovery) અને રિફૉર્મ (Reform) હતા. જેનાથી લોકોમાં આત્મવિશ્વાસ, લોકશાહીના મૂલ્યની જાળવણી અને રાષ્ટ્રની કુદરતી સંપત્તિની જાળવણી કરવાનાં મૂલ્યો વિકસે એવી અપેક્ષા હતી. એફ. ડી. રૂઝવેલ્ટે આ નીતિ ટૂંકાગાળા અને લાંબાગાળાની એમ બે ચરણમાં મૂકી. આ ન્યૂડીલ નીતિ પ્રમાણે ઉદ્યોગ, કૃષિ, શ્રમ, ન્યાય, વેપાર, રોજગાર, કુદરતી સંપત્તિ તેમજ સામાજિક સુરક્ષા વગેરે માટેનાં પગલાં ભરવામાં આવ્યાં, જેમાં પર્યાવરણ જાળવણી

સાથે કુદરતી સંપત્તિના ઉપયોગનું આયોજન હતું. આ ન્યૂડીલ નીતિમાં એફ. ડી. રૂઝવેલ્ટની કર્મઠતા, નિષ્ઠા અને સૂઝબૂઝ સાથે રાષ્ટ્રહિત માટેની તેની સમર્પણની ભાવનાનો પરિચય થાય છે.

## ઇંગ્લૅન્ડ અને ફ્રાંસમાં આવેલાં પરિવર્તનો

આ સમય દરમિયાન ઇંગ્લૅન્ડના સામ્રાજ્ય સમા દેશોમાં રાષ્ટ્રીય આંદોલન થતાં અંકુશ ઢીલો પડ્યો. ઇંગ્લૅન્ડમાં સર્વપક્ષીય સરકારની રચના કરવામાં આવી. સરકારે અસાધારણ સત્તાનો ઉપયોગ કરી રાષ્ટ્રને આર્થિક મહામંદીમાંથી બચાવવાના પ્રયત્નો કર્યા. સ્વાયત્ત સંસ્થાઓનું સાર્વભૌમત્વ સ્વીકારાયું. સામૂહિક સુરક્ષા માટેના રાષ્ટ્રસંઘ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને પોતાના હિતને ધ્યાનમાં રાખી ટેકો આપ્યો. ટૂંકમાં, આ સમયની ઇંગ્લૅન્ડની વિદેશનીતિ વ્યવહારુ અને સમતોલ હતી.

યુરોપનાં તત્કાલીન રાજ્યોમાં ફ્રાંસ કદાચ સૌથી વધારે શક્તિશાળી અને પ્રતિષ્ઠાસંપન્ન રાષ્ટ્ર હોવા છતાં તેને જર્મનીનો સૌથી મોટો ભય હતો. તેથી તેણે રાષ્ટ્રસંઘ પાસે પોતાનું લશ્કર રાખવાની પરવાનગી માંગી તેમજ ઇંગ્લૅન્ડ અને અમેરિકા સાથે ત્રિપક્ષીય કરાર દ્વારા પ્રાદેશિક અખંડિતતા અને યુદ્ધ સમયે લશ્કરી મદદની બાંહેધરી મેળવી. બેલ્જિયમ, પોલેન્ડ અને ઝેકોસ્લોવેકિયા સાથે પરસ્પર મિત્રતા, સંરક્ષણ અને લશ્કરી સહાયની સંધિ કરી. તેમને આર્થિક મદદ કરી ફ્રાંસે પોતાના સંઘો વધારે મજબૂત અને સલામત બનાવ્યા. આર્થિક મંદીના કારણે ગરીબી, બેકારી જેવા પ્રશ્નોને હલ કરવામાં નિષ્ફળ જતાં સરકારની પ્રતિષ્ઠાનું વારંવાર પતન થવા લાગ્યું જેને કારણે રાજકીય અસ્થિરતામાં વધારો થયો.

ટૂંકમાં, કોઈપણ પ્રકારે પોતાની રાષ્ટ્રીય સલામતી જાળવવી એ બે વિશ્વયુદ્ધ દરમ્યાનના સમયની ઇંગ્લૅન્ડ અને ફ્રાંસની બધી જ પ્રવૃત્તિઓ અને વિદેશનીતિનું મુખ્ય લક્ષ્ય હતું.

## યુ.એસ.એસ.આર. (રશિયા)નો ઉદય

સ્ટાલિનનાં નેતૃત્વ નીચે (1929 થી 39) પંચવર્ષીય યોજનાઓથી બહુ જ થોડા સમયમાં સોવિયત સંઘે અભૂતપૂર્વ આર્થિક વિકાસ સાધ્યો. (1936) સોવિયત રશિયાનું નવું બંધારણ અમલમાં આવતાં સોવિયત સંઘમાં ''સોવિયત સામ્યવાદી પ્રજાસત્તાક સંઘ'' (યુ.એસ.એસ.આર.)નું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. આ બંધારણ પ્રમાણે દરેકને સમાન અધિકાર અપાયા. કામદારોની સમિતિને કારખાનાનું સંચાલન સોંપાયું. અનેક સામાજિક અને શૈક્ષણિક સુધારાઓ કરી રશિયાનો સર્વાંગી વિકાસનો પ્રયાસ કરવામાં આવ્યો. આમ છતાં સામ્યવાદી પક્ષ અને તેનો વડો રાષ્ટ્રમાં સર્વોપરી હતા તેથી લોકોના રાજકીય અધિકાર પર વ્યાપક કાપ આવ્યો.

## આફ્રિકા અને લૅટિન અમેરિકામાં આવેલાં પરિવર્તનો (1919-1939)

પ્રથમ વિશ્વયુદ્ધના અંતે આફ્રિકામાં સ્વતંત્રતાની ચળવળ માટેની લોકજાગૃતિ આવી. પ્રથમ વિશ્વયુદ્ધના અંતે પોતાને સ્વતંત્રતા મળશે એવી આશાએ આફ્રિકન દેશોએ મિત્ર રાષ્ટ્રોને યુદ્ધમાં સહકાર આપ્યો હતો પરંતુ ઇંગ્લૅન્ડ અને ફ્રાંસની સંસ્થાનો પ્રત્યેની નીતિમાં પરિવર્તન આવ્યું નહીં. તેથી આફ્રિકામાં રાષ્ટ્રીય જાગૃતિની શરૂઆત આ સમયે થઈ જેમાં વિવિધ સંગઠનો રચાયાં. આવા સંજોગોમાં (1912) આફ્રિકામાં રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપના થઈ. તેણે પોતાના રાષ્ટ્રની ગુલામી ભોગવી રહેલી પ્રજાને પોતાના અધિકારો માટે જાગ્રત કર્યા. આફ્રિકાનાં સંસ્થાનોની પ્રજા સ્વતંત્રતા, લોકશાહી અને રાષ્ટ્રવાદના રંગે રંગાઈ. પરિણામે પોતાના સામ્રાજ્યવાદી માલિકો સામે માથું ઊંચું કરવાનું શરૂ કર્યું.

અમેરિકાની દક્ષિણે આવેલાં 24 સંસ્થાનો લૅટિન અમેરિકાના નામે ઓળખાતાં. અહીં વસતી પ્રજા લૅટિન કુળની હતી અને તેની ભાષા પણ લૅટિન હતી. અમેરિકાની જેમ અહીંનાં સંસ્થાનોને પણ સ્વતંત્રતા માટે લાંબો સંઘર્ષ કરવો પડ્યો હતો. અહીંનાં પડોશી રાષ્ટ્રો અમેરિકા અને કૅનેડાએ લૅટિન અમેરિકાની સમસ્યાઓને જાણવાનો પ્રયત્ન ન કર્યો પણ પોતાનો વિકાસ ચાલુ રાખ્યો. આ સમયે લૅટિન અમેરિકાએ સ્વતંત્રતા બાદ અમેરિકાનું અનુકરણ કર્યું નહીં; પરંતુ સ્વતંત્ર રીતે પોતાના વિકાસના પ્રયત્ન કર્યા તેથી આ રાષ્ટ્રોમાં આંતરકલહ, સરમુખત્યારશાહી તેમજ લશ્કરી વિદ્રોહ શરૂ થયા. આ સ્થિતિમાં બ્રાઝિલ, ચિલી અને

આર્જેન્ટાઈનાનાં ત્રણ રાષ્ટ્રોમાં રાજકીય સ્થિરતાની અને લોકશાહી શાસનની આશા હતી પરંતુ તેમાં લૅટિન અમેરિકાનાં જ અન્ય રાજ્યોનો સમાવેશ થતો ગયો. આ સમયે આર્જેન્ટિના અને બ્રાઝિલમાં સરમુખત્યારશાહી શાસન સ્થપાયું. મૅક્સિકોમાં પણ એકપક્ષીય વ્યવસ્થાવાળું લોકશાહી શાસન સ્થપાયું. લૅટિન અમેરિકામાં સૌથી મહત્ત્વનો પ્રજાતંત્રનો દરજ્જો ઉરુગ્વેને મળ્યો.

## એશિયામાં રાષ્ટ્રવાદી આંદોલનો

રાષ્ટ્રવાદનો સામાન્ય અર્થ ''સ્વદેશ પ્રત્યેની વફાદારી અથવા તો દેશભક્તિ થાય.'' આ સમયે (1919 થી 1939) એશિયાના કેટલાક દેશો પર યુરોપીય રાષ્ટ્રો ફ્રાંસ અને ઇંગ્લૅન્ડની સત્તા હતી. આ સમયે એશિયામાં રાષ્ટ્રીય આંદોલનો થયાં. તેની પ્રેરણા પણ યુરોપમાંથી મળેલી કારણ કે વ્યક્તિસ્વાતંત્ર્ય, ઉદારતા, રાષ્ટ્રીય એકતા, સ્વતંત્રતા, લોકશાહી, સમાજવાદ, બંધારણીય સરકાર જેવા સ્વાધીનતાના વિચારો એશિયન રાષ્ટ્રવાદી નેતાઓ જેવા કે ચીનના ડૉ. સુન-યાત-સેન, ભારતના મહાત્મા ગાંધી, નેહરુ, ઝીણા, વિયેટનામના હોં-ચી-મીન, ફિલિપાઈન્સના ક્વિઝોને યુરોપની કેળવણીમાંથી મેળવ્યા હતા. એ જ રીતે સામ્રાજ્યવાદી દેશો દ્વારા આર્થિક શોષણ, જાતિભેદ, રંગભેદ, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં સાધનોનો વિકાસ વગેરે બાબતોએ એશિયન પ્રજામાં યુરોપીય સત્તાના વિરોધમાં રાષ્ટ્રવાદી આંદોલન માટે પૂર્વભૂમિકા તૈયાર કરી.

ભારતમાં આ સમયે ગાંધીજીના નેતૃત્વ નીચે રાષ્ટ્રીય આંદોલનની શરૂઆત થઈ, રૉલેટ ઍક્ટ, જલિયાંવાલા બાગ હત્યાકાંડ, ચૌરી-ચોરાનો બનાવ વગેરે સામે અહિંસક આંદોલનો શરૂ થયાં. અહીં અસહકાર આંદોલનો સાથે કેટલીક રચનાત્મક અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ દ્વારા આંશિક સ્વરાજની માંગથી પૂર્ણસ્વરાજની માંગ સુધીના રાષ્ટ્રીય આંદોલનોનું સ્વરૂપ વ્યાપક બન્યું.

'શિનહાઈ' (1911) નામની સફળ ક્રાંતિએ ચીનમાં પ્રજાસત્તાકની સ્થાપના કરી. અહીં લાંબા સમય સુધી સામ્યવાદીઓ પોતાની સત્તા સ્થાપી શક્યા નહીં, પરંતુ ઘણા લાંબા સમયના સંઘર્ષના અંતે અહીં સામ્યવાદી સરકારની રચના થઈ.

ભારતનાં પડોશી રાષ્ટ્રો અફઘાનિસ્તાને ઇંગ્લૅન્ડ વિરુદ્ધ સશસ્ત્ર લડાઈ લડી સ્વતંત્રતા મેળવી. ઈરાનમાંથી રશિયાએ પોતાના સૈનિકો પાછા લઈ લીધા તેથી ઈરાનમાં રહેલ ઇંગ્લૅન્ડની સત્તા સામે સંઘર્ષ શરૂ થયા. અંતે (1950)માં ઈરાને આઝાદી મેળવી.

આમ, એશિયામાં પ્રથમ વિશ્વયુદ્ધના અંતે ઇંગ્લૅન્ડ અને ફ્રાંસની રાજસત્તા સામે સ્વતંત્રતા મેળવવા રાષ્ટ્રીય આંદોલનો શરૂ થયાં, જેના પરિણામે કેટલાંક રાષ્ટ્રોએ પૂર્ણસ્વતંત્રતા મેળવી તો કેટલાંક રાષ્ટ્રોમાં આઝાદી માટેનો પાયો વધારે મજબૂત બન્યો.

### જાપાનમાં લશ્કરવાદ

આ સમયે જાપાને પોતાનાં પાયદળ અને નૌકાદળને આધુનિક બનાવ્યાં. શસ્ત્રસામગ્રી માટે અનેક કારખાનાઓ શરૂ કર્યા. રાજકારણમાં લશ્કરી અધિકારીઓને મહત્ત્વના હોદ્દા આપ્યા. રાજકારણમાં લશ્કરનું મહત્ત્વ વધ્યું. પ્રજા લશ્કરને આદર અને માનથી જોવા લાગી. પ્રચંડ લશ્કરી તાકાતને આધારે જાપાને અનેક નવા પ્રદેશો ઉપર કબજો મેળવ્યો. લશ્કરવાદી નીતિ અપનાવી વર્સેલ્સની સંધિની અવગણના કરી. નૌકાદળની દૃષ્ટિએ જોઈએ તો ઇંગ્લૅન્ડ અને અમેરિકા પછી જાપાને ત્રીજું સ્થાન મેળવ્યું.

### વિશ્વસત્તા તરીકે જાપાનનો ઉદય

એશિયાનો નાનકડો દેશ જાપાન 20મી સદીના પ્રથમ ત્રણ દાયકા સુધી મૂડીવાદી અને વ્યક્તિવાદી વિચારસરણીના પ્રભાવ નીચે હતો. તેની આંતરિક અને વિદેશનીતિ બંધારણીય, સંસદીય લોકશાહીના સ્વરૂપની હતી તેમજ આંતરરાષ્ટ્રીય સદ્ભાવ, સહિષ્ણુતા અને સહયોગનું વર્ચસ્વ વિદેશનીતિમાં હતું. વ્યક્તિવાદી વિચારના પ્રભુત્વને પરિણામે વેપાર, રોજગાર અને ઉદ્યોગ-ધંધાની પ્રગતિ થઈ હતી. આ સમયે અહીં ચોક્કસ રાજકીય પક્ષનું આધિપત્ય હતું. પાશ્ચાત્ય જીવનશૈલીના કારણે દેશની સંપત્તિ અને પ્રગતિ અમુક વિશિષ્ટ વર્ગના હાથમાં રહી. તેણે પોતાની અનુકૂળતા પ્રમાણે દેશની નીતિ ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. આમ રાષ્ટ્રમાં

આર્થિક અને સામાજિક સ્થિરતા સ્થાપવાના પ્રયત્ન પછી જાપાને લશ્કરવાદને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓ શરૂ કરી. પરિણામે રાજકીય, આર્થિક ને લશ્કરી તાકાતમાં વધારો કરી જાપાન વિશ્વમાં પાશ્ચાત્ય મહાસત્તાની હરોળમાં સ્થાન મેળવવામાં સફળ બન્યું.

**આક્રમક અને તૃષ્ટિકરણની નીતિ**

પ્રથમ વિશ્વયુદ્ધ બાદ થયેલ વર્સેલ્સની સંધિમાં જર્મન, જાપાન, ઇટાલીને થયેલ અન્યાયના કારણે આ રાષ્ટ્રોમાં મહાસત્તાઓ પ્રત્યે ખાસ કરીને બ્રિટન અને ફ્રાંસ પ્રત્યે નફરત અને તિરસ્કારની ભાવના જન્મી. આ સમયે ઇટાલીમાં ફાસીવાદ, જર્મનીમાં નાઝીવાદ અને જાપાનમાં લશ્કરવાદ ફેલાયેલો હતો. તેના પરિણામે આ રાષ્ટ્રો આક્રમક બન્યાં હતાં. રશિયા પણ આ સમયે 'કૉમિન્ટર્ન' દ્વારા સામ્યવાદના રક્ષણ અને ફેલાવા માટે કટિબદ્ધ હતું. ત્યારે આ ફાસીવાદી, નાઝીવાદી સત્તાઓને તેમજ જાપાનને ખુશ રાખીને આક્રમણ માટે પ્રોત્સાહિત કરવાની બ્રિટન અને ફ્રાંસની નીતિ ઇતિહાસમાં તૃષ્ટિકરણની નીતિ તરીકે ઓળખાય છે.

બ્રિટન અને ફ્રાંસની આ તુષ્ટિકરણની નીતિનો મુખ્ય હેતુ સામ્યવાદ અને સોવિયત રશિયાના વિસ્તારવાદને અટકાવવાનો હતો. આ માટે ફાસીવાદી સત્તા અને સોવિયત રશિયા વચ્ચે ઘર્ષણ ચાલુ રહે તો બંને જૂથોનો એકબીજા પર અંકુશ રહે. આ માટે બ્રિટને રશિયા તેમજ નાઝી જર્મનીને શક્તિશાળી થતું અટકાવવા માટે ઇટાલીના એબીસિનીયા પરના આક્રમણને પરોક્ષ ટેકો આપ્યો. એ જ રીતે સ્પૅનિશ આંતરવિગ્રહ સમયે બળવાખોરોને ઇટાલીએ મદદ કરી છતાં બ્રિટને ઇટાલી સાથે મિત્રાચારી ટકાવવા અને મુસોલિનીને ખુશ કરવા પ્રયત્ન કર્યો.

સામ્યવાદના ફેલાવાના ભયને લીધે બ્રિટને (1935માં) જર્મની સાથે નૌકાદળની સંધિ કરી જેનાથી વર્સેલ્સની સંધિના ભંગ માટે જર્મનીને ઉત્તેજન મળ્યું. તે જ રીતે જાપાનની મંચુરિયા પરની જીતને સ્વીકારી બ્રિટિશરો પોતાના આર્થિક હિતોનું રક્ષણ અને વેપારી ફાયદો લેવા માંગતા હતા. આ સમયે બ્રિટનની એશિયા આફ્રિકાનાં સંસ્થાનો પરની પકડ ઢીલી થતી જતી હતી. તેથી તેને સામ્યવાદના ફેલાવાનો ભય વધારે લાગ્યો. પરિણામે ફાસીવાદી સત્તાઓનો મૂળ હેતુ અને તેની વ્યૂહરચના સમજવવામાં બ્રિટન તદ્દન નિષ્ફળ ગયું.

ઇંગ્લૅન્ડની જેમ ફ્રાંસને પણ એશિયા આફ્રિકાનાં સંસ્થાનોમાં પોતાની પક્કડ ઢીલી થતી લાગી અને તેને સુરક્ષાનો અભાવ લાગ્યો. તેની વિદેશનીતિ કોઈપણ પ્રકારે જર્મનીને શક્તિશાળી થતું અટકાવવાની હતી. આ માટે તેણે સામૂહિક સુરક્ષાના ભોગે પણ ઇટાલીની મિત્રાચારી મેળવવાનો પ્રયાસ કર્યો.

ટૂંકમાં, સામ્યવાદના ફેલાવાના ભયને લીધે લોકશાહી બ્રિટન અને ફ્રાંસે ઇટાલી, જર્મની અને જાપાન તરફ તુષ્ટિકરણની નીતિ અપનાવી સત્તાસમતુલાને નષ્ટ કરી જેનું પરિણામ બીજા વિશ્વયુદ્ધમાં પરિણમ્યું.

**ચીન ઉપર જાપાનનું આક્રમણ**

ચીનમાં આવેલો ખનીજસંપત્તિથી સમૃદ્ધ મંચુરિયાનો પ્રદેશ જાપાનને પોતાના ઔદ્યોગિક વિકાસ માટે અનુકૂળ હતો. તેથી સૌથી પહેલાં જાપાને ''દક્ષિણ મંચુરિયા રેલવે કંપની''ની સ્થાપના કરી મંચુરિયામાં રેલવે નાખવાની તૈયાર કરી. આ પ્રદેશનો વધારે લાભ મેળવવા જાપાને (1931) મંચુરિયા પર આક્રમણ કરી તેનો સંપૂર્ણ કબજો મેળવ્યો. ત્યારબાદ ચીનના અન્ય પ્રદેશો મેળવવા આક્રમક પગલાં ભર્યાં. ચીન દ્વારા રાષ્ટ્રસંઘમાં આ બાબતે ફરિયાદ થઈ પરંતુ રાષ્ટ્રસંઘ જાપાન સામે કોઈ શિક્ષાત્મક પગલાં લઈ શક્યું નહિ.

આગળ જતાં જાપાને મંચુરિયામાં 'મંચુકુઓ' નામનું અલગ રાજ્ય બનાવી ત્યાં 'પૂતળા સરકાર' ની સ્થાપના કરી. તે રાજ્ય કે સરકારને માન્યતા પણ આપી. એટલું જ નહિ તેની સાથે અલગ સંધિ પણ કરી ત્યાં પોતાનું લશ્કર તથા રાજકીય અને આર્થિક સલાહકાર રાખવાની માંગણી કરી અને અન્ય સગવડો પણ મેળવી લીધી.

**ઇથોપિયા પર ઇટાલીનું આક્રમણ**

પૂર્વ આફ્રિકામાં આવેલા ઇથોપિયા ઉપર ઇટાલીએ (1896માં) આક્રમણ કરી પોતાનું વર્ચસ્વ સ્થાપવાનો

પ્રયત્ન કર્યો. પરંતુ ત્યારે હબસી પ્રજાને કારણે ઇટાલી સફળ થઈ શક્યું નહિ. ત્યારબાદ (1928માં) ''કાયમી મિત્રતા અને મધ્યસ્થતા''ની સંધિ કરી છતાં ઇટાલી અહીં કાંઈ છૂટ મેળવી શક્યું નહિ. ત્યારે જાપાન અને જર્મની પાસેથી પ્રેરણા મેળવી ઇટાલીએ બળના પ્રયોગ દ્વારા આક્રમણનો નિર્ણય કર્યો. એક ઇટાલિયન સૈનિકની (ઑક્ટોબર, 1935) હત્યાને નિમિત્ત બનાવી તેણે ઇથોપિયા પર આક્રમણ કર્યું ત્યારે ઇથોપિયાના શાહ-હેઈલે રાષ્ટ્રસંઘમાં ફરિયાદ કરી. રાષ્ટ્રસંઘે ઇટાલીને 'આક્રમણકાર' જાહેર કર્યું. છતાં રાષ્ટ્રસંઘના કેટલાક દેશોએ ઇટાલીને આર્થિક મદદ શરૂ રાખી. છેવટે (1936) ઇટાલીના લશ્કરે ઇથોપિયા ઉપર ઝડપી આક્રમણ કર્યું ત્યારે ઇથોપિયાના શાહે નાસીને ઇંગ્લૅન્ડમાં આશરો લીધો. છેવટે ઇટાલીએ ઈથોપિયા પર સંપૂર્ણ કબજો મેળવીને તેને ઇટાલીના સામ્રાજ્યમાં ભેળવી દીધું અને ઇટાલીના વડાને ઇથોપિયાના સમ્રાટ તરીકે જાહેર કરવામાં આવ્યો.

### વૈશ્વિક બનાવોમાં નાઝી-જર્મનીની ભૂમિકા

જર્મનીમાં સરમુખત્યાર હિટલરે પ્રથમ વિશ્વયુદ્ધ બાદ અહીંની મુશ્કેલીઓ દૂર કરવા નાઝી પક્ષની સ્થાપના કરી. બહુ જ થોડા સમયમાં આક્રમક પગલાં ભરી, જર્મનીને મુશ્કેલીમાંથી ઉગારી અનેક સિદ્ધિઓ મેળવી, જર્મનીની પ્રજાનું જીવન પરિવર્તન કર્યું. હિટલરે સત્તા પર આવતાં જર્મનીમાં નાઝી વિચારસરણી પ્રમાણે યુરોપીય સત્તા સાથેના સંબંધોમાં પરિવર્તન કર્યું. પોલેન્ડ સાથે મિત્રાચારી અને બિનઆક્રમણની દસ વર્ષની સંધિ કરી જેથી પોલેન્ડ પરથી ફ્રાંસનું રાજકીય વર્ચસ્વ દૂર થયું. નાઝીવાદના વિચારને અટકાવવા રશિયાએ પૅરિસની શાંતિ-સમજૂતીમાં જે ફેરફારની માંગણી કરી હતી તે જતી કરી. વર્સાઈની સંધિ પ્રમાણે રાજકીય સરહદો જે નક્કી થઈ હતી તે બાબતે ફ્રાંસને ટેકો આપ્યો. આજ સુધી ઝેકોસ્લોવિયા, રૂમાનિયા અને યુગોસ્લાવિયા વચ્ચેની જે એકતા હતી તે નબળી પડી. ઑસ્ટ્રિયા અને હંગેરીને પોતાની સત્તા નીચે રાખવા માટે ઇટાલીએ જર્મન વિરુદ્ધના મોરચાને સમર્થન આપ્યું. ફ્રાંસ અને ઇટાલી નજીક આવે તો યુગોસ્લાવિયાના કેટલાક પ્રદેશ પર ઇટાલીની સત્તા સ્થપાય તેના ભયે યુગોસ્લાવિયાએ ઇટાલી વિરુદ્ધમાં જર્મનીને ટેકો આપવાનું શરૂ કર્યું. હિટલર અને નાઝી પક્ષથી બચવા (1935) સોવિયેટ રશિયા અને ફ્રાંસ વચ્ચે તેમજ સોવિયેટ રશિયા, ફ્રાંસ અને ઝેકોસ્લોવિયા વચ્ચે રક્ષણાત્મક કરાર થયા. આમ, સામ્યવાદ અને લોકશાહી વિચાર ધરાવતાં રાષ્ટ્રો નાઝી જર્મનીના ભયે નજીક આવ્યાં. પરિણામે વિશ્વની મહાસત્તાઓના સંબંધોએ નવું સ્વરૂપ લીધું. પરંતુ બહુ જ થોડા સમયમાં આ સત્તા-સંબંધોનું નવું સ્વરૂપ નાઝીની આક્રમક નીતિના કારણે નષ્ટ થયું.

### 'કોમિન્ટર્ન' .. વિરોધી કરાર

રશિયામાં ક્રાંતિ (1917) પહેલાંથી (1919) સુધીમાં રશિયામાં ત્રણ સામ્યવાદી આંતરરાષ્ટ્રીય સંસ્થા 'કોમિન્ટર્ન' (કામદાર પક્ષનું આંતરરાષ્ટ્રીય સંગઠન) સ્થપાયું. તેનું ધ્યેય રશિયામાં સામ્યવાદનું રક્ષણ કરવું અને વિશ્વમાં સામ્યવાદી વિચારસરણીનો પ્રચાર-પ્રસાર કરવાનું હતું.

બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વ સામ્યવાદી અને લોકશાહી એવી બે પરસ્પર વિરોધી વિચારસરણીમાં વહેંચાઈ ગઈ ત્યારે લોકશાહી દેશોએ આ કોમિન્ટર્નની પ્રવૃત્તિને અટકાવવા માટે વિશ્વમાં સામ્યવાદના ફેલાવાને રોકવા કે તેની સામે રક્ષણ મેળવવા તેના વિરોધમાં કરાર કર્યા, જેમાં અમેરિકાની પ્રેરણાથી ઉત્તર એટલાન્ટિકના કિનારાના પ્રદેશોનું સંગઠન (1949) - 'નાટો' (NATO) દક્ષિણ પૂર્વના એશિયાના દેશોના રક્ષણ માટે 'સીઆટો' (SEATO 1954) ત્યારબાદ ઇંગ્લૅન્ડ, આરબ સંઘ અને અમેરિકાએ કેન્દ્રીય કરારના 'સેન્ટો' (CENTO) ની રચના કરી. જોકે આના પરિણામે આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ વધારે તંગ બની અને આ કરારમાં નહીં જોડાયેલાં રાષ્ટ્રો બિનસલામતી અનુભવવા લાગ્યાં.

### મ્યુનિચ કરાર

ઉગ્રવાદી અને સામ્રાજ્યવાદી વૃત્તિ ધરાવનાર હિટલર સમગ્ર વિશ્વ પર જર્મન પ્રજાનું આધિપત્ય જમાવવા ઇચ્છતો હતો. તેથી જર્મનીમાં તેણે વિશાળ જર્મન રાષ્ટ્રના સર્જન માટે ઉગ્ર આક્રમક નીતિ અપનાવી. જર્મનીના ઔદ્યોગિક વિકાસ માટે ઝેકોસ્લોવિયામાં સુડેટનલૅન્ડ નામનો પ્રદેશ ખૂબ ઉપયોગી હતો તેમજ અહીં જર્મન વસ્તીનું પ્રમાણ પણ વધારે હતું તેથી હિટલરે આ પ્રદેશ ઉપર પોતાનો દાવો રજૂ કર્યો. તેથી બ્રિટનના વડાપ્રધાન (ચેમ્બરલૅન્ડ) અને ફ્રાંસના

વડાપ્રધાન (દેલેદિયર) હિટલર અને મુસોલિનીને મ્યુનિચ (જર્મન શહેર) ખાતે મળ્યા. અહીં હિટલરે સુડેટનલૅન્ડ પર પોતાનો દાવો કરી કેટલીક શરતો મૂકી જે બ્રિટન અને ફ્રાંસના વડાપ્રધાને ઝેકોસ્લોવિયાની સંમતિ વગર જ સ્વીકારી લીધી. આ સમજૂતીને મ્યુનિચ કરાર તરીકે ઓળખવામાં આવે છે. આ સમજૂતીને પરિણામે હિટલરે જર્મન વસ્તીવાળા ઝેક પ્રદેશનો સંપૂર્ણ કબજો મેળવ્યો પરિણામે ઝેકોસ્લોવિયાનું કોઈપણ જાતના સબળ વિરોધ વગર પતન થયું.

મ્યુનિચ સમજૂતીના પરિણામે ફ્રાંસ અને ઇંગ્લૅન્ડની સરમુખત્યારશાહી માનસ ધરાવતી સત્તા સામેની નબળાઈઓ જાહેર થઈ અને હિટલરની સામ્રાજ્યવાદી, સરમુખત્યારશાહીને પોષણ મળ્યું. બહુ જ નજીકના ભવિષ્યમાં તેની આ જોહુકમીભરી સામ્રાજ્યવાદી નીતિએ સમગ્ર વિશ્વને બીજા વિશ્વયુદ્ધનું યુદ્ધમેદાન બનાવી દીધું.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) રાષ્ટ્રસંઘની સ્થાપનાના હેતુઓ કયા હતા ?

(2) ફાસીવાદની વિચારસરણીની વિશેષતા જણાવો.

(3) નાઝીવાદના ઉદયનાં કારણો કયાં હતાં ?

(4) વિશ્વસત્તા તરીકે જાપાનનો ઉદય કઈ રીતે થયો ?

(5) પ્રથમ વિશ્વયુદ્ધના અંતે આફ્રિકન રાષ્ટ્રોમાં કયાં પરિવર્તનો આવ્યાં ?

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) રાષ્ટ્રસંઘે કયા કયા સામાજિક સુધારા કર્યા ?

(2) પ્રથમ વિશ્વયુદ્ધ બાદ ઇંગ્લૅન્ડમાં આવેલ પરિવર્તનો ટૂંકમાં લખો.

(3) ન્યૂડીલની નીતિ કોણે શા માટે અમલમાં મૂકી ?

(4) તુષ્ટિકરણની નીતિ એટલે શું ?

(5) કોમિન્ટર્નનું મુખ્ય ધ્યેય શું હતું ?

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) રાષ્ટ્રસંઘની સ્થાપના ક્યારે થઈ ?

(અ) 1820 (બ) 1920 (ક) 1939 (ડ) 1945

(2) હિટલરે જેલવાસ દરમિયાન કયું પુસ્તક લખ્યું ?

(અ) મારું ધ્યેય (બ) મારો દેશ (ક) મારો સંઘર્ષ (ડ) મારું સ્વપ્ન

(3) સોવિયત સામ્યવાદી પ્રજાસત્તાક સંઘનું ટૂંકુ રૂપ દર્શાવો.

(અ) યુ.એસ.એસ.એ. (બ) યુ.એસ.એસ.પી.એસ.

(ક) યુ.એસ.એ.આર. (ડ) યુ.એસ.એસ.એ.આર.

(4) ‘દક્ષિણ મંચુરિયા રેલવે કંપની’ ની સ્થાપના કરનાર રાષ્ટ્રનું નામ આપો.

(અ) જાપાન (બ) જર્મની (ક) ચીન (ડ) ઝેકોસ્લોવિયા

(5) સરમુખત્યારશાહી સામે ઇંગ્લૅન્ડ અને ફ્રાંસની નબળાઈ કયા કરારથી છતી થઈ ?

(અ) વર્સેલ્સની સંધિ (બ) મ્યુનિચ કરાર

(ક) વાર્સો કરાર (ડ) સિમલા કરાર

•

# 14 દ્વિતીય વિશ્વયુદ્ધ (1939-1945)

માનવજાતિના ઇતિહાસમાં સૌથી વધુ વિનાશક અને લોહિયાળ એવા મહાયુદ્ધનો પ્રારંભ હિટલરની નાઝી સેનાએ પોલેન્ડ પર આક્રમણ કરીને કર્યો. ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સે આક્રમણ કરતા (3જી સપ્ટેમ્બર, 1939) દ્વિતીય વિશ્વયુદ્ધની શરૂઆત થઈ. આ યુદ્ધની શરૂઆત તો પૅરિસ શાંતિસંમેલનના પ્રારંભથી જ થઈ ચૂકી હતી. આંતરરાષ્ટ્રીય શાંતિ જાળવવા સ્થપાયેલો રાષ્ટ્રસંઘ પણ આ મહાસત્તાઓને લશ્કરવાદની દોડમાંથી રોકી શક્યો નહીં. ઉગ્ર રાષ્ટ્રવાદે સામ્રાજ્યવાદને વિકસાવ્યો. સામ્રાજ્યવાદે લશ્કરવાદને ઉત્તેજિત કર્યો. તેમાંથી અંતે મોટાભાગનું વિશ્વ દ્વિતીય વિશ્વયુદ્ધમાં હોમાયું. આ મહાયુદ્ધના ઉદ્‌ભવ-વિકાસ માટે જવાબદાર પરિબળોની ચર્ચા અત્રે કરીએ.

**દ્વિતીય વિશ્વયુદ્ધનાં કારણો**

**વર્સેલ્સની સંધિ (1919) :** પ્રથમ વિશ્વયુદ્ધને અંતે પૅરિસ શાંતિ સંમેલનમાં પરાજિત જર્મની પર મિત્ર રાષ્ટ્રોએ કેટલીક કડક શરતો મૂકી. આ શરતોને વર્સેલ્સની સંધિ તરીકે ઓળખવામાં આવે છે. આ સંધિ અનુસાર જર્મનીનો કેટલોક પ્રદેશ ફ્રાન્સે પડાવી લીધો. જર્મનીની જીવાદોરી સમાન રહાઈન નદીને આંતરરાષ્ટ્રીય જળવ્યવહાર માટે ખુલ્લી મૂકી. જર્મનીનું ફરજિયાતપણે નિઃશસ્ત્રીકરણ કરવામાં આવ્યું. આવી આકરી અને રાષ્ટ્રીય અપમાન સમી જોગવાઈઓને લીધે જર્મની શરમજનક સ્થિતિમાં મુકાયું. હિટલરે જર્મનીની પ્રજાનું માન પરત મેળવવા આવી શરતોનો વિરોધ કરીને તેને ફગાવી દેવા હાકલ કરી. ઇટાલી, જાપાન વગેરે દેશોએ પણ આ સંધિનો અસ્વીકાર કરી વિરોધ કર્યો. તેથી આ રાષ્ટ્રો હવે બદલાની ભાવના અને સામ્રાજ્યવાદી મનોદશાથી પીડાવા લાગ્યાં જેમાંથી દ્વિતીય વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો.

**યુરોપનાં રાષ્ટ્રોની જૂથબંધીઓ :** પ્રથમ વિશ્વયુદ્ધ બાદ વિશ્વશાંતિની જાળવણી માટે રાષ્ટ્રસંઘની રચના કરવામાં આવી હતી. તેમ છતાં પણ યુરોપનાં રાષ્ટ્રોમાં પરસ્પરનાં અવિશ્વાસ અને ભય ઓછાં થયાં ન હતાં. આથી જ તો જર્મની, ઇટાલી, ઝેકોસ્લોવેકિયા, યુગોસ્લાવિયા વગેરે દેશોએ જુદા જુદા દેશોનું નિર્માણ કરતાં તે જૂથબંધીમાં વહેંચાઈ ગયા તેથી બીજા વિશ્વયુદ્ધનાં વાદળો ઘેરાયાં.

**સશસ્ત્રીકરણની દોટ :** પરસ્પર સહકાર અને નિઃશસ્ત્રીકરણની વાતો કરતો રાષ્ટ્રસંઘ નિષ્ફળ જતાં અશાંતિ, ભય, અવિશ્વાસ અને સશસ્ત્રીકરણ વધ્યાં. મુસોલિની અને હિટલર બન્ને ઝડપથી શસ્ત્રસજ્જ થઈ રહ્યા હતા. તેની સામે ફ્રાન્સ, પોલેન્ડ અને અન્ય રાષ્ટ્રોને પોતાની સલામતી માટે શસ્ત્રસજ્જ થયા સિવાય છૂટકો ન હતો. એશિયામાં જાપાન પણ આવું જ કરી રહ્યું હતું. છેલ્લે ઇંગ્લૅન્ડ પણ સશસ્ત્રીકરણની દોડમાં કૂદી પડ્યું જેણે આ મહાયુદ્ધનો આવિર્ભાવ કર્યો.

**ઉગ્ર રાષ્ટ્રવાદ :**

પ્રથમ વિશ્વયુદ્ધ પછી કેટલાંક રાષ્ટ્રોમાં ઉગ્ર રાષ્ટ્રવાદનો વિકાસ થયો. તેમાં મુખ્યત્વે પરાજિત જર્મની, અસંતુષ્ટ ઇટાલી અને મહત્ત્વાકાંક્ષી જાપાનનો સમાવેશ થયો હતો. આ રાષ્ટ્રો કોઈપણ ભોગે પોતાના રાષ્ટ્રને મહાન બનાવવા ઇચ્છતાં હતાં. તે રાષ્ટ્રોના શાસકોએ પોતપોતાની પ્રજામાં રાષ્ટ્રવાદની ભાવના ઉશ્કેરી તેને ઝનૂની સ્વરૂપ આપ્યું. પરિણામે આ યુદ્ધ અનિવાર્ય બની જવા પામ્યું.

**રાષ્ટ્રસંઘની અવગણના :** વિશ્વશાંતિ માટે સ્થપાયેલ રાષ્ટ્રસંઘની સાથે રહેતાં બળવાન રાષ્ટ્રો વિશ્વમાં શાંતિ-સલામતીની માત્ર વાતો જ કરતાં. જાપાને ચીનના મંચુરિયા પર આક્રમણ કર્યું (1931). ચીને રાષ્ટ્રસંઘનાં દ્વાર ખખડાવ્યાં. તેનું કોઈ સમાધાન થયું નહીં. ઇટાલીના મુસોલિનીએ પણ એબિસિનિયા પર કબજો કર્યો અને રાષ્ટ્રસંઘના સભ્યપદનો ત્યાગ કર્યો. આથી વિશ્વયુદ્ધ માટેનો માર્ગ મોકળો થતો ગયો.

**હિટલરની સામ્રાજ્યવાદી મહત્ત્વાકાંક્ષા :**

હિટલર જર્મનીને યુરોપનું મહાન અને શક્તિશાળી રાષ્ટ્ર બનાવવા માંગતો હતો. હિટલરે જાપાન, રશિયા, ઇટાલી સાથે સંધિ કરીને પોતાની સામ્રાજ્યવાદી નીતિને આક્રમક બનાવી.

**ઑસ્ટ્રિયા પર કબજો :**

હિટલરની સામ્રાજ્યવાદી નીતિનું પહેલું શિકાર ઑસ્ટ્રિયા બનતાં હિટલર પોતાની સેના સાથે વિયેના સુધી પહોંચ્યો. થોડા જ સમયમાં ઑસ્ટ્રિયામાં જનમત લેવાયો. તેના આધારે ઑસ્ટ્રિયાને જર્મની સાથે ભેળવી દેવામાં આવ્યું (1938).

**ઝેકોસ્લોવેકિયા પર કબજો :**

ઝેકોસ્લોવેકિયામાં 32 લાખ જેટલા જર્મન લોકો વસતા હોવાથી તેનું એક શહેર સુડેટનલેન્ડ જર્મનીમાં ભેળવવાનું જાહેર કર્યું. ત્યાંની સરકારે તેનો વિરોધ કર્યો. જર્મનીએ સખત પગલાં લીધાં. મ્યુનિચ સંમેલનના ઠરાવ પછી બીજા દિવસે એટલે કે (1 લી ઑક્ટોબર, 1938) જર્મન સેનાએ ઝેકોસ્લોવેકિયામાં પ્રવેશ કર્યો. સાથે હંગેરીએ રૂમાનિયાનો કબજો લીધો. ફરીવાર હિટલરે ઝેકોસ્લોવેકિયા પર કબજો કરી તેના સ્વાતંત્ર્યનો અંત આણતાં આ યુદ્ધ થવા પામ્યું.

**લિથુઆનિયાના મેમલ બંદર પર કબજો :**

હિટલરની નજર મેમલ બંદર પર પહેલેથી જ હતી. મેમલ બંદરનો કબજો થાય તો યુરોપના કેટલાક પ્રદેશો પર પોતાની નજર રહે તેથી જ આ બંદર પર તેણે કબજો કર્યો. આ સમયે જ હિટલરના મિત્ર મુસોલિનીએ આલ્બેનિયા પર કબજો જમાવી લીધો (1939).

**જર્મનીનું પોલેન્ડ પર આક્રમણ અને વિશ્વયુદ્ધનો પ્રારંભ**

હિટલરે આયોજનપૂર્વક આગળ વધતાં ઑસ્ટ્રિયા, ઝેકોસ્લોવેકિયા અને મેમલ બંદરનો કબજો લીધો. તે પછી તેનો પંજો પોલેન્ડ પર પણ પડ્યો. તેણે પોલેન્ડના પ્રદેશો સાથે જોડતી પટ્ટીને ઝઘડાનું કારણ બનાવી તેના ઉપર પોતાનો અધિકાર દર્શાવ્યો. હિટલરે પોલેન્ડ સાથે વાટાઘાટો કરવા પ્રયત્ન કર્યો પરંતુ તેમાં સફળતા ન મળતાં તેણે પોલેન્ડ પર આક્રમણ કર્યું (1 લી સપ્ટેમ્બર, 1939). યુદ્ધની શરૂઆત થતાં જર્મન સેનાઓએ પોલેન્ડને ઘેરો ઘાલ્યો. પોલેન્ડના કિલ્લાઓ, રેલવે, કારખાનાં અને લશ્કરી મથકો ઉપર બૉમ્બવર્ષા કરવા માંડી. રશિયાએ પણ પૂર્વ પોલેન્ડમાં પોતાનું લશ્કર ઉતારી કબજો મેળવ્યો. અંતે પોલેન્ડના પાટનગર વૉર્સોનું પતન થતાં તેનું વિભાજન કરવામાં આવ્યું.

**રશિયાનો બાલ્ટિક રાજ્યો પર અંકુશ**

રશિયાએ પોલેન્ડનો પ્રદેશ મેળવી પશ્ચિમ સરહદે લિટેવિયા, લિથુઆનિયા તથા ફિન્લૅન્ડ પાસેથી તેઓનાં હવાઈમથકોનો કબજો લેવા માંડ્યો. ફિન્લૅન્ડે તેનો વિરોધ કરતાં રશિયાએ તેના પર આક્રમણ કર્યું. થાકીને ફિન્લૅન્ડે કેટલાક સૈનિક અને હવાઈમથકો રશિયાને સોંપી દીધાં.

**નોર્વે તથા ડેનમાર્ક પર જર્મનીનો કબજો**

ઇંગ્લૅન્ડે જર્મની વિરુદ્ધ યુદ્ધ જાહેર કરતાં જ ફ્રાન્સની ઉત્તર સીમા તથા મેજીનોટ રેખાના રક્ષણ માટે બ્રિટિશ લશ્કરી ટુકડીઓ મોકલી જર્મનીએ નોર્વેમાંથી પ્રાપ્ત થતાં શસ્ત્રસામગ્રી, કાચું લોખંડ ન મળતાં ડેન્માર્ક પર આક્રમણ કર્યું અને એક જ દિવસમાં તેનો વિજય મેળવ્યો. નોર્વેએ બે મહિના બાદ શરણાગતિ સ્વીકારી (1940).

**ફ્રાન્સ પર જર્મનીનો કબજો (ફ્રાન્સનું પતન)**

હિટલરે ફ્રાન્સ તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. ફ્રાન્સે જર્મની તરફની પોતાની સીમા પર કિલ્લાની હારમાળા બનાવી હતી પરંતુ બેલ્જિયમ તરફની સરહદ અરક્ષિત હતી. બેલ્જિયમ હાથમાં આવતાં જ ત્યાં થઈને જર્મનસેના ફ્રાન્સમાં પ્રવેશી. ફ્રેન્ચસેનાએ સામનો કર્યો પરંતુ આકાશમાંથી સતત થતી બૉમ્બવર્ષા અને જર્મન-ટૅન્કોએ ફ્રેન્ચસેનાને હરાવી. મુસોલિનીએ પણ ફ્રાન્સ પર આક્રમણ કર્યું. અંતે જર્મનીએ પૅરિસનો કબજો લીધો (1940). જર્મનીએ નવી સરકારની રચના કરી જે પૂતળા સરકાર પુરવાર થઈ. ત્યારબાદ જનરલ દ'ગોલની નેતાગીરી નીચે આઝાદ ફ્રેન્ચ સરકારની સ્થાપના થઈ જેણે જર્મની સામે લડત ચાલુ રાખી.

### વિશ્વયુદ્ધની વ્યાપકતા

જર્મનીએ યુરોપના મોટાભાગના પ્રદેશો પર પોતાનો કબજો કરી લીધો. તેના મિત્ર મુસોલિનીએ પણ આફ્રિકાના કેટલાક પ્રદેશોનો કબજો લીધો. જર્મનીની એક પણ હાર ન થતાં તેનો આત્મવિશ્વાસ વધતો જતો હતો. જર્મનીએ નોર્વેથી માંડીને સ્પેન સુધીનો યુરોપનો સમુદ્રકિનારો તેના હાથમાં લઈ પશ્ચિમ અને મધ્ય યુરોપની સાધન-સંપત્તિ પર તેનો કબજો સ્થાપ્યો. તેના માર્ગમાં ફક્ત ઇંગ્લૅન્ડ અડગ ઊભું હતું. સમગ્ર યુરોપનો સ્વામી બનવા માંગતો હોવાથી હિટલરે હવાઈમાર્ગે બ્રિટન પર આક્રમણ કર્યું જેને બ્રિટનની લડાઈ તરીકે ઓળખવામાં આવે છે. પાંચ મહિના સુધી જર્મન વિમાનોએ ઇંગ્લૅન્ડની ભૂમિ પર બૉમ્બવર્ષા કરી, ઇંગ્લૅન્ડનો વ્યાપાર, ઉદ્યોગો અને નગરોનાં કેન્દ્રોને તોડી નાખ્યાં છતાં પણ ઇંગ્લૅન્ડ અજય રહ્યું અને જર્મનીનો વિજય શક્ય બન્યો નહીં. ધરી રાજ્યોમાંના ઇટાલીએ ભૂમધ્ય તેમજ રશિયનોએ બાલ્ટિક પ્રદેશમાં પગપેસારો કર્યો અંતે હંગેરી, રૂમાનિયા ધરી રાષ્ટ્રના જૂથમાં સામેલ થયાં.

### યુદ્ધમાં મિત્રરાષ્ટ્રોને અમેરિકાની મદદ

વિશ્વયુદ્ધ જાહેર થયું ત્યારે અમેરિકન પ્રજાએ તેમાં તટસ્થ રહેવાનું પસંદ કર્યું. અમેરિકન પ્રમુખ એફ. ડી. રૂઝવેલ્ટને ઇંગ્લૅન્ડ તથા લોકશાહી રાષ્ટ્રો પ્રત્યે સહાનુભૂતિ હોવા છતાં તેઓ મદદ કરી શકતા ન હતા. જર્મનીએ ઇંગ્લૅન્ડ પર આક્રમણ કરતાંની સાથે જ ધરી રાષ્ટ્રોની સભ્યસંખ્યા વધવા લાગી. અમેરિકનોની ઇંગ્લૅન્ડ પ્રત્યે ખાસ સહાનુભૂતિ હતી. તેથી તે ઇંગ્લૅન્ડ અને મિત્રરાષ્ટ્રોને શસ્ત્ર-સામગ્રી તથા અનાજ મોકલાવતું. અમેરિકન પ્રમુખ અને ઇંગ્લૅન્ડના વડા વચ્ચે આટલાન્ટિક મહાસાગરમાં એક યુદ્ધજહાજ પરના મિલનને અંતે એક ખતપત્ર ઘડી કાઢ્યો તે 'આટલાંટિક ખતપત્ર' તરીકે પ્રસિદ્ધ થયો (1941). ઇંગ્લૅન્ડને અમેરિકાની મદદ મળતાં તેણે મજબૂત થઈને જર્મનીની સેનાનો જોરદાર મુકાબલો કર્યો.

### હિટલરનું રશિયા પરનું આક્રમણ

ઇંગ્લૅન્ડની સેનાએ જર્મન આક્રમણકારોને નિષ્ફળ બનાવતાં હિટલરે બીજો દાવ અજમાવ્યો. તેણે ઈરાન, ઇરાક પર આક્રમણ કરવા માટે રશિયાને લલચાવ્યું. રશિયા હિટલરને પડખે રહીને યુદ્ધમાં સામેલ થયું ન હતું. રશિયાને યુદ્ધમાં સક્રિય ભાગ લેતું કરવા હિટલરે ઈરાન થઈને ભારત સુધી પ્રદેશ વિસ્તાર કરવાની શક્યતાઓ રશિયા સામે મૂકી. રશિયાએ તે સ્વીકાર્યું નહીં અને હિટલર અને રશિયાની વચ્ચે ખટરાગ ઊભો થયો. હવે જર્મનીને રશિયા પર કબજો જમાવવાની ઇચ્છા જાગી. તેથી સમગ્ર યુરોપ પર સ્વામિત્વ પ્રાપ્ત થઈ શકશે તેવું વિચારી જર્મનસેનાએ રશિયા પર આક્રમણ કર્યું (1941, 22 જૂન). જર્મનસેના રશિયાના કેટલાક ભાગો પર શરૂઆતમાં આગળ વધી પરંતુ ટૂંક સમયમાં જ જર્મનસેનાઓ રશિયનસેનાથી હારતાં જર્મનીની પીછેહઠ થતી ગઈ (1942).

### યુદ્ધમાં યુ.એસ.એ.નો પ્રવેશ

યુદ્ધ શરૂ થયું ત્યારથી જ અમેરિકાનાં સંસ્થાનો અને મિત્ર દેશોનાં સંસ્થાનો પર જાપાને આક્રમણ કરી તે પ્રદેશો પ્રાપ્ત કર્યા હતા. જાપાન મહત્ત્વાકાંક્ષી રાજ્ય હતું. જાપાને (1931) મંચુરિયા પર આક્રમણ કરી તેનો પરચો આપ્યો હતો. જાપાને આ યુદ્ધનો લાભ લઈને એશિયાના અને પેસિફિક મહાસાગર વિસ્તારના કેટલાક પ્રદેશો કબજે કર્યા હતા. જાપાનને યુદ્ધમાં આગળ વધવા માટે અમેરિકા એક જ નડતું હતું. આથી તેણે અમેરિકાના નૌકામથક અને હવાઈ ટાપુ પર્લ હાર્બર પર બૉમ્બમારો કર્યો (7 ડિસેમ્બર, 1941) જેમાં અમેરિકાના 2000 કરતાં પણ વધારે અફસરો તથા સૈનિકો અને અનેક નાનાં-મોટાં યુદ્ધજહાજો નાશ પામ્યાં. આથી અમેરિકાએ જાપાન સામે યુદ્ધ જાહેર કર્યું. ઇંગ્લૅન્ડ, નેધરલૅન્ડ, ઑસ્ટ્રિયા, ન્યૂઝીલૅન્ડ, કૅનેડાએ પણ જાપાન સામે યુદ્ધ જાહેર કર્યું. સામે પક્ષે જાપાનનાં મિત્ર જર્મની, ઇટાલી અને રૂમાનિયા વગેરેએ અમેરિકા સામે યુદ્ધ જાહેર કર્યું.

### યુદ્ધનો બીજો તબક્કો અને મિત્ર રાષ્ટ્રોના વિજયની શરૂઆત

અમેરિકા યુદ્ધમાં દાખલ થઈ મિત્ર રાષ્ટ્રની તરફેણમાં યુદ્ધ જાહેર કરી શસ્ત્રોમાં ઝડપી ઉત્પાદન શરૂ કર્યું. મિત્ર રાષ્ટ્રોને અમેરિકાની મદદ મળતાં ઉત્તર આફ્રિકામાં વિજય પ્રાપ્ત થયો (1942). ઉત્તર આફ્રિકામાંથી

જર્મની અને ઇટાલીની સેનાને હટાવીને ઇજિપ્તમાંથી હાંકી કાઢ્યા. મિત્ર રાષ્ટ્રોની આ સેનાએ સિસલી પણ કબજે કર્યું (1943).

### ઇટાલીની શરણાગતિ અને મુસોલિનીનું પતન

ઇટાલીની પ્રજાએ પોતાના પરના મિત્રરાષ્ટ્રોના આક્રમણના ભયને ઓળખ્યો. કારણ કે સિસલીથી ઇટાલી એક જ કદમ દૂર હતું. 24મી જુલાઈએ ઇટાલીના રાજવી વિક્ટર 3જાને સત્તાનાં સૂત્રો સંભાળવાની પ્રજાએ વિનંતી કરી. રાજાએ સત્તાનાં સૂત્રો સંભાળી મુસોલિનીને કેદ કર્યો અને ફાસિસ્ટ પક્ષને ગેરકાયદેસર જાહેર કર્યો. મિત્રરાજ્યોની સેના ઇટાલીમાં ઊતરી (1943). ઇટાલીની સરકારે તેની સામે બિનશરતી શરણાગતિ સ્વીકારી અને મિત્રસેનાએ નેપલ્સ કબજે કરી રોમ કબજે કરતાં ઇટાલી પરનો તેમનો સંપૂર્ણ વિજય થયો. (જૂન, 1944).

### રશિયામાં જર્મનીનો પરાજય

જર્મનીની એ જ દશા રશિયન મોરચે થઈ. છેલ્લા કેટલાક સમયથી લગભગ સાડાત્રણ લાખ જર્મનો સ્ટાલીન ગાર્ડ કબજે કરવા તનતોડ મહેનત કરી રહ્યા હતા પરંતુ રશિયનો તેમને મચક આપતા ન હતા. બીજી બાજુ મિત્ર રાષ્ટ્રોનાં બૉમ્બર વિમાનો જર્મની પર સતત બૉમ્બમારો ચલાવી રહ્યાં હતાં. આથી જર્મનીની પણ રક્ષા કરવાની હતી. તેથી જર્મનો હવે રશિયામાં હારી રહ્યા હતા. રશિયનસેનાએ જર્મનસેનાને હરાવી (ફેબ્રુઆરી, 1943) અને રશિયનસેના પોલેન્ડ પહોંચી. રશિયનસેના પોલેન્ડ પહોંચે તે પૂર્વે જ પોલેન્ડવાસીઓએ જર્મનીની ધૂંસરી ફગાવી દીધી.

ઉત્તર આફ્રિકા, ઇટાલીમાં જર્મનસેના સામે મિત્ર રાષ્ટ્રોનો વિજય થવાથી હવે ફ્રાન્સમાંથી પણ જર્મનસેનાને દૂર કરવાનો સમય પાકી ગયો હતો. મિત્ર રાષ્ટ્રોએ ઇંગ્લિશ ખાડીમાં પોતાનું લશ્કર ઉતારી ફ્રાન્સને મદદ પૂરી પાડી.

### જર્મની પર મિત્રસેનાનું આક્રમણ અને હિટલરનો પરાજય

જર્મન આધિપત્યમાંથી ફ્રાન્સને મુક્ત કર્યા પછી મિત્રસેનાએ બેલ્જિયમ, લક્ઝેમ્બર્ગ અને હોલૅન્ડમાંથી જર્મનસેનાને હાંકી કાઢી (1944). હિટલરે મિત્રસેનાને રોકવા એકલા લંડન પર તેણે કલાકના 500 માઈલની ઝડપથી છૂટતા  બે હજાર જેટલા બૉમ્બ ફેંક્યા હતા. દોઢસો માઈલની ઊંચાઈથી ફેંકી શકાય તેવાં રૉકેટો પણ તેણે ઇંગ્લૅન્ડ પર છોડ્યાં હતાં. હિટલર વધારે ભયંકર શસ્ત્રો તૈયાર કરાવી રહ્યો હતો. પરંતુ મિત્રસેનાઓ જર્મનીની સીમાએ પહોંચી ચારેય બાજુથી બર્લિનને ઘેરીને તેને કબજે કર્યું (મે, 1945). હિટલર પોતાની પ્રેયસી ઈવા બ્રાઉન સાથે નાસી ગયો. અંતે તેણે આત્મહત્યા કરી (1945). અન્ય નાઝી નેતાઓની પણ ધરપકડ કરવામાં આવી. આમ, યુરોપને મોરચે આ મહાન યુદ્ધનો અંત આવ્યો (8મે, 1945).

### જાપાનનો કરુણ પરાજય અને યુદ્ધની પૂર્ણાહુતિ

પૂર્વીય મોરચા તરફ મિત્રસેનાએ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. ભારતની સરહદ પરના મણિપુર, કોહિમા, ઇમ્ફાલ અને અગ્નિ-એશિયાના દેશો ફિલિપાઇન્સ, બર્મા, ઇન્ડોનેશિયા વગેરે મિત્રરાષ્ટ્રોની સેનાઓએ જાપાન પાસેથી કબજે કર્યા. મિત્ર રાષ્ટ્રોએ જાપાનને યુદ્ધ બંધ કરવા છેલ્લી અપીલ કરી અને જાપાનની તળભૂમિ પર રોજ બૉમ્બવર્ષા થવા લાગી. જાપાને અપીલનો કોઈ જવાબ ન આપ્યો. મિત્રરાષ્ટ્રોએ આખરી પગલું ભર્યું અને જાપાનના નગર હિરોશીમા પર અમેરિકન વિમાને અણુબૉમ્બ ફેંક્યો (6 ઑગસ્ટ, 1945). થોડી જ સેકન્ડોમાં વિનાશ વેરાઈ ગયો. આ બૉમ્બથી લગભગ 75 હજાર લોકો મૃત્યુ પામ્યાં. લાખો માણસો રોગનો ભોગ બન્યાં. જાપાનમાં લાખો પત્રિકાઓ વિમાન દ્વારા ફેંકવામાં આવતી હતી તેમાં મિત્રરાષ્ટ્રો દ્વારા જાપાનની પ્રજાને અણુબૉમ્બની ભયંકર વિનાશક શક્તિનો વિગતવાર ખ્યાલ આપવામાં આવતો હતો. જાપાનની સરકારને ફરી શરણે આવવાની અપીલ કરી છતાં જાપાની સરકાર નમી નહીં. તેથી બીજો અણુબૉમ્બ જાપાનના નાગાસાકી શહેરમાં



**હિરોશીમા પર અમેરિકન વિમાને અણુબૉમ્બ ફેંક્યો**

ફેંકવામાં આવ્યો (9 ઑગસ્ટ, 1945). નાગાસાકી શહેરનો પૂર્ણતઃ નાશ થયો. 50 હજાર માણસો તત્કાલ મૃત્યુ પામ્યા. તેથી જાપાની સરકારે શરણાગતિ સ્વીકારી (15મી ઑગસ્ટ, 1945).

**દ્વિતીય વિશ્વયુદ્ધનાં પરિણામો**

દ્વિતીય વિશ્વયુદ્ધના પરિણામે અપાર જાનહાનિ થઈ. 220 લાખ લોકો આ યુદ્ધમાં માર્યા ગયા અને 340 લાખ માણસો ઘાયલ થયા. યુરોપ અને વિશ્વના અર્થતંત્રને ભારે ફટકો પડ્યો. માલ-મિલકતને મોટું નુકસાન થયું. દરેક દેશમાં ચલણી નાણાંની કિંમત ઘટી, ભાવો વધ્યા. જીવનધોરણ નીચું ગયું. દેશોની સરકારોએ આકરા કરવેરા નાખ્યા. ઘણા દેશોમાં અનાજનું રૅશનિંગ કરવું પડ્યું, સંયુક્ત રાષ્ટ્રો (U.N.) ની સ્થાપના થઈ. ચીનમાં સામ્યવાદી સરકારની સ્થાપના થઈ. આફ્રિકા અને એશિયાના કેટલાક દેશો સ્વતંત્ર થયા. મહાસત્તાઓના સ્થાનમાં પરિવર્તન આવ્યું. વિશ્વ બે જૂથમાં વહેંચાઈ જતાં ઠંડા યુદ્ધની શરૂઆત થઈ.

**સંયુક્ત રાષ્ટ્રો (U.N.) :** પ્રથમ વિશ્વયુદ્ધ કરતાં બીજું વિશ્વયુદ્ધ વધારે ભયંકર સાબિત થયું. આ યુદ્ધથી વિશ્વની જનતા ત્રાસી ઊઠી. ફરી એક વખત વિશ્વના સારા, સમજુ રાજપુરુષોએ યુદ્ધને કાયમ માટે બંધ કરવા વિચારણા શરૂ કરી. અમેરિકન રાષ્ટ્રપતિ એફ. ડી. રૂઝવેલ્ટે વિશ્વશાંતિ સ્થાપવાના પ્રયત્ન કર્યા. દ્વિતીય વિશ્વયુદ્ધના સમયે જ તેમણે અત્યંત જરૂરી એવી ચાર સ્વતંત્રતાઓની ઘોષણા કરી જેમાં વિચારસ્વાતંત્ર્યતા અને વાણીસ્વતંત્ર્યતા, ધર્મસ્વાતંત્ર્યતા, જરૂરિયાતોમાંથી મુક્તિ અને ભયમાંથી મુક્તિ મુખ્ય છે. એફ. ડી. રૂઝવેલ્ટનું બીજું પગલું આટલાંટિક ખતપત્ર તરીકે પ્રસિદ્ધ થયું. તે શાંતિમંત્રણા માટે ઘણું અગત્યનું હતું. યુરોપનાં રાષ્ટ્રો પણ આમાં જોડાતાં આ વિશ્વસંસ્થાની સ્થાપના થઈ.

રશિયા, અમેરિકા, ઇંગ્લૅન્ડ અને ચીનના વિદેશ પ્રધાનો મોસ્કોમાં એકઠા થયા (1943). વિશ્વ માટે વહેલામાં વહેલી તકે એક આંતરરાષ્ટ્રીય સંસ્થાની જરૂર છે તેવી જાહેરાત કરી. આ સંસ્થાના પાયામાં બધા શાંતિચાહક દેશોના સાર્વભૌમત્વ અને સમાનતાના સિદ્ધાંતો રહેવા જોઈએ. વિશ્વનાં બધાં જ રાષ્ટ્રો નાનાં હોય કે મોટાં, આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવા એકઠાં મળી શકે. આ સમગ્ર ઘટનાને અંતે અમેરિકાના ડમ્બાર્ટન ઓક્સ (વૉશિંગ્ટન) ખાતે 50 રાષ્ટ્રોના પ્રતિનિધિઓનું એક સંમેલન મળ્યું (જુલાઈ, 1944). આ સંસ્થા માટે આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ એકઠું કર્યું. પુનઃવસવાટ, વિકાસ માટે આંતરરાષ્ટ્રીય બૅન્કની સ્થાપના વગેરે માટે વિચારણા કરી. સાનફ્રાન્સિસકો પરિષદમાં વિશ્વસંસ્થાનું ખતપત્ર ઘડી કાઢવામાં આવ્યું (1945) અને હાજર રહેલ 50 જેટલાં રાષ્ટ્રોના પ્રતિનિધિઓએ પોતપોતાની સરકાર તથા ધારાસભા પાસે મંજૂર કરવા મૂક્યું. આમ 'સંયુક્ત રાષ્ટ્રો' (U.N.) નામની સંસ્થાનો જન્મ થયો. (24 ઑક્ટોબર, 1945) તે સમયે 51 રાષ્ટ્રો તેનાં સભ્ય બન્યાં. આજે તેની સભ્યસંખ્યા ચાર ગણી છે. આ સંસ્થા આજે 'યુનાઈટેડ નેશન્સ' (U.N.) તરીકે ઓળખાય છે.

**સંયુક્ત રાષ્ટ્રોના હેતુઓ**

સંયુક્ત રાષ્ટ્રોના હેતુઓમાં આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની સ્થાપના કરવી. વિશ્વનાં રાષ્ટ્રો વચ્ચે મૈત્રીભર્યા સંબંધો સ્થાપિત થાય અને જળવાઈ રહે તેવાં પગલાં લેવાં. વિશ્વની પ્રજાઓ પરસ્પરના વ્યવહારમાં આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક ક્ષેત્રે સહકારથી કાર્ય કરે, માનવ-અધિકારોને માન આપે, માનવીની મૂળભૂત સ્વતંત્રતાઓનું બધા જ રક્ષણ કરે તેવા વાતાવરણનું સર્જન કરવું, શાંતિ, સલામતી, મૈત્રી અને સહકારનું વાતાવરણ ઊભું કરી વિશ્વમાં એકતા સ્થાપવી.

**સંયુક્ત રાષ્ટ્રોનાં અંગો**

**સામાન્ય સભા :** સામાન્ય સભા બધાં જ રાષ્ટ્રોના સભ્યોના પ્રતિનિધિઓની બનેલી છે. તેમાં દરેક રાષ્ટ્ર વધુમાં વધુ પાંચ પ્રતિનિધિ મોકલી શકે. મતદાનમાં એક જ મત ગણાય. તેના પ્રમુખની ચૂંટણી દર વર્ષે થાય છે.

**સલામતી સમિતિ :** આ સૌથી મહત્ત્વનું અંગ ગણવામાં આવે છે. તેમાં કુલ 15 સભ્યોમાં પાંચ કાયમી અને દસ બિનકાયમી છે. તેમને સામાન્ય સભા બે વર્ષ માટે ચૂંટી કાઢે છે.

**મહામંત્રી અને સચિવાલય :** સંયુક્ત રાષ્ટ્રોના મહામંત્રીની નિમણૂક સલામતી સમિતિની ભલામણથી સામાન્ય સભા ચૂંટણી દ્વારા પાંચ વર્ષ માટે કરે છે.

**આંતરરાષ્ટ્રીય અદાલત :** આ અંગમાં તેના પુરોગામી 'રાષ્ટ્રસંઘ' સમયની અદાલતનું જ માળખું લેવામાં આવ્યું છે. તેમાં ન્યાયાધીશોની સંખ્યા 15ની રાખવામાં આવી છે. તેમના હોદ્દાની મુદત 9 વર્ષની છે.

**વાલી-સમિતિ :** સંયુક્ત રાષ્ટ્રોની આ વાલીપણા સમિતિ એ અગત્યની સંસ્થા ગણાય છે. આ સમિતિ એ પ્રદેશોની જનતાની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રગતિની સંભાળ રાખે છે.

**આર્થિક અને સામાજિક સમિતિ :** વિશ્વમાં યુદ્ધ અટકાવવાની સાથે બેકારી, અજ્ઞાનને દૂર કરવા માટે આ સંસ્થા ખૂબ અગત્યની ભૂમિકા નિભાવે છે. તેમાં કુલ 18 સભ્યો છે. તેની ચૂંટણી દર ત્રણ વર્ષે થાય છે અને વર્ષમાં ત્રણ વાર તેની બેઠક મળે છે.

**સંયુક્ત રાષ્ટ્રોની માનવ-અધિકારોની ઘોષણા**

આવા સંજોગોમાં માનવજાતિ માટે U.N. એક ઉજ્જ્વળ આશા છે. આ સંયુક્ત રાષ્ટ્રોમાં દરેક રાષ્ટ્રને પ્રતિનિધિત્વ મળવું જોઈએ. ઉપરાંત સલામતી સમિતિમાંથી 'વિટો' સત્તા દૂર કરવાની માનવ-અધિકારની ખૂબ તાતી જરૂરિયાત છે. વિશ્વરાજકારણમાં આંતરિક બાબતોની વ્યાખ્યા સ્પષ્ટ થવી જોઈએ તથા સંયુક્ત રાષ્ટ્રોના હાથ નીચે આંતરરાષ્ટ્રીય સૈનિકદળની રચના કરવી જોઈએ. સૌથી ખાસ એ છે કે, વિશ્વની પ્રજાઓએ પોતે જ પોતાના માનસમાં પરિવર્તન લાવવું પડશે. આજે વિશ્વની બધી જ પ્રજાઓ યુરોપ, એશિયા, અમેરિકા, આફ્રિકાની કાળી-ગોરી, કોઈપણ જાતની, કોઈપણ પંથની પ્રજા 'પંચશીલનાં' સૂત્રો સ્વીકારે અને તે મુજબ વર્તવાનો મક્કમ નિર્ધાર કરે તો પરસ્પરના સહકારથી માનવકુટુંબનું મંગલગાન આ ધરતી પર ગૂંજતું થઈ જાય અને આ સાથે એ મંગલદિવસ ખૂબ જ વહેલો આવે, જ્યારે સંયુક્ત રાષ્ટ્રો દ્વારા વિશ્વએકતા અને વિશ્વબંધુત્વનું સ્વપ્ન સાકાર બને.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) દ્વિતીય વિશ્વયુદ્ધનાં પરિબળો.

(2) દ્વિતીય વિશ્વયુદ્ધમાં જર્મનીના વિજયની ચર્ચા કરો.

(3) દ્વિતીય વિશ્વયુદ્ધના મુખ્ય બનાવો.

(4) દ્વિતીય વિશ્વયુદ્ધમાં જાપાનના વિજયો વર્ણવો.

(5) દ્વિતીય વિશ્વયુદ્ધનાં પરિણામો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) જર્મન સેના (લશ્કર)નું નામ જણાવો.

(2) અમેરિકાના કયા નૌકામથક પર જાપાને બૉમ્બ ફેંક્યો હતો ?

(3) હિટલર કયા પક્ષનો નેતા હતો ?

(4) અમેરિકાએ જાપાનનાં કયાં શહેરો પર અણુબૉમ્બ ફેંક્યા હતા ?

(5) સંયુક્ત રાષ્ટ્રોના મુખ્ય મથકનું નામ જણાવો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) દ્વિતીય વિશ્વયુદ્ધનો પ્રારંભ વર્ષ 1939ની કઈ તારીખે થયો ?
(અ) 1 ઓકટોબર (બ) 1 સપ્ટેમ્બર (ક) 10 સપ્ટેમ્બર (ડ) 14 ઓકટોબર

(2) દ્વિતીય વિશ્વયુદ્ધમાં અમેરિકાએ ક્યારે પ્રવેશ કર્યો ?
(અ) 1939 (બ) 1940 (ક) 1941 (ડ) 1942

(3) નાગાસાકી પર ક્યારે અણુબોંબ ફેંકવામાં આવ્યો ?
(અ) 6, ઓગસ્ટ, 1945 (બ) 5, મે, 1945 (ક) 9, ઓગસ્ટ, 1945 (ડ) 18, મે, 1945

(4) વિશ્વશાંતિ અર્થે આટલાંટિક ખતપત્ર ઘડનાર એફ. ડી. રૂઝવેલ્ટ કયા દેશના વતની હતા ?
(અ) રશિયા (બ) અમેરિકા (ક) ઈંગ્લેંડ (ડ) ફ્રાન્સ

(5) સ્થાપના વખતે સંયુક્ત રાષ્ટ્રો (U.N.)માં કેટલાં રાષ્ટ્રો જોડાયાં હતા ?
(અ) 48 (બ) 49 (ક) 50 (ડ) 51

●

# 15 દ્વિતીય વિશ્વયુદ્ધ પછીનું વિશ્વ

પ્રથમ વિશ્વયુદ્ધના અંતે વિશ્વશાંતિ માટે રાષ્ટ્રસંઘની સ્થાપના કરવામાં આવી પરંતુ આ દિશામાં તે સફળ થઈ શકી નહીં. યુરોપની મહાસત્તાઓ પોતાનો સ્વાર્થ સિદ્ધ થતો હોય ત્યાં સુધી રાષ્ટ્રસંઘને સ્વીકારવા તૈયાર હતી પરંતુ જો પોતાનું હિત રાષ્ટ્રસંઘની નીતિથી વિરુદ્ધ જતું હોય તો આ સત્તાઓ રાષ્ટ્રસંઘ છોડવા તૈયાર હતી. આથી રાષ્ટ્રસંઘ વિજેતા રાષ્ટ્રોનો સંઘ બની ગયો. જર્મની તરફ વેરવૃત્તિથી કરાયેલ સંધિના લીધે જર્મનીમાં હિટલરનો ઉદ્ભવ થયો. નાઝીવાદ અને હિટલરે જર્મનોના રાષ્ટ્રવાદને ઉત્તેજન આપી વિશ્વને દ્વિતીય વિશ્વયુદ્ધ તરફ ધકેલી દીધું. પ્રથમ વિશ્વયુદ્ધ કરતાં દ્વિતીય વિશ્વયુદ્ધ વધુ ભયાનક હતું. અણુબૉમ્બનો પ્રથમ વખત પ્રયોગ આ જ યુદ્ધમાં થયો હતો. વિશ્વની મહાસત્તાઓ આ યુદ્ધથી ચોંકી ગઈ કારણ કે પ્રથમ વિશ્વયુદ્ધના માત્ર 20 વર્ષ બાદ આ યુદ્ધ શરૂ થઈ ગયું હતું. આથી પ્રથમ વિશ્વયુદ્ધ બાદ જે પરિસ્થિતિ ઊભી થઈ તે પરિસ્થિતિનું પુનરાવર્તન કરવા મહાસત્તાઓ તૈયાર ન હતી. આ કાર્યમાં તેઓ મહદંશે સફળ પણ થયા. જેથી વિશ્વને હજુ ત્રીજું મહાયુદ્ધ જોવાનો વારો આવ્યો નથી.

## દ્વિતીય વિશ્વયુદ્ધ પછીના વિશ્વની પુનર્રચના

પ્રથમ વિશ્વયુદ્ધ બાદ પૅરિસ શાંતિસંમેલનમાં જર્મની તરફ વેરભાવનાથી સંધિ થઈ હતી. પરંતુ દ્વિતીય વિશ્વયયુદ્ધ બાદ જર્મની તરફની એ નીતિનો ત્યાગ કરવામાં આવ્યો.

પોટ્સડામમાં વિજેતા રાષ્ટ્રો વચ્ચે થયેલી સંધિ પ્રમાણે જર્મનીની પૂર્વીય સરહદો ઓડર અને નીસ નદી સુધી કામચલાઉ રીતે નક્કી થઈ. તેની પૂર્વીય સરહદે ઉત્તરના ભાગ પર રશિયાનો અંકુશ સ્થાપવામાં આવ્યો. પોલેન્ડને ડાન્ઝિગ, સાઈબેરિયા, બેન્ડબર્ગ, પામેરેનિયાના પ્રદેશો મળ્યા. ફ્રાન્સને આલ્સેસ-લૉરા સ્પેનને યુપેન અને મલ્મેડી, ઝેકોસ્લોવાકિયાને સ્યુડેટલેન્ડ જર્મની પાસેથી મળ્યા. આ સિવાય બાકી રહેલા જર્મની ઉપર ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, અમેરિકા અને રશિયાનું સંયુક્ત નિયંત્રણ ગોઠવી દેવામાં આવ્યું. જર્મનીના પાટનગર બર્લિનને પણ ચાર ભાગમાં વહેંચી તેની ઉપર ઉપર્યુક્ત ચાર મહાસત્તાનો અંકુશ મૂકી દેવામાં આવ્યો. ચાર સત્તાઓના શાસનતંત્રના સંકલન માટે 'સંયુક્ત-નિયંત્રણ સમિતિ' (Allied Control Council) ની રચના કરવામાં આવી. નાઝી પક્ષને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યો.

ઑસ્ટ્રિયાને ફરીથી જર્મનીથી અલગ કરી સ્વતંત્ર કરવામાં આવ્યું. તેના પર પણ જર્મનીની જેમ ચાર વિભાગથી ચાર મહસત્તાઓનું શાસન સ્થાપી દેવામાં આવ્યું. વિયેનાની વ્યવસ્થા પણ બર્લિનની જેમ જ કરવામાં આવી. ઇટાલી પાસેથી તેણે 1870 બાદ જે પ્રદેશો કબજે કર્યા હતા તે પાછા લેવામાં આવ્યા. આલ્બેનિયા, ટ્રીએસ્ટ, લિબિયા, એબિસિનિયાને સ્વતંત્ર કરવામાં આવ્યા. જાપાનમાં ત્યાંના શહેનશાહનું શાસન જાપાની એકમાત્ર શરત સાથે યથાવત્ રાખવામાં આવ્યું. પરંતુ જાપાન પર અમેરિકી સેનાપતિ મેક આર્થરનો અંકુશ સ્થાપી દેવામાં આવ્યો. આમ, આ વખતે પ્રથમ વિશ્વયુદ્ધ બાદની સ્થિતિનું વધારે પુનરાવર્તન ન કરાયું.

## સામ્રાજ્યવાદી સંસ્થાઓનું વિઘટન

દ્વિતીય વિશ્વયુદ્ધ માટે જવાબદાર પરિબળો પૈકીનું એક પરિબળ વિદેશ વેપાર તથા સંસ્થાનવાદ હતું. આથી યુદ્ધ બાદ ઇંગ્લૅન્ડનાં સંસ્થાનોમાંથી ઇજિપ્ત, સુદાન, ટોગોલેન્ડ, ગોલકોસ્ટ, સિલ્વર લેકોસ્ટ, કેન્યા, યુગાન્ડા, નાઇજીરિયા, ન્યાસાલેન્ડ અને ર્‌હોડેશિયા સ્વતંત્ર થયાં. જ્યારે ફ્રાન્સનાં સંસ્થાનોમાંથી હિન્દીચીન, અલ્જિરિયા, ટ્યૂનિસિયા, સ્વતંત્ર થયાં. આમ ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સ જેવી સામ્રાજ્યવાદી સત્તાઓ નબળી પડી. વિશ્વરાજકારણ પર તેની પકડ ઢીલી પડી. આ સ્થિતિમાં વિશ્વમાં અમેરિકા અને સોવિયેટ સંઘ (યુ.એસ.એસ.આર.) મહાસત્તા તરીકે ઊભરી.

## વિશ્વસત્તા તરીકે યુ.એસ.એ. અને યુ.એસ.એસ.આર.નો ઉદય

દ્વિતીય વિશ્વયુદ્ધમાં સોવિયેટ રશિયાને ઘણું નુકસાન વેઠવું પડ્યું હતું પરંતુ તેણે જે પ્રદેશો મેળવ્યા હતા તે તેની પાસે જ રહેવા દેવામાં આવ્યા. આથી તેને પણ આ યુદ્ધથી ફાયદો થયો. યુદ્ધ બાદ પૂર્વીય જર્મની, પોલેન્ડ, રૂમાનિયા, હંગેરી, બલ્ગેરિયા, આલ્બેનિયા, ઝેકોસ્લોવાકિયા, યુગોસ્લાવિયા જેવાં રાષ્ટ્રોમાં 'સામ્યવાદી' પ્રભાવ વધ્યો. એશિયામાં તુર્કસ્તાન, મોંગોલિયા, ઉત્તર કોરિયા, ઉત્તર વિયેટનામ અને આરબ દેશોને સોવિયેટ રશિયાએ સ્વતંત્રતા મેળવવા નોંધપાત્ર મદદ કરી. આથી આ દેશો રશિયન જૂથ તરફ વળ્યા.

યુદ્ધ અમેરિકાની ભૂમિથી દૂર હતું. વળી, યુદ્ધસામગ્રીના વેચાણ દ્વારા અમેરિકાને ફાયદો થયો. યુરોપનાં રાષ્ટ્રો અમેરિકા પર આધારિત બન્યાં. વળી, અમેરિકાએ યુદ્ધ બાદ પણ યુરોપનાં રાષ્ટ્રોને આર્થિક મદદ કરતાં આ ક્ષેત્રમાં તેનું પ્રભુત્વ સ્થપાયું. આથી ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ, પશ્ચિમ જર્મની અને બેલ્જિયમ જેવા લોકશાહી દેશો પ્રથમથી જ તેના પક્ષે હતા. વળી, ઈજિપ્ત, ફોર્મોસા, ઇઝરાયલ, શ્રીલંકા, મ્યાનમાર (બર્મા), વેસ્ટ ઇન્ડિઝના ટાપુઓ અને આફ્રિકન દેશોને સ્વતંત્રતા મેળવવામાં સહાય કરતા આ દેશો પણ અમેરિકાના જૂથમાં જોડાયા.

આમ મૂડીવાદી દેશોની નેતાગીરી અમેરિકાએ લીધી જ્યારે સામ્યવાદી વિચારસરણી ધરાવતા દેશોની નેતાગીરી સોવિયેત રશિયાએ લીધી. જેથી એકબીજાથી તદ્દન વિરોધી એવી બે વિચારસરણી અને શાસનપદ્ધતિ ધરાવતાં બે સત્તાજૂથો ઊભાં થયાં. આ બે સત્તાજૂથોને આર્નોલ્ડ ટૉયન્બી જેવા ઇતિહાસકાર 'દ્વિધ્રુવી વિશ્વ' કહે છે.

## ઇઝરાયલની રચના

લગભગ 2000 વર્ષ પૂર્વે યહૂદીઓને પેલેસ્ટાઇનમાંથી હાંકી કાઢવામાં આવ્યા હોવાથી તેમને યુરોપના દેશોમાં અત્યાચાર, હિંસા અને સામૂહિક હત્યાકાંડ જેવો ત્રાસ સહન કરવો પડ્યો. યહૂદીઓ માટે સૌ પ્રથમ અલગ રાજ્ય સ્થાપવાની ચળવળનો નેતા થિયોડોર હર્ઝલ હતો. વિશ્વના બધા યહૂદીઓએ તેના આ વિચારને વધાવી લીધો. તેણે સ્વિટ્ઝર્લૅન્ડના બેસલ શહેરમાં વિશ્વ યહૂદી સંગઠનની સ્થાપના કરી (1897). તેણે યહૂદીઓને તેમની મૂળ માતૃભૂમિ પરત મળે તે માટે બ્રિટન સાથે વાતચીતનો પ્રારંભ કર્યો. (કારણ કે આ પેલેસ્ટાઇન વિસ્તાર બ્રિટનનો ક્યારેક એક ભાગ હતું.)

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તુર્કસ્તાને યહૂદીઓ પરનાં નિયંત્રણો વધારે કડક બનાવ્યાં છતાં યહૂદીઓની અલગ રાષ્ટ્રની માંગણી ચાલુ રહી. ઇંગ્લૅન્ડે વિશ્વયુદ્ધમાં યહૂદીઓનો ટેકો મેળવવા પેલેસ્ટાઇનમાં અલગ યહૂદી રાજ્યની સ્થાપના અને આ ચળવળને ટેકો જાહેર કરતાં યહૂદીઓ આ ક્ષેત્રમાં એકઠા થવા લાગ્યા (1917). ઇંગ્લૅન્ડના વિદેશપ્રધાન બાલ્ફરે બ્રિટિશ યહૂદી નેતા રોથચાઈલ્ડને પત્ર લખ્યો જે 'બાલ્ફર જાહેરનામા' તરીકે ઓળખાય છે. જેમાં સ્પષ્ટપણે પેલેસ્ટાઇનમાં યહૂદીઓની અલગ રાષ્ટ્રીય રહેઠાણની સ્થાપનાની તરફેણ કરાઈ. આ જ અરસામાં અંગ્રેજ સેનાપતિ એલેન્બીએ જેરૂસલેમનો કબજો લેતાં પેલેસ્ટાઇનમાં અલગ યહૂદી રાજ્યની સ્થાપનાને ઝડપી બનાવવાની પ્રેરણા મળી. આથી આરબો નિરાશ થયા. અંગ્રેજોએ તેમને આશ્વાસન આપ્યું કે યહૂદીઓને પૂરેપૂરું પેલેસ્ટાઇન આપવામાં નહિ આવે, પરંતુ આ જાહેરાતથી યહૂદીઓને કે આરબોને સંતોષ ન થતાં યહૂદીઓએ ઉગ્ર સંઘર્ષનો માર્ગ લીધો. હિટલરના અમાનુષી ત્રાસથી યુરોપમાં વસતા યહૂદીઓએ (1944 સુધીમાં) તો પેલેસ્ટાઇનમાં ગેરકાયદેસર પ્રવેશ મેળવી લીધો હતો.

બીજા વિશ્વયુદ્ધમાં યહૂદીઓની ભારે કત્લેઆમ થઈ. લગભગ 60 લાખ યહૂદીઓને મારી નાખવામાં આવ્યા. આથી યહૂદીઓમાં ભય વ્યાપી ગયો અને તેમણે જાહેર કર્યું કે દ્વિતીય કક્ષાના નાગરિકો તરીકે તેઓ વર્ષો સુધી યુરોપમાં રહ્યા છે. હવે તેઓ આ રીતે રહેવા માગતા નથી. ઘરબાર વગરના કેટલાય યહૂદીઓને પેલેસ્ટાઇનમાં વસાવવા યહૂદી સંસ્થાઓએ ઉગ્ર આંદોલનો કર્યાં. ત્યારે અમેરિકાના દબાણથી 1,00,000 યહૂદીઓને પેલેસ્ટાઇન મોકલાવાનો ઇંગ્લૅન્ડે વિરોધ કરતાં યહૂદીઓએ ત્રાસવાદી આંદોલનો શરૂ કર્યાં. અંતે આરબો અને યહૂદીઓનો આ સ્ફોટક પ્રશ્ન યુ.એન.માં રજૂ થયો.

યુ.એન.ની ખાસ સમિતિએ સ્વતંત્ર યહૂદી રાજ્ય અને સ્વતંત્ર આરબ રાજ્યની રચના કરી. જેરૂસલેમ આંતરરાષ્ટ્રીય હકૂમત હેઠળ મુકાયું. તેનો વહીવટ યહૂદી અને આરબોએ સંયુક્તપણે કરવાનો હતો. યહૂદીઓએ ભાગલાનો સ્વીકાર કર્યો. પરંતુ આરબોએ તેનો વિરોધ કર્યો. આ સ્થિતિમાં બ્રિટને (1948ની મે સુધીમાં) પેલેસ્ટાઈન છોડી જવાની જાહેરાત કરી અને જેરૂસલેમમાંથી તાત્કાલિક પોતાનાં દળો પરત ખેંચ્યાં. જાહેરાત મુજબ અંગ્રેજો પેલેસ્ટાઈન છોડી જતાં સ્વતંત્ર યહૂદી રાજ્યની સ્થાપનાની (14મી મે, 1948) જાહેરાત કરવામાં આવી અને તેને 'ઇઝરાયલ' એવું નામ અપાયું. પરંતુ તરત જ મિસર, સિરિયા, જૉર્ડન, ઇરાક અને લેબેનોને મળી નવા ઇઝરાયલ પર આક્રમણ કરી દીધું. હજુ સુધી આરબો અને યહૂદીઓ વચ્ચે આ સમસ્યા બાબતે ઘર્ષણ ચાલુ જ છે.

**ચીનની સામ્યવાદી ક્રાંતિ - 1949**

શિન-હાઈ ક્રાંતિથી (1911ની પ્રજાસત્તાક ક્રાંતિ) ચીન મંચુ શાસકો અને વિદેશીઓથી મુક્ત બન્યું. ડૉ. સુન-યાત-સેન સત્તાથી વિમુખ રહેતાં તેમના સાથીદાર ચાંગ-કાઈ-શેકને ચીનની સત્તા સોંપાઈ. પણ આ સરકાર ચીનની અપેક્ષાઓ પૂર્ણ કરવામાં સફળ ના થતાં સામ્યવાદી ક્રાંતિનું સર્જન થયું. ડૉ. સૂન-યાત-સેનનું અવસાન (1925) થતાં ચીનની સંપૂર્ણ સત્તા ચાંગ-કાઈ-શેકના હાથમાં આવી. ચાંગ-કાઈ-શેક શરૂઆતમાં સામ્યવાદીઓનો વિરોધી ન હતો. તે ટ્રોટસ્કીથી પણ ખૂબ પ્રભાવિત હતો. 1928 સુધીમાં તેણે ચીનમાં એકતા સ્થાપી. છતાં કેટલાક પ્રદેશો માટે હજુ પણ યુદ્ધ કરવું પડે તેવી સ્થિતિ હતી. ચીનમાં આખરી સત્તા માટે સામ્યવાદીઓ અને કુઓ-મિતાંગ (જનતા પક્ષ) વચ્ચે સંઘર્ષ અનિવાર્ય હતો. ચીનના જુદા જુદા પ્રાંતો પર સામ્યવાદીઓએ પોતાની સરકાર સ્થાપી (1933 સુધીમાં) દીધી. આ વિસ્તાર લગભગ 3,33,000 ચોરસ માઈલ તથા વસ્તી 9 કરોડ હતી. આથી તેમને હરાવવા ચાંગ-કાઈ-શેક માટે અઘરું કાર્ય હતું. જેથી તેણે સામ્યવાદીઓનું દમન કરવા માટે 'ભૂરાં ખમીસધારી' નામે ત્રાસવાદી સેનાની રચના કરી અને હજારો સામ્યવાદીઓની કતલ કરાવી. સામ્યવાદીઓને કચડી નાખવા ચાંગ-કાઈ-શેકે આ સેનાને કામે લગાડતાં સામ્યવાદીઓએ ઉત્તર ચીનમાં મહાપ્રસ્થાન કર્યું (Long March) માઓ-ત્સે-તુંગના નેતૃત્વમાં આ મહાપ્રસ્થાપન કવાંગશીથી ઉત્તરમાં શેત્શી તરફનું હતું. આ માર્ચમાં ઉત્તર તરફ જતાં સોવિયેટ રશિયાની મદદ મળી રહે તેવો તેમનો આશય હતો. 6000 માઈલની લાંબી યાત્રા 368 દિવસમાં પૂરી થતાં સુધીમાં સામ્યવાદીઓ ચીનની સામાન્ય પ્રજાનો ટેકો મેળવી શક્યા.

ચાંગ-કાઈ-શેક સામ્યવાદીઓને હરાવવામાં નિષ્ફળ ગયો. જાપાનના આક્રમણ વખતે સામ્યવાદી પક્ષે જાપાન સામે યુદ્ધ ચાલુ રાખ્યું. તેથી લોકોને સામ્યવાદીઓ પ્રત્યે માન ઊપજ્યું. ચાંગ-કાઈ-શેકે સામ્યવાદીઓ સામે લશ્કર મોકલ્યું. પણ આ લશ્કરે યુદ્ધ કરવાની ના પાડી દેતાં ખુદ ચાંગ-કાઈ-શેક યુદ્ધ મેદાને પહોંચતાં તેમની ધરપકડ કરી લેવામાં આવી. તેની લશ્કરી નીતિ બદલવાની શરતે તેને મુક્ત કરવામાં આવ્યો. 1927 થી 1937ના દશ વર્ષના સંઘર્ષ પછી બંને વચ્ચે સમજૂતી થવા પામી અને આંતર વિગ્રહનો અંત આવ્યો. આ સમયે બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં ચીન અને જાપાન વચ્ચેનું યુદ્ધ એ વિશ્વયુદ્ધનો એક ભાગ બની ગયું.

જાપાનનો પરાજય થતાં ચીનમાં ચાંગના નેતૃત્વવાળી સરકારને વિશ્વએ ટેકો આપ્યો. પરંતુ જાપાને ચીનના જે પ્રદેશો જીત્યા હતા ત્યાંથી તેમની પીછેહઠ દરમિયાન આ પ્રદેશ પર સામ્યવાદી 'લાલ લશ્કર' ના વડાએ પોતાનો અંકુશ સ્થાપી દીધો. આ પ્રશ્ને બંને વચ્ચે ઘર્ષણ થયું. સામ્યવાદીઓએ મુકડેનનો કબજો લીધો (1948). પેકિંગ કબજે કર્યું. (જાન્યુઆરી 1949) અને 10 લાખના લશ્કર સાથે નાનકિંગ અને શાંગહાઈ પર કબજો કરી લીધો. (20 એપ્રિલ 1949) 1949 ઑક્ટોબર સુધીમાં તો કુઓ મિન્તાંગનાં સત્તાકેન્દ્રો સામ્યવાદીઓએ કબજે કર્યાં જેથી ચાંગ ફાર્મોસા ટાપુ પર ભાગી ગયો. માઓત્સે-તુંગે 1 ઑક્ટોબર 1949માં પેકિંગથી સામ્યવાદી ચીનને પ્રજાકીય પ્રજાસત્તાક દેશ તરીકે જાહેર કર્યો. ચીનમાં સામ્યવાદી ક્રાંતિ સફળ થઈ અને લાલ (સામ્યવાદી) ચીનનું સર્જન થયું.

### નાટો અને વોર્સો કરાર

બીજા વિશ્વયુદ્ધ બાદ વિશ્વ મૂડીવાદ અને સામ્યવાદ એવા બે જૂથમાં વહેંચાતાં અમેરિકા અને સોવિયેટ રશિયાએ પોતાની તાકાતને મજબૂત બનાવવા કેટલાંક લશ્કરી જૂથો રચવાં શરૂ કર્યાં. જેની શરૂઆત અમેરિકાએ કરી. તેણે નાટોની (NATO-North Atlantic Treaty Organization - 1948) રચના કરી. જેમાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, કૅનેડા, બેલ્જિયમ, ડેનમાર્ક, ઇટાલી, લકઝેમબર્ગ, આઈસલૅન્ડ, નોર્વે તેમજ પોર્ટુગલ જોડાયાં. યુરોપમાં આ લશ્કરી જૂથે અનેક સ્થળે લશ્કરી મથકો સ્થાપ્યાં. ત્યારબાદ અમેરિકા અને ઇંગ્લૅન્ડે પૂર્વ એશિયાના રક્ષણ માટે સીયાટોની (SEATO-South East Asia Treaty Organization - 1954) રચના કરી.

આ સંગઠન સામે સોવિયેટ રશિયાએ પોલેન્ડના પાટનગર વોર્સોમાં સામ્યવાદી રાષ્ટ્રસમૂહનું એક સંમેલન બોલાવી સંરક્ષણકરાર કર્યો. જે 'વૉર્સો કરાર' નામે ઓળખાયો. જેમાં પોલેન્ડ, હંગેરી, રૂમાનિયા, આલ્બેનિયા, પૂર્વ જર્મની, બલ્ગેરિયા અને ઝેકોસ્લોવાકિયા જેવાં રાષ્ટ્રો જોડાયાં.

ઉપર્યુક્ત લશ્કરી જૂથોની સ્થાપના થતાં વિશ્વની રાજકીય સ્થિતિમાં તંગદિલી ઊભી થઈ. આ સ્થિતિને 'ઠંડાયુદ્ધ'નું નામ અપાયું. બનાર્ડ બારૂએ સૌપ્રથમ 'ઠંડાયુદ્ધ' શબ્દનો પ્રયોગ કર્યો (1946). સોવિયેટ રશિયાના ખ્રુશ્ચેવની અમેરિકા મુલાકાત (1959) બાદ ઠંડાયુદ્ધનો ધીરેધીરે અંત આવવો શરૂ થયો. આખરે સોવિયેટ રશિયાનું વિસર્જન થતાં અમેરિકા અને સોવિયેટ રશિયા વચ્ચેની સ્પર્ધાનો પણ અંત આવતાં ઠંડાયુદ્ધની સ્થિતિ સમાપ્ત થઈ. આજે વિશ્વમાં અમેરિકા એકમાત્ર વિશ્વસત્તા છે.

### યુરોપ ઉપર ઠંડા યુદ્ધની સામાજિક અને આર્થિક અસરો

ઠંડા યુદ્ધની સ્થિતિથી ઉદ્યોગોના વિકાસ પર અસર થઈ. કારણ કે વિશ્વ સતત ત્રીજા વિશ્વયુદ્ધના ભય હેઠળ જીવતું હતું. વિશ્વની બે મહાસત્તાઓ વિશ્વના દેશોને પોતાના જૂથમાં ખેંચવા માગતી હતી. આથી તેઓ આ દેશોને આર્થિક મદદ પણ કરતા જેથી આ દેશોનું પુનરુત્થાન થયું.

યુરોપમાં 'યુરોપીય આર્થિક સહયોગ' સંગઠનની સ્થાપના કરવામાં આવી (1948) જેનાથી વેપારમાં બમણો વધારો થયો. વિશ્વના આર્થિક વિકસિત રાષ્ટ્રોએ જીનિવામાં 'આંતરરાષ્ટ્રીય વ્યાપાર સંગઠન'(ITO)ની સ્થાપના કરી જકાતમાં ઘટાડો કર્યો અને યુરોપીય સમુદાયે EEC (European Economic Community) ની સ્થાપના કરી. રોમની સંધિથી (1957) સહકારી બજારની સ્થાપના થતાં યુરોપમાં લોખંડના ઉત્પાદનમાં 50%ની વૃદ્ધિ થઈ. 1973માં બ્રિટન પણ તેનું સભ્ય બન્યું. ઉપર્યુક્ત સ્થિતિમાં મૂડીવાદી રાષ્ટ્રો પોતાનો વિકાસ કરી રહ્યાં હતાં ત્યારે સામ્યવાદી દેશોએ પણ પોતાની સ્થિતિ સુધારવા પ્રયાસો કર્યા. ખ્રુશ્ચોવના નેતૃત્વમાં સામ્યવાદી દેશોએ 'કોમેકોન' (Comecon) યોજના અમલમાં મૂકી પરંતુ ઉગ્ર વિરોધ થવાથી આ યોજના પડતી મુકાઈ.

### પરમાણુ શસ્ત્રો

પ્રથમ વિશ્વયુદ્ધના અંત બાદ શસ્ત્રીકરણની પ્રક્રિયા શરૂ થતાં નવી નવી યુદ્ધ ટેક્નિકનો વિકાસ થયો જેમાં પરમાણુ શસ્ત્રો મુખ્ય ગણી શકાય. દ્વિતીય વિશ્વયુદ્ધ સમયે વિશ્વને પરમાણુ શસ્ત્રો અને તેની ભયાનકતાનો પરિચય અમેરિકાએ જાપાનના હિરોશિમા અને નાગાસાકી પર અણુબૉમ્બ ફેંક્યા ત્યારે થયો. છતાં ઠંડા યુદ્ધની સ્થિતિ તથા અવિશ્વાસના વાતાવરણમાં ઘણા બધા દેશો અણુશસ્ત્રો વસાવવા તત્પર બન્યા. આજે તો વિશ્વમાં ઘણા બધા દેશો પરમાણુ શસ્ત્રો ધરાવતા થયા છે. જેમાં નાનાં રાષ્ટ્રો જેવાં કે દક્ષિણ કોરિયા અને પાકિસ્તાનને ગણાવી શકાય. આજે વિશ્વની સત્તાઓને એ ડર સતાવી રહ્યો છે કે આ પરમાણુ શસ્ત્રો કોઈ આતંકવાદી જૂથો પાસે આવી જાય અને તેનો વિનાશ વેરવા માટે ઉપયોગ કરે તો વિશ્વની સ્થિતિ શું થાય ?

### એશિયા તથા આફ્રિકામાં પરિવર્તનો

દ્વિતીય વિશ્વયુદ્ધ પહેલાં યુરોપની મહાસત્તાઓએ સંસ્થાનવાદ હેઠળ પોતાનું સામ્રાજ્ય વિસ્તારી એશિયા અને

આફ્રિકાના અનેક દેશોને પોતાના ગુલામ બનાવ્યા હતા. યુદ્ધથી તેમની સ્થિતિ નબળી બનતાં અને આ ક્ષેત્રમાં જાગૃતિ આવતાં લોકશાહી વિચારસરણીનો ઝડપથી ફેલાવો થયો. જેથી એશિયા અને આફ્રિકાનાં રાષ્ટ્રોમાં ઝડપી પરિવર્તનો થયાં અને અનેક નવાં રાષ્ટ્રોનો ઉદય થયો.

### એશિયામાં રાષ્ટ્રીય આંદોલનની સફળતા

દ્વિતીય વિશ્વયુદ્ધ પહેલાં એશિયાના વિવિધ દેશોમાં ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સનું આધિપત્ય હતું. અહીં અનેક રાષ્ટ્રોએ પ્રજાતંત્ર મેળવવા આંદોલનો કર્યાં.

### ભારત, મ્યાનમાર અને શ્રીલંકા

ભારતમાં ગાંધીયુગથી સ્વતંત્રતા આંદોલન તીવ્ર બન્યું. દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ અંગ્રેજોને ભારતમાં સત્તા ટકાવવી મુશ્કેલ બનતાં ભારત સ્વતંત્ર થયું, પરંતુ બ્રિટિશ ભારતના ભાગલા થતાં પાકિસ્તાનનું પણ સર્જન થયું. મ્યાનમાર પર પણ ઇંગ્લૅન્ડનું પ્રભુત્વ હતું. જાપાને તેના પર કબજો જમાવ્યો હતો. જાપાનના પરાજય પછી ઇંગ્લૅન્ડે ફરીથી અહીં સત્તા મેળવવા પ્રયાસ કર્યો પરંતુ તેમાં તે સફળ થયું નહીં અને મ્યાનમાર સ્વતંત્ર થયું (1948). એ જ રીતે શ્રીલંકાએ પણ ઇંગ્લૅન્ડના સામ્રાજ્યમાંથી મુક્તિ મેળવી સ્વતંત્રતા પ્રાપ્ત કરી (1948).

### ઇન્ડોનેશિયા અને મલેશિયા

ઇન્ડોનેશિયાના ટાપુ પર હોલૅન્ડનું (નેધરલૅન્ડ) વર્ચસ્વ હતું. દ્વિતીય વિશ્વયુદ્ધ સમયે અહીં જાપાને વર્ચસ્વ જમાવી દીધું હતું. પરંતુ જાપાનનો પરાજય થતાં રાષ્ટ્રીય સરકારની રચના થઈ. ડૉ. સુકર્ણોની આગેવાની નીચે ઇન્ડોનેશિયાએ પ્રગતિ સાધી.

મલેશિયા પર પણ બ્રિટિશ આધિપત્ય હતું. દ્વિતીય વિશ્વયુદ્ધ સમયે જાપાને અહીં વિજય મેળવ્યો પરંતુ પ્રજાની સ્વતંત્રતાની ભાવના બળવત્તર બનતાં જાપાને મલાયા પ્રજાને શાસનતંત્ર સોંપી દીધું. જાપાનનો વિશ્વયુદ્ધમાં જેવો પરાજય થયો કે તરત જ ઇંગ્લૅન્ડે મલાયા પર પૂર્ણ કબજો મેળવ્યો. પરંતુ પ્રજાની ઉગ્ર લડતના અંતે મલાયાએ પણ સ્વતંત્રતા પ્રાપ્ત કરી.

### તિબેટ અને ચીન

18મી સદીમાં તિબેટ પર ચીનનું શાસન હતું. ચીનની પ્રજાસત્તાક ક્રાંતિથી (1911) તિબેટને સ્વતંત્રતા મળી. દલાઈ લામા અહીંના આધ્યાત્મિક તેમજ રાજકીય વડા બન્યા. ડૉ. સુન-યાત-સેનના અવસાન બાદ ચીનમાં સામ્યવાદી ક્રાંતિ થતાં ચીને તિબેટ પર કબજો જમાવ્યો. આથી તિબેટે ચીન સામે બળવો કર્યો. પરંતુ ચીન સામે તેનું કંઈ ખાસ ચાલ્યું નહીં. દલાઈ લામાએ ભારતમાં શરણાગતિ સ્વીકારી. 1954માં ચીન અને ભારત વચ્ચે પંચશીલના કરાર થયા. છતાં તિબેટનો કબજો ચીને છોડ્યો નહીં.

### કોરિયા અને વિયેટનામ

વીસમા સૈકાના પ્રારંભ 1910થી જ કોરિયા પર જાપાનનું વર્ચસ્વ હતું. જાપાનનો બીજા વિશ્વયુદ્ધમાં પરાજય થતાં કોરિયાના ઉત્તર ભાગમાં રશિયાનું અને દક્ષિણ ભાગમાં અમેરિકાનું વર્ચસ્વ સ્થપાયું. આથી અહીંની પ્રજામાં પરસ્પર વેરઝેર અને અવિશ્વાસ ફેલાયો. ઉત્તરની સામ્યવાદી સરકાર અને દક્ષિણની બહુપક્ષીય સરકાર વચ્ચે આંતરવિગ્રહ ફાટી નીકળ્યો (1950) અને ઉત્તર અને દક્ષિણ એવાં બે સ્વતંત્ર રાષ્ટ્રોનું નિર્માણ થયું.

વિયેટનામ પર ફ્રાન્સનું વર્ચસ્વ હતું. જાપાનની શરણાગતિ બાદ ફ્રાન્સે ફરીથી અહીં વર્ચસ્વ જમાવવા પ્રયત્ન કર્યો ત્યારે 'વિયેત-મીન' (વિયેટનામી સ્વતંત્રતા લીગ) ના નેતા હોચી મીનના નેતૃત્વ તળે પ્રજાસત્તાક તંત્રની સ્થાપના થઈ. જોકે વિયેટનામના કેટલાક ધાર્મિક નેતાઓએ હોચી મીનનો વિરોધ કરતાં ફ્રાન્સે ફરીથી વિયેટનામનો કબજો લેવા પ્રયાસ કર્યો. જોકે વિયેટનામે ફ્રાન્સને ભારે હાર આપતાં જીનીવામાં મળેલ સંમેલને સામ્યવાદી ઉત્તર વિયેટનામ અને બિનસામ્યવાદી દક્ષિણ વિયેટનામ એમ બે ભાગમાં વિયેટનામને વહેંચી દીધું.

આથી ઉત્તરના સામ્યવાદી પ્રભાવી વિસ્તારોમાં ગેરીલાયુદ્ધો શરૂ થયાં. ચીન અને સોવિયેટ રશિયાએ તેને ટેકો આપતાં દક્ષિણ વિયેટનામને અમેરિકાએ ટેકો આપવાની ફરજ પાડી. આ યુદ્ધમાં અમેરિકાએ બદનામી વહોરી. પ્રમુખ નિકસને 50,000 સૈનિકો ગુમાવ્યા બાદ યુદ્ધવિરામ કર્યો છતાં આંતરવિગ્રહ 1975 સુધી ચાલ્યો.

**સ્વતંત્ર થયેલાં આરબ રાષ્ટ્રો**

ખનીજતેલથી ભરપૂર એવાં આ આરબ રાષ્ટ્રો પર યુરોપીય સત્તાઓનો પ્રભાવ હતો. પરંતુ દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ ફ્રાન્સ આધિપત્યમાંથી સિરિયા, લેબેનોન, જૉર્ડન, ઈરાન અને સાઉદી અરેબિયા સ્વતંત્ર થયાં. પેલેસ્ટાઇન પર ઇંગ્લૅન્ડનું વર્ચસ્વ હતું. પરંતુ ઇંગ્લૅન્ડે પોતાનું વર્ચસ્વ છોડી દેતાં અહીં નવા 'ઇઝરાયલ' રાજ્યની રચના થઈ. જેથી આરબ-ઇઝરાયલ સંઘર્ષ ચાલુ થયો.

**આફ્રિકામાં રાષ્ટ્રીય આંદોલનોને સફળતા**

આફ્રિકામાં સ્વતંત્રતા આંદોલનો એશિયા ખંડની સરખામણીમાં મોડાં શરૂ થયાં. દ્વિતીય વિશ્વયુદ્ધ મહાસત્તાઓને પોતાનો સામ્રાજ્યવાદ નાછૂટકે છોડવાની ફરજ પડી. ત્યારે પ્રજામાં આવેલી જાગૃતિએ આંદોલનો વેગવંતાં બનતાં ઘણા દેશો સ્વતંત્ર થયા.

**ઇજિપ્ત (મિસર)**

ઇજિપ્ત પર ઇંગ્લૅન્ડનું વર્ચસ્વ હતું. પૅરિસ સંમેલનમાં ઇજિપ્તની સ્વાધીનતાની માગણી થતાં અંગ્રેજોએ અહીં સાંસ્થાનિક સ્વરાજ્ય આપવાની ઘોષણા કરી હતી. ત્યારબાદ અહીં ચૂંટણી થતાં જગલુલ પાશા ચૂંટાઈ આવતાં વડાપ્રધાન બન્યા. છતાં સુએજ નહેર પર ઇંગ્લૅન્ડનું વર્ચસ્વ હતું. 1936ની સંધિથી બ્રિટને મોટાભાગનું લશ્કર પાછું ખેંચી ઇજિપ્તના બાકીના પ્રદેશોને પણ સ્વતંત્ર જાહેર કર્યા.

દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ ઇજિપ્તના રાજાને પદભ્રષ્ટ કરી કર્નલ નાસરે પ્રજાસત્તાક તંત્રની સ્થાપના કરી. (1954)

**ઘાના**

પશ્ચિમ આફ્રિકામાં કોકોના વાવેતર માટે અને વિપુલ ખનીજસંપત્તિ માટે ઘાના 'ગોલ્ડ કૉસ્ટ' તરીકે જાણીતું છે. ઘાનાનો ટોગોલેન્ડ પ્રદેશ રાષ્ટ્રસંઘ દ્વારા બ્રિટનના અંકુશ હેઠળ મુકાયો (1919). અહીં ધારાકીય સમિતિની રચના અને નૂતન બંધારણનો અમલ પણ શરૂ થયો. છતાં ઘાનામાં ક્વામેન નકુમાની આગેવાની હેઠળ ચળવળ શરૂ કરી તે પોતે જ ઘાનાનો રાષ્ટ્રપતિ બની ગયો (1953) અને ટોગોલેન્ડને પણ સ્વતંત્ર કરવામાં આવ્યું. બંને સંયુક્ત વિસ્તારો ઘાના તરીકે ઓળખાયા. ઘાનાએ આ ક્ષેત્રમાં સર્વપ્રથમ સ્વતંત્રતા મેળવી છતાં રાષ્ટ્રસમૂહમાં ચાલુ રહ્યું હતું પરંતુ બળવાને પરિણામે ડૉ. કૉરી બુશિયા વડાપ્રધાન બન્યા. આ વ્યવસ્થા બાદ પણ 1990 સુધી અહીં લશ્કરી શાસન ચાલ્યું. અંતે ઘાનામાં લોકશાહી શાસન સ્થપાયું (1991).

**નાઇજીરિયા**

ખનીજતેલના વિપુલ ભંડારો ધરાવતા નાઇજીરિયાને બ્રિટિશ સરકાર દ્વારા નવા બંધારણ થકી મર્યાદિત સત્તા આપવામાં આવી (1946). પરંતુ પ્રજાકીય આંદોલનો બળવત્તર બનતાં નવું બંધારણ પ્રજાને મળ્યું (1951). ત્યારબાદ સ્વતંત્ર સંસદીય લોકશાહીની સ્થાપના થઈ (1960). છતાં આંતરવિગ્રહ ચાલુ રહેતાં લશ્કરી વડા સાની અબાસાએ રક્તવિહીન બળવા દ્વારા દક્ષિણમાં સત્તા હસ્તગત કરી. જ્યારે ઉત્તરમાં ઇસ્લામિક શરિયત પ્રમાણે શાસન સ્થપાયું (1993).

**અલ્જિરિયા**

ફ્રેન્ચ આધિપત્ય નીચે રહેલા અલ્જિરિયામાં અબ્દુલ હઝીદ બેનબેરીએ રાષ્ટ્રીયતાનો પ્રસાર કર્યો. દ્વિતીય વિશ્વયુદ્ધમાં 45,000 અલ્જિરિયનોની હત્યા બાદ પણ સ્વતંત્રતા ન મળતાં યુનોની દરમિયાનગીરીથી લોકમત લેવાયો જેમાં બેન બેરીનો વિજય થતાં રાષ્ટ્રપતિ તરીકે સમાજવાદી બંધારણ અલ્જિરિયાએ સ્વીકાર્યું (1963).

**મોરોક્કો, ટ્યૂનિશિયા :**

ફ્રેન્ચ આધિપત્ય નીચે રહેલા મોરોક્કો અને ટ્યૂનિશિયામાં પણ પ્રજાકીય ચળવળો શરૂ થતાં તેમને પણ સ્વતંત્રતા પ્રાપ્ત થઈ (1956).

તદુપરાંત ફ્રાન્સ, ઈંગ્લૅન્ડ, ઈટાલી, જર્મની અને બેલ્જિયમના આધિપત્યમાંથી ઝામ્બિયા, મલાવી, ગોબિયા, કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયા, કોંગો, એબિસિનિયા, લિબિયા, સુદાન, ચિલી, કેમરુન, સેનિગાલ, આયવરી કૉસ્ટ, ગેબન તેમજ ચાડ, મોઝામ્બિક અને અંગોલા જેવાં રાજ્યો સ્વતંત્ર થયાં.

આમ, યુરોપીય સામ્રાજ્યવાદને દૂર કરી આ રાષ્ટ્રોએ પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના કરી. આમ, થવા પાછળનું કારણ વૈશ્વિક પરિસ્થિતિ તેમજ બદલાયેલ વિચારસરણીને ગણી શકાય.

## રંગભેદની નીતિ સામે સંઘર્ષ

વીસમી સદીના અંત (ઈ.સ. 1990) સુધી દક્ષિણ આફ્રિકા તેની રંગભેદની નીતિના લીધે વિશ્વની ચર્ચામાં હતું. આ પ્રદેશની 70% વસ્તી અશ્વેત યાને કાળી પ્રજા હતી. જ્યારે 12% માં ભારતીયો અને એશિયનો હતા. જ્યારે બાકીના 18% લોકો ગોરા હતા જેના હાથમાં રાજ્યનું સંચાલન હતું. આથી તેઓ વૈભવી જીવન જીવતા હતા. 70% પ્રજા માટે માત્ર 7% વિસ્તાર જ વસવાટ માટે નક્કી કરાયો હતો. તેમનાં નિવાસસ્થાનો ગોરા લોકોથી દૂર રહેતાં. ગોરાઓના નિવાસસ્થાનો સુરક્ષિત સ્થળે રહેતાં. અશ્વેત લોકો ગોરાઓના નિવાસસ્થાનોની નજીક પણ જઈ શકતા નહિ. તેઓ ત્યારે જ જઈ શકતા જ્યારે તેમની પાસે ત્યાં જવાની પરવાનગી હોય. તેમને પોતાનું જાતિ ઓળખપત્ર ફરજિયાત પાસે રાખવું પડતું. રેલવે તેમજ બસમાં તેમને અલગ બેસવું પડતું. તેમને કોઈ રાજનૈતિક અધિકારો ન હતા.

દક્ષિણ આફ્રિકાની ગોરી પ્રજાનો રંગભેદની નીતિને પૂર્ણ સહકાર હતો. કારણ કે આ સમયે બ્રિટિશ રાષ્ટ્રમંડળ દ્વારા જાતીય સમાનતાની ભાવનાને બળ મળતું હતું. આથી 1948-54ના સમયગાળા દરમિયાન વડાપ્રધાન ડેનિયલ મલાને રંગભેગની નીતિને વધુ મજબૂત અને કઠોર કરી અને નાઝીવાદની પદ્ધતિ પર તેનો પ્રચાર શરૂ કર્યો. આશ્ચર્યની વાત તો એ છે કે આફ્રિકાના ડચ ચર્ચા દ્વારા પણ ગોરી પ્રજાની શ્રેષ્ઠતાને સમર્થન અપાયું. આમ, દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ મજબૂત બનતાં વિશ્વથી આ પ્રદેશ અલગ પડી ગયો.

## રંગભેદની નીતિનો વિરોધ

અશ્વેતોએ ભીડવાળાં નગરોમાં વસવાટ કરવો પડતો. તેમનાં બાળકોને હલકી કક્ષાની શાળામાં અભ્યાસ કરવો પડતો. જો અશ્વેત આ ત્રાસનો સામનો કરે તો તેને સામ્યવાદી એવું નામ આપી અનિશ્ચિત કાળ સુધી જેલમાં ધકેલી દેવાતો. આલ્બર્ટ લુથુલીએ ગાંધીજીના આંદોલનમાંથી પ્રેરણા લઈ કેટલાક દિવસ કામ બંધ કરી સત્યાગ્રહ જેવું આંદોલન ચલાવ્યું. જેનું નેતૃત્વ આફ્રિકન રાષ્ટ્રીય કૉંગ્રેસે લીધું. આના પરિણામે સરકારે દમન ગુજારવાની શરૂઆત કરી. 8000 લોકોને જાહેરમાં કોરડા મારવાની સજા કરી અને બુથુલીને જેલ ભેગા કરવામાં આવ્યા. જેલમાં જ તેમનું મૃત્યુ થયું (1967). પરંતુ એવું માનવામાં આવે છે કે તેમની હત્યા થઈ હતી. આ અરસામાં સરકારના દમનકારી પગલાંની પરવા કર્યા વગર વિલમાંટ બ્લાઈડન નામના નાગરિકે 'આફ્રિકા-આફ્રિકનો માટે' નું સૂત્ર ગુંજતું કર્યું.

20મી સદીમાં રંગભેદને સમયથી પાછળનું વર્તન ગણવામાં આવ્યું. આફ્રિકાને તેની આ નીતિ માટે રાષ્ટ્રમંડળની બહાર કાઢવામાં આવવાનું જ હતું ત્યાં તેણે પોતે જ પોતાનું સભ્યપદ પાછું ખેંચી લીધું. સંયુક્ત રાષ્ટ્રો (યુ.એન.) દ્વારા તેની પર આર્થિક પ્રતિબંધો મૂકી દેવામાં આવ્યા. પરંતુ અમેરિકા, બ્રિટન, ફ્રાંસ, ઈટાલી અને પશ્ચિમ જર્મનીએ આફ્રિકા સાથે વ્યાપાર ચાલુ રાખતાં આ પ્રતિબંધ સફળ ન થયો. જોકે આ રાષ્ટ્રોએ આફ્રિકાની રંગભેદની નીતિનો વિરોધ ચોક્કસ કર્યો હતો.

દક્ષિણ આફ્રિકાના બિનગોરા વર્ગ 'આફ્રિકન નેશનલ કૉંગ્રેસ'ના નેજા નીચે એક સ્વાધીનતા ચાર્ટર તૈયાર કર્યું. જેમાં પ્રજાના સ્વતંત્રતા અને સમાનતાના અધિકારોની વાત પર ભાર મૂકવામાં આવ્યો. નેલ્સન મંડેલાએ આ આંદોલનનું નેતૃત્વ ઉપાડતાં તેમના પ્રભાવથી ઘણા બિનગોરા લોકો આ આંદોલનમાં જોડાયા.

## રંગભેદની નીતિનો અંત

અશ્વેત પ્રજાને રંગભેદમાંથી મુક્તિ માટે (1979) પ્રથમ વખત રાજકીય સ્તરે સફળતા મળી. પ્રધાનમંત્રી પી. ડબલ્યુ બોથાએ રંગભેદની નીતિમાં સુધારો લાવવાનો નિર્ણય કર્યો. બોથાએ રંગભેદ વિરુદ્ધ બોલવાનું સાહસ કર્યું અને કહ્યું કે ''આફ્રિકામાં ક્રાંતિ દૂર નથી. આપણે તેને અપનાવી અથવા પોતાને મિટાવી દેવા પડશે.'' આ સાથે જ હબસી નેતા આર્કબિશપ ડેસમંડ મપિલો ટુટુને તેમની વિશ્વશાંતિ જાળવવાના હેતુથી કરેલ કાર્યને લઈ નોબેલ પુરસ્કાર મળ્યો (1984). આ ઘટનાથી અશ્વેત લોકોમાં અદમ્ય ઉત્સાહનો સંચાર થતાં સરકારે કાળા લોકોને જાતિ ઓળખપત્ર રાખવાનો કાયદો નાબૂદ કર્યો (1986).

1986 સુધી આફ્રિકા પર આંતરરાષ્ટ્રીય દબાણ ભયંકર હતું. તેને કોઈ ખેલસ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવતો નહીં. અમેરિકન કૉંગ્રેસે પણ દક્ષિણ આફ્રિકા પર પ્રતિબંધ લગાવવાની માંગણી કરી. ભારતીય વડાપ્રધાન રાજીવ ગાંધીએ દક્ષિણ આફ્રિકા પર પ્રતિબંધ મૂકવા દબાણ કર્યું. 1989માં ચૂંટણી થતાં એફ.ડબલ્યુ.ડી. ક્લાર્ક રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા. ગોરા લોકોનો વિરોધ હોવા છતાં નેલ્સન મંડેલાને 27 વર્ષ બાદ જેલમાંથી મુક્ત કરાયા. (1990) ક્લાર્કે રંગભેદના બધા જ કાયદા દૂર કરી અશ્વેતોને સમાનતાના ધોરણે તમામ હક્ક અને અધિકારો આપવાની ઘોષણા કરી. જોકે ક્લાર્કને આ ઘોષણાથી વિરોધનો સામનો કરવો પડ્યો. દક્ષિણ આફ્રિકામાં પહેલી વાર સામાન્ય ચૂંટણી થતાં નેલ્સન મંડેલા વિજયી બન્યા (1994) અને રાષ્ટ્રપતિ બનતાં કાયમી ધોરણે રંગભેદ નાશ પામ્યો અને અશ્વેતો સમાનતાના ધોરણે ગૌરવપૂર્ણ જીવન જીવતા થયા.

## બાન્ડુંગ પરિષદ (ઈ.સ. 1955)

વિશ્વમાં ભારતની આઝાદી બાદ પંડિત નેહરુ-ટીટો અને સુકર્ણો જેવા તટસ્થ અને બિનજોડાણવાદી નીતિના પ્રવર્તક નેતાઓનો યાદગાર અને ગૌરવપ્રદ સમય છે. આઝાદીની પૂર્વસંધ્યાએ દિલ્હી ખાતે 'એશિયાઈ સંપર્ક સંમેલન'માં નેહરુએ સ્પષ્ટ કર્યું કે, વિશ્વસંકટમાં એશિયા અનિવાર્યપણે અગ્રિમ ભાગ લેશે. હવે આ દેશોનો મ્હોરાની માફક કોઈ ઉપયોગ કરી શકશે નહિ. તેમણે ફરી એ વાત દોહરાવી (1949) કે એશિયાઈ રાષ્ટ્રો ફરી સંસ્થાનવાદનો ભોગ નહીં બને. દિલ્હી એશિયાઈ સંમેલન (એપ્રિલ 1955) બાદ ઇન્ડોનેશિયાના પ્રસિદ્ધ નગર બાન્ડુંગ મુકામે એશિયાઈ-આફ્રિકન રાષ્ટ્રોનું જે સંમેલન મળ્યું તે બાન્ડુંગ પરિષદના નામથી પ્રસિદ્ધ છે. (18 એપ્રિલ, 1955)

આ રાષ્ટ્રોએ ભેગાં મળી સંસ્થાનવાદનો વિરોધ કરી બિનજોડાણવાદની (તટસ્થાની) નીતિ તથા પંચશીલના સિદ્ધાંતોનો પણ સ્વીકાર કર્યો. આ પરિષદમાં ભારતના વડાપ્રધાન પંડિત નેહરુ, ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સુકર્ણો અને ઇજિપ્તના રાષ્ટ્રપતિ જમાલ અબ્દુલ નાસર અને યુગોસ્લાવિયાના માર્શલ ટીટોએ મુખ્ય ભૂમિકા ભજવી. આ પરિષદમાં એશિયાનાં 23 અને આફ્રિકાનાં 6 રાષ્ટ્રોએ એકજૂથ બની સંયુક્તપણે કાર્ય કરવા પર ભાર મૂક્યો. ત્યારબાદ યુગોસ્લાવિયાના બેલગ્રેડ શહેરમાં 'બિનજોડાણવાદી' દેશોની પ્રથમ શિખર પરિષદ યોજાઈ. તેમાં બિનજોડાણવાદી સંગઠન (NAM = Non



બાન્ડુંગ પરિષદ

Alligned Movement) ની સ્થાપના કરવામાં આવી. આ જૂથમાં આરંભમાં 25 સભ્યો હતા તે આજે 114 થી વધુ છે. જે આ નીતિની સફળતા દર્શાવે છે. આ સંગઠનનું 13મું શિખરસંમેલન (2003 માં) મળ્યું.

દ. આફ્રિકાની રંગભેદની નીતિને દૂર કરાવવામાં તથા યુનોમાં સંસ્થાનવાદના પ્રબળ વિરોધ માટે ઐતિહાસિક ઠરાવ (14 નવેમ્બર, 1960) પસાર કરવવામાં ભારત સહિત આ રાષ્ટ્રોએ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો છે. વર્તમાન સમયે આ રાષ્ટ્રો વિશ્વમાં શાંતિ જાળવવામાં મહત્ત્વનું પ્રદાન આપી રહ્યાં છે.

**બિનજોડાણવાદ**

દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ વિશ્વની રાજકીય સ્થિતિમાં પરિવર્તન આવતાં યુરોપીય મહાસત્તાઓ નબળી પડતાં અમેરિકા અને સોવિયેટ રશિયાનો મહાસત્તાઓ તરીકે ઉદય થયો. બંને સત્તાઓ પોતાની સત્તા અને વિચારસરણીના ફેલાવા માટે પ્રયત્નશીલ હતી. આથી નાટો, સિયાટો, સેન્ટો અને વૉર્સો જેવા કરારો અસ્તિત્વમાં આવ્યા અને ઠંડા યુદ્ધની સ્થિતિનું નિર્માણ થયું. આ જ સમયે એશિયા અને આફ્રિકામાં પ્રજાકીય ચળવળો સફળ થતાં સ્વતંત્ર થયેલા દેશો આવા કરારો થકી ફરી ગુલામી સ્વીકારવા તૈયાર ન હતા. તેઓએ અલગ રહેવાનો નિર્ણય કર્યો. આ રાષ્ટ્રોને તટસ્થ રાષ્ટ્રો અને તેમણે અપનાવેલ નીતિને 'બિનજોડાણવાદની નીતિ' કહે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) રંગભેદની નીતિ સામે દક્ષિણ આફ્રિકાનો સંઘર્ષ વર્ણવો.
(2) બિનજોડાણવાદ વિગતે સમજાવો.
(3) ઇઝરાયેલની રચના વિશે માહિતી આપો.
(4) ઠંડું યુદ્ધ એટલે શું ? સમજાવો.
(5) દ્વિતીય વિશ્વયુદ્ધ પછી રચાયેલાં લશ્કરી જૂથોની માહિતી આપો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) ચીનની ક્રાંતિમાં થયેલ મહાપ્રસ્થાન (Long March) વિશે ટૂંકમાં માહિતી આપો.
(2) બિનજોડાણવાદી નીતિને સમર્થન આપનારા મહાન નેતાઓનાં નામ જણાવો.
(3) નેલ્સન મંડેલા વિશે માહિતી આપો.
(4) માઓ-ત્સે-તુંગ વિશે ટૂંકમાં લખો.
(5) બાન્ડુંગ પરિષદ વિશે માહિતી આપો.

**3. નીચે 'ક' વિભાગમાં દેશનું નામ આપેલ છે. 'ખ' વિભાગમાં દેશ પર આધિપત્ય જમાવનાર રાષ્ટ્રનું નામ આપેલ છે. યોગ્ય રીતે જોડી તૈયાર કરો :**

| ક | ખ |
|---|---|
| (A) ભારત | (1) ફ્રાન્સ |
| (B) અલ્જિરિયા | (2) જાપાન |
| (C) કોરિયા | (3) હોલૅન્ડ |
| (D) ઇન્ડોનેશિયા | (4) બેલ્જિયમ |
| | (5) ઇંગ્લૅન્ડ |

●

# 16 સમકાલીન વિશ્વમાં રાજનીતિ, અર્થકારણ અને સમાજ

સમકાલીન ઇતિહાસનો પ્રારંભ પ્રથમ વિશ્વયુદ્ધથી કરવામાં આવે છે તે બાબતે બધા ઇતિહાસકારો સંમત છે. સમકાલીન ઇતિહાસનો પ્રભાવ વર્તમાન સમયે પણ આપણે જોઈ શકીએ છીએ. સમકાલીનનો અર્થ સામાન્ય રીતે એ કરી શકાય કે ''વર્તમાન સમય જેમાં આપણે જીવી રહ્યા છીએ.''


## સમકાલીન વિશ્વમાં રાજ્યનાં મુખ્ય સ્વરૂપો

વિશ્વમાં આજે 200 થી વધુ દેશો સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. દરેક સ્વતંત્ર દેશ માટે ચોક્કસ પ્રાદેશિક વિસ્તાર, માનવસમુદાય, સામાજિક સંગઠન અને પ્રાદેશિક અખંડિતતા મુખ્ય છે. દરેક દેશનું અસ્તિત્વ એ રાજ્યની સર્વોપરી સત્તા અને સામાજિક સંરક્ષણ પર આધારિત છે. દરેક રાજ્ય પોતાની સ્વતંત્રતા જાળવી શકે ત્યાં સુધી સ્થિર શાસન પ્રજાને આપી શકે છે પરંતુ રાજ્યની શાસનવ્યવસ્થા કાળક્રમે પરિસ્થિતિ અનુસાર બદલાતી જોવા મળે છે. સમય-સમય મુજબ દરેક શાસનવ્યવસ્થા પ્રત્યે પ્રજાનો દૃષ્ટિકોણ બદલાતો રહે છે. આથી કહી શકાય કે પ્રાચીન સમયથી સમકાલીન સમય સુધી શાસનવ્યવસ્થામાં પરિવર્તન આવતું રહ્યું છે. આ શાસનવ્યવસ્થામાં પ્રજા પર એક વ્યક્તિ, વર્ગો કે નિશ્ચિત વર્ગનું આધિપત્ય જોવા મળે છે.

પ્રથમ વિશ્વયુદ્ધ બાદ વિશ્વના દેશોમાં શાસનવ્યવસ્થા વિવિધ સ્વરૂપે જોવા મળી છે જેમાંની કેટલીક સફળ પણ રહી છે જ્યારે કેટલીક શાસનવ્યવસ્થાએ કેટલાક દેશોનો વિનાશ પણ કર્યો છે. પ્રથમ વિશ્વયુદ્ધ બાદ વિશ્વના દેશો બે શાસનવ્યવસ્થા સામ્યવાદ અને લોકશાહી વચ્ચે વહેંચાઈ ગયા છે. અમેરિકા, બ્રિટન, યુરોપ તથા એશિયા-આફ્રિકાનાં નવાં સ્વતંત્ર થયેલાં કેટલાંક રાષ્ટ્રોએ લોકશાહી શાસનવ્યવસ્થા સ્વીકારી છે. જ્યારે સોવિયેટ રશિયા, ચીન અને યુરોપ તથા એશિયાના કેટલાક દેશોએ સામ્યવાદી શાસનવ્યવસ્થા અપનાવી છે.

પ્રાચીન સમયની રાજ્યવ્યવસ્થાનું વર્ગીકરણ મહાન તત્ત્વચિંતક એરિસ્ટોટલે કર્યું છે. તેમના મતે એકતંત્રી રાજાશાહી નિરંકુશ રાજાશાહી મુખ્ય હતી. જ્યારે લોકશાહી અને બીજી શાસનવ્યવસ્થા વર્તમાન વિશ્વમાં જોવા મળે છે જે નીચે મુજબ છે:

**આધુનિક યુગની શાસનવ્યવસ્થાનાં સ્વરૂપો**




## રાજાશાહી

પ્રાચીન વિશ્વથી લઈને આધુનિક સમય સુધી શાસનવ્યવસ્થાના એક પ્રકાર તરીકે રાજાશાહી રહી છે. રાજાશાહીમાં શાસનતંત્રનો વડો રાજા હોય છે તથા વંશપરંપરાગત ધોરણે સત્તાનાં સૂત્રો મળતાં હોય છે. પ્રજાને ક્યારેક સારા રાજાના સમયમાં થોડાક અધિકારો પ્રાપ્ત થાય છે પરંતુ મોટેભાગે રાજા નિરંકુશ, આપખુદ હોય છે, પરંતુ આધુનિક યુગમાં રાજાશાહીએ પણ પ્રજાને અધિકારો આપવા પડ્યા છે.

## સરમુખત્યારશાહી

મોટેભાગે એકહથ્થું સત્તા ધરાવતાં રાજાશાહી જેવી જ શાસનવ્યવસ્થા અહીં જોવા મળે છે, પરંતુ આવી સરમુખત્યારશાહીમાં વંશપરંપરાગતતાનું તત્ત્વ બહુ ઓછું જોવા મળે છે. આવી શાસનવ્યવસ્થા ક્યારેક રાજકીય ક્રાંતિના ભાગ સ્વરૂપે આવતી હોય છે ત્યારે પ્રજાના બહોળા વર્ગનો તેને ટેકો મળતો હોય છે. ક્યારેક વ્યક્તિગત કે લશ્કરી બળવા દ્વારા પણ સત્તાનાં સૂત્રો આવા સરમુખત્યારો લઈ લેતા હોય છે. દા.ત. જર્મનીમાં

ચાન્સેલર (વડાપ્રધાન) હિટલરે રાષ્ટ્રપતિ હિન્ડેનબર્ગનું અવસાન થતાં પ્રમુખપદની ચૂંટણી નહિ કરી પોતે જ રાષ્ટ્રપતિ બની બેઠો. પ્રથમ વિશ્વયુદ્ધ બાદ ઉત્પન્ન થયેલી પરિસ્થિતિએ વિશ્વને ફાસીવાદ-નાઝીવાદનો પરિચય કરાવ્યો. વર્સેલ્સની સંધિમાં થયેલો અન્યાય, કથળી ચૂકેલી આર્થિક સ્થિતિ, વેરભાવ, અપમાન જેવાં પરિબળોના કારણે જર્મનીમાં હિટલર અને ઇટાલીમાં મુસોલિની સર્વોપરી સત્તા હસ્તગત કરી શક્યા. આવા સરમુખત્યારે દેશનું બંધારણ પોતાને અનુકૂળ આવે તેવું તૈયાર કરાવે છે. દા.ત. મુસોલિનીએ ચૂંટણીમાં બહુમત મેળવનારને નહિ પરંતુ જનમત જેને વધુ મળે તે સત્તાનાં સૂત્રો સંભાળે તેવો સુધારો કરતાં ગઠબંધનવાળી સંરચના આવી શકી નહિ અને મુસોલિની શાસક બની શક્યો. આવા સરમુખત્યારોને મોટાભાગે લશ્કરી પીઠબળ પ્રાપ્ત હોય છે. તેઓ એક નેતા, એક પક્ષ અને એક પ્રજાના કાર્યક્રમને અનુસરે છે. ઇટાલી અને જર્મનીમાં પ્રથમ વિશ્વયુદ્ધ આ સરમુખત્યારોએ રાજકીય સ્થિરતા પૂરી પાડવા સાથે કથળી ગયેલ આર્થિક સ્થિતિને ટૂંકાગાળામાં તેઓ મજબૂત કરવામાં સફળ થયા હતા. પરંતુ પ્રજાનો રાષ્ટ્રવાદ ઉગ્ર બનાવી સત્તા મેળવનારા આ શાસકો અલ્પજીવી રહ્યા. તેઓએ પોતાના સહિત દેશનો પણ વિનાશ વેર્યો તે હકીકત છે.

**સામ્યવાદ**

સમકાલીન વિશ્વની શાસનવ્યવસ્થામાં સામ્યવાદ સૌથી છેલ્લે આવ્યો છે. કાર્લમાર્ક્સની વિચારસરણીને આ લોકો અનુસરે છે. 'દાસ કૅપિટલ' તથા 'કૉમ્યુનિસ્ટ મૅનિફેસ્ટો' માં આ વિચારસરણીનું વિગતવાર વર્ણન છે. રાજકીય, સામાજિક અને ખાસ કરીને આર્થિક ક્ષેત્રે સમાનતાના સિદ્ધાંતે આ વિચારસરણી કાર્ય કરે છે. કાર્લમાર્ક્સની વિચારસરણીને અનુરૂપ કામદારોને સામાજિક ન્યાય અને પ્રાધાન્ય આપવામાં આવે છે. ખાનગી માલિકી અને મૂડીવાદ અહીં જોવા મળતો નથી. પરંતુ તમામ આખરી માલિકી હક્ક રાજાશાહીની જેમ સરકાર પાસે હોય છે.

વિશ્વમાં આ વિચારસરણી મુજબની પહેલી ક્રાંતિ રશિયામાં થઈ. અહીં નિરંકુશ આપખુદ ઝાર રાજાશાહીને હટાવી લેનિને કામદારોના પ્રભુત્વવાળી સરકારની સ્થાપના કરી. એક પક્ષનું શાસન સ્થાપવામાં આવ્યું. સામ્યવાદની વિચારસરણીને લાગુ કરવામાં આવી પરંતુ મહદઅંશે આ વિચારસરણી નિષ્ફળ જતાં લેનિને નવી આર્થિક નીતિને અપનાવવાની ફરજ પડી અને સોવિયેટ સંઘે અભૂતપૂર્વ વિકાસ કરી વિશ્વની મહાસત્તા પણ બન્યું. જોકે મિખાઈલ ગોર્બાચોવના સમયમાં સોવિયેટ રશિયાનું વિઘટન થતાં સામ્યવાદનો અંત આવ્યો અને રશિયામાં પ્રજાસત્તાક તંત્રની સ્થાપના થઈ.

વિશ્વની બીજી મહત્ત્વની સામ્યવાદી ક્રાંતિ ચીનમાં થઈ. આ ક્રાંતિ પર માઓ-ત્સે-તુંગનો પ્રભાવ સ્પષ્ટ જણાઈ આવે છે. રશિયન ક્રાંતિમાં કામદારોનું પ્રભુત્વ હતું જ્યારે અહીં ખેડૂતોનું પ્રભુત્વ ક્રાંતિ અને સરકાર પર જોઈ શકાય છે. ઉત્પાદનનાં તમામ સાધનો ખેતી, કારખાનાં અને બૅન્કો પર રાજ્યનું નિયંત્રણ છે. રાજ્યમાં તમામ પ્રવૃત્તિ લગભગ સામૂહિક ધોરણે થાય છે. કાર્લ માર્ક્સે વિચારેલ શુદ્ધ સામ્યવાદ અનુસારની શાસનવ્યવસ્થા ચીનમાં સ્થપાયેલી જોવા મળે છે. એક આદર્શ સમાજવાદના સિદ્ધાંત અનુસારની શાસનવ્યવસ્થા તરીકે સામ્યવાદ સારો છે પરંતુ ક્યારેક સરમુખત્યારશાહી પણ સામ્યવાદના ઓઠા હેઠળ સ્થપાતી હોય છે.

**લોકશાહી**

આધુનિકથી લઈ સમકાલીન વિશ્વમાં શાસનના એક પ્રકાર તરીકે લોકશાહી શાસનવ્યવસ્થા લોકપ્રિય સાબિત થયેલ છે. લગભગ તમામ મૂડીવાદી સત્તાઓએ સત્તાની વહેંચણી મુજબની પોતાને અનુકૂળ લોકશાહી શાસનપદ્ધતિ અપનાવી છે. આ શાસનમાં રાજ્યના પ્રત્યેક નાગરિકની સક્રિય ભૂમિકા અને ભાગીદારી હોય છે. આવા તંત્રમાં લોકશાહી વિચારસરણીને વરેલા પક્ષોનું સ્થાન બહુ મહત્ત્વનું છે. તેઓ લોકશાહીને વધુ મજબૂત બનાવવાનું કાર્ય કરે છે. અહીં લોકો દ્વારા ચૂંટાઈને આવેલા પ્રતિનિધિ અથવા પ્રતિનિધિઓની બનેલી સરકાર સત્તા સંભાળે છે. લોકશાહી તંત્રમાં સંસદીય અને પ્રમુખગત લોકશાહી એવા બે પ્રકારો પડે છે.

## સંસદીય લોકશાહી

પ્રજાસત્તાક તંત્રમાં પ્રજા દ્વારા ચૂંટાઈ આવેલા સભ્યોમાંથી રચાતી કારોબારી સંસદને એટલે કે ચૂંટાયેલા સભ્યોને જવાબદાર રહી કાર્ય કરે છે. તેઓ સંયુક્તપણે જવાબદાર હોય છે. આવી લોકશાહીને સંસદીય લોકશાહી કહે છે. આ પદ્ધતિમાં મોટેભાગે બે ગૃહો હોય છે. ભારતમાં સંસદીય પદ્ધતિ સ્વીકારવામાં આવી છે. અહીં સંસદનું ઉપલું ગૃહ રાજસભા અને નીચલું ગૃહ લોકસભા કહેવાય છે. લોકસભા પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા પ્રત્યક્ષ ચૂંટણીથી રચાય છે. જ્યારે રાજસભા પરોક્ષ ચૂંટણીથી પ્રતિનિધિઓને ચૂંટે છે.

ઇંગ્લૅન્ડની લોકશાહી પણ સંસદીય છે છતાં તે જરા જુદી પડે છે. રક્તવિહીન ક્રાંતિ (1688) દ્વારા ઇંગ્લૅન્ડમાંથી રાજાશાહીને સંપૂર્ણ નાબૂદ કરી દેવામાં આવી નથી પરંતુ રાજાનું પદ વંશપરંપરાગત રાખી તેને નામમાત્રની સત્તા ભારતના રાષ્ટ્રપતિ જેવી જ આપી છે. રાજ્યની વાસ્તવિક સત્તા ભારતની જેમ, સંસદ પાસે છે. અહીં લોકશાહી સ્થપાયેલ હોવા છતાં પ્રજા રાજા કે રાણી તરફ અત્યંત માન-સન્માન પણ ધરાવે છે.

## પ્રમુખગત લોકશાહી

આ શાસનવ્યવસ્થામાં રાષ્ટ્રપતિ પ્રજા દ્વારા ચૂંટાય છે. આ પ્રકારની લોકશાહીનું ઉત્તમ ઉદાહરણ સંયુક્ત રાજ્ય અમેરિકા છે. અહીં પ્રમુખ ચાર વર્ષના નિશ્ચિત સમયગાળા માટે પ્રજા દ્વારા ચૂંટાઈને આવે છે. તેઓ પોતે પોતાની કારોબારી પસંદ કરે છે. આ કારોબારી સભ્યો સંસદીય પદ્ધતિની જેમ સંસદને નહિ પણ રાષ્ટ્રપતિને જવાબદાર હોય છે. અહીં રાષ્ટ્રપતિ પોતાના નિર્ણય માટે સ્વતંત્ર હોય છે.

સત્તાની વહેંચણી અનુસાર વિશ્વમાં લોકશાહી શાસનવ્યવસ્થામાં એકતંત્રી અને સમવાયતંત્રી સ્વરૂપની વહીવટી વ્યવસ્થા જોવા મળે છે. દરેક લોકશાહી રાષ્ટ્રના બંધારણ અનુસાર સંપૂર્ણ સત્તા જો કેન્દ્ર સરકાર પાસે હોય તો તેને એકતંત્રી શાસન કહે છે. એકતંત્રી શાસનમાં પણ સંસદીય અને પ્રમુખગત પદ્ધતિ જોવા મળે છે. જ્યારે જે-તે દેશના બંધારણ અનુસાર કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સત્તાની સ્પષ્ટ વહેંચણી કરવામાં આવી હોય તેને સમવાયતંત્રી શાસન કહેવામાં આવે છે. સમવાયતંત્રમાં રાજ્ય પોતાની આંતરિક બાબતમાં સ્વતંત્ર હોય છે. વિદેશનીતિ, સંરક્ષણ, ચલણકેન્દ્ર સરકારહસ્તક હોય છે. ભારતમાં સમવાયતંત્રી શાસનવ્યવસ્થા છે પરંતુ કટોકટી સમયે ભારત એકતંત્રી શાસનમાં પરિવર્તન થઈ જાય છે. તે એક વિશેષતા છે.

પ્રત્યક્ષ પ્રજાસત્તાકની મર્યાદા દૂર કરવા વિશાળ વિસ્તારો ધરાવતાં રાજ્યોએ લોક-પ્રતિનિધિ પ્રજાસત્તાક તંત્ર યાને લોકશાહી સ્વીકારી છે. આધુનિક યુગમાં પ્રજામાં આવેલી જાગૃતિથી પ્રત્યેક દેશની પ્રજા શાસન-વ્યવસ્થામાં સક્રિય ભાગીદારીની અપેક્ષા રાખે છે. આથી જ વિશ્વમાં લોકશાહી શાસન-વ્યવસ્થાનો વ્યાપક પ્રમાણમાં સ્વીકાર થયો છે.

## સમકાલીન વિશ્વમાં અર્થકારણ

સમકાલીન વિશ્વમાં ત્રણ પ્રકારની અર્થવ્યવસ્થા જોવા મળે છે : (1) મૂડીવાદી (2) સામ્યવાદી (3) મિશ્ર. લોકશાહી શાસનવ્યવસ્થા ધરાવતા દેશોમાં મુખ્યત્વે મૂડીવાદી અર્થવ્યવસ્થા જોવા મળે છે. જ્યારે પ્રથમ વિશ્વયુદ્ધ બાદ કાર્લ માર્ક્સની વિચારસરણી મુજબ રશિયામાં સામ્યવાદી ક્રાંતિ થઈ અને બીજા ઘણા દેશોમાં સામ્યવાદ સ્થપાતાં સામ્યવાદી અર્થવ્યવસ્થા અહીં જોવા મળે છે.  આવી અર્થવ્યવસ્થાને મિશ્ર અર્થવ્યવસ્થા કહે છે.

## યુરોપીય દેશોની અર્થવ્યવસ્થા

દ્વિતીય વિશ્વયુદ્ધ સમયે યુરોપની અર્થવ્યવસ્થા તૂટી પડી હતી ત્યારે તેના પુનરુત્થાન માટે પહેલો પ્રયાસ અમેરિકન પ્રમુખ ટ્રુમેને કર્યો. જેને ટ્રુમેન સિદ્ધાંતના નામથી ઓળખવામાં આવે છે. જેનો મૂળ ઉદ્દેશ યુરોપમાં સામ્યવાદને પ્રસરતો રોકવાનો હતો. દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ માર્શલ યોજના દ્વારા અમેરિકાની મદદ થકી યુરોપીય રાષ્ટ્રો પર અમેરિકાનું પ્રભુત્વ સ્થપાયું અને અમેરિકા એક મહાસત્તા બન્યું.

યુરોપીય અર્થવ્યવસ્થાને નવી દિશા આપવાનું કાર્ય ફ્રાન્સના વિદેશમંત્રી રૉબર્ટ શુમેને કર્યું. યુરોપનાં છ રાષ્ટ્રોએ 'યુરોપીય લોખંડ અને કોલસા સમુદાય'ની રચના કરી. (1951) આ દેશોએ રોમ ખાતે સંધિ કરી. યુરોપીય આર્થિક સમુદાય (EEC - European Economic Community)ની રચના કરી. તે અનુસાર મૂડી, યાંત્રિક સાધનો અને માનવબળની હેરફેર શક્ય બની. આ સંગઠનમાં ધીરે ધીરે બીજા દેશો પણ જોડાતાં 'યુરોપીય મુક્ત વેપારક્ષેત્ર' (European Free Trade Area)નું ગઠન થયું. 1961માં બ્રિટન તેનું સભ્ય થવા રાજી હોવા છતાં ફ્રાન્સના વિરોધને લીધે (1973માં) તે આ સંઘનું સભ્ય બની શક્યું.

યુરોપીય આર્થિક સમુદાયે આથી પણ આગળ વધી યુરોપનું એક સમાન ચલણ રાખવા વિચારણા શરૂ કરી. પરંતુ બ્રિટન, નોર્વે અને ડેનમાર્ક જેવા દેશો આની વિરુદ્ધમાં હતા. એક શક્તિશાળી કેન્દ્રીય બૅન્ક અને સમાન ચલણનો માર્ગ 'માસ્ટ્રિક સંધિ'ને કારણે સરળ બન્યો (1991). યુરોપના દેશોને આ સંધિને અનુમોદન આપવામાં સાત વર્ષ લાગી ગયાં. આખરે 'યુરો'ના રૂપમાં યુરોપનું નવું સહિયારું ચલણ અસ્તિત્વમાં આવ્યું. (2000) છતાં બ્રિટને પોતાના ચલણ પાઉન્ડને પણ જાળવી રાખ્યું છે.

### ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા

ઇંગ્લૅન્ડમાં થયેલ ઔદ્યોગિક ક્રાંતિને કારણે માનવીને ઉદ્યોગનું મહત્ત્વ સમજાયું અને ખેતીના બદલે ઉદ્યોગને વધુ મહત્ત્વ મળતું થયું. ઉદ્યોગીકરણના પ્રથમ તબક્કામાં પાયાના ઉદ્યોગો સ્થપાયા તથા સંશોધનો થયાં. જેમ કે, વરાળ એન્જિન, સુતરાઉ કાપડ, લોખંડ-પોલાદ, રેલવે, સ્ટીમર અને વિમાન ઉડ્ડયન વગેરે. જ્યારે પ્રથમ વિશ્વયુદ્ધ બાદ અણુશક્તિ અને ઇલેક્ટ્રૉનિક-વીજાણુઓનું આગમન થયું. અણુશક્તિનો પ્રથમ વિનાશક અનુભવ દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન વિશ્વને થયો.

ઉદ્યોગીકરણ માટે પાયાની જરૂરિયાત ખનીજતેલ અને કોલસો છે. ખનીજતેલથી ભરપૂર આરબ રાષ્ટ્રોએ સંગઠિત બની આ તકનો લાભ મેળવ્યો છે. તેમનું સંગઠન OPECના નામથી ઓળખાય છે. વિશ્વમાં જુદા-જુદા માલના જંગી ઉત્પાદન થકી વિશ્વ બે ભાગમાં વહેંચાઈ ગયું; જેમાં અમેરિકા, જાપાન, સોવિયેટ સંઘ, યુરોપ જેવા દેશો અને ખંડોએ ખૂબ પ્રગતિ સાધી તેથી તેઓ વિકસિત અને ઔદ્યોગિક રાષ્ટ્રો કહેવાયાં. જ્યારે બીજા વિશ્વયુદ્ધ પછી જે દેશો સ્વતંત્ર થયા તેમાંના મોટાભાગના દેશોમાં ઉદ્યોગીકરણની પ્રક્રિયા ધીમી રહી જેથી તેઓ અલ્પવિકસિત યાને ત્રીજા વિશ્વના દેશો તરીકે ઓળખાયા. જોકે 1960થી 1970ના દાયકા દરમિયાન ઉત્તર કોરિયા, તાઈવાન, મલેશિયા, સિંગાપુર, ઇન્ડોનેશિયા જેવા નાના દેશોએ પણ ઝડપી વિકાસ કર્યો છે.

ઉદ્યોગીકરણની શરૂઆત ભલે ઇંગ્લૅન્ડમાં થઈ હોય પરંતુ બીજા વિશ્વયુદ્ધ બાદ અમેરિકામાં ખરા અર્થમાં ઉદ્યોગીકરણ થયું. અમેરિકાના યંત્ર-ઉદ્યોગનો મોટો વિસ્તાર એટલેન્ટિકના કાંઠાવિસ્તારના પટ્ટામાં આવેલ છે અને દેશની વસ્તીનો અડધો ભાગ અહીંના નવ ઔદ્યોગિક શહેરમાં વસતો થયો છે.

### ઉદ્યોગીકરણની અસરો

વિશ્વમાં ઉદ્યોગીકરણથી સમાજ, અર્થકારણ અને શાસનતંત્ર પર વ્યાપક અસરો પડી છે. ઉત્પાદનવૃદ્ધિની બજાર-વ્યવસ્થાનો વિકાસ થયો. માનવીની ખરીદશક્તિ અને વપરાશમાં વધારો થતાં ભૌતિક સુખ-સુવિધામાં પણ નોંધપાત્ર વધારો થયો. વસ્તુ-વિનિમયના સ્થાને નાણાંનું ચલણ માધ્યમ તરીકે વધુ સ્વીકારવામાં આવ્યું. બૅન્કવ્યવસ્થા ઊભી થઈ. ઉત્પાદનક્ષેત્રે ખાનગી અને જાહેર સાહસોની સ્થાપના થઈ. વિશ્વમાં ટેક્નોલૉજીનો પ્રસાર ખાનગી સાહસો થકી ઝડપથી પ્રસરવા લાગ્યો. વાહનવ્યવહારક્ષેત્રે અભૂતપૂર્વ ક્રાંતિ થતાં દુનિયાના દેશો વચ્ચે વ્યાપાર વધુ ઝડપી બન્યો. ખનીજતેલ તથા કોલસાનો ઉપયોગ સંચાલનશક્તિના સાધન તરીકે વધવા લાગ્યો. માનવી પાસે મૂડીનું પ્રમાણ વધતાં ભૌતિક સુવિધાઓ વધુ ને વધુ સ્વીકારતો થયો. કૃષિક્ષેત્રે રાસાયણિક ખાતરના ઉપયોગ થકી ઉત્પાદન વધારવાના પ્રયાસો થયા. તબીબીક્ષેત્રે આધુનિક સંશોધનો થકી વ્યક્તિગત અને જાહેર સ્વાસ્થ્ય અને સરેરાશ આયુષ્યમાં વધારો થયો.

ઉદ્યોગીકરણ સિક્કાની બે બાજુ જેવું છે. ઉદ્યોગીકરણ થકી માનવીનું જીવનધોરણ ઊંચું આવ્યું અને દેશોનો વિકાસ થયો તે આની સારી બાજુ ગણી શકાય. પરંતુ સાથે સાથે બીજી બાજુ તેની આડઅસરો પણ જોવા મળી રહી છે. શસ્ત્ર ઉત્પાદન થકી વિશ્વમાં ત્રીજા યુદ્ધનો માહોલ ઠંડા યુદ્ધ દરમિયાન ઊભો થયો. અણુશસ્ત્રોના ઉપયોગ અને તેની ભયાનકતાનો અનુભવ વિશ્વે દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન જ કર્યો હતો. મૂડીવાદ હેઠળ આર્થિક અસમાનતા વધતાં વિશ્વમાં કાર્લમાર્ક્સે સિદ્ધાંતો કામદારોમાં વધુ લોકપ્રિય બન્યા. જેથી સામ્યવાદી વિચારસરણી વિશ્વના દેશોમાં મજબૂત બની છે. બ્રિટન જેવા દેશોમાં તો 'મજૂરપક્ષ' પણ સ્થપાયો છે અને સત્તા પણ પ્રાપ્ત કરી છે.

### બિનઔદ્યોગિક દેશો પર અસર

ઉદ્યોગીકરણથી વિશ્વમાં ઔદ્યોગિક અને બિનઔદ્યોગિક એવા બે પ્રકારના દેશોનું સર્જન થયું. ઔદ્યોગિકીકરણ થકી યુરોપની સત્તાઓ આર્થિક રીતે સમૃદ્ધ થતાં એશિયા અને આફ્રિકાના દેશોમાં પોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં અને તેમનું શોષણ કર્યું. દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ બદલાયેલ પરિસ્થિતિ અને પ્રજામાં જાગૃતિ આવતાં આ ક્ષેત્રના દેશોએ સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે પરંતુ મોટાભાગના દેશો ત્રીજા વિશ્વના દેશો રહ્યા છે. એટલે આ બિનઔદ્યોગિક દેશોમાં ગરીબી અને બેકારી જેવી સમસ્યાઓ ઊભી થઈ છે.

### વિકાસની સમસ્યાઓ

ઔદ્યોગિકીકરણ અને ઉત્પાદનમાં ઝડપી વૃદ્ધિ સાથે વિશ્વમાં કેટલીક ગંભીર સમસ્યાઓ પણ ઊભી થઈ છે. ગૃહઉદ્યોગો પડી ભાંગ્યા છે. શહેરીકરણ સાથેની સમસ્યાઓ દિવસેને દિવસે વિકટ બનતી જાય છે. ગરીબી અને બેકારીમાં વધારો થતો રહ્યો છે. વિશ્વના દેશોમાં ઉત્તર કરતાં દક્ષિણ વિસ્તારમાં વસ્તીમાં ઝડપી વધારો થયો છે. પરિણામે લઘુતમ જરૂરિયાતો અને રોજગારી મેળવવામાં મુશ્કેલી ઊભી થઈ છે. સંચાલનશક્તિનાં કુદરતી સંસાધનો એવા ખનીજતેલ અને કોલસાના ભંડારો ઘટી રહ્યા છે. ઝેરી ગૅસ રાસાયણિક ખાતરો અને રસાયણોના ઉપયોગથી પર્યાવરણ પર અસર થઈ છે. ગ્લોબલ વૉર્મિંગની સમસ્યા ઊભી થઈ છે. પ્રદૂષણની સમસ્યા ઘેરી બની છે અને વરસાદ અનિયમિત બન્યો છે.

### આતંકવાદ

આત્મઘાતી આતંકવાદીઓ દ્વારા અપહરણ કરાયેલ વિમાનોને અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટરના બંને ટાવરોને જોરદાર ટક્કર (11મી સપ્ટેમ્બર 2001) મારતાં પત્તાના મહેલની જેમ આ ટાવરો તૂટી પડ્યા. આ વિનાશક કૃત્યથી વિશ્વ હચમચી ગયું. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર તેમજ ઈમારતમાં રહેલા સેંકડો લોકો મૃત્યુને ભેટ્યા હતા. આ ઘટનાએ સાબિત કરી દીધું કે હવે પછીનાં યુદ્ધો યુદ્ધભૂમિની જગ્યાએ સશસ્ત્ર આતંકવાદીઓ દ્વારા આ રીતે પણ લડાઈ શકે છે.

મ્યુનિચ ઑલમ્પિકમાં ઇઝરાયલી રમતવીરોની પેલેસ્ટાઇની આતંકવાદીઓએ ઘાતકી હત્યા કરીને આતંકવાદનો પરિચય દુનિયાને આપ્યો (1972). પરંતુ આતંકવાદની સર્વપ્રથમ સરળ સમજૂતી બ્રસેલ્સમાં ન્યાયવિષયક સંમેલનમાં અપાઈ હતી. આ મુજબ જીવન, ભૌતિક અખંડતા અથવા માનવસમુદાયને જોખમમાં મૂકે તેવાં અને મોટા પાયા પર સંપત્તિને નુકસાન કરે તેવાં કાર્યો કરીને ભયનું વાતાવરણ ઊભું કરવાનો છે. પરંતુ વર્તમાન સમયમાં દરેક દેશ મુજબ આતંકવાદની પરિભાષા અલગ-અલગ જણાય છે. તેથી તેની એક વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. આતંકવાદ એક વૈશ્વિક સમસ્યા છે.

### આતંકવાદનું સ્વરૂપ

આતંકવાદની શરૂઆત કોઈ ધાર્મિક, રાજકીય કે સામાજિક જૂથ દ્વારા કોઈ ચોક્કસ હેતુ સિદ્ધ કરવા ધાકધમકી, ખૂન, માનવહત્યા અને માનવસંપત્તિને નુકસાન કરે તેવી પ્રવૃત્તિઓ દ્વારા સરકાર પર દબાણ લાવવા

પ્રયાસ કરે છે. આને સામાન્ય રીતે આતંકવાદ એવું નામ આપવામાં આવે છે. આતંકવાદીઓ મોટેભાગે સરકાર સામે સીધા સંપર્કમાં આવતા નથી. પરંતુ તેઓ કહેવાતા દુશ્મનના હૃદય પર ઘા કરે તેવા હુમલાનાં આયોજનો કરે છે. તેથી એક વર્ગ તેને આતંકવાદી માને છે. પરંતુ બીજો વર્ગ તેને સ્વતંત્રતાસેનાની માને છે પરંતુ આતંકવાદીઓ અને સ્વાતંત્ર્યસેનાની વચ્ચે મૂળભૂત તફાવત એ છે કે સ્વતંત્રતાસેનાની નિર્દોષ લોકોની ક્યારેય પણ હત્યા કરતો નથી. પરંતુ એક આતંકવાદી આવાં પગલાં ભરતાં અચકાતો નથી. વિશ્વમાં ઉત્તર આયરલૅન્ડ, અલ્જિરિયા, દક્ષિણ આફ્રિકા અને ચીલી જેવા દેશોમાં રાજકીય હેતુ સિદ્ધ કરવા માટે આતંકવાદ શરૂ થયો.

### આતંકવાદ ઉત્પન્ન કરનારાં પરિબળો

દ્વિતીય વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં નાનાં નાનાં રાષ્ટ્રો સ્વતંત્ર થયાં. આ રાષ્ટ્રોના પણ ધાર્મિક સમૂહો અને કેટલીક જાતિએ પોતાની અલગ ઓળખ માટે આતંકવાદનો આશરો લીધો. દા.ત., શ્રીલંકા (એલ.ટી.ટી.ઈ.) ચેચન્યા (રશિયા), કેટલાક દેશો પોતાની રાજકીય તેમજ આર્થિક સ્થિતિ સુધારવા આયોજનબદ્ધ રીતે આતંકવાદી પ્રવૃત્તિને પ્રોત્સાહન અને સહાયતા કરે છે. ક્યારેક મહાસત્તાઓ પણ આવાં સંગઠનોને સહાય કરતી જોવા મળે છે. ઇન્ટરનેટ, ફૅક્સ, સેટેલાઇટ ફોન જેવાં સંદેશાવ્યવહારનાં આધુનિક સાધનો થકી આતંકવાદને બહોળી પ્રસિદ્ધિ મળતી જાય છે. ધાર્મિક ઉન્માદ પણ ક્યારેક આતંકવાદને પોષે છે. ક્યારેક તેની આડમાં રાજકીય પ્રવૃત્તિઓ થતી જોવા મળે છે.

### આતંકવાદી સંગઠનો

એક અનુમાન મુજબ વિશ્વમાં 500 થી વધુ આતંકવાદી સંગઠનો કાર્યરત છે જેમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. જેમાં મહત્ત્વનાં છે ઓસામા બિન લાદેનનું અલ-કાયદા (અફઘાનિસ્તાન), પ્રભાકરનનું લિટ્ટે (શ્રીલંકા), ઇજિપ્તમાં અલ-જિદાહ, ભારતમાં હરકત ઉલ અન્સાર, પાકિસ્તાન અને ભારતમાં હિઝબુલ મુઝાહિદ્દિન, ઉત્તર આયર્લેન્ડમાં આયરિશ નેશનલ લિબરેશન આર્મી, દક્ષિણ લેબેનોનમાં હિઝબુલ્લાહ હમાસ, જૉર્ડનમાં નેશનલ લિબરેશન આર્મી, પેલેસ્ટાઇનમાં ન્યૂ પીપલ્સ આર્મી, ભારતમાં પશ્ચિમ બંગાળમાં નકસલવાદી, નેપાળમાં માઓવાદી જેવાં સંગઠનો મહત્ત્વનાં છે.

### આતંકવાદી પ્રવૃત્તિઓ

અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો તે આતંકવાદની અત્યાર સુધીની સૌથી વિનાશક ઘટના હતી. તે ઉપરાંત ચેચન્યાના આત્મઘાતી હુમલાખોરોએ રશિયાના થિયેટર પર નિર્દોષ લોકોને મોતને ઘાટ ઉતાર્યા. ગુજરાતમાં અક્ષરધામ પર હુમલો કરી કેટલાય દર્શનાર્થીઓને ખતમ કર્યા (2002). તદુપરાંત જમ્મુ કાશ્મીર વિધાનસભા, જમ્મુનું રઘુનાથ મંદિર, ભારતીય સંસદ તથા છેલ્લે મુંબઈ હુમલાને મુખ્ય ગણી શકાય. પાકિસ્તાનમાં શાળા પર આતંકવાદીઓએ હુમલો કરી અનેક નિર્દોષ ભૂલકાંઓની હત્યા કરી ત્યારે વિશ્વ હચમચી ગયું હતું.

આમ દિનપ્રતિદિન આતંકવાદ વધુ ને વધુ વિસ્તરતાં વિશ્વ પર આતંકવાદનો ભય ઊભો થયો છે. જો સ્થાનિક પ્રજાજનોનો સાથ આ આતંકવાદીઓને ન મળે તો મહત્ત્વનું કાર્ય થઈ શકે. બીજા કેટલાક દેશો આતંકવાદને પોષવાનું બંધ કરે અને આતંકવાદ બાબતે વિશ્વની સત્તાઓ બેધારી નીતિ ન અપનાવે અને દરેક રાષ્ટ્ર પોતાની વિચારસરણીમાં પરિવર્તન લાવી દેશમાં એક સમતાવાદી અને ન્યાયોચિત સમાજને જન્મ આપે તો ચોક્કસ આતંકવાદને નાથી શકાય તેમ છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) સરમુખત્યારશાહી વિશે નોંધ લખો.

(2) સંસદીય લોકશાહી વિશે માહિતી આપો.

(3) ઉદ્યોગીકરણની અસરો ચર્ચો.

(4) આતંકવાદ ઉત્પન્ન કરનાર પરિબળો અને તેમની પ્રવૃત્તિઓ પર નોંધ લખો.

(5) સામ્યવાદ વિશે માહિતી આપો.

**2. આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તરો આપો :**

(1) સમકાલીન વિશ્વમાં શાસનવ્યવસ્થાનાં મુખ્ય સ્વરૂપો ટૂંકમાં લખો.

(2) વિશ્વમાં થયેલા આતંકવાદી હુમલા પર ટૂંકમાં લખો.

(3) સમકાલીન વિશ્વનાં મુખ્ય અર્થકારણોનાં નામ આપો.

(4) અમેરિકાની પ્રમુખગત લોકશાહી વિશે બે-ત્રણ વાક્યો લખો.

(5) સમવાયતંત્ર વિશે ટૂંકમાં માહિતી આપો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) પ્રમુખગત લોકશાહી કયા દેશમાં આવેલી છે ?

(અ) અમેરિકા (બ) ઇંગ્લૅન્ડ (ક) ભારત (ડ) કોઈ નહિ

(2) યુરોપ ખંડનું સહિયારું ચલણ કયું છે ?

(અ) પાઉન્ડ (બ) ડૉલર (ક) યુરો (ડ) રૂપિયો

(3) ઉદ્યોગીકરણની શરૂઆત કયા દેશમાં થઈ ?

(અ) અમેરિકા (બ) ફ્રાન્સ (ક) ઇંગ્લૅન્ડ (ડ) આફ્રિકા

(4) આતંકવાદની સર્વપ્રથમ સરળ સમજૂતી કયા સંમેલનમાં અપાઈ હતી ?

(અ) પૅરિસ શાંતિ સંમેલન (બ) બ્રસેલ્સ સંમેલન (ક) વર્સેલ્સ સંમેલન (ડ) કોઈ નહિ

(5) રક્તવિહીન ક્રાંતિ કયા દેશમાં થઈ ?

(અ) ફ્રાન્સ (બ) ઇટાલી (ક) અમેરિકા (ડ) ઇંગ્લૅન્ડ

•

# 17 વિજ્ઞાન અને ટેક્નોલૉજીને લીધે સમાજ અને સંસ્કૃતિમાં આવેલાં પરિવર્તનો

20મી સદી વિજ્ઞાન અને ટેક્નોલૉજીની દૃષ્ટિએ અભૂતપૂર્વ કહી શકાય. વીજળી, સંચાર, ઉપગ્રહ, ઍન્ટીબાયૉટિક, વાહન- વ્યવહારક્ષેત્રે અનેકવિધ શોધોએ માનવજીવનને પ્રભાવિત કર્યું છે. તેને કોઈ એક રાષ્ટ્ર કે એક સમાજને નહીં સમગ્ર માનવજાતને સુવિધાપૂર્ણ બનાવ્યું છે. આપણા રોજ-બરોજના જીવનમાં ટેક્નોલૉજી વણાઈ ગઈ છે. વિશ્વમાં વૈજ્ઞાનિક જ્ઞાનના સ્તરમાં સતત વૃદ્ધિ થઈ રહી છે. વિજ્ઞાન અને ટેક્નોલૉજીમાં મોટા પાયે પરિવર્તનો 20મી સદીએ જોયાં છે. ખાસ કરીને શિક્ષણ અને આર્થિક વિકાસને પરિણામે આ પરિવર્તનો જોવા મળ્યાં છે. મધ્યયુગમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો લાભ માત્ર ઉચ્ચ વર્ગ પૂરતો મર્યાદિત હતો. પરંતુ 20મી સદીમાં આવેલાં પરિવર્તનોએ દુનિયાભરના લોકો સુધી વિજ્ઞાન અને ટેક્નોલૉજીના લાભો પહોંચાડ્યા છે.

### શક્તિના નવા સ્રોતો

વિજ્ઞાન અને ટેક્નોલૉજીનાં ક્ષેત્રોમાં થતો વિકાસ મુખ્યત્વે શક્તિ કે ઊર્જાના સ્રોતો ઉપર નિર્ભર રહે છે. પ્રારંભમાં લાકડાં, પવન અને જળ ઊર્જાના મુખ્ય સ્રોત હતા. પછી કોલસાએ તેનું સ્થાન લીધું અને તેનો ઈંધણ તરીકે ખાસ્સો પ્રયોગ થયો. તેની મદદથી યંત્રો ચલાવવામાં આવતાં. 20 મી સદીના પ્રારંભે પેટ્રોલિયમ અને કુદરતી ગૅસની શોધથી ટેક્નોલૉજીમાં વ્યાપક પરિવર્તન આવ્યું ; એટલું જ નહીં વીજળી અને ચુંબકીય તત્ત્વોની શોધથી તેમાં વધારો થયો. ખાસ કરીને પરમાણુ ઊર્જાએ 20મી સદીમાં સૌથી મહત્ત્વપૂર્ણ સ્થાન હાંસલ કર્યું છે.

વૈજ્ઞાનિક જ્ઞાનના વિકાસે ટેક્નોલૉજીમાં ક્રાંતિકારી પરિવર્તન કર્યાં. જૅમ્સ વૉટ અને ગેલિલિયો જેવા મહાન વૈજ્ઞાનિકોની રાહ પર 20 મી સદીમાં અનેક વૈજ્ઞાનિકોએ કાર્ય કર્યું. વૈજ્ઞાનિકોએ અનેક નવીન સિદ્ધાંતો સ્થાપિત કર્યા જેમાં અણુભઠ્ઠીઓ, પ્રકાશસંચારણ, ઇલેક્ટ્રિક જનરેટર, એન્જિનિયરિંગના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. ઇલેક્ટ્રૉનની શોધ પરમાણુ સંરચનાની સમજણ, પરમાણુ ઊર્જાનાં રહસ્યો શોધાયાં. 20મી સદીના પ્રારંભથી અનેક મહાન શોધોએ વૈજ્ઞાનિક ક્રાંતિ કરી. જેમાં પ્લાસ્ટિકની શોધ (1906), રેડિયોસંચાર (1912), નહેરોની મહાન યોજનાઓ (1914), રેડિયો પ્રસારણ નેટવર્ક (1922), વિશ્વની સૌથી ઊંચી બિલ્ડીંગનું નિર્માણ (ન્યૂયૉર્ક 1930), રૉકેટ (1976), ટેલિવિઝન (1936), જળવિદ્યુત (1936), ગૅસ એન્જિન (1937), પેનિસિલીન (1942), પરમાણુ વિખંડન (1942), પરમાણુ બૉમ્બ (1945), કમ્પ્યૂટર (1946), સુપર- સોનિક વિમાન (1947), ટ્રાંઝીકશન (1948), પરમાણુ વિદ્યુત (1952), અંતરિક્ષમાં માનવ (1957), ઉપગ્રહ સંચારવ્યવસ્થા (1970), જૈવિક ટેક્નોલૉજી (1975), પર્સનલ કમ્પ્યૂટર (1980)નો સમાવેશ થાય છે.

ઊર્જાના નવા સ્રોતો જોઈએ તો સૂર્યઊર્જા, વાયુઊર્જા, જળઊર્જા, ભૂતાપીય ઊર્જા, હાઈડ્રોજન ઊર્જા અને પરમાણુઊર્જાનો સમાવેશ થાય છે.

### સૂર્ય ઊર્જા

સૂર્ય, ઊર્જાનો સૌથી મહાન સ્રોત છે. 20 મી સદીના પ્રારંભે એક શોધ પ્રમાણે સૂર્યપ્રકાશ સેલેનિયમ ઉપર વ્યવસ્થિત રીતે પડે તો તેમાંથી વીજળી ઉત્પન્ન થાય છે. ઈ.સ. 1954માં આવો પહેલો સૂર્ય સેલ તૈયાર કરવામાં આવ્યો હતો. જોકે તેમાં બહુ ઓછી સફળતા મળી હતી. પછીથી સૂર્ય સેલ તૈયાર કરવામાં સિલિકોનનો ઉપયોગ થવા લાગ્યો. મોટાભાગના કૃત્રિમ ઉપગ્રહોમાં સૂર્ય સેલ ઊર્જાના માધ્યમ તરીકે ઉપયોગમાં લેવાય છે. ભારત સૂર્યઊર્જાના પ્રયોગમાં વિશ્વમાં પ્રથમસ્થાને છે.

### વાયુઊર્જા

સદીઓથી વાયુઊર્જાનો મહત્ત્વપૂર્ણ સ્રોત રહ્યો છે. 20મી સદીમાં પવનચક્કીની ટેક્નોલૉજીએ મોટા પ્રમાણમાં વાયુઊર્જાનું કામ કર્યું. ભારતમાં 20 હજાર મેગાવૉટ જેટલી વાયુઊર્જા સંભવિત છે. 20મી સદીના અંત સુધીમાં 125 મેગાવૉટ જેટલી વાયુઊર્જા ભારતમાં સ્થાપિત થઈ છે.

### જળઊર્જા

જળ પણ સૌથી મહત્ત્વપૂર્ણ ઊર્જાસ્રોત છે જેને ખાસ કરીને જળવિદ્યુત દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે. સમુદ્ર કે મહાસાગરોના પાણીની લહેરો, તૂફાનોનો ઉપયોગ કરીને પણ ઊર્જા ઉત્પન્ન કરવામાં આવે છે. ભરતી-ઓટની વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા ઊર્જા ઉત્પન્ન કરવામાં આવે છે. બ્રિટન અને ફ્રાન્સ જેવાં રાષ્ટ્રોમાં ભરતી આધારિત ચક્કીઓની સ્થાપના કરવામાં આવી છે. નદીઓનાં પાણીને રોક્યા બાદ તેને ઝડપથી વહાવી ઊર્જા પ્રાપ્ત કરવા ટર્બાઈનનો ઉપયોગ કરવામાં આવે છે. તેના દ્વારા મોટા પ્રમાણમાં ઊર્જા પ્રાપ્ત થાય છે.

### ભૂતાપીય ઊર્જા

પૃથ્વીના પેટાળમાં રહેલી ઊર્જાનો ઉપયોગ માનવજાત માટે કરવાની રીત એટલે ભૂતાપીય ઊર્જા. પૃથ્વીની પોપડીના 12 કિ.મી. નીચે તાપમાન 1000 થી 4000 ડિગ્રી સેલ્સિયસ જેટલું હોય છે. ગીઝર કે પાઇપ દ્વારા આ ઊર્જાને બહાર કાઢીને વીજળી પેદા કરવામાં આવે છે. ભારતમાં ખૂબ ઓછી માત્રામાં આ કાર્ય થઈ રહ્યું છે. પરંતુ અમેરિકા અને ન્યૂઝીલૅન્ડમાં ભૂતાપીય ઊર્જા મોટા પ્રમાણમાં વ્યાવસાયિક ઉપયોગમાં લેવામાં આવે છે.

### હાઈડ્રોજન અને પરમાણુ ઊર્જા

હાઇડ્રોજન, આલ્કોહૉલ અને પરમાણુ ઊર્જા આધુનિક સમયમાં સૌથી મહત્ત્વપૂર્ણ ઊર્જાસ્રોતો ગણાય છે. પાણીના વિદ્યુત અપઘટન દ્વારા હાઇડ્રોજન ઊર્જા પેદા થાય છે. તેનો પ્રયોગ અંતરિક્ષ રૉકેટો માટે કરવામાં આવે છે. જૂલવર્ન જેવા મહાન સાહિત્યકારે પોતાના પુસ્તક ધ મિસ્ટિરિયસ આઈલૅન્ડમાં ભવિષ્યમાં હાઇડ્રોજન ઊર્જાનો મુખ્ય સ્રોત બનશે તેવી ભવિષ્યવાણી કરી હતી. આ જ પ્રમાણે આલ્કોહૉલ પણ ઑક્સિજન સાથે જોડાઈને પ્રક્રિયા કરતાં ઊર્જા ઉત્પન્ન થાય છે. ઘણાં રાષ્ટ્રોમાં મોટરકારમાં પેટ્રોલની સાથે આલ્કોહૉલ મિશ્રિત કરવામાં આવે છે. જોકે હાઇડ્રોજન અને આલ્કોહૉલ બંને પર વૈજ્ઞાનિક સંશોધન ચાલી રહ્યું છે.

### પરમાણુઊર્જા

અણુના વિખંડન અને સંલયન સાથે સંકળાયેલ ઊર્જા પરમાણુઊર્જા તરીકે ઓળખાય છે. પરમાણુ વિખંડનની પ્રક્રિયા માટે રિએક્ટર તૈયાર કરવામાં આવે છે. વિશ્વનાં મોટાભાગનાં રાષ્ટ્રો પરમાણુઊર્જા તરફ વળ્યાં છે. ભારત પણ ધીમે ધીમે એ તરફ આગળ વધી રહ્યું છે.

### ઔદ્યોગિક ઉત્પાદન

ઔદ્યોગિક ક્રાંતિ બાદ 20 મી સદી ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્રે સૌથી મહત્ત્વપૂર્ણ ગણાય છે. 20મી સદી ઔદ્યોગિક ઉત્પાદનો સાથે સંકળાયેલી છે. એક તરફ વસ્તી વધતી રહી છે. 20મી સદીના અંત ભાગમાં વિશ્વની જનસંખ્યા છ અબજને પાર કરી ગઈ છે. તેના માટે પૂરતું અનાજ અને તેના જીવનના અન્ય પાસાઓ માટે વિભિન્ન ચીજવસ્તુઓનું ઉત્પાદન એ મહત્ત્વપૂર્ણ બન્યું છે. અમેરિકા, જર્મની, નેધરલૅન્ડ અને ઇઝરાઇલે કૃષિ-ઉત્પાદનક્ષેત્રે નવીનતમ ટેક્નોલૉજીનો પ્રયોગ કર્યો છે. પ્રથમ વિશ્વયુદ્ધ બાદ ખાસ કરીને જંગી ઉદ્યોગોની શરૂઆત થઈ. પ્લાસ્ટિક, કમ્પ્યૂટર, ઉપગ્રહો જેવાં આધુનિક ટેક્નોલૉજીનાં સાધનોના ઉત્પાદને મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. સ્પેશિયલ ઈકોનોમી ઝોન જેવા શબ્દો પ્રચલિત બન્યા છે. કાપડ, રંગ અને રસાયણ, પોલાદ, વાહનવ્યવહાર, હવાઈજહાજ, સ્ટીમર અને સંદેશાવ્યવહારના ઉદ્યોગોએ 20મી સદીમાં હરણફાળ ભરી છે અને તેની સાથે સાથે

સેવાક્ષેત્રે પણ ખૂબ વિકસ્યું છે. શહેરીકરણના વ્યાપે આંતર માળખાકીય સુવિધાઓ માટે ઔદ્યોગિક ઉત્પાદનને અનિવાર્ય બનાવ્યું છે.

### વાહન અને સંદેશાવ્યવહારનાં સાધનો

વિજ્ઞાન અને ટેક્નોલૉજીના વિકાસની સાથે સાથે પરિવહન અને સંદેશાવ્યવહારનાં સાધનોમાં પણ ક્રાંતિ આવી છે. ખાસ કરીને ઊર્જાના નવીન સ્રોતોના કારણે નવા જ પ્રકારનાં પરિવહનનાં સાધનો અસ્તિત્વમાં આવ્યાં છે. જમીનમાર્ગ, જળમાર્ગ અને હવાઈમાર્ગમાં પરિવહન વેચાય છે. સડકોનું નિર્માણ આધુનિક રીતે થવાને કારણે આ ક્ષેત્રે પરિવહન વિકસ્યું છે. મોટરકાર, બસ, ટ્રક અને છેલ્લે રેલપરિવહનના યુગની પરિવર્તનશીલ શ્રેણીઓ આવી. જળપરિવહન આર્થિક વિકાસનો જાણે કે માપદંડ બન્યો. ભારતમાં લાંબો દરિયાકિનારો હોવાને કારણે જળપરિવહનનો વિકાસ થયો.

20મી સદીમાં સૌથી મહત્ત્વપૂર્ણ બાબત હવાઈપરિવહનક્ષેત્રે જોવા મળે છે. તેનો વિકાસ તીવ્ર ગતિએ થયો. એક રીતે હવાઈપરિવહન વિશ્વના સાંસ્કૃતિક અને આર્થિક જીવનમાં મૂળગામી પરિવહન લાવનાર ઘટક બન્યું છે. આપણે વિશ્વગ્રામની સંકલ્પનાનો વિચાર તેને કારણે કરી શકીએ છીએ. ઓછા સમયમાં ખૂબ લાંબી યાત્રા થઈ શકતી હોવાને કારણે વિશ્વ ઘણું નજદીક આવ્યું છે. બીજા વિશ્વયુદ્ધ પછી તેનો ખાસ વિકાસ થયો છે. આજે તો તે પ્રવાસીઓને લઈ જાય છે એટલું નહીં પરંતુ કુરિયર સર્વિસ પણ તેના પર આધારિત થઈ ગઈ છે. કારગો સર્વિસ તેનું મહત્ત્વપૂર્ણ એકમ છે.


પરિવહન માધ્યમોમાં એક અત્યંત નવીન માધ્યમ જે 20મી સદીના અંતિમ દશકાઓમાં જોવા મળ્યું છે તે પાઇપ લાઇન પરિવહન પાણી, તેલ, ગૅસોલીન, ગૅસ જેવાં ઉત્પાદનોને પાઈપલાઇન પરિવહન દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવામાં આવે છે. વિશ્વની શહેરી વસ્તી જાણે કે પાઇપલાઇન પરિવહન આધારિત થઈ ગઈ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગૅસના ઉત્પાદન ઉદ્યોગો તેને કારણે વિકસ્યા છે.

સંચારનાં નવાં નવાં સાધનો આવવાથી પરિવહનના ક્ષેત્રમાં ખાસ્સો વિકાસ થયો છે. 15 મી સદી મુદ્રણ ટેક્નોલૉજીને આધારિત હતી. માઇકલ ફૅરાડે દ્વારા વિદ્યુત ચુંબકીય પ્રેરકની શોધ થવાથી સંચારક્ષેત્રે ક્રાંતિ થઈ. ગ્રેહામ બેલ આ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ નામ છે. જેમણે ટેલિફોનનો પ્રયોગ કર્યો. ઈ.સ. 1876માં તેમના દ્વારા થયેલી ટેલિફોનની શોધમાં વિશ્વમાં સંચાર- ક્રાંતિની આદ્યસ્થાપક હતી. તો મોર્શે ટેલિગ્રામનો વિકાસ કરીને સંદેશાવ્યવહારમાં ક્રાંતિ કરેલી. 20 મી સદીના પહેલા વર્ષે માર્કોની નામના વૈજ્ઞાનિકે તાર વગર સંદેશા મોકલવામાં સફળતા મેળવી અને તાર વગરનો સંચારયુગનો આરંભ કર્યો. હર્ટઝ અને ભારતીય વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝ દ્વારા વિકસિત વિદ્યુત ચુંબકીય તરંગોનો તેમાં પ્રયોગ થયેલો. ઈ.સ. 1920-1930માં રેડિયો અને ટેલિવિઝનની શોધે સમગ્ર જનસમુદાયને સંચારમાધ્યમો સાથે જોડી દીધું. ઈ.સ. 1962માં પહેલી વખત લાઇવ ટેલિવિઝન કાર્યક્રમો અંતરિક્ષમાં સ્થાપિત કૃત્રિમ ઉપગ્રહો દ્વારા દેખાડવા શરૂ થયા ત્યારે વિશ્વ જાણે કે માણસના ડ્રૉઈંગરૂમમાં પહોંચી ગયું. 20મી સદીના અંતિમ દશકાઓમાં સેલ્યુલર ફોન અને કમ્પ્યૂટર દ્વારા મહત્તમ ક્રાંતિ થઈ. આજે કમ્પ્યૂટર અને સેલફોન જીવનનું અભિન્ન અંગ બની ચૂક્યાં છે. એસ.એમ.એસ., ઈ-મેલ, ટ્વિટર અને અન્ય એપ્સ જીવનનાં ઘટકતત્ત્વો બન્યાં છે.

### જીવનવિજ્ઞાનમાં આવેલાં પરિવર્તનો

ઈ.સ. 1897માં જર્મન રસાયણવિજ્ઞાની બુચરે જૈવિક વિજ્ઞાનની શોધ કરી. પરિણામે વિષાણુ, જીવાણુ જેવા જીવો વિષે સંશોધનો શરૂ થયાં. જીવાણુ અને વિષાણુ કઈ રીતે મનુષ્ય, જાનવર અને વનસ્પતિમાં રોગ ઉત્પન્ન કરે છે તેની જાણકારી પ્રાપ્ત થઈ. આ વિજ્ઞાનના વિકાસને કારણે કમળો, પોલિયો, શીતળા, શરદી જેવી

બીમારીઓ પાછળ રહેલા વાઈરસ અને વિષાણુનું જ્ઞાન પ્રાપ્ત થયું તેથી તેની દવાઓ શોધવાની શરૂઆત થઈ.


જીવન વિજ્ઞાન શોધ

20મી સદીના પૂર્વાર્ધમાં જૈવ રસાયણ- વિજ્ઞાનમાં મહત્ત્વપૂર્ણ શોધખોળો થઈ. વિટામિન, જૈવિક બાબતો કઈ રીતે કામ કરે છે તેના માટે જીન શબ્દ પ્રચલિત થયો. ઈંસ્યુલિન અને પેનિસિલીનની શોધ થઈ. બે વિશ્વયુદ્ધો વચ્ચે સલ્ફા અને ઍન્ટિબાયૉટિક શોધાઈ. પરિણામે મૃત્યુદરમાં ખાસ્સો ઘટાડો થયો. 20 મી સદીના ઉત્તરાર્ધમાં જીનેટિક સાયન્સ પર વિશ્વકક્ષાનાં સંશોધનો થયાં. માઈક્રોસ્કોપ અને ઍક્સરે વિજ્ઞાને તેમાં ક્રાંતિ આણી. અલ્ટ્રા સોનોગ્રાફી, કાર્ડિયોગ્રામ અને ઈકો કાર્ડિયોગ્રામ દ્વારા શારીરિક રચનાઓ અને શરીરમાં રહેલા રોગો વિશે જ્ઞાન વધ્યું. ડી.એન.એ., આર.એન.એ.ની શોધ થવાથી મૂળભૂત જૈવ બાબતો સમજવામાં મદદ મળી. જીનેટીક કોડનું અધ્યયન શરૂ થયું અને તેને કારણે જન્મનાર બાળકને રોગમુક્ત કરવામાં સફળતા મળી. ક્રીક અને વૉટસન જેવા વૈજ્ઞાનિકોએ ડી.એન.એ. પર સંશોધન કર્યું. ભારતના મહાન વૈજ્ઞાનિક હરગોવિંદ ખુરાના અને તેમના સાથી વૈજ્ઞાનિકોએ ઈ.સ. 1970માં ડી.એન.એ.નું વિશ્લેષણ કર્યું અને કોહેન અને બોયેર જેવા વૈજ્ઞાનિકોએ જીનેટીક એન્જિનિયરિંગની સ્થાપના કરી. એન્ઝાઈમ્સની શોધ થવાથી માનવશરીરમાં ખૂટતાં તત્ત્વો પર કામ થયું. ઈ.સ. 1980ના દશકમાં એઈડ્સ વાઈરસ ઉપર સંશોધન થયું અને ઈ.સ. 1990માં કૅન્સરના જીનેટિકલ કારણો શોધવામાં સફળતા મળી. અનેક પ્રકારનાં લૅબોરેટરી પરીક્ષણોને કારણે અસ્તિત્વમાં આવ્યાં. જીનેટીક એન્જિનિયરિંગ 20 મી સદીની સૌથી મહાન શોધ છે. જેણે માનવજીવન અને સ્વાસ્થ્યને સશક્ત બનાવવાના મહત્ત્વપૂર્ણ માધ્યમ તરીકે કાર્ય કર્યું છે.


## ઈન્ફર્મેશન ટેક્નોલૉજી

માહિતી પ્રાદ્યોગિકી ખાસ કરીને તેના સંગ્રહ, ભંડાર, સંશોધન અને આવાગહન પર રચાયેલું વિજ્ઞાન છે. તે સંદેશા અને કમ્પ્યૂટર ટેક્નોલૉજી સાથે સંકળાયેલ છે. આ ટેક્નોલૉજીને પરિણામે મિની અને માઈક્રો કમ્પ્યૂટરનું નિર્માણ થયું છે. ટેલેક્સ, ફૅક્સ, કૃત્રિમ ઉપગ્રહો અને ઑપ્ટિકલ ફાઈબર આ ક્રાંતિને તીવ્ર ગતિ આપે છે. પરિણામે દુનિયાના કોઈપણ ખૂણે થોડી સેકન્ડોમાં સૂચનાનું નિર્વાહન થઈ શકે છે. અમેરિકામાં સૌપ્રથમ ઈલેક્ટ્રોનિક ડિજિટલ કમ્પ્યૂટરની શરૂઆત (ઈ.સ. 1946) થઈ. કમ્પ્યૂટર ક્રાંતિ એ 20 મી સદીની સંચારવ્યવસ્થામાં સૌથી મહત્તમ બાબત છે. તે મનુષ્યની જીવનશૈલી અને ફિલસૂફીમાં આગળ વધી રહી છે. મોટાભાગની કાર્યવાહીમાં ટેક્નોલૉજીએ કાગળનું સ્થાન ઝૂંટવી લીધું છે. તેના વ્યાપક પ્રયોગથી બૅંકિંગ, સ્વાસ્થ્ય, પરિવહન, કલા વગેરેમાં વિકાસ થયો છે. મોસમની ભવિષ્યવાણી કરવામાં પણ તે ઉપયોગી સાબિત થઈ છે.

## સમકાલીન વિશ્વમાં સાહિત્ય, કલા અને સંદેશાવ્યવહારમાં આવેલી ક્રાંતિનો પ્રભાવ

સમકાલીન વિશ્વમાં છેલ્લી સદીઓ કરતાં વ્યાપક પરિવર્તનો સાહિત્ય, કલા અને સંદેશાવ્યવહારમાં આવેલી ક્રાંતિના પ્રભાવને કારણે જોવા મળે છે. પ્રાચીન કાળે અને મધ્યયુગમાં બૌદ્ધિક અભિવ્યક્તિ મોટેભાગે રાજદરબારો કે ઉચ્ચ વર્ગ પૂરતી મર્યાદિત હતી અથવા તો ચર્ચ અને મંદિર પૂરતી સીમિત હતી. તે સિવાય મોટાભાગના લોકો પોતાના સામાજિક ધાર્મિક જીવનની અભિવ્યક્તિ સામાન્ય સ્વરૂપમાં જ કરતા જેને આપણે લોકકલા કહીએ છીએ. સાહિત્ય પણ મોટેભાગે પરંપરાગત અને લોકકલાના માધ્યમ તરીકે ચાલતું રહ્યું હતું. કલાનું પણ તેમજ હતું. 20 મી સદીમાં પ્રિન્ટ મીડિયા અને ઈલેકટ્રોનિક મીડિયાનો વિકાસ થવાને કારણે

સાહિત્ય અને કલામાં પણ આમૂલ પરિવર્તન આવ્યું. સાહિત્યનાં તમામ સ્વરૂપો હવે સામાન્ય લોકો સુધી પહોંચે છે. ટેલિવિઝન અને ઇન્ટરનેટને કારણે તે વિશ્વના ખૂણે ખૂણે સુધી માનવચેતનાને પ્રસારે છે. રેડફિલ્ડ કહે છે તેમ કલા અને શિલ્પના સ્વરૂપમાં અભિવ્યક્તિ પારંપરિક બૌદ્ધનું સંગઠિત સ્વરૂપ છે. જે પરંપરા અનુસાર કોઈ માનવસમૂહને પારિભાષિત કરે છે. પરંતુ વૈશ્વિકીકરણના સમયમાં મેથ્યુ આર્નોલ્ડ કહે છે તેમ વિશ્વમાં જે કંઈ સર્વશ્રેષ્ઠ જ્ઞાન છે તેનાથી સંસ્કૃતિ આપણને પરિચિત બનાવે છે. લોકો જાણે કે એકસાથે અનેક સંસ્કૃતિના વાહક બન્યા છે. અમેરિકા જેવાં રાષ્ટ્રો જ્યાં મલ્ટિનેશન કલ્ચર વિકસ્યું છે. વૈશ્વિકીકરણની આ ઘટનાએ સમગ્ર વિશ્વની સંસ્કૃતિને પ્રભાવિત કરી છે. દુનિયાભરની સંસ્કૃતિઓ વચ્ચે સમાનતા ઊભી કરી છે. ઘણીવાર તેને નવસંસ્થાનવાદ પણ કહેવામાં આવે છે. હવે સંસ્કૃતિ આર્થિક પ્રભુત્વની નવી વિચારધારા લઈને આવે છે. 19મી સદી જેમ સામ્રાજ્યવાદની સદી હતી તેમ 20મી સદીમાં સાંસ્કૃતિક સામ્રાજ્યવાદ શબ્દ અસ્તિત્વમાં આવ્યો છે. નવીનતમ સ્વતંત્ર રાષ્ટ્રોએ જોકે વિશ્વવ્યવસ્થાને પડકારી છે. સમકાલીન ઈતિહાસમાં આવી અનેક બાબતો દેખાય છે. નવીન આંતરરાષ્ટ્રીય આર્થિક વ્યવસ્થાની સ્થાપના (ઈ.સ. 1974) સંયુક્ત રાષ્ટ્રોએ કરી. આ ઘોષણા 20મી સદીના યુગાંતરકારી ગણાય છે. આંતરરાષ્ટ્રીય આર્થિક સંબંધોને નવી જ વ્યવસ્થામાં સાંકળવામાં આવ્યા છે જેને આપણે ગ્લોબલ વિલેઝ કહીએ છીએ.



**P.S.L.V. – સૅટલાઇટ લોન્ચિંગ**

ફિલ્મ, ઉત્સવો, રમત-ગમતને આખા વિશ્વમાં પ્રસારણ મળે છે તેથી એક વિચાર સમગ્ર વિશ્વમાં ફરી વળે છે. મહાત્મા ગાંધી, માર્ટિન લ્યુથર કિંગ, નેલ્સન મંડેલા, મધર ટેરેસા જેવા મહામાનવો સમગ્ર વિશ્વમાં પૂજનીય બને છે. તેઓનો માનવતાવાદ વિશ્વભરમાં આ જ કારણે પ્રસર્યો છે.

## સમૂહ માધ્યમો-મુદ્રિત અને વીજાણુ માધ્યમ

સિનેમા, ટેલિવિઝન, રેડિયો અને સમાચારપત્ર જેવાં સમૂહમાધ્યમોનો વિકાસ માનવજીવનની તમામ બાબતોમાં મહત્ત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. 19 મા સૈકાના અંતિમ વર્ષોમાં (ઈ.સ. 1895) જન્મેલું સિનેમા આજે તો વિશ્વભરના લોકો માટે મનોરંજનનું મહત્ત્વપૂર્ણ માધ્યમ છે. ભારતમાં (ઈ.સ. 1813) દાદાસાહેબ ફાળકેએ રાજા હરિશ્ચંદ્ર ફિલ્મ બનાવી ભારતીય ફિલ્મનો યુગ શરૂ કર્યો. યુરોપ અને અમેરિકામાં 20મી સદીની શરૂઆતમાં મોટા પાયે ફિલ્મઉદ્યોગ શરૂ થઈ ગયેલો. આજે તો લગભગ વિશ્વની તમામ ભાષાઓમાં ફિલ્મો બને છે. નૃત્ય અને નાટકની જેમ જ સિનેમા કલાનું સ્વરૂપ પામ્યું છે. જોકે મુદ્રિત અને વીજાણુ માધ્યમની ટેક્નોલૉજીને કારણે સિનેમાનો જન્મ થયો હતો. પ્રથમ વિશ્વયુદ્ધના સમયે ફ્રાન્સ ફિલ્મઉદ્યોગમાં મોખરે હતું. પછીથી વિશ્વભરમાં ફિલ્મઉદ્યોગ વિકસ્યો. ચાર્લી ચૅપ્લિન, સર્ગેઈ આઇસ્ટાઇન, આકિરા કુરોસાવા, સત્યજીત રે, આલ્ફ્રેડ હીચકોક અને સ્ટીફન સ્પીલબર્ગે દુનિયાભરના લોકોને સિનેમાનું ઘેલું લગાડ્યું છે.

સંદેશા અને વાહનવ્યવહારના મહત્ત્વપૂર્ણ વિકાસની સાથે સાથે સમાચારપત્રે કે અખબારે સામાન્ય લોકો વચ્ચે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. ટીવી અને રેડિયો આવ્યા બાદ પણ તેનું આકર્ષણ ઓછું થયું નથી. દુનિયાભરમાં દૈનિક સમાચારપત્ર જુદા જુદા સ્વરૂપે નીકળે છે. ભારતમાં રાષ્ટ્રીય અને પ્રાદેશિક કક્ષાએ હજારો વર્તમાનપત્રો છપાય છે.

કોઈપણ રાષ્ટ્રની રાજકીય, આર્થિક કે સામાજિક સ્થિતિનું ચિત્રણ કરવામાં મુદ્રિત માધ્યમનું ખૂબ મહત્ત્વ છે. તે જનમતને પ્રભાવિત કરે છે. પીળા પત્રકારત્વનો ભોગ બનીને અનેક સરકારો તૂટી પડી છે. અમેરિકાનું વૉટર ગેટ કાંડ કે ભારતના બોફોર્સકાંડ તેનું મહત્ત્વપૂર્ણ ઉદાહરણ છે. અમેરિકામાં ઍસોસિએટેડ પ્રેસ, બ્રિટનમાં રૉઈટર્સ, ફ્રાન્સમાં એજેન્સ સમાચાર એજન્સી કામ કરે છે. ભારતમાં યુનાઈટેડ ન્યૂઝ ઑફ ઇન્ડિયા અને પ્રેસ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા સરકારી સમાચાર સંસ્થાઓ છે. સાક્ષરતા વધવાની સાથે સાથે પત્રકારત્વનો વિકાસ પણ થતો રહ્યો છે. સમાચારપત્રોમાં ફોટાઓનો પણ એક વિસ્તૃત વિભાગ જોવા મળે છે. એટલું જ નહીં વિજ્ઞાપન કે જાહેરાતનો વિકાસ તેની સાથે સંકળાયેલો છે. ઈ.સ. 1920માં રેડિયો લોકોના સંચારનું એક મહત્ત્વપૂર્ણ માધ્યમ બની ચૂક્યું છે. બીબીસી અને વૉઈસ ઑફ અમેરિકા દુનિયાભરમાં ખ્યાતિ પામ્યાં હતાં. ભારતમાં આકાશવાણી બહુ જ લોકપ્રિય છે. એટલું જ નહીં 20 મી સદીના છેલ્લા દશકામાં એફએમ ચેનલો ખૂબ લોકપ્રિય બની છે.

ટેલિવિઝન એ જનસંચાર માધ્યમમાં ક્રાંતિનો પ્રારંભ (ઈ.સ. 1936) તેનું સર્વપ્રથમ પ્રસારણ થયું. આજે દુનિયાભરના લોકો ટેલિવિઝનથી જોડાયેલા છે. ઉપગ્રહ, ટેક્નોલૉજીના વિકાસને કારણે તેમાં વ્યાપક પરિવર્તનો આવ્યાં છે. સમાચાર અને સામાજિક બાબતોની જાગૃતિ તેને કારણે આવી છે. કેબલ નેટવર્કે તેમાં પણ ક્રાંતિ લાવી દીધી છે. અનેક ચેનલો જોવાની સગવડતા તેના કારણે વધી છે. સી.એન.એન., એશિયન એજ, ડિસ્કવરી, નેશનલ જિયોગ્રાફી અને સ્ટાર જેવી આંતરરાષ્ટ્રીય ચેનલો કરોડો દર્શકોનું મનોરંજન કરે છે. ભારતમાં ઈ.સ. 1980માં દૂરદર્શનની સરકારી સંસ્થા તરીકે સ્થાપના થઈ.

### વર્તમાનપત્રો તથા સોશિયલ મીડિયાનો સમાજ અને સંસ્કૃતિ ઉપર પ્રભાવ

સમાજ અને સંસ્કૃતિ ઉપર વિજ્ઞાન અને ટેક્નોલૉજીના આ આવિષ્કારે સૌથી વધારે અસર કરી છે. એક તરફ તેણે કલા, સંસ્કૃતિ અને સાહિત્યનો પ્રચાર-પ્રસાર કર્યો છે તો બીજી બાજુ વિશ્વશાંતિ માટે ખતરો પણ ઊભો કર્યો છે. લોકોનું જીવનધોરણ સુધર્યું છે તો મતિભ્રંશ કરવામાં પણ તેનો ફાળો રહ્યો છે. આજે વર્તમાનપત્ર અને સોશિયલ મીડિયા નાની અમથી ઘટનાને બહુ જ મોટું સ્વરૂપ આપી વિવાદ ઊભો કરે છે. પોતાના ટી.આર.પી. વધારવા ગમે તે હદે જતું મીડિયા લોકોની ભાવનાઓ સાથે રમત રમે છે. સમાજ એક તરફ તેનાથી શિક્ષિત થાય છે તો બીજી બાજુ શાંતિ અને સહઅસ્તિત્વ જેવી ભાવનાશીલ બાબતોમાં મીડિયા દ્વારા દોરવાઈને એકબીજાના વિરોધી બને છે. પ્રથમ વિશ્વયુદ્ધ અને બીજા વિશ્વયુદ્ધમાં જર્મન અને ઇટાલિયન મીડિયાએ તથા ફ્રેંચ મીડિયાએ આ જ પ્રકારનું કાર્ય કરેલું. ભારતીય મીડિયા ભારતના લોકોના પાયાના પ્રશ્નો ઉપર પ્રકાશ પાથરવાને બદલે રાજકીય ચર્ચાઓમાં રચ્યા-પચ્યા રહે છે. હકીકતમાં મીડિયા સંચારવ્યવસ્થાનું સશક્ત માધ્યમ છે પરંતુ અસત્ય લોકોની વૃત્તિને કારણે તે ખાસ્સું બદનામ થયું છે.

## સ્વાધ્યાય

**1. આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબો આપો :**

(1) સમકાલીન વિશ્વમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીમાં આવેલાં મુખ્ય પરિવર્તનો સમજાવો.

(2) શક્તિના વિભિન્ન સ્રોતોની માહિતી આપો.

(3) વર્તમાનપત્રો અને સોશિયલ મીડિયાનો સમાજ પર કેવો પ્રભાવ પડ્યો છે ?

(4) ઈન્ફોર્મેશન ટેક્નોલૉજીએ વિશ્વને એક ગામડું બનાવી દીધું છે. ચર્ચા કરો.

(5) જૈવ વિજ્ઞાનમાં થયેલાં સંશોધનો સમજાવો.

**2. આપેલ પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) એન્ટિબાયૉટિક દવાઓથી માનવસમાજને શું ફાયદો થયો ?

(2) વર્તમાનપત્રોનું સામાજિક મહત્ત્વ સ્પષ્ટ કરો.

(3) ઔદ્યોગિક ઉત્પાદન વધારનાર પરિબળો સમજાવો.

(4) ટેલિવિઝન અને રેડિયોનું સંદેશાવ્યવહારમાં સ્થાન સ્પષ્ટ કરો.

(5) 20 મી સદીના વાહનવ્યવહારની રૂપરેખા આપો.

**3. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર આપો :**

(1) પ્રથમ સોલરસેલ ક્યારે તૈયાર થયો ?

(અ) 1945 (બ) 1946 (ક) 1947 (ડ) 1943

(2) વૈજ્ઞાનિક કથાઓ સથે સંકળાયેલ મહાન સાહિત્યકાર કોણ છે ?

(અ) વર્ડ્ઝવર્થ (બ) કાર્લ માર્ક્સ (ક) જૂલવર્ન (ડ) રસ્કિન

(3) જૈવિક વિજ્ઞાનની શોધ કરનાર વૈજ્ઞાનિક કોણ છે ?

(અ) બૂચર (બ) બિથોવન (ક) લેનિન (ડ) રૂથરફોર્ડ

(4) ટેલિફોનની શોધ ક્યારે થઈ ?

(અ) 1875 (બ) 1876 (ક) 1877 (ડ) 1888

(5) ડી.એન.એ. પર સંશોધન કરનાર ભારતીય વિજ્ઞાની કોણ ?

(અ) અમર્ત્ય સેન (બ) હરગોવિંદ ખુરાના

(ક) રાધાક્રિષ્નન (ડ) એ.પી.જે. અબ્દુલ કલામ

• • •